ISSN-0971-8397

# યોજના

માર્ચ ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૩૦

વિશેષાંક

## કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯

**અર્થતંત્રને આગળ ધપાવતું કેન્દ્રીય બજેટ- ૨૦૧૮-૧૯**
હસમુખ અઢિયા

**કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રનું વિશ્લેષણ**
જે. ડી. અગરવાલ

**કેન્દ્રીય બજેટઃ ભારતીય અર્થતંત્રમાં દૃઢતાના એન્જિન તરીકે એમએસએમઈ**
અનિલ ભારદ્વાજ

**બજેટ મારફતે માળખાગત સુવિધાઓના નિર્માણનાં પડકારો**
જી. રઘુરામ

### ખાસ લેખ

**બજેટ અને ખાદ્ય સુરક્ષા**
એમ.એસ. સ્વામીનાથન

### ફોકસ લેખ

**આરોગ્ય સેવાઓ માટેનું બ્યૂગલ ફૂંકાયું**
કે. શ્રીનાથ રેડ્ડી

### ઑફબીટ લેખ

**ભારતનાં મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની કાયાપલટ - વિકાસલક્ષી સફર**
અમિતાભ કાંત



# PM ON UNION BUDGET 2018-19



Budget is farmer friendly, common citizen friendly, business environment friendly and development friendly: PM

February 1, 2018

This budget has devoted attention to all sectors, ranging from agriculture to infrastructure: PM #NewIndiaBudget

This Budget is farmer friendly, common citizen friendly, business environment friendly and development friendly, says PM on #NewIndiaBudget

#NewIndiaBudget will add to 'Ease of Living', says Prime Minister

The Budget will bring new opportunities for rural India; it will benefit the farmers immensely: PM Modi on #NewIndiaBudget

Delighted that Ujjwala Yojana will now be extended to 8 crore rural women instead of 5 crore previously: PM on #NewIndiaBudget

Ayushman Bharat Yojana is biggest health assurance initiative in the world which will immensely benefit the poor: PM on #NewIndiaBudget

The Budget focuses on enhancing lives of senior citizens: PM on #NewIndiaBudget

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

માર્ચ-૨૦૧૮

યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૫ અંક : ૧૨ સળંગ અંક : ૮૦૭ કિંમત: ₹ ૩૦

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
લોંગ લાઇફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બેંક ઉપર, પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com

કુલ પાના : ૬૮

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ

તંત્રી
જે. એસ. પટેલ

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે "yojanagujarati@gmail.com" પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઇન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags?, photos? & design are only indicative. They do? ?n?o?t reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

## વિષયસૂચિ

**અર્થતંત્રને આગળ ધપાવતું કેન્દ્રીય બજેટ- ૨૦૧૮-૧૯**
**ડો. હસમુખ અઢિયા** ........ ૫

**કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રનું વિશ્લેષણ**
**પ્રો. જે. ડી. અગરવાલ** ........ ૭

**કેન્દ્રીય બજેટઃ ભારતીય અર્થતંત્રમાં દૃઢતાના એન્જિન તરીકે એમએસએમઈ**
**અનિલ ભારદ્વાજ** ........ ૧૨

**બજેટ મારફતે માળખાગત સુવિધાઓના નિર્માણનાં પડકારો**
**જી. રઘુરામ** ........ ૧૪

**બજેટ અને ખાદ્ય સુરક્ષા**
**એમ.એસ. સ્વામીનાથન** ........ ૧૭

**આરોગ્ય સેવાઓ માટેનું બ્યૂગલ ફૂંકાયું**
**કે. શ્રીનાથ રેડ્ડી** ........ ૨૦

**ભારતનાં મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની કાયાપલટ – વિકાસલક્ષી સફર**
**અમિતાભ કાંત** ........ ૨૪

**ઈકોનોમિક સરવે : સેક્ટર પ્રમાણે પરફોર્મન્સ** ........ ૩૪

**દીકરી સંતાન માટેની યોજના એટલે તમામ પગલાં સાચી દિશામાં ઈકોનોમિક સરવે** ........ ૩૫

**કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૮-૧૯ માં આજીવિકા નિર્માણનાં પગલાં**
**ડો. રણજિત મહેતા** ........ ૩૬

**મહિલા સશક્તિકરણ અને બજેટ ૨૦૧૮-૧૯**
**ડો. શાહીન રાઝી** ........ ૪૧

**ભારતમાં વરિષ્ઠ નાગરિકો - કેન્દ્રીય બજેટ ૨૦૧૮- ૧૯માં તેમને કેટલો લાભ મળ્યો ?**
**સુમતિ કુલકર્ણી** ........ ૪૪

**બ્લેક બોર્ડથી ડિજીટલ બોર્ડ સુધીઃ શિક્ષણ ક્ષેત્ર માટે બજેટ અને તેની અસર**
**કિરણ ભટ્ટી** ........ ૪૭

**કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૧૮-૧૯નું બજેટ : ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો સંકેત**
**ડેનીશ એ. હાશીમ અને વર્ષા કુમારી** ........ ૫૧

**કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ખેતી અને ખેડૂત**
**ડો. જે. પી. મિશ્રા અને શિવાલિકા ગુપ્તા** ........ ૫૪

**કાળા નાણાંના નિવારણ માટે પારદર્શક ટેક્સ વહીવટ**
**રમેશકુમાર યાદવ અને રોહિત દેવ જ્હા** ........ ૬૦

**શું તમે જાણો છો?**
**ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ** ........ ૬૬

## ટાઈટલ

૧. આવરણ ડિઝાઇન
૨. બજેટ અંગે પ્રધાનમંત્રીના ટવીટ્
૩. વિકાસનો રોડમેપ
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

# લોકોનું બજેટ




પૈસા ક્યાં ગયા તેનું અચરજ ઊભું કરવાને બદલે બજેટ તમને જણાવે છે કે તમારા પૈસા ક્યાં જશે. આપણે બધા ઘર ખર્ચનું બજેટ બનાવવાનું મહત્ત્વ જાણીએ છીએ, જેમાં વ્યક્તિએ પોતાની આવક અંગે જાગૃત રહીને તે મુજબ ખર્ચની ગોઠવણ કરવાની રહે છે. આપણે એક પ્રસિદ્ધ કહેવત ''આમદની અઠન્ની, ખર્ચા રૂપૈયા'' (આવક આઠ આના અને ખર્ચ એક રૂપિયો) જાણીએ છીએ. એવું ઘર કે જ્યાં ખર્ચ ઉપર કોઈ પકડ ન હોય, ત્યાં આવક વેર વિખેર થઈ જાય છે. બજેટ હોવું તેનો અર્થ આયોજન કરવું અને બજેટને નિયંત્રણ બહાર નહીં જવા દેવું તેવો થાય છે.

એક રાષ્ટ્રનું બજેટ વ્યક્તિના હિત માટે ઓછું મહત્ત્વનું નથી. વિવિધ પ્રકારની આવકનું આકલન કરીને તે મુજબ ખર્ચ કરવાનું રાષ્ટ્રના સમજદાર વહીવટદારો પસંદ કરતા હોય છે. ઘરના બજેટની જેમ શિક્ષણ, આરોગ્ય માટેના ખર્ચાઓ, પાયાની સગવડો જાળવવી વગેરે માટે રાષ્ટ્રના બજેટમાં પણ જોગવાઈ કરવી પડતી હોય છે. વર્ષ ૨૦૧૮-૧૯નું બજેટ એ વર્તમાન સરકારનું સામાન્ય ચૂંટણીઓ પહેલાંનું સંપૂર્ણ બજેટ છે. સરકારે ફાળવણીઓ કરવામાં સમતુલા જાળવવાનો પ્રયાસ કર્યો છે, જેથી કાર્યક્રમોનું આયોજન થઈ શકે અને કૃષિ, ગ્રામ વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આરોગ્ય જેવા મહત્ત્વનાં ક્ષેત્રોમાં ભંડોળ ફાળવી શકાય.

જે દેશમાં ખેતી હજુ પણ મહત્ત્વનું સ્થાન ધરાવતી હોય ત્યાં કોઈપણ સરકારની કાર્યસૂચિમાં ખેડૂતોનું કલ્યાણ ઉચ્ચ અગ્રતા ધરાવે તે સ્વાભાવિક છે. સરકાર દ્વારા ખેતી માટે જે અંદાજપત્રીય ફાળવણીઓ કરાઈ છે. તેમાં કૃષિ ક્ષેત્રે સુધારાઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ઉદાહરણરૂપ બદલાવ દ્વારા કૃષિ માટે જે ફાળવણીઓ કરવામાં આવી છે તેમાં ટામેટાં, ડુંગળી અને બટાકાના ભાવમાં મોટી વધઘટ નિવારવા ઑપરેશન ગ્રીન્સ, ખરીફ પાકો માટે ટેકાના ભાવોમાં લઘુત્તમ દોઢ ગણો વધારો, ૨૨,૦૦૦ ગ્રામ હાટનું ગ્રામીણ ઍગ્રિકલ્ચરલ માર્કેટમાં રૂપાંતર તથા ખેડૂતોને કૃષિ ધિરાણનો સમાવેશ થાય છે.

ગ્રામ વિકાસ એ ખેડૂતોના કલ્યાણ સાથે સંકળાયેલું સંલગ્ન ક્ષેત્ર છે. આ ક્ષેત્રને પણ અંદાજપત્રમાં ગૌરવભર્યું સ્થાન આપીને ગામડાંઓમાં માળખાકીય સુવિધાઓના નિર્માણ અને રોજગારીની તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને માટે આવાસની યોજના સાકાર કરવા ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષ ૨૦૧૯ સુધીમાં ૧ કરોડ આવાસો બાંધવાની દરખાસ્ત કરાઈ છે. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશન હેઠળ વધારાના ૨ કરોડ ટૉઈલેટસનું પણ બાંધકામ કરવામાં આવશે. મહિલા સ્વ-સહાય જૂથોનાં સૌભાગ્ય માટે મુકાયેલા ઉંચા લક્ષ્યાંકોથી નિમ્ન અને મધ્યમ વર્ગની ચિંતાઓ હલ થાય તેવી સંભાવના છે. ગયા વર્ષની તુલનામાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટેની ફાળવણી બમણી કરીને રૂ.૧૪૦૦ કરોડ કરવાનો તથા માછીમારી અને પશુ પાલન માટે ભંડોળ ઉભું કરવાનો તથા નેશનલ બામ્બુ મિશનનું પુનઃગઠનનો સરકારનો નિર્ણય ખેડૂતોની આવક વધારીને ઉદ્યોગસાહસિકતાની તકો વધારવા કૃષિ સંલગ્ન ક્ષેત્રો ઉપરનો ઝોક દર્શાવે છે.

અંદાજ પત્રમાં હેલ્થકૅર ક્ષેત્ર તરફ નોંધપાત્ર ધ્યાન આપવામાં આવ્યું છે. વિશ્વની સૌથી મોટી હેલ્થ કૅર પ્રોટેક્શન સ્કીમ તરીકે પ્રસિદ્ધિ પામેલી નૅશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ (NHPL) દ્વારા ગરીબ અને દયનીય સ્થિતિમાં જીવતા ૧૦ કરોડ પરિવારોને રૂ.૫ લાખના વીમા હેઠળ આવરી લેવા માટે કરાયેલી જોગવાઈ દ્વારા હેલ્થ કૅર સેક્ટરને કેન્દ્ર સ્થાને મૂકવામાં આવ્યું છે, જ્યારે આયુષ્યમાન ભારત પ્રોગ્રામ માટે દેશમાં ૧.૫ લાખ હેલ્થ અને વેલનેસ સેન્ટર સ્થાપવા માટે રૂ.૧૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી બાળકોને તેમના પોતાના જ વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલ સ્થાપવાની જાહેરાત શિક્ષણ ક્ષેત્રે આવકાર્ય કદમ છે. પ્રધાન મંત્રીશ્રીના રિસર્ચ ફૅલો (PMRF) નામની નવી યોજનાથી ૧૦૦૦ ઉત્તમ બી.ટેક વિદ્યાર્થીઓને આઈઆઈટી અને આઈઆઈએસટીમાં આકર્ષક સ્કૉલરશિપ દ્વારા પીએચ.ડી કરવાની સુગમતા પ્રાપ્ત થશે.

વરિષ્ઠ નાગરિકોને ગૌરવપૂર્ણ જીવન પૂરું પાડવાના ઉદ્દેશથી અંદાજપત્રમાં જે કેટલાંક પગલાંની જાહેરાત કરવામાં આવી છે તેમાં બૅંકો અને પોસ્ટ ઑફિસોમાં વ્યાજની આવક રૂ.૧૦,૦૦૦ થી વધારીને રૂ.૫૦,૦૦૦ કરવામાં આવી છે અને હેલ્થ ઇન્સ્યોરન્સ પ્રીમિયમ અને તબીબી ખર્ચ માટે કપાતની મર્યાદા રૂ.૩૦,૦૦૦ થી વધારીને રૂ.૫૦,૦૦૦ કરવામાં આવી છે. પ્રધાન મંત્રી વય વંદના યોજનામાં કરાતાં અગાઉ રૂ.૭.૫ લાખના રોકાણની મર્યાદાને વધારીને રૂ.૧૫ લાખ કરવામાં આવી છે અને આ યોજના માર્ચ ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે.

MSMEs ને વૃદ્ધિના એન્જિન તરીકે વર્ણવીને અંદાજપત્રમાં માઇક્રો, નાના અને મધ્યમ કદના એકમો માટે ધિરાણ, સહયોગ, મૂડી અને વ્યાજ સબસીડી તથા ઈનોવેશન્સ માટે રૂ.૩,૭૯૪ કરોડની જોગવાઈ કરાઈ છે. આનાથી રોજગાર નિર્માણ ઝડપી બનશે અને યુવાનો માટે સ્વરોજગારની તકો વધશે.

સરકારે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને આગળ ધપાવીને દેશના નાગરિકો માટે 'ઈઝ ઓફ લિવિંગ' ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અંદાજપત્રમાંની આ બધી બાબતો દેશના અર્થતંત્રના મહત્ત્વના ક્ષેત્રોને સમાવેશી વિકાસ તરફ લઈ જઈને લોકોના જીવનને સ્પર્શી જશે.

# અર્થતંત્રને આગળ ધપાવતું કેન્દ્રીય બજેટ- ૨૦૧૮-૧૯

ડૉ. હસમુખ અઢિયા




*કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં બીજો સૌથી મહત્ત્વનો હિસ્સો સ્વાસ્થ્ય, શિક્ષણ અને અન્ય સામાજિક સુરક્ષાની યોજનાઓ પર ભાર મૂકવામાં આવ્યો તેને ગણી શકાય. શિક્ષણ ક્ષેત્રમાં ખાસ કરીને શિક્ષણની ગુણવત્તા અને શિક્ષકોની ગુણવત્તા સુધારવા પર ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત પૂરક અભ્યાસ માટે શિક્ષણમાં ડિજિટલ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવા પર પણ ધ્યાન આપવામાં આવશે.*

કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯ અનેક પ્રકારે અનન્ય છે. આ બજેટ એવા સમયે આવ્યું છે, જ્યારે અર્થતંત્ર સરકાર દ્વારા છેલ્લાં બે વર્ષમાં લેવાં આવેલા બે મોટા માળખાકીય સુધારા એટલે કે વિમુદ્રીકરણ (ડીમોનેટાઈઝેશન) અને જીએસટીના અમલની સકારાત્મક અસરોનું સાક્ષી બની રહ્યું છે. એક સાથે તમામ આર્થિક પ્રવૃત્તિઓના સૂચકો અત્યારે દેશમાં અર્થતંત્ર ઊર્ધ્વ દિશામાં પ્રગતિના સંકેત આપી રહ્યા છે, ત્યારે આ બજેટ તેને પાયો બનાવીને ભારતમાં આર્થિક રીતે અનુકૂળ માહોલ તૈયાર કરનારું છે, જેથી આગામી વર્ષોમાં વાર્ષિક ૮ ટકા નો વિકાસદર હાંસલ કરી શકાય.

કેટલીક બાબતોને ધ્યાનમાં રાખતા આ બજેટ અન્ય બજેટની તુલનાએ અલગ છે. આ બજેટમાં મુખ્યત્વે કૃષિ અને ગ્રામીણ અર્થતંત્ર પાછળ ખર્ચ કરવા પર ધ્યાન આપવામાં આવ્યું છે, જેથી ખેડૂતોને તેમની આવકમાં વધારો કરવામાં મદદ કરી શકાય તેમજ તેનાથી વસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો થાય અને તેના પરિણામે ખાનગી રોકાણમાં વૃદ્ધિ થઈ શકે. આ બજેટમાં, ખાસ કરીને ગ્રામીણ માળખાકીય વિકાસ અને ગ્રામીણ રોજગારી જેવાં ક્ષેત્રોમાં મહત્તમ નાણાં ખર્ચ કરવાની જોગવાઈ છે. આ બજેટમાં ગ્રામીણ આજીવિકા કાર્યક્રમ હેઠળ ફાળવણી વધારવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત ખાસ કરીને સ્વ-સહાય જૂથો અને તેમાં પણ વિશેષ રૂપે મહિલાઓનાં જૂથોને વિશેષ નાણાં ભંડોળ તેમજ બૅંક ક્રેડિટ દ્વારા સહાય કરવામાં આવે છે. ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી અને પ્રાણી ઉછેર (પશુપાલન) જેવાં ક્ષેત્રોને પણ નોંધપાત્ર પ્રમાણમાં વધુ ફાળવણી કરવામાં આવી છે. તેના કારણે કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલાં અન્ય ક્ષેત્રોમાં નવસર્જન માટે મદદ મળી રહેશે અને તેનાથી પ્રાથમિક કૃષિ પેદાશોમાં વધુ સારાં પરિણામો જોવા મળશે. ત્રણ મુખ્ય શાકભાજી પાકો એટલે કે ટામેટાં, ડુંગળી, બટાકા (ટીઓપી)ના ભાવોમાં વિપુલ પ્રમાણમાં જોવા મળતી ભાવની અસમાનતાને દૂર કરવાના આશયથી, 'ઑપરેશન ગ્રીન્સ' નામથી નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના દૂધ ક્ષેત્રમાં ખૂબ જ સારી કામગીરી આપનારી યોજના 'ઑપરેશન ફ્લડ'ની પેટર્ન પર કામ કરશે. 'ઑપરેશન ગ્રીન્સ' યોજના અંતર્ગત પ્રારંભિક ધોરણે રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તે અંતર્ગત આ ખેતપેદાશોની યોગ્ય હેરફેર માટે ઉત્પાદન અને ખપત કેન્દ્રોને યોગ્ય રીતે એકબીજા સાથે સાંકળવામાં આવશે અને યોગ્ય સરંજામ માટે પણ સહાય પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, જ્યારે પણ જરૂરિયાત હોય ત્યારે, ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઑર્ગેનાઈઝેશન્સ (એફપીઓ) (ખેત ઉત્પાદક સંગઠનો)ની મદદથી આ પાકો માટે નવાં ગોદામો અને પ્રોસેસિંગ ક્ષમતા પણ તૈયાર કરવામાં આવશે. પ્રારંભિક ધોરણે, આ બજેટમાં, એવી

જાહેરાત કરવામાં આવી છે કે, આવી ફાર્મર પ્રોડ્યુસર કંપનીઓ કે જે રૂપિયા ૧૦૦ કરોડ સુધીનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવે છે, તેમને આવકવેરામાંથી મુક્તિનો લાભ આપવામાં આવશે. આ જાહેરાતના કારણે ફાર્મ પ્રોસેસિંગ ક્ષેત્રમાં પ્રોફેશનલિઝમ (વ્યાવસાયીકરણ)ને પ્રોત્સાહન મળશે. ગ્રામીણ અર્થતંત્ર માટે સરકાર દ્વારા કરવામાં આવેલી બજેટની રજૂઆતોના કારણે ખેતીવાડીમાં વૃદ્ધિ થવાની સાથે સાથે ૩૨૧ કરોડ વ્યક્તિ દિવસની રોજગારી ઊભી થશે. તેના કારણે ૫૧ લાખ નવા ગ્રામીણ ઘરોનું નિર્માણ થશે, ૧.૮૮ કરોડ ટૉઈલેટ બનશે, ૩.૧૭ લાખ કિલોમીટર લંબાઈના ગ્રામીણ માર્ગો બનશે અને તેનાથી ૧.૭૫ કરોડ નવા પરિવારોને વીજળીનું જોડાણ મળશે.

કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં બીજો સૌથી મહત્ત્વનો હિસ્સો સ્વાસ્થ્ય, શિક્ષણ અને અન્ય સામાજિક સુરક્ષાની યોજનાઓ પર ભાર મૂકવામાં આવ્યો તેને ગણી શકાય. શિક્ષણ ક્ષેત્રમાં ખાસ કરીને શિક્ષણની ગુણવત્તા અને શિક્ષકોની ગુણવત્તા સુધારવા પર ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત પૂરક અભ્યાસ માટે શિક્ષણમાં ડિજિટલ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવા પર પણ ધ્યાન આપવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં, આગામી ચાર વર્ષમાં કેપિટલ એક્સ્પેન્ડિચર(મૂડી ખર્ચ)માંથી રૂપિયા એક લાખ કરોડના ખર્ચ દ્વારા એઈમ્સ સહિત પ્રીમિયર એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન્સ (અગ્રણી શિક્ષણ સંસ્થાનો)નું નિર્માણ કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના પણ છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રમાં, મહત્ત્વાકાંક્ષી યોજના 'આરોગ્ય ભારત'ની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત પ્રાથમિક સ્વાસ્થ્ય કાળજી માટે કલ્યાણ કેન્દ્ર યોજના આવરી લેવામાં આવશે અને દરેક બીપીએલ પરિવારને બીજા અને ત્રીજા ક્ષેત્રની બીમારીઓમાં સારવાર માટે રૂ. ૫ લાખના કવચ સાથે સ્વાસ્થ્ય સુરક્ષા યોજના પૂરી પાડવામાં આવશે. આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમમાં ૧૦ કરોડ પરિવારો (એટલે કે ૫૦ કરોડ લોકો)ને એક પૈસાની પણ ચૂકવણી કર્યા વગર પૅનલમાં સાંકળેલી અથવા ખાનગી હૉસ્પિટલમાં દર વર્ષે તેમના ઓપરેશન અને સર્જરીના રૂપિયા ૫ લાખ સુધીનો ખર્ચ સરકાર દ્વારા ઉપાડવામાં આવશે. આ કાર્યક્રમના કારણે દરેક ગરીબ લોકો સુનિશ્ચિત થઈ જશે કે તેમના પરિવારમાં કોઈને કેન્સર, હૃદયની બીમારી અથવા કિડની ફેઇલ થવા જેવી કેટલીક મોટી બીમારી આવી પડે ત્યારે સરકાર તેમના સ્વાસ્થ્યની કાળજી લઈ રહી છે.

કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને મદદરૂપ થવાના આશયથી સંખ્યાબંધ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. કારણ કે આવા ઉદ્યોગોને રોજગારી ઊભી કરવાના મુખ્ય સાધન તરીકે જોવામાં આવે છે. સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, જો કોઈ નવી રોજગારીની તકો ઊભી કરે તો, વેતનમાં નોકરીદાતાનું ૧૨ ટકાનું યોગદાન સરકાર દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત નવી રોજગારીનો ૩૦ ટકા વેતન ખર્ચ આવક વેરા કાયદા અંતર્ગત કપાત તરીકે આવરી લેવામાં આવશે. ટૅક્ટાઈલ અને લેધર ક્ષેત્રને આ બજેટમાં વધુ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. માળખાકીય વિકાસના ક્ષેત્રમાં, સરકાર દ્વારા વર્તમાન અને નવા માર્ગો, રેલવે અને શહેરી માખળાકીય પ્રોજેક્ટ્સને ભંડોળ મળી રહે તે માટે મહત્ત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. બજેટની વધારાની જોગવાઈ અને ઋણ દ્વારા આવા પ્રોજેક્ટને પૂરક ભંડોળ આપવામાં આવશે. આગામી વર્ષમાં માળખાકીય વિકાસ પાછળ કુલ રૂ. ૫.૯૭ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭-૧૮માં આ અંદાજિત ખર્ચ રૂ. ૪.૯૪ લાખ કરોડ આંકવામાં આવ્યો હતો.

જીએસટીના અમલીકરણની ટ્રાન્ઝિશનરી અસર પચાવીને અને અપ્રત્યક્ષ કર તરફી આવકની અનિશ્ચિતતા વચ્ચે પણ, આ કેન્દ્રીય બજેટ દ્વારા નાણાકીય સ્થિરતા અને નાણાકીય ઉડાન પથ માટે ખૂબ જ ચતુરાઈપૂર્વક માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે મહેસૂલ ખાધ જીડીપીના ૩.૨ ટકા થી બદલીને જીડીપીના ૩.૫ ટકા કરવામાં આવી છે અને આગામી વર્ષ માટે જીડીપીના ૩.૩ ટકા નિર્ધારિત કરવામાં આવી છે. વારાફરતી આવતાં બે વર્ષમાં (જો શક્ય હોય તો, એક વર્ષમાં જ) ૩ ટકાના સ્તરે પહોંચી જવાનું આયોજન છે. વર્ષ ૨૦૧૮-૧૯માં વિમુદ્રીકરણ (ડીમોનેટાઇઝેશન) અને જીએસટીની સારી અસરોના કારણે, આગામી વર્ષ માટે મધ્યમસર (કન્ઝર્વેટિવ) લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હોવા છતાં તેની તુલનાએ મહેસૂલમાં વધારો થવાની આપણે આશા રાખી શકીએ છીએ. જો આવું થાય તો, સરકારના કાર્યક્રમોમાં ભંડોળ પુરું પાડવા માટે વધુ નાણાં ઉપલબ્ધ થશે.

એકંદરે કહેવામાં આવે તો, આ બજેટ વિકાસ અને વૃદ્ધિ લાવનારું બજેટ છે. આ બજેટ ગ્રામીણ અર્થતંત્રને ફરી ચેતનવંતુ કરનારું છે અને રોજગારીની નવી તકો ઊભી કરનારું બજેટ છે.

**લેખક ભારતીય સનદી સેવાના અધિકારી છે. હાલમાં ભારત સરકારમાં કેન્દ્રના નાણાં સચિવ તરીક કામ કરે છે. ફાયનાન્સિયલ સર્વિસીસના સચિવ તરીકે તેમને બેંકિંગ સુધારાની નવી વ્યૂહરચનાઓ માટેનું બહુમાન પ્રાપ્ત થયું છે. સચિવ (મહેસૂલ) તરીકે તેમને આવક વેરાની સાથે સાથે એકસાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેકસમાં ઘણી ટેક્સ-ફ્રેન્ડલી પહેલ હાથ ધરવાનો યશ મળે છે.**

# કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રનું વિશ્લેષણ

**પ્રો. જે. ડી. અગરવાલ**




*ગરીબી અને દયનીય સ્થિતિમાં જીવતા ૧૦ કરોડ પરિવારો માટે વિશ્વની સૌથી મોટી સરકારી ભંડોળ દ્વારા ચલાવાતી આરોગ્ય સુવિધા શરૂ થતાં અંદાજે ૫૦ કરોડ જેટલા લાભાર્થીઓને આવરી લેવાશે અને તેમને પરિવાર દીઠ, દર વર્ષે સેકન્ડરી અને ટર્શિયરી સારવાર માટે રૂ.૫ લાખ સુધીનો વીમો પૂરો પાડવામાં આવશે. આ પણ એક આવકારદાયક પગલું છે. આ પગલાંથી દેશમાં ઈન્સ્યોરન્સના બિઝનેસ અને રોજગાર નિર્માણમાં સહાય થશે.*

દેશની પ્રવર્તમાન આર્થિક, સામાજિક અને રાજકીય સ્થિતિની પશ્ચાદ્દભૂમિકામાં આ વર્ષના અંદાજપત્રનું વિશ્લેષણ કરવું જોઈએ. સરકારે વિવિધ પ્રકારના માળખાગત અને મહત્ત્વના સુધારા છેલ્લાં ૪ વર્ષમાં હાથ ધર્યા હોવાના પરિણામે વર્ષ ૨૦૧૭-૧૮માં જીડીપીની વાસ્તવિક વૃદ્ધિ ૬.૭૫ ટકા સુધી પહોંચશે. વર્ષ ૨૦૧૮-૧૯માં તે વધીને ૭.૫ ટકા થવાની અપેક્ષા છે. નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી અને ત્યાર બાદ તા.૧ જુલાઈ, ૨૦૧૭થી પરિવર્તનકારી ગુડ્ઝ ઍન્ડ સર્વિસી ટેક્સ (જીએસટી) રજૂ થયો, નવો ભારતીય બૅંકરપ્સી કોડ, આધાર કાર્ડનું અમલીકરણ, સીધા વિદેશી મૂડી રોકાણમાં ઉદારીકરણ, જાહેર ક્ષેત્રની નબળી બૅંકોને મજબૂત કરવા માટે રૂ.૮૮,૦૦૦ કરોડના ખર્ચે રિ-કૅપિટલાઇઝેશન પૅકેજ અને આ બધાને પરિણામે ખાસ કરીને વર્ષના બીજા અર્ધ વાર્ષિક ગાળામાં અર્થતંત્રમાં વૃદ્ધિ જોવા મળી છે. ૭.૨ ટકાનો મજબૂત આર્થિક વિકાસ દર, સ્થિર ફુગાવો (છેલ્લાં ૬ વર્ષમાં સૌથી ઓછો) અને મેક્રોઇકોનૉમિક સ્થિરતાથી નાણાંકીય મજબૂતીકરણ અને ૧૪.૧ ટકાનો વૃદ્ધિ દર દર્શાવીને ૪૦૯.૪ અબજ ડોલરનું મજબૂત વિદેશી હૂંડિયામણ, ડીસ-ઈન્વેસ્ટમેન્ટ દ્વારા રૂ.૧ લાખ કરોડની આવક, આ ઉપરાંત ભારતીય અર્થતંત્રમાં આધારને પાયો બનાવવાને કારણે ડાયરેકટ બૅનિફિટ સ્કીમમાં રૂ.૬૫,૦૦૦ કરોડની બચત જેવા આમાંના કેટલાક નિર્દેશકો (indicators) સ્થિતિસ્થાપકતા દર્શાવે છે. હકીકતમાં ભારતનું અર્થતંત્ર એ દુનિયામાં ઉત્તમ દેખાવ કરતાં અર્થતંત્રોમાંનું એક છે. મને એ જણાવતાં આનંદ થાય છે કે વિમુદ્રીકરણ અને જીએસટી વગેરે જેવાં પરિબળોને કારણે માળખાગત સુધારામાં વૃદ્ધિ અને મેક્રો-ઈકોનૉમિક માપદંડો ઉપર કોઈ ગંભીર વિક્ષેપો ઊભા થયા નથી અને તેની કોઈ ગંભીર વિપરીત અસર પણ જોવા મળી નથી. મહદ અંશે સમતોલપણું હાંસલ થયુ છે.

આમ છતાં, અનાજનું ૨૭૫.૭ મિલિયન ટન અને ફળ તથા શાકભાજીનું ૩૦૦ મિલિયન ટન જેટલું સન્માનપાત્ર ઉત્પાદન હાંસલ થવા છતાં વર્ષ ૨૦૧૭-૧૮માં અર્થતંત્રમાં ખેતીના નીચા વૃદ્ધિ દર ખેડૂતોની આવકો વધારવાની તથા ખેતરોની ઉત્પાદકતા વધારવાની, કૃષિ ક્ષેત્રે સ્થિતિસ્થાપકતા વધારવાની, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓનું વિસ્તરણ કરવાની, રોજગારીમાં વૃદ્ધિ કરવાની, મૂડી રોકાણ અને નિકાસને વેગ આપવા ઉપરાંત ગરીબીમાં ઘટાડો અને ગ્રામ વિસ્તારોમાં વીજળી અને પાણીની સુવિધાઓ પહોંચાડીને મહિલા સશક્તિકરણ જેવા કેટલાક પડકારો પ્રધાન મંત્રીની ચિંતાનો વિષય રહ્યા છે અને આ દિશામાં અર્થતંત્રને કેટલાક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. વધુ એક જંગી પડકાર નૉન- પરફૉર્મિંગ ઍસેટ્સ (NPAs) તથા સરકાર દ્વારા ચલાવાતી બૅંકોમાં મૂડી

ઉમેરવાની સમસ્યાનો પણ છે.

વર્તમાન બજેટને માળખાગત સુવિધાઓની તથા છેલ્લાં ચાર વર્ષની સિદ્ધિઓની પશ્ચાદ્દભૂમિકા વચ્ચે અને અર્થતંત્ર સામે જે પડકારો પડેલા છે, તેને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટ દ્વારા પ્રધાનમંત્રીના ખેતી અને ગ્રામ વિકાસ, આરોગ્ય અને રોજગારી તથા MSME તેમજ માળખાગત સુવિધાઓનાં ક્ષેત્રોને મજબૂત બનાવવાના ધ્યેય (mission) ને સમર્થન પ્રાપ્ત થયું છે.

**૧. આર્થિક વૃદ્ધિ અને નાણાકીય દ્રઢીકરણ**

આ વર્ષનું બજેટ દર્શાવે છે કે ભારત ૨.૫ ટ્રિલિયનનું અર્થતંત્ર છે. નાણા મંત્રીએ યોગ્ય રીતે જ ૮ ટકાનો વૃદ્ધિ દર અને વર્ષ ૨૦૧૮-૧૯માં ૭.૪ ટકાનો વૃદ્ધિ દર નક્કી કર્યો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ભારત અત્યંત ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકેનુ તેનું સ્થાન ટકાવવાનું ચાલુ રાખશે અને વિશ્વના અર્થતંત્રમાં હકારાત્મક પ્રદાન કરશે. મેક ઈન ઈન્ડિયાના લક્ષ્યને આગળ ધપાવી કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ઈચ્છિત પરિણામો મળી રહે તે પ્રકારે યોગ્ય રીતે જોગવાઈઓ કરવામાં આવી છે.

નાણાંમંત્રીએ નાણાકીય ખાધ જીડીપીના ૩.૨ ટકા સુધી સીમિત રાખવા બાબતે ચિંતા વ્યક્ત કરી છે. વર્ષ ૨૦૧૦માં નાણાંકીય ખાધ ૬.૪ ટકા હતી તેને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃતિ પ્રાપ્ત થાય તે રીતે નીચી લાવવામાં આવી રહી છે. નાણાકીય ખાધને નિયંત્રિત કરવાના સાતત્ય ધરાવતા અભિગમને પરિણામે ગયા વર્ષે ભારતના સાર્વભૌમ (sovereign) રેટિંગમાં સુધારો પ્રાપ્ત થયો છે. સાર્વભૌમ (sovereign) રેટિંગ અને બિઝનેસ કરવામાં આસાની, રિટેઈલ બિઝનેસમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણને મંજૂરી અને અન્ય માળખાગત (structural) સુધારાઓને કારણે લક્ષિત વૃદ્ધિ દર હાંસલ કરવામાં સુગમતા રહેશે. ગ્રામ્ય વિસ્તારો અને સમાજ કલ્યાણની યોજનાઓ દ્વારા રોજગારીનું નિર્માણ કરવા માટે રૂ.૧૪.૩૪ લાખ કરોડની અસરકારક ફાળવણીનું પગલું અત્યંત પ્રગતિશીલ, દીર્ઘદષ્ટિ ધરાવતું અને 'ગરીબી હટાવો' નું ધ્યેય હાંસલ કરવા માટે યોગ્ય દિશાનું પગલું છે. જે માળખાગત ફેરફારો થયા છે, તેનો સીધો લાભ વિવિધ કાર્યક્રમો તરફ વાળવાની દરખાસ્ત અને સારા વૃદ્ધિ દરને કારણે ખેડૂતો, ગરીબો અને આપણાં સમાજના અત્યંત દયનીય સ્થિતિમાં જીવતા વર્ગોને સીધો લાભ મળશે અને ઓછા વિકસીત પ્રદેશોનો ઉત્કર્ષ સાધી શકાશે. તે પ્રશંસાપાત્ર પગલું છે. આ વર્ષના બજેટથી આ સિદ્ધિઓનું દ્રઢીકરણ થશે.

**૨. કૃષિ અને ગ્રામ અર્થતંત્ર :**

ભારતનું અર્થતંત્ર હજુ પણ કૃષિલક્ષી છે અને અંદાજે ૪૯ ટકા જેટલા લોકો ખેતી સાથે સીધા સંકળાયેલા છે. ભૂતકાળની એક પછી એક સરકારોએ કૃષિ અને ગ્રામ વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયાસો કર્યા હોવા છતાં ખેતી સાથે સંકળાયેલો અને ગ્રામ ભારતમાં વસતો મોટો જનસમુદાય ભારે ગરીબી, સુવિધાઓના અભાવનો સામનો કરી રહ્યો છે. ગ્રામ્ય તથા સામાજિક સુવિધાઓ તરફ ઈચ્છિત ધ્યાન કેન્દ્રિત કરવા છતાં આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓના અભાવની સ્થિતિ સહન કરવી પડે છે. નાણા મંત્રીએ યોગ્ય રીતે ખેતી અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પ્રધાન મંત્રીનું વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ ખૂબ જ મહત્ત્વાકાંક્ષી છે. નાણા મંત્રીએ ઓછા ખર્ચે વધુ ખેત પેદાશોનું ઉત્પાદન કરવા માટે જરૂરી સહાય વિસ્તારવા અને તેમની પેદાશોમાંથી વધુ આવક મળી રહે તે બાબત ઉપર ભાર મૂક્યો છે. આ માટે ખેડૂતોને તેમના ઉત્પાદનનો યોગ્ય ભાવ મળી રહે તે ઉપરાંત બજાર સાથેની કનેક્ટિવિટી મજબૂત કરવાની પણ જરૂર છે.

આ સ્થિતિમાં નાણા મંત્રીએ ઑપરેશન ગ્રીન માટે રૂ.૫૦૦ કરોડની ફાળવણી કરવા ઉપરાંત ખેત પેદાશોને પ્રોત્સાહન મળી રહે તે માટે ખરીફ પાકોની ૨૩ જેટલી ખેત પેદાશોની લઘુતમ વેચાણ કિંમત (MSP) ઉત્પાદન ખર્ચના દોઢ ગણાં જેટલી નક્કી કરવાની દરખાસ્ત કરી છે. તેમણે ખેત બજાર અને ઈન્ફ્રા ફંડ માટે રૂ.૨૦૦૦ કરોડની રકમ ફાળવી છે.

મોટા ભાગના ખેડૂતો નાના અને સીમાંત કદના હોવાના કારણે તેમની કામગીરી માટે તથા ઉત્પાદકતા વધારવા માટે તેમને ધિરાણ સુવિધા પ્રાપ્ત થાય તે ખૂબ જ મહત્ત્વનું છે. કૃષિ ધિરાણનો લક્ષ્યાંક ૮.૫ લાખ કરોડથી વધારીને ૧૧ લાખ કરવાથી ખેડૂતોને અને ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોને મોટો લાભ થશે. આમ છતાં એ પ્રકારે પ્રયાસો કરવા જોઈએ કે જેથી ધિરાણમાં કરાયેલું વિસ્તરણ લક્ષિત ખેડૂત સુધી પહોંચી શકે. ઉપર દર્શાવી છે તે દરખાસ્તો ઉપરાંત નાણામંત્રીએ કિસાન ક્રેડિટ સુવિધા, માછીમારી અને પશુપાલન જેવા સંલગ્ન ક્ષેત્રો માટે પણ વિસ્તારી છે. માછીમારી અને મત્સ્ય પાલન વિકાસ ફંડ તથા પશુપાલન ફંડ તરીકે રૂ.૧૦,૦૦૦ કરોડનું ભંડોળ ઊભું કરવાનું પગલું ખૂબ જ વિચાર પ્રેરક છે. આ ભંડોળ ઊભું કરવાને કારણે આ ક્ષેત્રોમાં કામ કરતા લોકોને સહાય થશે અને તેમની આવકોનું સ્તર વધારવામાં સુગમતા રહેશે. નાણાં મંત્રીએ હાલના ૨૨,૦૦૦ રૂરલ હાર્ટને અપગ્રેડ કરીને વિકસાવીને તેમને ગ્રામીણ એગ્રિકલ્ચર માર્કેટ (GrAMs) માં રૂપાંતર કરવાની જાહેર કરેલી યોજનાથી ૮૬ ટકાથી વધુ નાના અને સીમાંત ખેડૂતોને લાભ થશે તથા રૂ.૧૨૯૦ કરોડના મૂડી રોકાણથી સ્થપાનારા ૪૨ ફૂડપાર્ક્સને કારણે ખેતીની ઉત્પાદકતા વધારવામાં સહાય થશે. પોસ્ટ હાર્વેસ્ટ કર રાહતો પ્રોત્સાહનો અને ફાર્મિંગ પ્રોડ્યુસિંગ કંપનીઓ માટે ૧૦૦ ટકા રિબેટથી ખેત પેદાશોના ઉત્પાદનમાં અને ખેત પેદાશોની નિકાસ વધારીને ૧૦૦ અબજ

ડૉલરના સંભવિત સ્તરે લઈ જવામાં તથા સમય જતાં ખેડૂતોની આવકમાં વધારો કરવામાં સહાય થશે. ખેતીમાં સિંચાઈ કરી શકાય તેની સુવિધા માટે બજેટમાં ખેડૂતો માટે સોલર વૉટર પંપ્સ સ્થાપવા માટેની જે જોગવાઈ કરવામાં કરવામાં આવી છે. તે પણ પ્રશંસાપાત્ર છે. કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા માછીમારી અને પશુપાલન કરતાં ખેડૂતો સુધી વિસ્તારવાની બજેટની દરખાસ્તને કારણે ખેડૂતોને કાર્યકારી મૂડીની જરૂરિયાતને પહોંચી વળવામાં તથા તેમની આવકો વધારવામાં સહાય થશે.

**૩. ગ્રામ અર્થતંત્ર :**

વિવિધ યોજનાઓમાં ફાળવણીઓ મારફતે નાણાંમંત્રીએ ગરીબી નિવારણનો ગંભીર પ્રયાસ કર્યો છે. બજેટનું આ એક માનવીય પાસું છે. ઉજ્જવલા યોજના હેઠળ ગરીબ મહિલાઓને ૮ કરોડ જેટલાં એલપીજી જોડાણો વિનામૂલ્યે પૂરાં પાડવાની સુવિધા દ્વારા નાણાં પ્રધાને ગરીબો અને નિમ્ન મધ્યમ વર્ગના પરિવારોની કાળજી લીધી છે. આ ઉપરાંત ૪ કરોડ જેટલા ગરીબોના આવાસોમાં વીજળીનાં જોડાણો વિનામૂલ્યે પૂરાં પાડવા માટે સૌભાગ્ય યોજના માટે રૂ.૧૬,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. આ પગલાને કારણે બળતણ વાપરવાની પ્રવૃત્તિમાં ઘટાડો થશે અને જંગલો કાપવાનું ઘટશે તથા મહિલાઓની યાતનામાં ઘટાડો થશે. વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ લોકો માટે આવાસનું લક્ષ પૂરું કરવા માટે વર્ષ ૨૦૧૯ સુધીમાં ગ્રામ વિસ્તારોમાં ૧ કરોડથી વધુ આવાસોનું બાંધકામ કરવામાં આવશે. સ્વચ્છ ભારત મિશન હેઠળ બાંધવામાં આવી ચૂકેલાં ૨ કરોડ ટૉયલેટ્સ ઉપરાંત વધુ ૬ કરોડ ટૉયલેટરનું બાંધકામ કરવામાં આવનાર છે તે પણ એક આવકારદાયક પગલું છે. સમાન પ્રકારે રાષ્ટ્રીય આજીવિકા (National livelihood) માટે રૂ.૫,૭૫૦ કરોડ અને સામાજિક સલામતીની યોજનાઓ માટે રૂ.૯,૯૭૫ કરોડની ફાળવણી પણ પ્રશંસાપાત્ર પગલું છે. આ યોજનાઓ દ્વારા ભારતની મહિલાઓના ગૌરવમાં વધારો થશે. આમ છતાં, એવી શંકા રહે છે કે આવા પ્રશંસાપાત્ર લક્ષ્યાંકો, અસરકારક અમલીકરણના અભાવે તેમજ પાયાના સ્તરે પ્રવર્તતા ભ્રષ્ટાચારને કારણે સરકારી યોજનાઓના લાભ જે તે સમયે હાંસલ થઈ શકશે કે કેમ તથા લક્ષિત લોકો સુધી પહોંચશે કે કેમ અથવા તો તેને કારણે સરકારી યોજનાઓના લાભ લક્ષિત લોકો સુધી પહોંચાડવાની કામગીરીને વિપરીત અસર થશે કેમ તે એક સવાલ છે.

**૪. શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સુરક્ષાઃ**

ટકી શકે તેવા (sustainable) સમાજની રચના માટે આરોગ્ય અને શિક્ષણ એ બંને ખૂબ જ મહત્ત્વની બાબતો છે. શિક્ષણની સુવિધા આપવા માટે તથા દેશની સંપત્તિમાં અને સારું જીવન જીવાય અને સારી આરોગ્ય સુવિધાઓ વગેરેમાં યોગદાન આપવા માટે માનવ સંસાધનોનો ઉપયોગ કરવો પડે છે. શિક્ષણ અને આરોગ્ય એ દુનિયાને મળતી અત્યંત મહત્ત્વની ગિફ્ટમાંની એક છે. મને આનંદ છે કે નાણામંત્રીએ શિક્ષણ, આરોગ્ય અને રોજગારી માટે ખૂબ ચિંતા વ્યક્ત કરી છે. જો કે બ્રિક દેશોની તુલનામાં તેમણે આરોગ્ય માટે જે ટકાવારી ફાળવણી કરી છે તે ઓછી છે. દા.ત. ચીન તેની જીડીપીની ૩.૨ ટકા રકમ આરોગ્ય માટે ખર્ચે છે અને તેની તુલનામાં ભારત જીડીપીના ૧.૪ ટકા જેટલી રકમ ખર્ચે છે.

શિક્ષણમાં માળખાગત વ્યવસ્થા ઊભી કરવા માટે તેમણે કરેલી જોગવાઈઓ તથા પ્લાનિંગ અને આર્કિટેક્ચર માટે બે નવી સ્કૂલો તથા દરેક ત્રણ સંસદીય વિસ્તારો વચ્ચે એક મેડિકલ કૉલેજ સ્થાપવાની જોગવાઈને કારણે દેશમાં ૨૪ નવી મેડિકલ કૉલેજો સ્થપાશે તથા મેડિકલ કૉલેજો માટે હૉસ્પિટલનું અપ ગ્રેડેશન થવાથી તબીબી શિક્ષણ અને તબીબી સુવિધાઓ દેશભરમાં લોકોને નજીકનાં સ્થળોએ જ ઉપલબ્ધ થશે. સમાન પ્રકારે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦ લાખ યુવાનોને સ્કૉલરશિપ પૂરી પાડવાની અને મધ્યમ તથા નિમ્ન મધ્યમ વર્ગના પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને તબીબી શિક્ષણ સહિત ઉચ્ચ સ્તરના શિક્ષણ માટે કેટલીક સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ માટેની જોગવાઈઓ કરાઈ છે તે એક પ્રશંસાપાત્ર પગલું છે.

આયુષ્માન ભારત કાર્યક્રમ હેઠળ આરોગ્યની સુવિધાઓ ઘરની નજીક પૂરી પાડવા માટે ૧.૫ લાખ કેન્દ્રો સ્થાપવા માટેની યોજનામાં કરાયેલી રૂ.૧૨૦૦ કરોડની ફાળવણી નોંધપાત્ર છે. સમાન પ્રકારે ટી.બી.ના દર્દીઓને પોષણમાં સહયોગ માટે મોટી રકમની જોગવાઈ કરાઈ છે તે પણ બજેટનું એક આવકારદાયક પાસું છે.

ગરીબી અને દયનીય સ્થિતિમાં જીવતા ૧૦ કરોડ પરિવારો માટે વિશ્વની સૌથી મોટી સરકારી ભંડોળ દ્વારા ચલાવાતી આરોગ્ય સુવિધા શરૂ થતાં અંદાજે ૫૦ કરોડ જેટલા લાભાર્થીઓને આવરી લેવાશે અને તેમને પરિવાર દીઠ, દર વર્ષે સેકન્ડરી અને ટર્શિયરી સારવાર માટે રૂ.૫ લાખ સુધીનો વીમો પૂરો પાડવામાં આવશે. આ પણ એક આવકારદાયક પગલું છે. આ પગલાંથી દેશમાં ઇન્સ્યોરન્સના બિઝનેસ અને રોજગાર નિર્માણમાં સહાય થશે.

આરોગ્યની સુવિધાઓ, મેડિકલ કૉલેજો અને સરકારનું ભંડોળ મેળવતા આરોગ્યની સંભાળ માટેના કાર્યક્રમો હાથ ધરવા માટે ૧.૫ લાખ જેટલાં કેન્દ્રો ઊભા કરવાની યોજનાને કારણે વધુ રોજગારી ઊભી થશે અને રાષ્ટ્રના આરોગ્યની કાળજી રાખી શકાશે. આ યોજનાથી વિવિધ પ્રદેશોના લોકોને સારવાર માટે મેટ્રો સિટીમાં જવાની અને સમસ્યાઓનો સામનો કરવાની સ્થિતિના બદલે હવે ગુણવત્તાયુક્ત તબીબી સારવાર તેમના પડોશના વિસ્તારમાં જ પ્રાપ્ત થશે.

પ્રધાન મંત્રી જનધન યોજના હેઠ ૧૬

કરોડ ખાતાઓને આવરી લઈ મેક્રો ઇન્સ્યોરન્સ અને પેન્શન સ્કિમમાં આવરી લેવાની યોજના એક ખૂબ જ વિચાર પ્રેરક પગલું છે. સામાજિક સમાવેશિતાની યોજનાઓ કે જેમાં અનુસૂચિત જાતિ માટે રૂ.૫૨,૭૧૯ કરોડની જોગવાઈ તથા અનુસૂચિત જનજાતિ માટે રૂ.૩૯,૧૩૯ કરોડની જોગવાઈથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોના કલ્યાણમાં સહાય થશે. અનુસૂચિત જનજાતિની ૫૦ ટકા કરતાં વધુ વસતિ ધરાવતા દરેક બ્લૉકમાં નવોદય વિદ્યાલયો જેવી જ એકલવ્ય સ્કૂલો સ્થાપવામાં આવશે. આગામી ત્રણ વર્ષમાં વેતનમાં ૧૨ ટકા જેટલા ઇપીએફનું યોગદાન આપવાની જે જોગવાઈ કરાઈ છે, તેનાથી નવા કર્મચારીઓનું સશક્તિકરણ થશે અને મહિલાઓ માટે ઇપીએફનું યોગદાન પ્રથમ ૩ વર્ષ માટે ઘટાડવાની જોગવાઈ કરવામાં આવી છે.

**૫. ઇન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાગત સુવિધાઓ) અને ઉદ્યોગ**

ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ અર્થતંત્રને ગતિ આપતું પ્રેરક બળ છે તેવું ભારપૂર્વક જણાવીને નાણા મંત્રીએ એટલી જ ચિંતા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મૂડીરોકાણ માટે કરી છે. તેમણે રાષ્ટ્રને રસ્તા, ઍરપોર્ટ્સ, રેલવેઝ, પૉર્ટ્સ, અને આંતરિક જળ માર્ગો સાથે જોડી શકાય તે માટે વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે બજેટની ફાળવણી વધારીને રૂ.૫.૯૭ લાખ કરોડ કરી છે, પ્રવાસન પ્રવૃત્તિને વધુ વેગ મળી રહે તે માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કૌશલ્ય વિકાસ, ટૅક્નોલૉજીના વિકાસ, ખાનગી મૂરોકાણને આકર્ષીને તથા બ્રાન્ડિંગ અને માર્કેટિંગ દ્વારા સમગ્રલક્ષી અભિગમને અનુસરીને બજેટમાં ૧૦ મહત્ત્વનાં પ્રવાસન મથકોનું પ્રતિકાત્મક પ્રવાસન મથકોમાં રૂપાંતર કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ બધી આવકારદાયક જાહેરાતો છે અને તેનાથી રોજગાર નિર્માણ થશે તથા તે વૃદ્ધિમાં પરિણમશે.

રેલવે, ઉડ્ડયન અને અર્થતંત્રના ડિજિટાઇઝેશન માટે મોટી રકમોની ફાળવણી કરવામાં આવી છે. ચોકીદાર વગરના રેલ્વે ક્રૉસિંગ દૂર કરવા માટે, એસ્કેલેટર્સના નિર્માણ માટે, વાઇ- ફાઇ અને સીસીટીવી કૅમેરા પૂરા પાડવા માટે રૂ.૧.૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મેટ્રો શહેરોની જરૂરિયાતોની કાળજી લઈ શકાય તે માટે મુંબઈ રેલવે નેટવર્ક માટે રૂ.૧૧,૦૦૦ કરોડની ફાળવણી અને બૅંગલુરુ મેટ્રો માટે રૂ. ૧૭,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગામડામાં બ્રૉડબેન્ડની સુવિધા ઉપલબ્ધ કરવા માટે સરકારે ૫ લાખ જેટલાં હોટસ્પોટ સ્થાપવાની દરખાસ્ત કરી છે જેથી પાંચ કરોડ ગ્રામ્ય નાગરિકોને નેટ કનેક્ટિવિટી મળી રહે. આ હેતુ માટે સરકારે વર્ષ ૨૦૧૮-૧૯માં ટેલિકોમની માળખાગત સુવિધાઓ સ્થાપવા માટે તથા તેનું મજબૂતીકરણ કરવા માટે રૂ.૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે, જેથી સરકારને ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામને વેગ આપી શકાય.

નાણાં મંત્રીને MSMEs માટે ઘણી ચિંતા છે, આ ક્ષેત્રે કંપનીઓનો ૯૯ ટકા હિસ્સો ધરાવે છે. આ ક્ષેત્રના માટે રૂ.૩૭૯૪ કરોડની જોગવાઈ કરીને તેમને ઇનોવેશન માટે ધિરાણ સહયોગ, મૂડી અને વ્યાજ સબસીડી પૂરી પાડવામાં આવશે. પ્લાન્ટ અને મશીનરીમાં મૂડીરોકાણને આધારે વર્ગીકરણ માટેનું ધોરણ રૂ.૫૦ કરોડથી વધારીને રૂ.૨૫૦ કરોડ કરવામાં આવ્યું છે તથા કરવેરાનો દર ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે, આ દ્વારા 'ઇઝ ઑફ ડુઇંગ' બિઝનેસમાં આસાની થશે, આ પગલું વિકાસ તરફ દોરી જનારું તથા તેમને જીએસટી સાથે જોડીને નવી કરવ્યવસ્થા સાથે સાંકળનારું બની રહેશે. નાણાં મંત્રીએ MSMEs ક્ષેત્રને ધિરાણો મળી રહે તે માટે મુદ્રા ધિરાણો માટે વધુ રૂ. ૩ લાખ કરોડની જોગવાઈ કરી છે.વર્ષ ૨૦૧૮-૧૯માં ટેક્ષ્ટાઇલ ક્ષેત્ર માટે રૂ. ૭૧૪૮ કરોડની જોગવાઈ કરવાને કારણે રોજગાર નિર્માણ તથા વૃદ્ધિને વેગ મળશે.

**૬. રોજગારી :**

શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનું ઘણું મોટું પ્રમાણ છે, જે તેમને હતાશા તરફ દોરી જાય છે. આ બાબતે તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. આ વર્ષના બજેટમાં ૭૦ લાખ જેટલી ઔપચારિક રોજગારી માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રસ્તાઓ, રેલવે તથા હેલીપેડઝ, ગ્રામ્ય વિસ્તારમાં માળખાગત સુવિધાઓ, રોજગારીને ગતિ આપવા માટે ગ્રામ્ય વિસ્તારોના શહેરી વિસ્તારો સાથે જોડાણ દ્વારા યોગ્ય રીતે રોજગાર નિર્માણ અને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે યોગ્ય રીતે ધ્યાન આપવામાં આવ્યું છે. રોજગાર નિર્માણ માટે બજેટમાં જે પગલાં ભરવામાં આવ્યાં છે તેને ધ્યાનમાં રાખીને સરકાર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાઇનાન્સ દ્વારા પૂરા કરવામાં આવેલા એક અભ્યાસમાં સૂચવ્યા મુજબ તથા ફાઇનાન્સ ઇન્ડિયામાં પ્રસિદ્ધ કરાયેલા અહેવાલ મુજબ સરકાર દેશમાં બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે નેશનલ લેબર એક્સચેન્જની સ્થાપના કરે તેવી સંભાવના છે.

ખેતી, શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવી સામાજીક કલ્યાણની યોજનાઓ માટે મોટી ફાળવણીઓ કરવા છતાં અને રૂ. ૮૦,૦૦૦ કરોડ જેટલો મધ્યમસરનો ડીસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક રાખવા છતાં નાણાં મંત્રીએ વધારાનો કી કરબોજ લાદ્યા વગર નાણાકીય ખાધને ૩.૩ ટકાની મર્યાદામાં તથા વૃદ્ધિ દરને જીડીપીના ૭.૨ ટકાથી ૭.૪ ટકા સુધી લઈ જવાનો પ્રયાસ કર્યો છે તે એક પ્રશંસાપાત્ર કદમ છે.

**૭. કર દરખાસ્તો**

સ્થિરતા જાળવવા માટે કર નીતિમાં ઓછામાં ઓછા ફેરફાર કરવામાં આવે તે સલાહભર્યું છે. આ કારણે તેમણે કૉર્પોરેટ અને વ્યક્તિગત બંને પ્રકારના કર દર યથાવત રાખ્યા છે. વેતન રળતા લોકોને રાહત આપવા

માટે તેમણે ટ્રાવેલિંગ એલાવન્સ પાછું ખેંચી લઈને રૂ. ૪૦,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડકશનની રજૂઆત કરી છે. તેમણે વરિષ્ઠ નાગરિકોની બૅંકમાં તથા ટપાલ કચેરીઓમાં પડેલી થાપણો ઉપર રાહત આપવા બાબતે ખૂબ જ કાળજી દાખવી છે અને કલમ ૧૯૪-એ હેઠળની રાહત મર્યાદા રૂ. ૧૦,૦૦૦થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરી છે. કલમ ૮૦ ડી હેઠળ હેલ્થા ઇન્સ્યોરન્સ પ્રીમિયમ અને/ તબીબી ખર્ચ માટેની કપાત મર્યાદા ૩૦,૦૦૦થી વધારીને રૂ.૫૦,૦૦૦ કરવામાં આવી છે તે મધ્યમ વર્ગને આપેલો વધુ એક લાભ છે.

તેમણે યોગ્ય રીતે ૧૦ ટકાના મર્યાદિત દરથી ઇક્વિટીના આધારે લૉંગટર્મ કેપિટલ ગેઈન ટૅક્સ રજૂ કર્યો છે. કારણ કે આ પ્રકારની રૂ. ૩.૬ લાખ કરોડની આવક ધરાવતા એસેટ ક્લાસને કરવેરામાંથી બાકાત રાખવામાં આવે તે બાબત ન્યાયસંગત નથી. અગાઉ ઑક્ટોબર ૨૦૦૪ પહેલાં હતો તે રીતે આ લૉંગ ટર્મ કૅપિટલ ગેઇન ટૅક્સ (LTCG) ૨૦ ટકા હોવો જોઈએ બજેટમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા વિતરણ કરવામાં આવતાં તમામ ડિવિડન્ડ ઉપર પણ ૧૦ ટકા વેરો ચૂકવવાનો રહેશે. આ કારણે મ્યુચ્યુઅલ ફંડ હાઉસ દ્વારા તેમના રોકાણકારોને ચૂકવવામાં આવતી ચોખ્ખી રકમમાં ઘટાડો થશે. LTCGને બજાર તરફથી જે વિપરિત પ્રત્યાઘાત પ્રાપ્ત થયા છે તે ધ્યાનમાં લેવા પાત્ર નથી. તેમણે મોટા પાયે ચલાવતી સામાજીક સુરક્ષા યોજનાઓ ચલાવવા માટે ૧ ટકાની એજ્યુકેશન સેસ (વેરા ઉપરનો વેરો)ની દરખાસ્ત કરી છે.

આમ છતાં પણ લઘુત્તમ કરવેરા મુક્તિની મર્યાદા રાખીને રૂ.૧૫,૦૦૦ કરોડની આવક ગૂમાવવાનું પગલું આ બજેટને ડ્રીમ-બજેટ બનાવે છે. એલટીસીજી ઉપરનો ટૅક્સ ઇન્ડેકશેશન સાથે ૨૦ ટકા રાખીને કરવેરાની આવક વધારી શકાઈ હોત.

વૃદ્ધિ અને રોજગારીને વેગ મળે તે માટે તેમણે MSMEs માટે કૉર્પોરેટ ટૅક્સનો દર ઘટાડીને રૂ.૨૫૦ કરોડ સુધીના ટર્ન ઓવર માટે ૨૫ ટકા કર્યો છે. આ દરખાસ્તની સાથે સાથે વ્યક્તિગત વેરામાં અપાયેલી રાહતોને પરિણામે સરકારની આવકમાં રૂ.૫,૯૯૫ કરોડનો ઘટાડો થશે.

આમ છતાં, 'મેક ઇન ઇન્ડિયા' ને આગળ ધપાવવા અને આવકની બાબતને ધ્યાનમાં રાખીને તેમણે વિવિધ ચીજો ઉપરની કસ્ટમ ડ્યૂટી ૨.૫ ટકાથી વધારીને ૧૦ ટકા કરી છે, જેમાં પરફ્યુમ્સ અને ટૉયલેટરી પ્રિપેરેશન (૧૦ ટકા), ઑટોમોબાઇલ્સ અને ઑટોમોબાઈલ પાર્ટ્સ (૫ ટકા), પગરખાં (૧૦ ટકા) , ઇમિટેશન જ્વેલરી (૫ ટકા), ઇલેક્ટ્રૉનિક્સ/ હાર્ડવેર (૫ ટકા), ફર્નિચર (૧૦ ટકા), કાંડા ઘડિયાળો અને દીવાલ ઘડિયાળો (૧૦ ટકા), રમકડાં અને ગેમ્સ (૧૦ ટકા), ટૅક્ટાઈલ (૧૦ ટકા), વનસ્પતિજન્ય ખાદ્ય તેલો (૧૫ થી ૧૭.૫ ટકા) વગેરેનો સમાવેશ થાય છે. તેમણે કેટલીક ચીજો ઉપર કસ્ટમ્સ ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે, જેમાં કેપિટલ ગુડ્ઝ અને ઇલેક્ટ્રૉનિક્સ (૫ ટકા), મેડિકલ ડિવાઇસીસ (૨.૫ ટકા), રિફ્રેક્ટરી ચીજો (૨.૫ ટકા). આને પરિણામે કેટલીક ચીજોમાં કસ્ટમ ડ્યૂટી વધારવામાં આવી છે તેની કિંમતો મોંઘી થશે અને બાકીની ચીજો સસ્તી રહેશે.

**સમાપન :**

આ બજેટ રજૂ કરવામાં નાંણા મંત્રીએ ખૂબ જ સુંદર કામગીરી બજાવી છે. એકંદરે આ બજેટમાં બજારને આધારે ચાલતી ઇકોનૉમિક સિસ્ટમ તરફથી સમાજ કલ્યાણલક્ષી ઝોક દર્શાવતું આવકારદાયક પરિવર્તન જોવા મળ્યું છે. જેમાં સરકાર દેશની ૮૦ ટકાથી વધુ વસતિની જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓની કાળજી લેશે.

કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૧૮-૧૯ નું બજેટ લોકલક્ષી, પ્રગતિશીલ, સમતોલ અને સામાન્ય પ્રવાહ કરતાં અલગ છે અને તેનાથી લોકોની મહત્ત્વાકાંક્ષાની કાળજી લેવાશે તેવી અપેક્ષા છે. તે ખેતી, ગ્રામ વિકાસ, શિક્ષણ, રોજગારી અને મૂડી રોકાણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વિકાસલક્ષી પૂરવાર થશે.

નાણાં પ્રધાને યોગ્ય રીતે જ પોસાય તેવા આવાસો માટે પ્રયાસો કર્યા છે, રિયલ એસ્ટેટ સેક્ટર્સને ગતિ આપી છે. વૃદ્ધિને તેજ બનાવી છે. ડિજિટલ ઇકોનૉમીને પ્રોત્સાહન આપ્યું છે અને અવરોધો દૂર કરીને ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસને પણ પ્રોત્સાહન આપ્યું છે. સરકાર દ્વારા મોટા પ્રમાણમાં થનારા ખર્ચને કારણે કૃષિ અને ઉદ્યોગોની વૃદ્ધિ થતાં અર્થતંત્રની મંદ ગતિ વૃદ્ધિમાં પરિણમશે.

માળખાગત સુધારાઓની તથા ખેતીને સંપૂર્ણપણે ટૅક્નોલૉજીલક્ષી બનાવીને ખેડૂતોની આવકમાં વધારો કરવાની જરૂરિયાત હતી. આમ છતાં તે બજેટ દરખાસ્તોનો હિસ્સો બની શક્યું નથી. સમાન પ્રકારે તમામ સ્તરે શિક્ષણ અને કાનૂની તેમજ ન્યાયલક્ષી સુધારા માટે માળખાગત સુધારા જરૂરી બને છે. વર્તમાન પદ્ધતિ અર્થતંત્રની અને લોકોની જરૂરિયાતો સાથે કદમ મિલાવી શકતી નથી. નીતિ આયોગે ભિન્ન પ્રકારની (out of box thinking) વિચારધારા મારફતે એના ઉપાયો શોધવાની જરૂર છે. વર્તમાન સિસ્ટમમાં ઉમેરવાનો અભિગમ તથા તેનું ફાઇન ટ્યુનિંગ કરવાથી ધાર્યા પરિણામો મળી શકશે.

કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૧૯નું બજેટ 'ગરીબી હટાવો, કિસાન બચાવો' છે.

**લેખક ફાયનાન્સના પ્રસિધ્ધ પ્રોફેસર તથા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાયનાન્સના સ્થાપક ચેરમેન અને ફાયનાન્સ ઇન્ડિયાના ચિફ એડિટર છે. તેમણે ઘણાં પુસ્તકો અને લેખો લખ્યા છે તથા રેડિયો/ ટીવી ટૉક શો / ઈન્ટરવ્યૂઝમાં ભાગ લીધેલો છે.**

**E-mail: jda@iif.edu**

# કેન્દ્રીય બજેટઃ ભારતીય અર્થતંત્રમાં દઢતાના એન્જિન તરીકે એમએસએમઈ

અનિલ ભારદ્વાજ



*૨૫ ટકાના કૉર્પોરેટ ટૅક્સનું કવરેજ વધારીને રૂપિયા ૨૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને આવરી લેવાની જાહેરાત કરવામાં આવી છે – અગાઉ રૂપિયા ૫૦ કરોડ કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીઓ સુધી આ મર્યાદિત હતું. આનાથી નાના એમએસએમઈ વિભાગને લાભ થશે. આનો આધાર 'કંપનીઓ' સુધી મર્યાદિત છે જ્યાં ૯૩ ટકાથી વધારે એમએસએમઈ કંપની નથી પરંતુ ભાગીદારી અને માલિકી 'પેઢીઓ' છે.*

દેશના નાણામંત્રી દ્વારા ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સંસદમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં મુખ્યત્વે ચાર ક્ષેત્રોમાં જનતાનો વિશ્વાસ વધે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો – કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વાસ્થ્ય સંભાળ અને એમએસએમઈ દ્વારા રોજગારી નિર્માણ.

આ લેખ આ ચોથા પાયા એટલે કે એમએસએમઈને અનુલક્ષીને રજૂ કરવામાં આવ્યો છે. બજેટ રજૂ થયા પછી બીજા જ દિવસે ક્રિસિડેક્સના લૉન્ચિંગ વખતે, નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે, એમએસએમઈ ભારતીય અર્થતંત્રની દઢતાના એન્જિન તરીકેની ભૂમિકા અદા કરશે. આખરે આવું માની તો શકાય જ !

ભારતમાં ધીમે ધીમે કટોકટી જેવી સ્થિતિ વધી રહી છે, તેમાં કોઈ જ આશંકા નથી કારણ કે ભારતીય અર્થતંત્ર દર વર્ષે જૉબ માર્કેટમાં નવા આવતા ૧૦ – ૧૨ મિલિયન લોકો માટે રોજગારીની તકો ઊભી કરવામાં નિષ્ફળ રહ્યું છે. સ્પષ્ટપણે કહીએ તો, સરકારો મૅન્યુફૅક્ચરિંગનો હિસ્સો ૨૫ ટકાથી આગળ ધપાવવાની વાતો કરી રહી, જે વાસ્તવમાં જીડીપીના ૧૫-૧૬ ટકાથી આગળ જતો નથી. પરંતુ સુધારા વગર, એમએસએમઈ માટે જોખમ-વળતર ગુણોત્તર સતત સરકી રહ્યો છે.

**કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં તેની યથાસ્થિતિમાં ફેરફારોના સંકેતો મળી રહ્યા છે.**

સૌથી પહેલા તો, તમામ ક્ષેત્રોમાં નિયત સમય રોજગારીની મંજૂરી માટેની જાહેરાત – જે અગાઉ માત્ર ટેક્સટાઈલ્સ પૂરતી મર્યાદિત જોગવાઈ હતી, તેના કારણે શ્રમ સુધારામાં આ પગલું મોટું ગેમ ચેન્જર પુરવાર થઈ શકે છે. તેનાથી નવી રોજગારીનું પણ નિર્માણ થઈ શકે છે. એવાં ઘણાં ક્ષેત્રો છે. જેમાં વેપાર સીઝનલ અને સાઇક્લિકલ (ઋતુગત અને ચક્રીય) છે. નોકરીદાતાઓ લોકોને રાખતા નહોતા અને નિયુક્તિની જાણ કરતા નહોતા કારણ કે ટૂંકાગાળા માટે નિયુક્તિ ગેરકાયદે હતી. (છતાં પણ, વેપાર સંગઠનો દ્વારા અવરોધોનો કારણે એવો સંશય છે કે, આ પ્રસ્તાવ ખરેખર પ્રચલિત થશે કે નહી.)

ઉદ્યોગો લોકોને નોકરીએ રાખવા માટે વધુને વધુ પ્રોત્સાહિત થાય તે માટે, વધારાના કર્મચારીઓ પાછળ થયેલા ખર્ચમાં ૧૩૦ ટકાની ભારે કપાતની મંજૂરીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે નવા નિયુક્ત કરાયેલા કર્મચારીઓના પહેલાં ત્રણ વર્ષના પ્રોવિડન્ટ ફંડનો ખર્ચ સરકાર દ્વારા ઉપાડવામાં આવશે.

૪૦થી વધુ લેબર ઈન્ટેન્સિવ પ્રોડક્ટ્સ (શ્રમ આધારિત ઉત્પાદનો)માં સ્થાનિક મૂલ્ય વર્ધનને પ્રોત્સાહન આપવા માટે કસ્ટમ્સ ડ્યૂટીમાં અસરકારક વધારો (૫ થી વધારીને

૧૫ ટકા) કરીને મૅન્યુફૅક્ચરિંગને સમર્થન આપવાનો પ્રયાસ કરાયો હોવાનો અન્ય એક પ્રબળ સંકેત આ બજેટમાં જોવા મળ્યો છે. આયાતથી સુરક્ષિત રાખવા માટે જે શ્રેણીઓને લાભ અપાયો છે તે નીચે મુજબ છે :

- પ્રોસેસ્ડ ફૂડ્સ
- પરફ્યૂમ્સ અને ટૉઇલેટરી
- ઑટોમોબાઇલ્સ અને ઑટો પાર્ટ્સ
- ફૂટવેર
- હીરા, કિંમતી રત્નો અને જ્વેલરી
- ઇલેક્ટ્રૉનિક અને હાર્ડવેર
- એલસીડી/એલઈડી/ઓએલઈડી પેનલ્સ અને અન્ય પાર્ટ્સ
- ફર્નિચર
- કાંડા ઘડિયાળો અને દીવાલ ઘડિયાળો
- રમકડાં, ટ્રાઇસિકલ્સ, સ્કૂટર્સ, પૅડલ કાર્સ, રમતો માટેનાં સાધનો
- કાચલીમાં આવતો સૂકો મેવો (કાચો સૂકો મેવો)
- ખાદ્ય વનસ્પતિ તેલ
- રિફ્રેક્ટરી ચીજો
- પ્રકીર્ણ (મીણબત્તી, સનગ્લાસ વગેરે)

વધુમાં, સોલર સેલ્સ/પૅનલ્સ/મોડ્યુલ્સના ઉત્પાદન માટે સોલર ટેમ્પર્ડ ગ્લાસ અને સી-ઇમ્પ્લાન્ટ્સ બનાવવા માટે કાચા માલ, પાર્ટ્સ અથવા એક્સેસરીઝને પણ કસ્ટમ્સમાંથી બાકાત રાખવામાં આવ્યાં છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે વર્ષ ૧૯૯૧થી કસ્ટમ્સ ડ્યૂટીમાં નિરપેક્ષ ઘટાડા તરફી ટ્રેન્ડ અનુસરવામાં આવતો હોવાનો અહેસાસ થયો તે છે, જેમાં સ્થાનિક મૅન્યુફૅક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે સુધારા કરવાની કદાચ જરૂર છે. તેનાથી પણ આ દિશામાં વધુ સૂક્ષ્મ અભિગમ અપનાવાયો હોવાનો સંકેત મળે છે. ડ્યૂટીમાં વધારો કર્યા પછી પણ આ ડ્યૂટી દરો ડબ્લ્યુટીઓ દ્વારા કટિબદ્ધ ૨૫ અને ૪૦ ટકાના દરોની અંદર છે.

કેટલાક તજ્જ્ઞોએ આ પગલાંને પ્રતિબંધાત્મક ગણાવતા કેટલાક વર્ગ દ્વારા તેની ટીકા પણ કરવામાં આવી છે. શું આનાથી ભારતીય ઇન્ડસ્ટ્રી વૈશ્વિક સ્પર્ધક બનવાના બદલે સુરક્ષાત્મક વલણ અપનાવશે તેવો સંકેત મળે છે ? વધુમાં, ભાડામાં વધારો મોટા ભાગે લૉબી પર નિર્ભર હોય છે — જેમ કે સ્ટીલ, ઍલ્યુમિનિયમ વગેરે પાયાની ધાતુઓ છે.

વધુમાં, સ્થાનિક ઉદ્યોગો માટે ઉન્નત સુરક્ષાના ઉચ્ચાલક લાંબા સમય માટે કદાચ ઉપલબ્ધ નહીં હોય. ભારત પહેલાથી જ પ્રાદેશિક સહિયારી આર્થિક ભાગીદારી (આરસીઈપી) (રિજનલ કૉમ્પ્રિહેન્સિવ ઇકોનૉમિક પાર્ટનરશિપ) માટે વાટાઘાટો કરી રહ્યું છે — આ ઍશિયન દેશોમાં આવતા દસ દેશો અને છ દેશો ઑસ્ટ્રેલિયા, ચીન, ભારત, જાપાન, દક્ષિણ કોરિયા અને ન્યુઝિલૅન્ડ વચ્ચે મુક્ત્ વેપાર સમજૂતી છે. તેનાથી ભવિષ્યમાં એક તબક્કો એવો આવશે જ્યારે ધીમે-ધીમે કરીને કસ્ટમ્સ ડ્યૂટીઓ શૂન્ય થઈ જશે.

ત્રીજી વાત છે, જાહેર ક્ષેત્રની બૅંકો અને કૉર્પોરેટ્સ બોર્ડ ઑફ ટ્રેડ ઈલેક્ટ્રૉનિક રિસિવેબલ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ (ટીઆરઈડીએસ) પર આવ્યા છે તેવી જાહેરાત. આ એક ઓનલાઈન બિલ ડિસ્કાઉન્ટિંગ પ્લૅટફૉર્મ છે અને તેને જીએસટીએન નેટવર્ક સાથે જોડવામાં આવશે જેથી મોટા ખરીદદારો અને એમએસએમઈ વિક્રેતાઓ વચ્ચેના વ્યવહારોની આપોઆપ ખરાઈ થઈ જાય. આનાથી એમએસએમઈની કાર્યકારી મૂડીની સમસ્યા હળવી થશે. જોકે, આ પરિકલ્પનાને વધુ સ્વીકૃત બનાવવા માટે હજુ વધુ કાયદાકીય પગલાં લેવાની જરૂર પડશે.

ચોથી વાત, બજેટમાં એમએસએમઈ ક્ષેત્ર માટે રૂપિયા ૩૭૯૪ કરોડની ફાળવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ક્ષેત્રને ક્રેડિટ સહાય, મૂડી અને વ્યાજ સબસિડી તેમજ સંશોધનો માટે આ પ્રસ્તાવ મુકાયો છે. એમએસએમઈ ક્ષેત્ર દ્વારા વ્યાપક રીતે તેને આવકારાયો હોવા છતાં, વધુ માહિતીના અભાવે આના વિશે વધુ ટિપ્પણી કરવી મુશ્કેલ છે.

૨૫ ટકાના કૉર્પોરેટ ટૅક્સનું કવરેજ વધારીને રૂપિયા ૨૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને આવરી લેવાની જાહેરાત કરવામાં આવી છે — અગાઉ રૂપિયા ૫૦ કરોડ કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીઓ સુધી આ મર્યાદિત હતું. આનાથી નાના એમએસએમઈ વિભાગને લાભ થશે. આનો આધાર 'કંપનીઓ' સુધી મર્યાદિત છે જ્યાં ૯૩ ટકાથી વધારે એમએસએમઈ કંપની નથી પરંતુ ભાગીદારી અને માલિકી 'પેઢીઓ' છે.

બજેટમાં અન્ય એક સારો પ્રસ્તાવ એ છે કે, કંઈક અંશે ઓછું રેટિંગ ધરાવતી કંપનીઓ પણ બોન્ડ માર્કેટમાં પાત્રતા મેળવી શકે છે. જો માત્ર મોટા કૉર્પોરેટ્સની જ બોન્ડ માર્કેટ સુધી પહોંચ હોય તો, વધુ બૅંક ફંડ્સ એમએસએમઈ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

એકંદરે કહીએ તો, બજેટની દિશા સકારાત્મક જણાઈ રહી છે. કૃષિ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે જંગી ફાળવણીઓથી કદાચ માંગ વધશે અને જીડીપી વૃદ્ધિમાં વધારો કરવા માટે જરૂરી વિશ્વાસ પણ ઊભો થશે. રોજગારી નિર્માણ માટે એમએસએમઈને શ્રેષ્ઠ માર્ગ તરીકે વધુમાં વધુ જોવામાં આવે છે. આશા છે કે પાયાના સ્તરે રોકાણો વધશે અને તેનાથી જરૂરી પરિણામો સર્જાશે.

**લેખક ફેડરેશન ઓફ ઈન્ડિયન માઈક્રો એન્ડ સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીઝ (FISME), નવી દિલ્હીના સેક્રેટરી જનરલ છે. તે કેન્દ્રમાં SMEs ને પ્રોત્સાહન માટેની ઉચ્ચ સ્તરની સંખ્યાબંધ સમિતિઓમાં કામ કરી ચૂક્યા છે. તે UNIDO, ILO, Wrold Bank, UNCTAD, DFID અને GTZ જેવી બહુલક્ષી અને દ્વિપક્ષી ડોનર એજન્સીઓનો સહયોગ ધરાવતા ઘણાં SME વિકાસ પ્રોજેક્ટસના સલાહકાર રહી ચૂક્યા છે.**

**E-mail: sg@fisme.org.in**

# બજેટ મારફતે માળખાગત સુવિધાઓના નિર્માણનાં પડકારો

જી. રઘુરામ

સર્વ સામાન્ય નિરીક્ષણ : કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં રૂ.૫.૯૭ ટ્રિલિયનની કુલ ફાળવણી કરવામાં આવી છે. આને વર્ષ ૨૦૧૭-૧૮ના રૂ.૪.૯૪ ટ્રિલિયનના અપેક્ષિત ખર્ચ સાથે સરખાવી શકાય. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની ફાળવણી માત્ર વાસ્તવિક રીતે જ નહીં, પણ બજેટની કુલ ફાળવણીઓની તુલનામાં પણ વધતી જાય છે. આ ફાળવણીઓ રેલવેઝ, માર્ગો, ઉડ્ડયન વગેરે ક્ષેત્રો સહિત માળખાગત સુવિધાઓના તમામ પેટા ક્ષેત્રોમાં વધી રહી છે.

જેની પાછળ સૌથી વધુ ખર્ચ થવાનો છે તેવી સંસ્થાઓમાં ભારતીય રેલવેનો સમાવેશ થાય છે. આ બજેટમાં ટ્રેક ડબલ કરવા સહિત તથા ત્રીજી અને ચોથી લાઇન માટે તેમજ ૫૦૦ કિ.મી.ના ગેઝ કન્વર્ઝન, ૬૦૦ રેલવે સ્ટેશનોનો પુનઃવિકાસ અને આધુનિક ટ્રેનો રજૂ કરવા ઉપર ઝોક મૂકવામાં આવ્યો છે. સૂચિત ગેઝ કન્વર્ઝનને કારણે દેશ બ્રૉડગેજ આધારિત યુનિગેઝ સિસ્ટમમાં પ્રવેશ કરશે. આ બજેટમાં મુંબઈ અને બૅંગાલુરુ સહિત પરાંની ટ્રેનો ઉપર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. મુંબઈમાં જે ખર્ચ કરવામાં આવશે તે ૦.૫૫ ટ્રિલિયનના મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (MUTP) નો હિસ્સો બની રહેશે.

કેન્દ્ર સરકારના બજેટમાં રોડલક્ષી માળખાગત સુવિધાઓ માટે ૧.૨૧ ટ્રિલિયનના ખર્ચનો સમાવેશ કરાયો છે. આ ખર્ચ રૂ.૫.૩૫ ટ્રિલિયનના ભારતમાલા પ્રોજેક્ટનો હિસ્સો બની રહેશે. એમાં ઈકોનોમિક કૉરિડોર્સ, મુખ્ય નેશનલ કૉરિડોર્સની કાર્યક્ષમતામાં વધારો તથા કોસ્ટલ અને પોર્ટ કનેક્ટિવિટીની વ્યાપકતા વધારવાનો સમાવેશ થાય છે.

રેલવેઝ અને નૅશનલ હાઈવેઝ ઑથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) તેમની આંતરિક સરપ્લસ ધન રાશિ ઉપરાંત બજેટના સપોર્ટથી ભંડોળ મેળવશે. પરંપરાગત સ્રોતો દ્વારા બોન્ડ વડે નાણાં ઊભા કરવા ઉપરાંત ખાસ કરીને રેલવે સ્ટેશન રી-ડેવલપમેન્ટ અને રોલિંગ સ્ટૉક મૅન્યુફેક્ચરિંગમાં પબ્લિક-પ્રાઈવેટ-પાર્ટનરશિપ (PPPs), દ્વારા પણ ભંડોળ ઊભું કરવાની અપેક્ષા છે. નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઑફ ઈન્ડિયા ટોલ, ઑપરેટ ઍન્ડ ટ્રાન્સફર (TOT) જેવી યોજનાઓનો ઉપયોગ કરશે અને બિલ્ડ ઑપરેટ અને ટ્રાન્સફર (BOT) નો અગાઉનો તબક્કો વટાવી ચૂકેલી રોડ એસેટ્સનો વપરાશ કરી બજારમાંથી ઈક્વિટી ઉભી કરશે.

મેરીટાઈમ સેક્ટરમાં સાગરમાલા પ્રોજેક્ટને કારણે ખર્ચ ઉપર ઝોક અપાશે. ઉડ્ડયન ક્ષેત્રે એરપોર્ટ ક્ષમતા, નવા ઍરપોર્ટ્સ વિકસાવવા અને જ્યાં ઍરપોર્ટ્સ અને હેલિપેડનો ઉપયોગ થતો નથી ત્યાં કનેક્ટીવિટી વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચનાં અન્ય ક્ષેત્રોમાં ૯૯ સ્માર્ટ સિટીઝ અને ગ્રામ માર્ગો,




*ગ્રામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સંદર્ભમાં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના એ સૌથી સફળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ બની રહ્યો છે. આ પ્રોજેક્ટને આગળ ધપાવીને (વર્ષ ૨૦૨૧ના બદલે) વર્ષ ૨૦૧૯માં પૂરો કરવામાં આવશે, જેથી તેનો ત્રીજો તબક્કો હાથ ધરી શકાય. આ પ્રોજેક્ટને ઊંડાણનાં ક્ષેત્રો સુધી વિસ્તારવા છતાં રૂરલ રોડ નેટવર્ક સુધારેલી માવજત અને બંને દિશાઓમાં કનેક્ટિવિટી દ્વારા માત્ર ભૌતિક કનેક્ટિવિટી જ નહી, પણ સર્વિસીસ પૂરી પાડવા માટે સજ્જ કરાયેલ છે.*

આવાસો, વીજળી, સફાઈ, સિંચાઈ અને પાણી પુરવઠા દ્વારા ગ્રામ્ય સ્તરે માળખાગત સુવિધાઓના વિકાસનો સમાવેશ થાય છે.

**વપરાશ માટે અપૂરતી બેન્ડવીથ:**

જ્યાં ફાળવણીઓ વધારવામાં આવી છે તેને અસરકારક રીતે ખર્ચ કરવાની આપણી ક્ષમતાનો મહત્ત્વના પડકારોમાં સમાવેશ થાય છે. દા.ત. રેલવેને વર્ષ ૨૦૧૭-૧૮માં ગ્રોસ બજેટરી સપોર્ટ (GBS) ૦.૫૫ ટ્રિલિયન હતું. અપેક્ષિત વાસ્તવિક ખર્ચમાં સુધારો કરીને તેને ૦.૪૨ ટ્રિલિયન સુધી નીચે લઈ જવાયો છે. સાથે સાથે વર્ષ ૨૦૧૮-૧૯ માટે GBS ની ફાળવણી રૂ.૦.૫૫ જેટલી ઊંચી રાખવામાં આવી છે, જેમાં કોઈ વધારો થયો નથી અને અગાઉના વર્ષની જોગવાઈ જેટલી જ રહી છે. નાણાં વાપરી નહી શકવાની સ્થિતિ માટે સુલિખિત પ્રોજેક્ટ ડૉક્યુમેન્ટ મૂકવામાં અને મંજૂરીઓને ઝડપથી પ્રોસેસ કરવામાં સરકારની અપૂરતી બેન્ડવીથ કાનૂની અને જ્યુડીશિયલ બૅન્ડવીથ તથા નોંધપાત્ર પ્રમાણમાં નોન-પર્ફોમિ’ગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એસેટસ ડેબ્ટ ફાયનાન્સિસને મર્યાદિત બનાવે છે. અટકેલી મંજૂરીઓ અને/ કાનૂની મુદ્દાઓને કારણે ઘણા પ્રોજેક્ટસ અધવચ્ચે અટકેલા પડ્યા છે. આવા પ્રોજેક્ટસની સુરક્ષા અને તેની કામગીરી ખુલ્લી કરવા માટે સામૂહિક પ્રયાસની જરૂર છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MORTH) ને કાનૂની મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે પ્રશંસા કરવી પડે તેમ છે, જો કે હજુ ઘણાં અન્ય પ્રોજેક્ટસ અટવાયેલા પડ્યાં છે.

બજેટમાં વાર્ષિક ફાળવણીમાં વધારા દ્વારા ઊંચી જોગવાઈઓ કરાયા છતાં, માત્ર નાણાકીય દૃષ્ટિએ જ નહીં, પરંતુ હાંસલ કરવામાં આવેલા વાર્ષિક પરિણામો તથા તેના તારણોનું વિશ્લેષણ કરીને બજેટલક્ષી પર્ફોર્મન્સની સમીક્ષા માટેનું કોઈ તંત્ર નથી તે કમનસીબ બાબત છે. વાર્ષિક આર્થિક સર્વેક્ષણ એ પર્ફોર્મન્સને સરેરાશ દૃષ્ટિએ મૂલવતો એક મહત્ત્વનો ઉત્તમ દસ્તાવેજ છે. જો કે આવી કામગીરી અલગ સબ-સેક્ટર્સમાં કરવામાં આવે છે. બજેટ રાજકીય શણગાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ઘણી વાર એક સરખી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરે છે. દા.ત. રેલવે સ્ટેશનોનો વિકાસ અને નવા ઍરપોર્ટ્સના વિકાસનું એક પછી એક બજેટમાં પુનરાવર્તન કરવામાં આવ્યું છે. અગાઉના અંદાજપત્રોમાં સેતુ ભારતમ જેવી યોજના (નૅશનલ હાઈવેઝ ઉપરના લેવલ ક્રૉસિંગ હટાવવા), ટ્રાન્સપોર્ટેશન રિસર્ચ અને એનાલિટિક્સ માટે ખાસ યુનિટ (SUTRA) અને વ્યૂહાત્મક ટૅક્નોલૉજી માટે સ્પેશ્યલ રેલવે એસ્ટાબ્લિસમેન્ટ ફોર સ્ટ્રેટેજીક ટૅક્નોલૉજી એન્ડ હોલિસ્ટીક એડવાન્સમેન્ટ (SRESHTA) વગેરેમાં આ પ્રવૃત્તિઓમાં મૂળ ઈરાદાની તુલનામાં કેટલી પ્રગતિ થઈ તે જાણી શકાયું નથી.

**ખર્ચને દિશા આપવાના સાધન તરીકે પ્રોજેક્ટાઈઝિંગ:**

જમા પાસાંની વાત કરીએ તો છેલ્લાં થોડાંક વર્ષોમાં જે જોગવાઈઓ કરવામાં આવી છે, તે તથા પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) જેવો કન્સેપ્ટ તૈયાર કરાયો છે. સાગરમાલા હાઈસ્પીડ રેલ (HSR) અને ભારતમાલા પ્રોજેક્ટસને લાંબાગાળાના મલ્ટિ-ઍક્ટિવિટી પ્રોજેક્ટસનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. HSR અને ભારતમાલા પ્રોજેક્ટસની જાહેરાત અનુક્રમે સપ્ટેમ્બર અને ઑક્ટોબર ૨૦૧૭માં કરવામાં આવી હતી (હકીકતમાં ભારતમાલા પ્રોજેક્ટ એ ઘણી રીતે અગાઉના નૅશનલ હાઈવેઝ ડેવપમેન્ટ પ્રોજેક્ટ્સનું સુધારેલું સ્વરૂપ છે). આ પ્રકારે કન્સેપ્ટ આપવાના કારણે વિવિધ પ્રકારની વાર્ષિક માંગણીઓ વચ્ચે ભીસાવાને બદલે વધુ સ્થિરતા અને દિશા પ્રાપ્ત થાય છે.

પ્રોજેક્ટાઇઝિંગ કરવા છતાં એવાં ઘણાં ક્ષેત્રો છે, જે ડગમગી રહ્યા છે. દા.ત. ભારત નેટ પ્રોજેક્ટ (અગાઉ તે નૅશનલ ઑપ્ટિકલ ફાયબર નેટવર્ક) તરીકે ઓળખાતો હતો અને તે દરેક ગ્રામ પંચાયતને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવાનો હતો. એમાં અમલીકરણની સમસ્યાઓ ઊભી થવાને કારણે સમયની દૃષ્ટિએ નોંધપાત્ર વિલંબ થયો છે. સમસ્યાઓનો એક હિસ્સો એ છે કે તેના અમલીકરણની જવાબદારી જાહેર ક્ષેત્રના સાહસોને સોંપવામાં આવી હતી, જેમના માટે આ બાબતની અગ્રતા ન હતી.

ગ્રામ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સંદર્ભમાં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના એ સૌથી સફળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ બની રહ્યો છે. આ પ્રોજેક્ટને આગળ ધપાવીને (વર્ષ ૨૦૨૧ના બદલે) વર્ષ ૨૦૧૯માં પૂરો કરવામાં આવશે, જેથી તેનો ત્રીજો તબક્કો હાથ ધરી શકાય. આ પ્રોજેક્ટને ઊંડાણનાં ક્ષેત્રો સુધી વિસ્તારવા છતાં રૂરલ રોડ નેટવર્ક સુધારેલી માવજત અને બંને દિશાઓમાં કનેક્ટિવિટી દ્વારા માત્ર ભૌતિક કનેક્ટિવિટી જ નહી, પણ સર્વિસીસ પૂરી પાડવા માટે સજ્જ કરાયેલ છે. ગ્રામ વીજળીકરણની વાત કરીએ તો હવે ગ્રામ્ય સ્તરે વીજળી પહોંચાડવાના બદલે હવે ઘરે ઘરે વીજળી પહોંચાડવા ઉપર ઝોક રખાયો છે. સ્વચ્છતાની વાત કરીએ તો ટૉયલેટ્સના બાંધકામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હોવા છતાં તેની પૂર્ણ અસરકારકતા તેનો વપરાશ વધારવા માટેની વર્તણૂંકમાં ફેરફાર થતાં જ સફળતા હાંસલ થઈ શકે. આના માટે માર્કેટિંગ જેવા પ્રયાસની જરૂર છે.

**વિવિધ ક્ષેત્રોને પરસ્પર સ્પર્શતા મુદ્દાઓ:**

આમ છતાં સંબંધિત પડકાર એ છે કે યોજનાઓની એકથી બીજા ક્ષેત્ર પર થતી અસરો તપાસવી જોઈએ. દા.ત. એ બાબત સ્પષ્ટ નથી કે વધુ ઍરપૉર્ટનું નિર્માણ અને તેમને કનેક્ટ કરવાની સાથે સાથે રોડ કનેક્ટિવિટી સુધારવાની પણ વાત કરાઈ છે. વધુ ઍરપૉર્ટ બનશે તો ઍરપૉર્ટ દીઠ બિઝનેસ ઘટશે અને સર્વિસની ફ્રિક્વન્સી ઘટશે. આ રીતે પ્રોજેક્ટની એકંદર અર્થક્ષમતાનો સવાલ ઉભો થશે. ઉદાહરણ તરીકે- હુબલી અને

બેલગાવી ૧૦૦ કિ.મી. થી ઓછા અંતરે છે અને શ્રેષ્ઠ રોડ કનેક્ટિવિટી હોવા છતાં આધુનિક ઍરપોર્ટ તૈયાર કરવાની ઈચ્છા વ્યક્ત કરાઈ છે, જેથી દરરોજ થોડીક ફ્લાઈટ ચલાવી શકાશે. કેચમેન્ટ વિસ્તારથી દરેક ઍરપોર્ટ સુધી પહોંચવામાં બે કલાકથી ઓછો સમય લાગશે. આની તુલનામાં બૅંગાલુરુની ઘણા વિસ્તારો એવા છે કે જ્યાં ઍરપોર્ટ સુધી પહોંચવામાં બે કલાક લાગે છે. માર્ગોનું સંકલન કરીને ઍર કનેક્ટિવિટીનો અભિગમ તથા પહોંચવાનાં ટાઈમની તુલનામાં અંતર મહત્ત્વનું બની રહેશે. દા.ત. પર્વતીય વિસ્તારોમાં એકબીજાથી નજીક આવેલા એરપોર્ટ રાખવાનું યોગ્ય રહેશે.

બીજું, ઈન્ટરસેક્ટરલ ડોમેઈન એ મેટ્રો અને રેલવેઝ વચ્ચે ઈન્ટર મૉડેલ કનેક્ટિવિટી છે. બૅંગાલુરુ અને દિલ્હી શહેર એ એવાં ઉદાહરણો છે કે જ્યાં આવી કનેક્ટિવિટી બાબતે સમાધાન કરવામાં આવ્યું છે. આને કારણે ગ્રાહકો તબદીલ કરવામાં નબળી સર્વિસ ક્વૉલિટીને કારણે માંગમાં ઘટાડો થયો છે. સ્માર્ટ સિટી દ્વારા જે અપેક્ષા રખાય છે તેની તુલનામાં આ બાબત પાયાની સ્માર્ટનેસ પ્રતિબિંબીત થાય તેવી જરૂરિયાત માંગી લે છે.

એકથી બીજા ક્ષેત્રને સ્પર્શતા મુદ્દાઓમાં ઊર્જા અને ટ્રાન્સપોર્ટેશનનો સમાવેશ થાય છે. સરકારે આ બાબતમાં નોંધપાત્ર જાગૃતિ દર્શાવી છે. રેલવેમાં ઈલેક્ટ્રિક ટ્રેક્શનને નોંધપાત્ર ફાળવણી દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યું છે. સમાન પ્રકારે સરકારે જાહેરાત કરી છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં માર્ગો ઉપર ચાલતા તમામ વાહનોનું ઈલેક્ટ્રિક વાહનોમાં રૂપાંતર કરવામાં આવશે. માર્ગોની વાત કરીએ તો સરકારના આ નિર્ણય સાથે સમયની મુદત અને હાઈબ્રિડ વાહનોની તુલનામાં ઈલેક્ટ્રીક વાહનો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા બાબતે ઉદ્યોગો સંમત નથી.

**સમાપનમાં :**

શ્રી જેટલીએ તેમના બજેટ પ્રવચનની શરૂઆતમાં નિર્દેશ આપ્યો હતો કે જીડીપીની વૃદ્ધિ વધે તે માટે સરકારે રૂ.૫૦ ટ્રિલિયનથી વધુ મૂડી રોકાણ કરવાની જરૂરિયાત ઉભી થશે. રાષ્ટ્રને માર્ગો, ઍરપોર્ટ્સ, રેલવેઝ, પોર્ટ્સ અને આંતરિત જળમાર્ગો સાથે સુસંકલિત કરીને સારી ગુણવત્તા ધરાવતી સર્વિસીસ પૂરી પાડવાની રહેશે. તેમણે જાહેરાત કરી હતી કે સરકાર આવી કામગીરી માટે કટિબદ્ધ છે અને જરૂરી મૂડી રોકાણ થાય તે બાબતની ખાત્રી રાખશે.

પડકાર એ એટલો બધો ભંડોળની ફાળવણીનો નથી, પણ યોગ્ય રીતે વ્યૂહરચના ઘડવામાં આવે અને સમયસર અમલીકરણ થાય તે બાબત મહત્ત્વની છે.


**લેખક આઈઆઈએમ બેંગ્લોરના ડિરેક્ટર છે. તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સ અને લોજીસ્ટીક્સ તથા સપ્લાય ચેઈન મેનેજમેન્ટમાં નિપુણતા ધરાવે છે. તે જર્નલ્સમાં ૩૫ થી વધુ રિફર્ડ પેપર્સ પ્રસિધ્ધ કરી ચૂક્યા છે અને ૧૩૫ થી વધુ કેસ સ્ટડીઝ લખ્યા છે. તેમણે ૬ પુસ્તકોનું સહ-લેખન કર્યું છે. તે ભારત સરકારના વિવિધ મંત્રાલયોની સરકારી નીતિ ઘડતર અને સલાહકાર સમિતિઓનો હિસ્સો બની રહ્યા છે.**

**E-mail: graghu@iimb.ac.in**



**FORM IV**

Statement about Ownership and other particulars about **Yojana (Gujarati) (To be published in the first issue every year after the last day of February)**

| | | | |
|---|---|---|---|
| 1. | Place of Publication | : | Ahmedabad |
| 2. | Periodicity of Publication | : | Monthly |
| 3. | Printer's Name | : | Dr. Sadhana Rout |
| | Nationality | : | Indian |
| | Address | : | Publications Division, Soochna Bhavan, New Delhi-110 003. |
| 4. | Publisher's Name | : | Dr. Sadhana Rout |
| | Nationality | : | Indian |
| | Address | : | Publications Division, Soochna Bhavan, New Delhi-110 003. |
| 5. | Chief Editor's Name | : | Deepika Kachhal |
| | Nationality | : | Indian |
| | Address | : | Publications Division, Yojana Karyalaya, Ambika Complex Paldi, Ahmedabad - 3800076. |
| 6. | Name & Address of Individual who own the newspaper and Partner or shareholder holding more than one Percent of the total capital. | : | Wholly owned by Ministry of Information & Broadcasting, Government of India, New Delhi-110 001. |

**I, Sadhana Rout**, hereby declare that the particular given above are true to the best of my Knowledge and belief.



(Dr.Sadhana Rout)

Dated: 13.2.2018

Signature of Publisher

# બજેટ અને ખાદ્ય સુરક્ષા

**એમ.એસ. સ્વામીનાથન**



*આગામી વર્ષ કઠોળનું આંતરરાષ્ટ્રીય વર્ષ છે અને કઠોળ પણ ક્લાઈમેટ સ્માર્ટ તેમજ પ્રોટીનથી ભરપૂર હોય છે. આવા પાકોના વાવેતર અને વપરાશ માટે યોગ્ય નીતિઓ ઘડીને, સૌથી વધુ સંખ્યામાં કુપોષિત બાળકો અને મહિલાઓ ધરાવતા દેશોમાં થતી આપણી ગણતરીની છબી આપણે દૂર કરી શકીએ છીએ.*

ભારત કદાચ એકમાત્ર એવો દેશ છે જેણે સંસદમાં કાયદો લાવીને દેશનાં દરેક ઘરમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરી છે. અહીં ભૂખમરાની સ્થિતિ ટાળવા માટે સામાજિક સહકારની તાતી જરૂરિયાત છે. જોકે, છતાંય હજુ પણ ઘણા વ્યાપક પ્રમાણમાં ભૂખમરો અને કુપોષણની સમસ્યા ફેલાયેલી છે. આના પરિણામ સ્વરૂપે જ આપણા દેશમાં બાળકો, મહિલાઓ અને પુરુષો તેમના શારીરિક અને માનસિક વિકાસની જન્મજાત સંભાવનાઓ સંપૂર્ણપણે દર્શાવી શકતાં નહોતાં. બજેટ અને તેનાથી આગળના કેટલાક સુધારાઓના આધારે, મેં એવાં કેટલાંક ક્ષેત્રો સૂચવ્યાં જ્યાં, આર્થિક અને વિજ્ઞાનિક બંને પ્રકારે વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે.

### કિંમતમાં ચડાવઉતાર

આપણા ખેડૂતોને તેમણે મેળવેલા પાક પર કિંમતોમાં ખૂબ જ ચડાવઉતારનો સામનો કરવો પડે છે, જેના કારણે તેમની આવક અને સ્થિરતા એકધારી રહેતી નથી. ખાસ કરીને, બટાકા, ટામેટાં અને ડુંગળી જેવાં શાકભાજીમાં આ સ્થિતિ વધુ જોવા મળે છે. ભાવમાં થતો ચડાવઉતાર સંખ્યાબંધ સમસ્યાઓનું મૂળ છે, તેમ કહી શકાય. આપણે ગ્રાહકોને શાંત પાડવા માટે કેટલાક હંગામી પગલાં લેવાના બદલે તેનો કાયમી ઉકેલ લાવવો જોઈએ. તેના માટે એક વ્યવહારુ પદ્ધતિના રૂપમાં પેરી-અર્બન(શહેરની આસપાસની જગ્યાઓ) બાગાયતના પ્રોત્સાહનને જોવામાં આવે છે. શહેરો અને તેની આસાપાસના વિસ્તારોમાં નોંધપાત્ર પ્રમાણમાં જમીન ઉપલબ્ધ હોય તેને પેરી-અર્બન બાગાયતના કામગીરીના પ્રોત્સાહન માટે ઉપયોગમાં લઈ શકાય. તેમાં છત પર ટામેટાં, ડુંગળી, મરચાં અને અન્ય જરૂરી ખાદ્ય છોડના ઉછેરનો પણ સમાવેશ થાય છે. તેનાથી બેવડો લાભ થઈ શકે છે – એકતરફ ભાવમાં સ્થિરતા આવશે અને બીજી તરફ ટકાઉક્ષમ પોષણ સ્થિરતા પણ મેળવી શકાશે.

### દરિયાકાંઠાના વિસ્તારોની સમૃદ્ધિ માટે દરિયાના પાણીથી ખેતી

ભારત અંદાજે ૮૦૦૦ કિલોમીટર લાંબો દરિયાકાંઠો ધરાવે છે અને કેરળના કુટ્ટાનાડ પ્રાંતમાં થાય છે તેવી રીતે આખા દેશમાં દરિયાના પાણીની ખેતી કરવાની આપણી પાસે શ્રેષ્ઠ તક છે. દરિયાઈ પાણીની એગ્રોફૉરેસ્ટ્રી સિસ્ટમમાં પાક અને મત્સ્ય ઉદ્યોગ બંનેનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે, કુલ પાણીના ૯૭ ટકા હિસ્સો દરિયાઈ પાણી છે અને ભારત વિવિધ પ્રકારના પાકમાં કેવી રીતે દરિયાઈ પાણીનો ઉપયોગ કરવો તે બતાવીને દુનિયામાં મોખરાના સ્થાને આવી છે. આનાથી દરિયા કાંઠાના વિસ્તારોમાં ખેતીવાડીની આવકમાં વધારો થશે અને તેનાથી સુનામી જેવી કુદરતી આપત્તિઓનો સામનો કરવા

માટે બહેતર તૈયારી પણ કરી શકાશે. દરિયાઈ પાણીથી ખેતી અને દરિયાના સ્તરથી નીચેના વિસ્તારોમાં ખેતીની ટૅક્નોલૉજી એમ.એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનમાં ઉપલબ્ધ છે. આ ફાઉન્ડેશન દ્વારા આ ક્ષેત્રમાં તાલીમ અને વધુ ક્ષમતા ઊભી કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં મેન્ગ્રોવ અને ખારાશ દૂર કરતી અન્ય પ્રજાતિઓનું સંવર્ધન પણ કરવામાં આવશે. આ હેતુથી હેલોપાઈથ્સના જનીનિક ગાર્ડનની પણ સ્થાપના કરવામાં આવી છે.

**મિલેટનું રાષ્ટ્રીય વર્ષ**

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮ને નૅશનલ યર ઑફ મિલેટ (મિલેટનું રાષ્ટ્રીય વર્ષ) જાહેર કરવામાં આવ્યું છે. તમિલનાડુ સમાઈ, થીનાઈ, કેઝવારાગુ, પાનીવારાગુ, કાંબુ અને કેટલાક જીણા દાણાના મિલેટના વાવેતરમાં સૌથી આગળ પડતા સ્થાને છે. કોલ્લી હિલ્સમાં આવા મિલેટ્સનું વિપુલ પ્રમાણમાં બિયારણ જોવા મળે છે. આથી મિલેટ્સના સંવર્ધન માટે મિલેટ બાયોવેલી (મિલેટ જૈવખાણ) તૈયાર કરવા માટે તે મદદરૂપ થઈ શકે છે. નાસ્તામાં લેવાતાં સીરીયલ્સ (ખાદ્યાન્નો) જેવી પ્રોસેસ કરેલા વિવિધ પ્રકારના મિલેટ્સના ઉત્પાદનના આધારે વિવિધ નાના ખાદ્ય ઉદ્યોગો દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

**પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ**

કિસાન ક્રેડિટ કાર્ડ માત્ર પાકનું વાવેતર કરતા લોકોને જ નહીં પરંતુ પોલ્ટ્રી અને દરિયાઈ તેમજ ભૂપ્રદેશમાં મત્સ્ય ઉદ્યોગ કરતા લોકોને પ્રોત્સાહિત કરવા માટે તેમને પણ આપવા જોઈએ. બકરા, ઘેંટા અને પોલ્ટ્રી ઉત્પાદનો જેવાં પશુપાલનનાં કાર્યો દ્વારા પણ ખેડૂતોને નોંધપાત્ર પ્રમાણમાં વધારાની આવક ઊભી થઈ શકે છે. તે મત્સ્ય ઉદ્યોગમાં જોડાયેલા પરિવારોને પણ ખાસ કરીને માછલીઓના સંવનનને પ્રોત્સાહન આપવા માટે માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવે તેવા સમયમાં તેમને વધારાની આવક મળી રહે તેમાં મદદરૂપ થવાના આશયથી મદદ કરી શકે છે.

**ડાંગર જૈવપાર્ક- ડાંગરનો જૈવપાર્ક**

આનાથી ખેડૂતોને બતાવી શકાય છે કે તેઓ કેવી રીતે બાયોમાસનો ઉપયોગ કરીને તેમની આવકમાં વધારો કરી શકે છે. આમ, ડાંગરની સળીઓ, ફોતરાં, ભૂસાં અને ધાન્યમાંથી મૂલ્ય વર્ધિત પ્રોડક્ટ્સ તૈયાર થશે. આવા જ બાયોપાર્ક્સનું આયોજન વિવિધ કઠોળ માટે પણ થઈ શકે છે. આનાથી ખેડૂતોને વધારાની કમાણી કરવામાં મદદ થશે અને બાયોમાસના દરેક હિસ્સામાં રોજગારની તકો ઉભી થશે.

**આબોહવાને અનુકૂલન**

દરેક બ્લોક સ્તરે કમસેકમ એક આબોહવા જોખમ વ્યવસ્થાપન આર ઍન્ડ ડી કેન્દ્રો ઊભાં કરવાં ખૂબ જ આવશ્યક છે. આવાં કેન્દ્રોને દરેક પંચાયતમાં તાલીમબદ્ધ આબોહવા જોખમ વ્યવસ્થાપકો, એક મહિલા અને એક પુરુષ દ્વારા સમર્થન અને સહાય મળવા જોઈએ. આબોહવા પરિવર્તન મોટી તબાહીનું કારણ બની શકે છે અને તેના ઉકેલ રૂપે તેને અટકાવવા અને તેની સાથે અનુકૂલન સાધવા એમ બંને પ્રકારે તાકીદે પગલાં લેવાની જરૂર છે. એમ.એસ.એસ.આર.એફમાં આના માટે તાલીમ મૅન્યુઅલ્સ ઉપબલ્ધ છે અને ટ્રેઈનર્સ તાલીમ કાર્ય ક્રમોમાં તેનો ઉપયોગ કરી શકે છે.

**કૃષિ શાળાઓની સ્થાપના**

ઉત્કૃષ્ટ ખેડૂતોનાં ખેતરોમાં કૃષિ શાળાઓની સ્થાપના દ્વારા એક ખેડૂત દ્વારા બીજા ખેડૂતને શિક્ષણ જમીનથી જમીનના આવા કાર્યક્રમો દ્વારા ખેતીવાડીમાં કૌશલ્યપૂર્ણ કામગીરીઓ ખૂબ જ ઝડપથી ફેલાવી શકાય છે.

**પેરી-અર્બન બાગાયત ક્રાંતિ**

ભારતમાં અત્યારે શહેરીકરણ વધી રહ્યું છે અને શહેરી વિસ્તારોમાં માંગ અને પૂરવઠા વચ્ચે વધતા અંતરના કારણે ખાદ્ય ફુગાવાની સમસ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં વધી રહી છે. શહેરી વિસ્તારોમાં શાકભાજી અને ફળોના ભાવોમાં સ્થિરતા લાવવા માટે પેરી-અર્બન બાગાયતને જરૂરી ટેકનિકલ અને માર્કેટિંગ સહાય પૂરી પાડીને પ્રોત્સાહન આપવાની રીત ઘણી કારગત નીવડી શકે તેમ છે. ઇઝરાયલની જેમ સહકારી(કો-ઑપરેટિવ) માર્કેટિંગ દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનને સમર્થન આપી શકાય. શહેરી અને પેરી-અર્બન 'બાગાયત ક્રાંતિ' દ્વારા ગ્રાહકોને ભાવોમાં વધુ સ્થિરતા આપવાનો માર્ગ મોકળો થઈ શકે છે. સાથે સાથે, આપણે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે ખાદ્યાન્નની ગુણવત્તા ઘણી સારી જળવાઈ રહે અને જંતુનાશકો તેમજ અન્ય અસલામત રસાયણોથી મુક્ત હોય. આમ, આપણે ઉચ્ચ ગુણવત્તાસભર તેમજ સલામત ખાદ્યાન્નના પુરવઠામાં સ્થિરતા લાવી શકીએ છીએ અને ભાવમાં સ્થિરતા લાવવા માટે પણ પૂરતું યોગદાન આપી શકીએ છીએ. શહેરી વસ્તીમાં ખાસ કરીને ફળો અને શાકભાજીમાં વિશેષ ખાદ્યચીજોની માંગ હોય છે. આથી, પેરી-અર્બન ખેતીવાડી કાર્યક્રમ સમયની માંગ પ્રમાણે યોગ્ય પુરવાર થઈ શકે છે.

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો ૨૦૧૩ જાહેર વિતરણ પ્રણાલીમાં મિલેટ્સ અને અન્ય ખાદ્યાન્નો સમાવવાની જોગવાઈ પૂરી પાડે છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા મીડિયા અહેવાલ સૂચવે છે કે, કર્ણાટક અને અન્ય કેટલાંક રાજ્યોમાં રાગી તેમજ મિલેટ્સના વાવેતરનો વિસ્તાર નોંધપાત્ર પ્રમાણમાં વધવાની શક્યતા છે. લાભદાયી કિંમતો અને અસરકારક ઉપલબ્ધિ આ પાકોમાં ખેડૂતોને રુચિ જગાડવા માટે ચાવીરૂપ પાસાંઓ છે. કર્ણાટક સરકારે

રૂપિયા ૨૦૦૦ના એક ક્વિન્ટલના ભાગે ૧ લાખ ટન રાગની ખરીદી કરી છે.

જો ખરીદી અને વપરાશ વધે તો ખેડૂતો હજુ પણ વધારે વાવેતર કરી શકે છે. ૧૯૯૨ અને તે પછીનાં વર્ષોમાં, તમિલનાડુના કોલ્લી હિલ્સ તેમજ ઓડિશાના કોરાપુટમાં એમ. એસ. એસ. આર. એફ. વ્યાપારીકરણની તકો દ્વારા નાના મિલેટ્સની બહોળી રેન્જના વાવેતરને પ્રોત્સાહિત કરવા માટે સતત પ્રયાસરત છે. ખાદ્ય સુરક્ષા કાયદો ૨૦૧૩માં રાગી, જુવાર, બાજરો વગેરે મિલેટ્સને પીડીએસ અંતર્ગત ખાદ્ય બાસ્કેટમાં ઉમેરવાની જોગવાઈ છે. આ હવે એવા મિલેટ્સ તરીકે ઓળખાય છે જે પૌષ્ટિક હોવા ઉપરાંત આબોહવાની દૃષ્ટિએ પણ અનુકૂળ છે અને વરસાદના વિતરણ સંદર્ભે વધુ લવચિકતા ધરાવે છે. સૂકા ખેત પ્રદેશોમાં વધુ પૌષ્ટિક અને આબોહવાને અનુકૂલિત પાકોનું ખૂબ જ વિપુલ પ્રમાણમાં વાવેતર સુનિશ્ચિત કરવા માટે, આપણે તેના માટે યોગ્ય બજાર મળી રહે તે પણ સુનિશ્ચિત કરવું આવશ્યક છે. સદનસીબે, સંખ્યાબંધ ફૂડ પ્રોસેસિંગ કંપનીઓ રાગી, બાજરો, જુવાર અને અન્ય ઘણા બધા નાના મિલેટ્સના આધારે આગળ આવી રહી છે. આપણે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે ખાદ્ય સુરક્ષા કાયદો અને શાળા ભોજન કાર્યક્રમ બંને અંતર્ગત, પૌષ્ટિક મિલેટ્સ પૂરતા પ્રમાણમાં લેવામાં આવે છે. ઉપરાંત, સરકારે પણ આવા પાકોને "બરછટ અનાજ" તરીકે સૂચવવાની આદત બદલવી જોઈએ. તેને "ક્લાઈમેટ સ્માર્ટ ન્યૂટ્રી-મિલેટ્સ" (આબોહવાને અનુકૂળ પૌષ્ટિક મિલેટ્સ) તરીકે સૂચવવા જોઈએ. ઉપરાંત આપણે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ પણ એવો પ્રસ્તાવ મૂકવો જોઈએ કે, આ દાયકામાં એક વર્ષને અન્ડર યુટીલાઇઝ્ડ અને બાયોફોર્ટિફાઇડ પાકના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કરવામાં આવે. આગામી વર્ષ કઠોળનું આંતરરાષ્ટ્રીય વર્ષ છે અને કઠોળ પણ ક્લાઈમેટ સ્માર્ટ તેમજ પ્રોટીનથી ભરપૂર હોય છે. આવા પાકોના વાવેતર અને વપરાશ માટે યોગ્ય નીતિઓ ઘડીને, સૌથી વધુ સંખ્યામાં કુપોષિત બાળકો અને મહિલાઓ ધરાવતા દેશોમાં થતી આપણી ગણતરીની છબી આપણે દૂર કરી શકીએ છીએ.

અન્ય એક તાકીદની જરૂરિયાત આવા "ઓર્ફન કોર્પ્સ" (જેના પર ધ્યાન નથી અપાયું તેવા પાક)ના સંશોધન પાછળ મોટાપાયે રોકાણની છે, જેથી ઊપજની સંભાવનામાં નોંધપાત્ર વધારો કરી શકાય. વધુ ઊપજ અને સુનિશ્ચિત માર્કેટિંગ બંનેની મદદથી આવા પાકોનું નાના ખેડૂતોમાં આકર્ષણ વધી શકે છે.

આમાં સૌથી ચિંતાની વાત પાકને લણી લીધા પછી તેના વ્યવસ્થાપનની છે. વર્તમાન સમયમાં ઉત્પાદન અને પોસ્ટ-હાર્વેસ્ટ (લણણી પછી)ની ટેક્નોલૉજી વચ્ચે સુમેળનો અભાવ છે. તેના કારણે ઉત્પાદકોને અને ગ્રાહકો બંનેને નુકસાન થાય છે. આ સંદર્ભે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોની તાકીદે જરૂરિયાત ઊભી થઈ છે. સદનસીબે, વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ખાદ્ય સુરક્ષા અને ફૂડ પ્રોસેસિંગ માટે નોંધપાત્ર સહાય પૂરી પાડવામાં આવી છે. મૂલ્ય વર્ધિત પ્રોડક્ટ્સ તૈયાર કરવી પડશે જેથી પોસ્ટ-હાર્વેસ્ટ ટૅક્નોલૉજીમાં વધુ રોકાણને પ્રોત્સાહન મળી શકે. કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઇન્સની પણ જરૂરિયાત છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ઊભી થયેલી બટાકાની અછત પંજાબ અને હરિયાણા બંને પ્રદેશોમાં કોલ્ડ સ્ટોરેજના કારણે ટાળી શકાઈ છે. મને આશા છે કે, ટૅક્નોલૉજી અને જાહેરનીતિ બંને ઉપરાંત ટૂંકાગાળા માટે ટકી શકતી કોમોડિટીના વાવેતરમાં ખેડૂતોની વધુ રુચિ દ્વારા સુમેળના અભાવને દૂર કરી શકાશે.

નૅશનલ જ્યૉગ્રાફિક મૅગેઝિન (ફેબ્રુઆરી ૨૦૧૮)ના તાજેતરના અંકમાં "હુ વીલ ફીડ ચાઈના" (ચીનનું પેટ કોણ ભરશે) આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. જો લણણી પછી (પોસ્ટ-હાર્વેસ્ટ)નો પ્રશ્ન હજુ પણ ઊભો રહેશે તો, આપણે પણ એવો પ્રશ્ન ઉઠાવવો પડશે કે "હું વીલ ફીડ ઇન્ડિયા" (ભારતનું પેટ કોણ ભરશે !) કારણ કે આપણે ઓછામાં ઓછી જમીનમાં વધુમાં વધુ લોકો સુધી ખાદ્યાન્ન પહોંચાડવાનું છે. વર્તમાન બજેટમાં આ સૂમેળના અભાવની સ્થિતિને દૂર કરવાની પ્રક્રિયાનો આરંભ કરી દેવાયો છે.


લેખક એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનના સ્થાપક ચેરમેન છે. તેમને "the Father of Economic Ecology" તરીકે ઓળખવામાં આવે છે. તે યુએન સાયન્સ એડવાઈઝરી કમિટી, FAO કાઉન્સિલના સ્વતંત્ર ચેરમેન, નેશનલ કમિશન ઓન ફાર્મર્સના ચેરમેન તથા ઈન્ટરનેશનલ રાઈસ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ધ ફિલિપાઈન્સના ડિરેક્ટર જનરલ જેવી ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કમિટીઓમાં સ્થાન પામ્યા છે. તેમને કોમ્યનિટી લીડરશીપ માટે રેમન મેગ્સેસે એવોર્ડ, ૧૯૮૭માં પ્રથમ વર્લ્ડ ફૂડ પ્રાઈઝ, યુનેસ્કોનું મહાત્મા ગાંધી પ્રાઈઝ જેવા ઘણાં એવોર્ડ એનાયત થયેલા છે. તેમને પદ્મશ્રી (૧૯૬૭), પદ્મ ભૂષણ (૧૯૭૨) અને પદ્મ વિભૂષણ (૧૯૮૯) એવોર્ડ એનાયત કરાયા હતા. પ્રોફેસર સ્વામીનાથન રોયલ સોસાયટી ઓફ લંડન અને યુએસ નેશનલ એકેડેમી ઓફ સાયન્સીસ જેવી ભારતની અને દુનિયાની ઘણી અગ્રણી સાયન્ટીફીક એકેડેમીઝના ફેલો છે.

**E-mail: swami@mssrf.res.in**

# આરોગ્ય સેવાઓ માટેનું બ્યૂગલ ફૂંકાયું

કે. શ્રીનાથ રેડ્ડી



*હેલ્થ અને વેલનેસ કેન્દ્રોને સક્રિય બનાવવાની કામગીરી આવકારદાયક છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓને મજબૂત કરવાના પ્રયાસો પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો સુધી પણ વિસ્તારવા જોઈએ.*

*શહેરો તરફ લોકોના વધતા જતા સ્થળાંતર અને શહેરી ઝૂંપડપટ્ટીઓની તથા ઓછી આવકવાળા સમુદાયની વૃદ્ધિને કારણે નગરો અને શહેરોમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ તાકીદે જરૂરી બને છે. HWCs ની જરૂરિયાત શહેરી વસતિ માટે પણ આવશ્યક બની રહે છે.*

છેલ્લા દાયકામાં બજેટ પૂર્વેનીની અપેક્ષાઓ તથા બજેટ રજૂ થયા પછીના પ્રત્યાઘાતો અંગે મીડિયા રિપોર્ટ્સમાં કેન્દ્ર સરકારના અંદાજપત્ર અંગે એક સરખા પ્રત્યાઘાતો એક પછી એક દર વર્ષે જોવા મળતા હતા. શરૂઆતમાં એવી આશાઓ વ્યક્ત કરવામાં આવતી હતી કે આરોગ્ય માટેની ફાળવણીમાં નોંધપાત્ર વધારો થશે. એ પછી જે પ્રત્યાઘાતો આવતા હતા તેમાં અફસોસ અને વાંધાઓ વ્યક્ત થતા હતા કે બજેટ આવું કરવામાં નિષ્ફળ ગયું છે. ગઈ વખતે અંદાજપત્રમાં જ્યારે નૅશનલ રૂરલ હેલ્થ મિશન (NRHM) અંગેની જાહેરાત કરવામાં આવી ત્યારે આરોગ્ય ક્ષેત્રએ થોડોક આનંદ વ્યક્ત કર્યો હતો. તે પછી તુરંત શ્રમ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (RSBY) ની જાહેરાત કરવામાં આવી. જો આવું ન થયું હોત તો બજેટની રજૂઆતમાં આરોગ્ય હાંસિયામાં રહી ગયું હોત. વર્ષ ૨૦૧૮નું બજેટ નોખુ પુરવાર થયું છે, કારણ કે જે મહત્ત્વના પૅકેજ જાહેર કરાયાં તેને કારણે આરોગ્ય ક્ષેત્રના પ્રોફેશનલ્સ, મીડિયા અને લોકોમાં રોમાંચનો પવન ફૂંકાયો છે. એવી પણ ચર્ચા ઉભી થઈ કે આ મહત્ત્વાકાંક્ષી દરખાસ્તોને કારણે આરોગ્યની સંભાળને એકંદરે લાભ થશે કે કેમ અને થશે તો કેવી રીતે થશે.

આમાંની બે પહેલને આયુષ્યમાન ભારત પ્રોગ્રામ હેઠળ મૂકવામાં આવી છે. એક યોજના ઘનિષ્ઠ પ્રાથમિક આરોગ્ય સંભાળ (CPHC) ની જાહેરાતમાં ૧.૫૦,૦૦૦ હેલ્થ સબ-સેન્ટરને હેલ્થ અને વેલનેસ સેન્ટર (HWCs) માં રૂપાંતર કરવાની વાત કરાઈ છે. બીજી જોડાયેલી યોજનામાં નૅશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ (NHPS) કે જેમાં ૧૦ કરોડ ગરીબ અને દયનીય સ્થિતિમાં જીવતા પરિવારોને વાર્ષિક રૂ.૫ લાખના વીમા કવરેજથી આવરી લઈ દ્વિતીય અને ટર્શિયરી સંભાળ માટે હૉસ્પિટલાઇઝેશનનો ખર્ચ પૂરો પાડવાની જોગવાઈ કરવામાં આવી છે.

CPHC ની રચના NRHM દ્વારા સ્થપાયેલા પ્લૅટફૉર્મ પર કરાઈ છે અને એનો ઉદ્દેશ પ્રાથમિક આરોગ્યની સર્વિસ ડિલિવરી મજબૂત બનાવવાનો છે, વર્ષ ૨૦૧૭ની નૅશનલ હેલ્થ પોલિસી (NHP)માં નૅશનલ હેલ્થ મિશન (NHM) ને ઘનિષ્ટ રીતે પ્રાથમિક સંભાળનું સતત વાહક બનાવવાનો ઉલ્લેખ કરાયો છે. આવું કરવા માટે અત્યાર સુધી આવરી નહીં લેવાયેલા વિસ્તારોમાં સર્વિસીસનું વિસ્તરણ કરવાનું રહે અને બિનચેપી રોગો અને માનસિક આરોગ્યની સમસ્યાઓ પણ હલ કરવાની રહે. NHM ને એક એકીકૃત પ્લૅટફૉર્મ બનાવી માતા અને બાળકના આરોગ્ય, ચેપી અને બિન ચેપી રોગો ઉપરાંત આરોગ્ય અંગેના પ્રચારના પ્રયાસો પણ સમાજમાં હાથ ધરવામાં આવે તેવું સંયોજીત પ્લૅટફૉર્મ બનાવવાની જરૂર બની

રહેશે.

હઠીલા રોગો ખૂબ લાંબા ગાળાની સંભાળ અને સતત કાળજી માંગી લે છે અને આવી કામગીરી પ્રાથમિક સંભાળના સ્તરે કાર્યક્ષમ ફૉલોઅપ દ્વારા થઈ શકે તે પણ એક ભરોસાપાત્ર રેફરલ અને રિટર્ન લીકેજ સાથે દ્વિતીય અને ટર્શિયરી લેવલે આધુનિક સંભાળ માંગી લે છે. પ્રાથમિક કાળજીમાં સતત સંભાળના ઘટકો હોવા છતાં બાળકના જન્મ પહેલાં ફૉલોઅપ મુલાકાતો તથા ટી.બી. અને એચઆઈવી એઇડ્ઝ અંગે ચકાસણી માંગી લે છે. આ પ્રકારની સર્વિસીસમાં ઘનિષ્ટ સંભાળ જરૂરી બને છે. હાઈપર ટૅન્શન જેવી કપરી સ્થિતિમાં લાંબા ગાળાની સંભાળ એક વધતી જરૂરિયાત બની રહી છે. માનસિક આરોગ્યની સમસ્યાઓ અને પ્રાથમિક સંભાળ એ રીતે લેવાવી જોઈએ કે સંભાળમાં સાતત્ય જળવાય. સમુદાયના સ્તરે આરોગ્યની બાબતોને પ્રોત્સાહિત કરવા માટે આરોગ્ય અંગે શિક્ષણ તથા સાથે સાથે આરોગ્યની સર્વિસ પૂરી પાડતી વખતે વ્યક્તિગત માર્ગદર્શન એક મહત્ત્વની પ્રવૃત્તિ બની રહે છે, પરંતુ પ્રાથમિક સંભાળમાં અત્યાર સુધીમાં તેની મહદ અંશે અવગણના કરવામાં આવી હતી. જે રીતે સમુદાય પાસે તંદુરસ્ત આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ માટે આગ્રહ રાખવામાં આવે છે, તેવી જ રીતે તમાકુનું બંધાણ છોડાવવા માટેની સહાય પણ પ્રાથમિક આરોગ્ય સેવાની સાથે સાથે લઘુતમ રીત થવી જોઈએ.

સબ-સેન્ટર્સનું હેલ્થ અને વેલનેસ કેન્દ્રોમાં રૂપાંતર થતાં ઘનિષ્ઠ પ્રાથમિક સંભાળમાં સાતત્ય આવશે. તેનાથી પાયાની આરોગ્ય સેવાઓ ગ્રામ્ય વિસ્તારોમાં લોકોના ઘરની નજીક સુધી પહોંચશે. સુવિધા આધારિત સંભાળ ઉપરાંત સમુદાય સુધી પહોંચવાથી આરોગ્ય અંગેનો પ્રચાર અને રોગ અટકાવવાની પ્રવૃત્તિ મજબૂત બનશે. ડૉક્ટરો સિવાયના નર્સ, પેક્ટિસનર્સ જેવા લોકોનો યોજનામાં સમાવેશ કરીને પ્રવૃત્તિ મજબૂત બનાવી શકાશે. આ ઉપરાંત વર્તમાન સ્ટાફ દ્વારા આવશ્યક ઔષધો અને પાયાનું નિદાન વિના મૂલ્યે કરવામાં આવશે. વિવિધ વર્ટિકલ રોગોના નિયંત્રણ માટેના કાર્યક્રમોને પણ સ્થાન મળશે, કારણ કે આ સ્થળ એક ડિલિવરી પૉઈન્ટ બની રહેશે. માહિતી ટેક્નોલૉજીનો યોગ્ય ઉપયોગ કરીને હેલ્થ અને વેલનેસ કેન્દ્રો દ્વારા આરોગ્યના વિવિધ નિર્દેશકો મૉનિટરિંગ અંગેના છૂટાછવાયા ડેટાને બદલે વાસ્તવિક ડેટા પ્રાપ્ત કરી શકાશે. ટેલિ-મેડિસનનો વિવેકપૂર્ણ ઉપયોગ થશે અને મોબાઈલ ફોન ટેક્નોલૉજીસને કારણે દૂરના સ્થળોએથી ડૉક્ટરોનો સંપર્ક કરીને હેલ્થ અને વેલનેસ કેન્દ્રો ખાતે આરોગ્ય અંગેની સંભાળ લેવાની કામગીરી સુધરશે.

હેલ્થ અને વેલનેસ કેન્દ્રોને સક્રિય બનાવવાની કામગીરી આવકારદાયક છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓને મજબૂત કરવાના પ્રયાસો પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો સુધી પણ વિસ્તારવા જોઈએ. નૅશનલ હેલ્થ મિશન માટે જે અંદાજપત્રીય ફાળવણી કરવામાં આવી છે તેમાં આવી નિષ્ઠા પ્રતિબિંબિત થતી નથી. અગાઉના વર્ષના સુધારેલા અંદાજો કરતાં તે ૨.૧ ટકા જેટલી ઓછી રખાઈ છે. વધુ એક નિરાશાજનક બાબત એ છે કે NHM ના શહેરી આરોગ્ય મિશનના ઘટકની પણ બજેટમાં ખરેખર અવગણના કરાઈ છે. શહેરી પ્રાથમિક આરોગ્યને ડિઝાઇન અને ડિલિવરી બાબતે ઘણાં લાંબા સમયથી અવગણવામાં આવી રહ્યું છે. શહેરો તરફ લોકોના વધતા જતા સ્થળાંતર અને શહેરી ઝૂંપડપટ્ટીઓની તથા ઓછી આવકવાળા સમુદાયની વૃદ્ધિને કારણે નગરો અને શહેરોમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ તાકીદે જરૂરી બને છે. HWCs ની જરૂરિયાત શહેરી વસતિ માટે પણ આવશ્યક બની રહે છે. જેમ જેમ પ્રયાસોનો વ્યાપ વિસ્તરતો જશે તેમ તેમ HWCs માટે ફાળવાયેલી રૂ.૧૨૦૦ કરોડની રકમ પણ વધારવી પડશે.

હેલ્થ અને વેલનેસ કેન્દ્રોને સંપૂર્ણપણે કાર્યરત કરવા માટે માનવ સંસાધનોની તંગી મુખ્ય પડકાર બની રહે છે. જાહેર આરોગ્ય કેન્દ્રોને ડૉક્ટરોની અછતને કારણે મુશ્કેલીઓ પડી રહી છે ત્યારે હેલ્થ અને વેલનેસ કેન્દ્રોને નૉન-ફિઝિશિયન્સ હેલ્થ કેર પ્રોવાઇડર સ્ટાફ પૂરો પાડવામાં આવશે. આમ છતાં, નર્સ પેક્ટિસનર્સ અને કૉમ્યુનિટી હેલ્થ આસિસ્ટન્ટ જેવા મિડ-લેવલ હેલ્થ કૅર પ્રોવાઇડર્સ કે જેમણે ત્રણ વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ પૂરો કર્યો હોય તો તે લોકો પ્રાથમિક આરોગ્યની સંભાળની જરૂરિયાતો પૂરી પાડવા માટે કામમાં આવે છે. AYUSH ગ્રૅજ્યુએટ્સ (દવાઓની પરંપરાગત પધ્ધતિમાં તાલીમ પામેલા) તેમજ એલોપેથિક દવાનો બ્રીજ કોર્સ કર્યો હોય તેવા લોકોને કામે લગાડવાની દરખાસ્ત વિવાદાસ્પદ બની રહેશે. AYUSH પેક્ટિસનર્સને HWCs ખાતે પરંપરાગત સારવારની પદ્ધતિ તથા આરોગ્યની સંભાળ બાબતે તાલિમ પામેલા લોકોની નિપુણતાનો ઉપયોગ કરી શકાય. ઑક્ઝિલિયરી નર્સ મિડવાઇફ, એક પુરુષ મલ્ટિપર્પઝ વર્કરની પણ જરૂરિયાત પડે. એક લૅબોરેટરી ટેકનિશિયન કમ ડ્રગ ડિસ્પેન્સર (દવા આપનાર)ની પણ જરૂરિયાત રહેશે. હેલ્થ અને વેલનેસ કેન્દ્રોમાં માટે જે મહત્ત્વના પ્રયાસો થશે તેનાથી ઘણાં યુવાન લોકો માટે રોજગાર નિર્માણ થશે. ઘણી મહત્ત્વની બાબત એ છે કે સમુદાયની નજીક આરોગ્ય અને હેલ્થ કેર પોર્ટલ્સનું નિર્માણ થશે.

NHPS નું નિર્માણ RSBY દ્વારા મળેલા પાઠ અને અનુભવથી પ્રાપ્ત થશે. ગરીબોને જ્યારે વધુ પ્રમાણમાં RSBY મારફતે દ્વિતીય સ્તરની આરોગ્ય સંભાળ પ્રાપ્ત થશે ત્યારે પરિવાર દીઠ કવરેજ રૂ.૩૦,૦૦૦ જેટલું મર્યાદિત રહેશે. તે પરિવાર દીઠ રૂ.૧ થી ૩ લાખના વીમા માટે રાજ્ય દ્વારા ભંડોળ

મળતું હોય તેવી ઇન્સ્યોરન્સ યોજનાઓ સાથે સ્પર્ધા કરશે. વધુ મહત્ત્વની બાબત એ છે કે આવી યોજનાઓ આરોગ્ય માટે ખિસ્સામાંથી નાણાં કાઢીને જે ખર્ચ કરવો પડે છે, તે અથવા આફતના સમયમાં કરવા પડતા ખર્ચ તે સામે સુરક્ષા પૂરી પાડી શકતી નથી અને કથળેલા આરોગ્યને કારણે ગરીબીમાં ઊભી થાય છે. RSBY મારફતે સર્વિસ પૂરી પાડતા ખાનગી અને જાહેર ક્ષેત્રના લોકો અને ઇન્ફોર્મેશન ટેક્નોલૉજીનું મજબૂત પ્લૅટફૉર્મનો RSBY મારફતે લાભ મળ્યો છે. પ્રાથમિક સંભાળથી છૂટા પડી જવાને કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારની ઇન્સ્યોરન્સ યોજનાઓની વસતીના આરોગ્યના નિર્દેશકો ઉપરની અસર ઘટી છે.

NHPS ગરીબીમાં તથા દયનીય સ્થિતિમાં જીવતા ૧૦ કરોડ પરિવારોની હૉસ્પિટલમાં સારવાર થઈ શકે તે માટે તેમને રૂ. ૫,૦૦,૦૦૦નું વીમા કવચ પૂરું પાડશે. RSBYની તુલનામાં આ ઘણો મોટો વધારો છે. આને લીધે આફતના સમયમાં બીમારી પાછળ થતો ખર્ચ ઘટશે. પરંતુ ખિસ્સામાંથી કાઢીને ખર્ચાતાં નાણાં ને અસર થશે નહી કારણ કે વીમામાં આઉટ પેશન્ટ કેરનો સમાવેશ કરાયો નથી. હેલ્થ અને વેલનેસ કેન્દ્રોને અને અન્ય પ્રાથમિક સંભાળના પ્રયાસોને મજબૂત કરવાના રહેશે અને દ્વિતીય અને ટર્શિયરી સંભાળની જરૂરિયાત ઘટાડવી જરૂરી બનશે અને દ્વિતીય કક્ષાથી માંડીને નિષ્ણાતની સારવારથી માંડીને આરોગ્ય એડવાન્સ્ડ અસરકારક પ્રાથમિક સારવારના સંભાળની ગેટકીપર બની રહેશે. અસરકારક પ્રાથમિક સારવારની ગેરહાજરીને કારણે NHPS માટેની અનિયંત્રિત માંગ હેલ્થ બજેટને ખતમ કરી નાખશે અને એ કારણે પ્રાથમિક સારવાર માટે તથા જાહેર ક્ષેત્રની હૉસ્પિટલોને મજબૂત કરવા માટે ઉપલબ્ધ ભંડોળ પણ ઘટશે.

આ વર્ષે માત્ર રૂ. ૨,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કારણ કે આ યોજના ઑક્ટોબર ૨૦૧૮માં શરૂ થવાની છે. NHPS સંપૂર્ણપણે કાર્યરત બનશે ત્યારે ખર્ચ ઓછામાં ઓછો ૫ થી ૬ ઘણો વધશે. રાજ્ય સરકારો ખર્ચની ૪૦ ટકા રકમનું યોગદાન આપે તેવી અપેક્ષા છે અને તેમને રાજ્યના ભંડોળથી ચાલતી વીમા યોજનાઓ NHPS સાથે ભેળવી દેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સ્રોતો વિસ્તારવાં આવશે અને જોખમો ધરાવતી વસતીને આવરી લેવામાં આવશે. બંનેનાં જોડાણથી કવરેજ હેઠળની વ્યક્તિઓની એકથી બીજી સીમામાં જવાની પોર્ટેબીલિટિ (તબદીલીની ક્ષમતા) વધશે. આ માટે દેશભરમાં શાસન કરતા વિવિધ પક્ષો વચ્ચે સર્વસંમતિ સધાય તે આવશ્યક છે.

NHPS ચેનલમાં સમાવેશ પામેલી જાહેર અને ખાનગી હૉસ્પિટલો પાસેથી વિવેકપૂર્ણ રીતે સર્વિસીસની ખરીદી કરશે. આ પ્રક્રિયા વ્યૂહાત્મક બની રહેશે. આ માટે રોગ, ટેસ્ટ્સ અને સારવાર, પુરાવા આધારિત સ્ટાન્ડર્ડ ક્લિનિકલ મૅનેજમેન્ટ માર્ગરેખાઓ અપનાવવા બાબતે, ખર્ચ અને ગુણવત્તાના ધોરણો અને આરોગ્યલક્ષી પરિણામોની માપણી અંગે મોનિટરિંગ થઈ શકે તે માટે કાળજીપૂર્વક પસંદગી કરવાની રહેશે. છેતરપિંડી પકડવા માટેની તથા ફરિયાદ નિવારણની વ્યવસ્થા વિકસાવવાનું પણ જરૂરી બની રહેશે. NHPS ('વીમા સાક્ષરતા') હેઠળ જે લાભ ઑફર કરવામાં આવ્યા હોય તે અંગે જનજાગૃતિને પ્રોત્સાહિત કરીને નોંધણી વધે અને યોગ્ય ઉપયોગ થાય તે બાબતને પ્રોત્સાહન આપવાનું રહેશે. જો આ બધાં ધોરણો અમલમાં નહી આવે તો છૂપી માંગ (બિન જરૂરી ટેસ્ટ અને સારવાર) ને કારણે ખર્ચાઓ વધી જશે.

NHPS નો વહીવટ ટ્રસ્ટ અથવા તો વીમા કંપની દ્વારા કરવામાં આવશે. મધ્યસ્થ સંસ્થાની પસંદગી કરવાનું રાજ્ય સરકાર ઉપર છોડી દેવામાં આવશે. સરકાર દ્વારા જે ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવે તેની બહેતર જવાબદેહિતા રહેશે અને તેના ખર્ચાઓ પણ હોવા જોઈએ. વીમા કંપની અગાઉની નિપુણતાને આધારે વ્યૂહાત્મક ખરીદી અને ચૂકવણીઓ માટે કામ કરશે, પરંતુ જો તે વધુ ખર્ચાળ હોય અને ઉપયોગનો દર વધે તેમ પ્રીમિયમ ઊંચા જતા રહેશે. કોઈ પણ કિસ્સામાં સરકારે પ્રીમિયમ ચૂકવવાનું રહેશે. વ્યક્તિ દ્વારા ખરીદાયેલી વીમા યોજના કરતાં અહી સ્થિતિ અલગ હોવાના કારણે 'રિસ્ક પુલિંગ' (જોખમ) ટાળવાનું સામાન્ય બની રહેશે. જે કિસ્સાઓમાં મોટું જોખમ હોય તેમાં કોઈપણ વર્ષે પ્રીમિયમ નીચાં રાખીને તંદુરસ્ત રીતે ક્રોસ સબસિડી આપવાની રહેશે. NHPS મારફતે ગરીબો અને દયનીય સ્થિતિમાં જીવતા પરિવારો માટે એક લક્ષિત કાર્યક્રમ હાથ ધરવાનો રહેશે, જેને સરકારની કરની આવકોમાંથી નાણાં પૂરાં પાડવાનાં રહેશે. જે લોકો ગરીબ નથી તેમને માટે પણ તક રહેશે, પરંતુ તેમણે આ સ્કીમ NHPS દ્વારા નક્કી કરાયેલું પ્રીમિયમ ભરીને મેળવવાની રહેશે.

પાયાની સારવાર કરતા ડૉક્ટરો અને સ્પેશ્યાલિસ્ટસને ઓળખવાના રહેશે, કારણ કે જિલ્લા સ્તરે હૉસ્પિટલોને મજબૂત બનાવવાની રહેશે. અંદાજપત્રમાં અપગ્રેડ કરાયેલી જિલ્લા હૉસ્પિટલો સાથે જોડાયેલી ૨૪ નવી મેડિકલ કોલેજો શરૂ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. દર ત્રણ સંસદીય મત વિસ્તારો દીઠ એક મેડિકલ કૉલેજ સ્થાપવાની જોગવાઈ કરાઈ છે. આ માટે પણ જાહેર નાણાંમાંથી મોટું



ભંડોળ ખર્ચ કરવાનું રહેશે, કારણ કે ખાનગી ક્ષેત્રનાં રોકાણો થોડાંક રાજ્યો પૂરતાં જ મર્યાદિત રહેશે. આરોગ્યના બજેટમાં જે એકંદર વધારો કરવામાં આવ્યો છે તે અગાઉના વર્ષની ફાળવણીના સુધારેલા અંદાજોની તુલનામાં માત્ર ૨.૮ ટકા જેટલો છે. નવી મેડિકલ કૉલેજો સ્થાપવા માટેનું ભંડોળ ૧૨.૫ ટકા જેટલું ઘટાડવામાં આવ્યું છે. જો અંદાજપત્રોમાં એક પછી એક વર્ષે વધારો કરવામાં નહી આવે તો NHP નું વર્ષ ૨૦૨૫ સુધીમાં જીડીપીના ૨.૫ ટકા જેટલું ભંડોળ પૂરું પાડવાનું લક્ષ્યાંક હાંસલ થાય તેવી સંભાવના જણાતી નથી.

અંદાજપત્રમાં આરોગ્ય માટે નુકસાનકારક કેટલીક સામાજિક અને પર્યાવરણલક્ષી બાબતો માટે રૂ.૬૦૦ કરોડની ફાળવણી કરીને માસિક રૂ.૫૦૦નો ખર્ચ કરીને ટી.બી.ના દર્દીઓને પોષણમાં સુધારો કરવાની જાહેરાત કરાઈ છે. આ કારણે તેમની ટકી રહેવાની ક્ષમતા વધશે અને સારવારનાં પરિણામો સારાં આવશે. વધુ ટૉયલેટ્સનું બાંધકામ કરીને સ્વચ્છ ભારત મિશનના સફાઈના ઘટકનો વ્યાપ વિસ્તારાશે, જેથી ખુલ્લાંમાં હાજત કરવાથી આરોગ્યને થતું નુંકશાન ઘટાડી શકાય. ભારતમાં વાયુ પ્રદૂષણ એ ખરાબ તબિયતનું બીજા નંબરનું સૌથી મોટું કારણે છે. તાજેતરમાં મુકાયેલા અંદાજ મુજબ વાતાવરણમાં રહેલા અને ઈનડોર વાયુ પ્રદૂષણને કેટલાંક પ્રયાસો કરીને દૂર કરવામાં આવશે. દિલ્હીનાં પડોશી રાજ્યોને સ્થળ ઉપર જ કૃષિ કચરાનો નિકાલ કરવાને બદલે બાળવા સિવાયની પદ્ધતિથી નિકાલ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. ગરીબ મહિલાઓને રાંધણ ગૅસનાં જોડાણો આપીને ઉજ્જવલા યોજનાનું વિસ્તરણ કરવામાં આવશે, જેથી આ મહિલાઓ અને તેમનાં બાળકો ઘન બાયોમાસ બળતણથી થતા વાયુ પ્રદૂષણ એટલે કે રસોડાની આપત્તિમાંથી દૂર કરવામાં સહાય કરાશે. શ્વાસોચ્છ્વાસના રોગ, હૃદય રોગની સમસ્યા, કેન્સર, બાળપણમાં થતો અસ્થમા તથા શ્વાસનળીમાં લાગતા ચેપ અને ડાયાબિટીસ જેવા રોગને વાયુ પ્રદૂષણ નિયંત્રિત કરીને ઘટાડી શકાશે.


વર્ષ ૨૦૧૮નું કેન્દ્ર સરકારનું બજેટ જાહેર ચર્ચામાં આરોગ્યને કેન્દ્રમાં રાખે છે. આમ છતાં મહત્ત્વાકાંક્ષી પ્રયાસોની સફળતા તેને માટે સૂચવવામાં આવેલા ભંડોળમાં કેન્દ્ર અને રાજ્યના સ્તરે નોંધપાત્ર પ્રમાણમાં વધારો કરવાથી હાંસલ થઈ શકશે. આ માટે આરોગ્ય પ્રણાલીમાં વિવિધ પ્રકારની ક્ષમતા વધે તે માટે સામુહિક પ્રયાસો કરવાના રહેશે. NHP દ્વારા રાજ્યોને તેમના આરોગ્યનાં અંદાજપત્રોમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ૮ ટકાનો વધારો કરવાનું સૂચવવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે કેન્દ્ર સરકાર આરોગ્ય માટેના જાહેર ભંડોળનો પોતાનો હિસ્સો વિસ્તારવાનું વચન પાળે તો પણ, રાજ્યો આ બાબતને અનુસરશે. વિવિધ સ્તરે વિવિધ કૌશલ્ય ધરાવતું શ્રમદળ, આરોગ્યની સંભાળના તમામ સ્તરોમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી સર્વિસીસ પૂરી પાડવા માટે સક્ષમ હોય તે આવશ્યક છે. આ વ્યવસ્થાઓ ઉપરાંત સબળ નિયમનકારી અને મોનિટરિંગ પદ્ધતિઓ ગોઠવવાની રહેશે. આ બધી પ્રગતિ માટે સમયબદ્ધ રીતે સહિયારા પ્રયાસો હાથ ધરાશે તો ભારત યુનિવર્સલ હેલ્થ કવરેજમાં આગળ વધીને ચોક્કસ સફળતા મેળવશે. બ્યૂગલ ફૂંકી દેવાયું છે, પરંતુ કૂચ શરૂ થવાની હજુ બાકી છે !


**લેખક પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (PHFI) ના પ્રેસિડેન્ટ છે. તેમણે ૧૦ વર્ષ સુધી નેશનલ મેડિકલ જર્નલનું સંપાદન કર્યું છે અને તે ઘણી આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય જર્નલ્સના એડિટોરીયલ બોર્ડમાં છે. તેમણે ૪૦૦ થી વધુ વૈજ્ઞાનિક પ્રકાશનો આંતરરાષ્ટ્રીય અને ભારતિય સાથીદારો દ્વારા સમીક્ષા કરાયેલી જર્નલ્સમાં લખ્યા છે. તેમને WHO ડિરેક્ટર જનરલનો આઉટસ્ટેન્ડીંગ ગ્લોબલ લીડરશીપ ઈન ટોબેકો કન્ટ્રોલનો એવોર્ડ, પદ્મભૂષણ અને ક્વીન એલિઝાબેથ મેડલ હાંસલ થયેલ છે.**

**E-mail:**
**ksrinath.reddy@phfi.rog**

# ભારતનાં મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની કાયાપલટ – વિકાસલક્ષી સફર

અમિતાભ કાંત



*કેપીઆઈમાં પાંચ ક્ષેત્રોમાં આંતરિક ચીજવસ્તુઓ, બાહ્ય ચીજવસ્તુઓ અને ઉત્પાદનોનો સમન્વય થયો છે તથા જિલ્લા સ્તરે ડેટા રિયલ-ટાઈમ ધોરણે મેળવવામાં આવશે. સ્વાસ્થ્ય અને પોષણમાં કેપીઆઈમાં માતા અને બાળકનું સ્વાસ્થ્ય; રસીકરણ; સ્વાસ્થ્ય માટે ભૌતિક માળખું અને માનવ સંસાધનો સામેલ છે.*

ભારત મજબૂત વૃદ્ધિનાં માર્ગે અગ્રેસર છે અને વિશ્વ બેંક, મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસ વગેરે જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ એવી ધારણા પણ વ્યક્ત કરી છે કે ભારત વર્ષ ૨૦૧૮માં ફરી સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર બની જશે. વિશ્વ બેંકનાં 'વેપારવાણિજ્ય સરળ કરવા' (ઇઝ ઓફ ડૂઈંગ - બિઝનેસના) તાજેતરનાં અહેવાલમાં ભારતે ૪૨ ક્રમની હરણફાળ ભરી છે અને આટલો મોટો કૂદકો મારનાર ભારત એકમાત્ર દેશ છે.

જ્યારે આર્થિક વૃદ્ધિની સંભવિતતાઓ સકારાત્મક છે, ત્યારે આપણાં સામાજિક ક્ષેત્ર કેટલાંક વિકાસલક્ષી પડકારોનો સામનો કરે છે. ભારત યુએનડીપીનાં માનવ વિકાસ સૂચકાંક, ૨૦૧૬ નાં ૧૮૮ દેશોની યાદીમાં ૧૩૧મું સ્થાન ધરાવે છે અને ગ્લોબલ હંગર ઈન્ડેક્સ નાં ૧૧૯ દેશોમાંથી ૧૦૦મું સ્થાન ધરાવે છે. લેટેસ્ટ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)માં ખુલાસો થયો છે કે, દર બે મહિલામાંથી એક મહિલા પાંડુરોગથી પીડાય છે, દર ત્રણમાંથી એક બાળક ઠીંગણું છે, દર ચાર બાળકમાંથી એક બાળક કુપોષણનો શિકાર છે અને દર પાંચમાંથી એક બાળક વેડફાઈ જાય છે. વિવિધ પ્રકારનાં સર્વેનાં પરિણામો પણ કઇક અંશે નબળું ચિત્ર રજૂ કરે છે. આંકડામાં ઊંડા ઊતરીએ તો ચિત્ર અલગ દેખાશે અને આ સૂચકાંકોની દ્રષ્ટિએ રાષ્ટ્રીય સ્તરે ચિત્ર જેટલું નબળું દેખાય છે એટલું હકીકતમાં બિહામણું નથી. ઉદાહરણ તરીકે, ઠીંગણા બાળકોની ટકાવારી – કેરળ (૧૯.૭) અને બિહાર (૪૮.૩); ઓછું વજન ધરાવતાં બાળકોની ટકાવારી – મિઝોરમ (૧૧.૯) અને ઝારખંડ (૪૭.૮); દર ૧૦૦૦ બાળકોનાં જન્મદીઠ નવજાત મૃત્યુદર – આંદમાન અને નિકોબાર ટાપુઓ (૧૦) અને ઉત્તરપ્રદેશ (૬૪); દર ૧,૦૦,૦૦૦ બાળકોનાં જન્મદીઠ માતા મૃત્યુદર – કેરળ (૬૧) અને અસમ (૩૦૦); મેથેમેટિક્સ ક્લાસ ૫ એનએએસ સ્કોર – તમિલનાડુ (૫૬ ટકા) અને છત્તીસગઢ (૩૨ ટકા); તે જ રીતે સમજણ સાથે વાંચન – તમિલનાડુ (૫૪ ટકા) અને બિહાર (૨૯ ટકા), કુટુંબોની ટકાવારી – પાંચ રાજ્યોમાં ૧૦૦ ટકા હાંસલ થઈ છે અને ઝારખંડ (૪૦ ટકા) છે. સંપૂર્ણપણે ભારતમાં આશરે ૨૦૦ જિલ્લાએ રાષ્ટ્રીય સરેરાશને બગાડી છે.

આગળ જતાં જિલ્લા સ્તરે રીયલ-ટાઈમ મોનિટરિંગ વ્યવસ્થા સાથે યુદ્ધનાં ધોરણે સમન્વય મારફતે વિવિધ સરકારી યોજનાઓનાં અમલ પર ધ્યાન કેન્દ્રિત કરતાં આ મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની કાયાપલટ થશે અને આગામી ૩થી ૫ વર્ષની સમયમર્યાદામાં દેશનાં શ્રેષ્ઠ આંકડા હાંસલ થશે.

દેશનાં વિવિધ વિસ્તારો વચ્ચે આર્થિક અને સામાજિક એમ બંને ક્ષેત્રોમાં વિકાસનાં માપદંડોમાં વિસ્તૃત અસમાનતાએ થોડાં સમય માટે નીતિનિર્માતાઓનું ધ્યાન ખેંચ્યું હતું, ખાસ કરીને ૧૯૬૦નાં દાયકાની શરૂઆતમાં. અગાઉ ઓળખ કરાયેલા પછાત જિલ્લાઓ

અવિભાજિત બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન જેવા થોડાં રાજ્યોનું વિસ્તૃત પ્રતિનિધિત્વ કરતાં હતાં. સમિતિઓની દરેક ભલામણો કાર્યક્રમો/યોજનાઓમાં પરિણમી હતી, જે ક્ષેત્ર વિસ્તારલક્ષી હતાં. તેમાં સમન્વયનો અભાવ હતો અને કેન્દ્રિય નિરીક્ષણ વ્યવસ્થાની ગેરહાજરી જોવા મળે છે. રિપોર્ટ સૂચવે છે કે આ જિલ્લાઓમાં ફાળવણીઓમાંથી થોડો હિસ્સો આ જિલ્લાઓ સુધી પહોંચ્યો હતો. વિશ્વસનીય અને રીયલ-ટાઇમ ડેટા પણ મોટો પડકાર હતાં. નીતિનિર્માણ સાથે અન્ય એક સમસ્યા દરેક જગ્યાએ એકસમાન મોડલ કે કાર્યપદ્ધતિ લાગુ કરવાની હતી. હકીકતમાં તમામ વિસ્તારોમાં એકસમાન માપદંડો લાગુ પડતાં નથી. ભૂગોળ, સંસ્કૃતિ અને માન્યતાઓની વિસ્તૃત વિવિધતાઓ સાથે નીતિ નિર્ધારણની અંદર કેસ-ટૂ-કેસ આધારે અલગ સમાધાન ધરાવે છે. છેલ્લે પોલિયો નાબૂદી જેવા સફળ કાર્યક્રમોમાંથી સંકેત લઈએ, તો આ પછાત જિલ્લાઓમાં પરિવર્તન જનભાગીદારી વિના શક્ય નથી. બીજા શબ્દોમાં કહીએ તો પરિવર્તન જનઆંદોલન મારફતે જ શક્ય છે.

વિકાસલક્ષી સફરમાં પ્રાપ્ત થયેલા બોધપાઠોને ધ્યાનમાં રાખીને ભારત સરકારે તાજેતરમાં 'મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની કાયાપલટ'નો કાર્યક્રમ શરૂ કર્યો છે. ભારત છોડો આંદોલનની ૭૫મી વર્ષગાંઠનાં પ્રસંગે આદરણિય પ્રધાનમંત્રીએ ૯ ઓગસ્ટ, ૨૦૧૭નાં રોજ વીડિયો કોન્ફરન્સ મારફતે જિલ્લા કલેક્ટર્સ સાથે આદાનપ્રદાન કર્યું હતું તથા જણાવ્યું હતું કે, ''જ્યારે ૧૦૦ અતિ પછાત જિલ્લાઓમાં સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવામાં આવશે, ત્યારે તેનાથી દેશનાં સંપૂર્ણ વિકાસને મોટું પ્રોત્સાહન મળશે.'' કાર્યક્રમનો વિસ્તૃત ઉદ્દેશ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો સમન્વય, કેન્દ્ર, રાજ્ય સ્તરનાં 'પ્રભારી' અધિકારીઓ અને જિલ્લા કલેક્ટર્સનું જોડાણ, રાજ્યો – ડ્રાઇવર્સ તરીકે યોજનાનું એડજસ્ટમેન્ટ્સ, રિયલ-ટાઇમ ડેટા, સ્પર્ધા – જિલ્લાઓ વચ્ચે અને સામૂહિક આંદોલન દ્વારા સંચાલન છે.

૨૮ રાજ્યોના કુલ ૧૧૫ જિલ્લામાંથી ઓછામાં ઓછા એક જિલ્લાની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી ૩૦ જિલ્લાઓની પસંદગી નીતિ આયોગે અને અન્ય ૫૦ જિલ્લાઓની ઓળખ કેન્દ્ર સરકારનાં મંત્રાલયોએ સરકારે પ્રકાશિત કરેલા આંકડા અને રાજ્યો સરકારનાં આંકડામાંથી લેવાયેલા માપદંડોનાં સંયુક્ત સૂચકાંકોનો ઉપયોગ કરીને કરી છે. બાકીનાં ૩૫ જિલ્લાઓની ઓળખ ગૃહ મંત્રાલય દ્વારા નક્સલવાદગ્રસ્ત જિલ્લાઓ તરીકે થઈ હતી. નીતિ આયોગ કાર્યક્રમનું સંચાલન કરશે. જ્યારે જિલ્લાની પસંદગી કરવામાં આવી છે, ત્યારે રાજ્યોની ક્ષમતા પણ ધ્યાનમાં રાખવામાં આવી હતી, કારણ કે કાર્યક્રમ રાજ્ય સરકારો દ્વારા સંચાલિત હશે. રાજ્ય સરકારોને વર્ષ ૨૦૨૨ સુધીમાં આ જિલ્લાઓમાં મુખ્ય માપદંડોની કામગીરી સુધારવા નક્કર પ્રયાસો કરવામાં મુખ્ય માપદંડને પીઠબળ આપશે. નીતિ આયોગ આ પ્રકારની સહાયનું સંકલન કરશે અને આ જિલ્લાઓમાં માપદંડોનો તાગ મેળવવા મજબૂત એમઆઇએસ ઊભું કરશે.

આ જિલ્લાઓની કાયાપલટની વ્યૂહરચનાનાં મુખ્ય પાસાઓમાંનું એક પાસું પસંદગી કરવા કી પર્ફોર્મન્સ ઇન્ડિકેટર્સ (કેપીઆઇ – મુખ્ય કામગીરીનાં સંકેતો)ની ઓળખ છે, આ સંકેતોમાં થયેલી પ્રગતિનું નિરીક્ષણ અને સંવર્ધક પ્રગતિ પર વાર્ષિક રેન્કિંગ હાથ ધરવામાં આવશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સામાજિક સંકેતો સુધારીને જીવનની ગુણવત્તા તથા ઓળખ કરાયેલા જિલ્લાઓમાં મૂળભૂત માળખાગત સુવિધાઓ સુધારવાનો છે તથા તેનાં નાગરિકોની આવકનું ધારાધોરણે વધારવાનું પણ છે. તે મુજબ, પાંચ ક્ષેત્રોની ઓળખ કરવામાં આવે છે – સ્વાસ્થ્ય અને પોષણ, શિક્ષણ, કૃષિ અને જળ સંસાધનો, મૂળભૂત માળખાગત સુવિધા અને નાણાકીય સર્વસમાવેશકતા અને કૌશલ્ય ઘડતર છે. જિલ્લામાં રહેલી વિવિધ તકો અને પડકારોને ધ્યાનમાં લઈએ તો જિલ્લાલક્ષી કેપીઆઇનો આદર્શ સેટ પસંદ કરવામાં આવ્યો છે, જે પરિવર્તન પામતાં જિલ્લામાં તમામ હિતધારકો દ્વારા થયેલા પ્રયાસો, પ્રતિબદ્ધતાઓ અને પ્રગતિનો તાગ આપશે.

આ કેપીઆઇમાં પાંચ ક્ષેત્રોમાં આંતરિક ચીજવસ્તુઓ, બાહ્ય ચીજવસ્તુઓ અને ઉત્પાદનોનો સમન્વય થયો છે તથા જિલ્લા સ્તરે ડેટા રિયલ-ટાઇમ ધોરણે મેળવવામાં આવશે. સ્વાસ્થ્ય અને પોષણમાં કેપીઆઇમાં માતા અને બાળકનું સ્વાસ્થ્ય; રસીકરણ; સ્વાસ્થ્ય માટે ભૌતિક માળખું અને માનવ સંસાધનો સામેલ છે. શૈક્ષણિક કેપીઆઇમાં શુદ્ધ નોંધણી રેશિયો; ભૌતિક માળખું; અભ્યાસનાં પરિણામો; સાક્ષરતાનો દર અને આરટીઇનું પાલન સામેલ છે. કૃષિ કેપીઆઈમાં જળ સકારાત્મક રોકાણ અને રોજગારી; પીએમએફબીવાય હેઠળ પાક વીમો; મહત્ત્વપૂર્ણ આંતરિક ચીજવસ્તુઓનો વપરાશ અને પુરવઠો સામેલ છે. મૂળભૂત માળખાગત સુવિધામાં માર્ગ, પાણી, શૌચાલયો, મકાન, વીજળી અને ઇન્ટરનેટ કનેક્ટિવિટી સામેલ છે. ઉપરાંત બે એજન્સીઓ 'ટાટા ટ્રસ્ટ અને બિલ' અને 'મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન' ત્રિમાસિક ધોરણે વર્ગીકૃત યાદચ્છિક નમૂનાની ટેકનિકનો ઉપયોગ કરીને કુટુંબનો સર્વે હાથ ધરશે.

કાર્યક્રમની એક ઊડીને આંખે વળગે એવી નવીનતામાં 'પ્રભારી' અને નોડલ અધિકારીઓ તરીકે અધિક/સંયુક્ત સચિવનાં સ્તરે કેન્દ્ર અને રાજ્ય સરકારનાં અધિકારીઓની નિમણૂક સામેલ છે. આ અધિકારીઓ તેમનાં અનુભવની મૂડી જિલ્લા વહીવટીતંત્રને માર્ગદર્શન આપવા માટે અનુકૂળ હોવાની સાથે જિલ્લા અને રાજ્ય તથા કેન્દ્ર સરકાર વચ્ચે સેતુ બનવાની સંભવિતતા પણ ધરાવે છે. જિલ્લા સ્તરે મુખ્ય અધિકારી જિલ્લા મેજિસ્ટ્રેટ/કલેક્ટર હશે. સચિવોની સક્ષમ સમીતિ (ઇસીએસ) કાર્યક્રમનાં અમલીકરણ પર નજર રાખશે તથા જિલ્લા સ્તરની ટીમ દ્વારા આ જિલ્લાઓમાં પ્રાપ્ત અનુભવને આધારે જરૂરી નીતિગત

સુધારાવધારા કરશે. તે જ રીતે રાજ્યો મુખ્ય સચિવ અને આયોજન/નાણાં વિભાગનાં સચિવને સમાવતી ટીમ બનાવશે, જેથી અમલીકરણ પર નજર રહેશે અને રાજ્ય સ્તરે નીતિગત સુધારાવધારા કરી શકાશે.

જિલ્લા સ્તરીય ટીમો અલગ-અલગ સંકેતોની વર્તમાન સ્થિતિનો આધારભૂત રિપોર્ટ તૈયાર કરશે અને ઉપલબ્ધ સંસાધનોને આધારે વર્ષ મુજબ લક્ષ્યાંકો પણ તૈયાર કરવા પડશે, જેથી વર્ષ ૨૦૨૨ સુધીમાં આ જિલ્લાઓ દરેક સંકેતમાં ઈચ્છિત સ્તર હાંસલ કરશે. કેન્દ્ર સરકારનાં પ્રતિનિધિઓ બે મહિનામાં ઓછામાં ઓછા એક વખત જિલ્લાની મુલાકાત લેશે અને નીતિ આયોગ માટે રિપોર્ટ પણ તૈયાર કરશે. પછી નીતિ આયોગ રિપોર્ટનું વિશ્લેષણ કર્યા પછી સચિવોની સક્ષમ સમિતિની વિચારણા માટે રજૂઆત કરશે. ૧૧૫ જિલ્લાઓમાંથી નીતિ આયોગ ૩૦ જિલ્લાઓનું સંચાલન કરશે, ૩૫ જિલ્લાઓનું સંચાલન ગૃહ મંત્રાલય કરશે તથા બાકીનાં ૫૫ જિલ્લાઓ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય; મહિલા અને બાળ વિકાસ; પંચાયત રાજ; કૃષિ અને ખેડૂત કલ્યાણ; માનવ સંસાધન વિકાસ; ગ્રામીણ વિકાસ; પીવાનું પાણી અને સાફસફાઈ; હાઉસિંગ અને શહેરી મંત્રાલય; જળ સંસાધનો; વીજળી, સામાજિક ન્યાય અને આદિવાસી બાબતોનાં મંત્રાલય વચ્ચે વહેચાઈ જશે.

૧ એપ્રિલ, ૨૦૧૮થી આધારભૂત ડેટા અને વાસ્તવિક નિરીક્ષણ શરૂ થવાની અપેક્ષા છે તથા આ મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની લોકોની સુખાકારી સુધારવા માટે રાજ્યો વચ્ચે સ્પર્ધા પણ થશે. જોકે જ્યારે પછાત જિલ્લાઓની કાયાપલટ કરવી કોઈ જુદો વિચાર નથી, ત્યારે સરકાર તેનો અલગ રીતે અમલ કરી રહી છે. કહેવાય છે કે – ''વિજેતાઓ કશું અલગ કરતાં નથી, પણ તેમની કાર્યશૈલી અલગ હોય છે.'' આ બાબત મહત્ત્વકાંક્ષી જિલ્લાઓમાં પુરવાર થશે.

અમિતાભ કાંત, સીઈઓ, નીતિ આયોગ
(અહીં વ્યક્ત થયેલા અભિપ્રાયો અંગત છે)

**૧૧૧ મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની યાદી**

| રાજ્ય | નીતિ આયોગનાં ૩૦ જિલ્લા | મંત્રાલય અંતર્ગત પસંદ કરાયેલા ૫૦ જિલ્લા | MHA 35 LWE જિલ્લા |
|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | | ૧. વૈઝૈનાગ્રામ | ૧. વિશાખાપટનમ |
| આંધ્રપ્રદેશ | | ૨. કુડ્ડાપાહ | |
| અરૂણાચલ પ્રદેશ | | ૧. નામ્સાઈ | |
| અસમ | ૧. દારંગ | ૧. ઉદલગિરી | |
| અસમ | ૨. ધુબરી | ૨. હૈલાકાંડી | |
| અસમ | ૩. બારપેટા | | |
| અસમ | ૪. ગોપાલપરા | | |
| અસમ | ૫. બક્સ | | |
| બિહાર | ૧. કટિહાર | ૧. ખગરિયા | ૧. ઔરંગાબાદ |
| બિહાર | ૨. બેગુસરાઈ | ૨. પૂર્ણિયા | ૨. બાંકા |
| બિહાર | ૩. શેખપુરા | | ૩. ગયા |
| બિહાર | ૪. અરારિયા | | ૪. જમુઈ |
| બિહાર | ૫. સિતામઢી | | ૫. મુઝ્ઝફરપુર |
| બિહાર | | | ૬. નવાડા |
| છત્તીસગઢ | | ૧. કોર્બા | ૧. બસ્તર |
| છત્તીસગઢ | | ૨. મહાસમુન્દ | ૨. બિજાપુર |
| છત્તીસગઢ | | | ૩. દાંતેવાડા |
| છત્તીસગઢ | | | ૪. કાંકેર |
| છત્તીસગઢ | | | ૫. કોંડાગાંવ |
| છત્તીસગઢ | | | ૬. નારાયણપુર |

| | | | |
|---|---|---|---|
| છત્તીસગઢ | | | ૭. રાજનંદગાંવ |
| છત્તીસગઢ | | | ૮. સુકમા |
| ગુજરાત | | ૧.નર્મદા | |
| ગુજરાત | | ૨. દાહોદ | |
| હરિયાણા | | ૧.મેવટ | |
| હિમાચલ પ્રદેશ | | ૧. ચંબા | |
| જમ્મુ-કાશ્મીર | | ૧.કુપવાડા | |
| જમ્મુ-કાશ્મીર | | ૨. બારામુલ્લા | |
| ઝારખંડ | ૧. સાહિબગંજ | ૧. ગોડ્ડા | ૧. લાતેહર |
| ઝારખંડ | ૨. પકૌર | | ૨. લોહારડા |
| ઝારખંડ | | | ૩.પલામુ |
| ઝારખંડ | | | ૪. પૂર્વી સિંઘભૂમ |
| ઝારખંડ | | | ૫. રામગઢ |
| ઝારખંડ | | | ૬. આંચી |
| ઝારખંડ | | | ૭. સિમ્ડેગા |
| ઝારખંડ | | | ૮. પશ્ચિમ સિંઘભૂમ |
| ઝારખંડ | | | ૯. બોકારો |
| ઝારખંડ | | | ૧૦. છત્ર |
| ઝારખંડ | | | ૧૧.ડુમ્કા |
| ઝારખંડ | | | ૧૨. ગઢવા |
| ઝારખંડ | | | ૧૩. ગિર્દિહ |
| ઝારખંડ | | | ૧૪. ગુમ્લા |
| ઝારખંડ | | | ૧૫. હઝારીબાગ |
| ઝારખંડ | | | ૧૬. ખુંટી |
| કર્ણાટક | | ૧.યાદગિર | |
| કર્ણાટક | | ૨.રાયચુર | |
| કેરળ | | ૧. વાયનાદ | |
| મધ્યપ્રદેશ | ૧. દામોહ | ૧.છતરપુર | |
| મધ્યપ્રદેશ | ૨. સિંગરૌલી | ૨.રાજગઢ | |
| મધ્યપ્રદેશ | ૩. બારવાની | ૩.ગુના | |
| મધ્યપ્રદેશ | ૪. વિદિશા | | |
| મધ્યપ્રદેશ | ૫. ખંડવા | | |
| મહારાષ્ટ્ર | ૧. નંદુરબાર | ૧. વાશિમ | ૧. ગડચિરોલી |
| મહારાષ્ટ્ર | | ૨. ઓસ્માનાબાદ | |
| મણિપુર | | ૧. ચાંદેલ | |
| મેઘાલય | | ૧. રિભોઈ | |
| મિઝોરમ | | ૧. મામિત | |

| | | | |
|---|---|---|---|
| નાગાલેન્ડ | | ૧. કિફિરે | |
| ઓડિશા | ૧.રાયગડ | ૧. કંધમાલ | ૧. કોરાપુટ |
| ઓડિશા | ૨. કાલાહાંડી | ૨. ગજપતિ | ૨. મલકાંગિરી |
| ઓડિશા | | ૩.ધેન્કનલ | |
| ઓડિશા | | ૪. બાલનગીર | |
| પંજાબ | | ૧. ફિરોઝપુર | |
| પંજાબ | | ૨. મોગા | |
| રાજસ્થાન | ૧.બારન | ૧. ઢોલપુર | |
| રાજસ્થાન | ૨. જૈસલમર | ૨. કરૌલી | |
| રાજસ્થાન | | ૩. સિરોહી | |
| સિક્કિમ | | ૧. પશ્ચિમ સિક્કિમ | |
| તમિલનાડુ | | ૧. રામનાથપુરમ | |
| તમિલનાડુ | | ૨. વિરુધુનગર | |
| તેલંગાણા | | ૧. ભૂપાલપલ્લી | ૧. ખમ્મામ |
| તેલંગાણા | | ૨. આસિફાબાદ | |
| ત્રિપુરા | | ૧. ઢલાઈ | |
| ઉત્તરપ્રદેશ | ૧. ચિત્રકૂટ | ૧. ચંદૌલી | |
| ઉત્તરપ્રદેશ | ૨. બલરામપુર | ૨. સિદ્ધાર્થનગર | |
| ઉત્તરપ્રદેશ | ૩.બહરાઇચ | ૩. ફતેહપુર | |
| ઉત્તરપ્રદેશ | ૪. સોણભદ્ર | | |
| ઉત્તરપ્રદેશ | ૫. શ્રાવસ્તી | | |
| ઉત્તરાખંડ | | ૧. હરિદ્વાર | |
| ઉત્તરાખંડ | | ૨. ઉધમસિંહ નગર | |
| પશ્ચિમ બંગાળ | ૧. મુર્શિદાબાદ | ૧. નાદિયા | |
| પશ્ચિમ બંગાળ | ૨. માલ્દા | ૨.દક્ષિણ દિનાજપુર | |
| પશ્ચિમ બંગાળ | ૩.વીરભૂમ | | |
| **કુલ** | **૩૦** | **૫૦** | **૩૫** |

**મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓમાં પ્રગતિનો તાગ મેળવવા માટે સંકેતો**

**સંયુક્ત સૂચકાંક માટે ભારાંક**

| **વિષયગત ક્ષેત્ર** | **ભારાંક** |
|---|---|
| સ્વાસ્થ્ય અને પોષણ | ૩૦% |
| શિક્ષણ | ૩૦% |
| કૃષિ અને જળસંસાધન | ૨૦% |
| નાણાકીય સર્વસમાવેશકતા અને કૌશલ્ય રચના | ૧૦% |
| મૂળભૂત માળખું | ૧૦% |
| સંયુક્ત સૂચકાંક | ૧૦૦% |

## વિષયવાર ક્ષેત્રદીઠ સંકેતોની યાદી

**સ્વાસ્થ્ય અને પોષણ**

| ક્રમ | સંકેતો | સ્વાસ્થ્ય અને પોષણનાં સૂચકાંકમાં ભારાંક | સંપૂર્ણ સંયુક્ત સૂચકાંકમાં ભારાંક | સંસાધન/સામયિક (તમામ સંકેતો સર્વે મારફતે માન્ય ગણાશે) |
|---|---|---|---|---|
| ૧ | જન્મપૂર્વે સારસંભાળ માટે નોંધાયેલી ગર્ભવતી મહિલાઓની કુલ સંખ્યામાંથી ૪ કે વધારે જન્મપૂર્વે સારસંભાળની ચકાસણી કરાવનાર ગર્ભવતી મહિલાઓની ટકાવારી | ૮ | ૨.૪ | હેલ્થ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ (એચએમઆઇએસ), એમઓએચએફડબલ્યુ ૨૦૧૬-૧૭ / માસિક |
| ૨ | આઇસીડીએસ પ્રોગ્રામ હેઠળ નિયમિતપણે પૂરક પોષણ લેતી ગર્ભવતી મહિલાઓની ટકાવારી | ૩ | ૦.૯ | જિલ્લા કલેક્ટર (ડીસી) / માસિક |
| ૩ | જન્મ પૂર્વે નોંધણી થયેલી મહિલાઓની કુલ સંખ્યામાંથી જન્મ પૂર્વે તીવ્ર એનીમિયા ધરાવતી ગર્ભવતી મહિલાઓની ટકાવારી (હિમોગ્લોબીન<7g/dl) | ૯ | ૨.૭ | એચએમઆઇએસ / માસિક |
| ૪ | કુલ રિપોર્ટ થયેલી ડિલિવરીઓમાંથી સંસ્થાગત ડિલિવરીની ટકાવારી | ૭ | ૨.૧ | એચએમઆઇએસ / માસિક |
| ૫ | કુલ ડિલિવરીની સંખ્યામાંથી એસબીએ (સ્કિલ બર્થ એટેન્ડન્સ) તાલીમબદ્ધ હેલ્થ વર્કર્સ દ્વારા ઘરે થયેલી ડિલિવરીની ટકાવારી | ૩ | ૦.૯ | એચએમઆઇએસ / માસિક |
| ૬ | જન્મનાં એક કલાકની અંદર સ્તનપાન કરનાર નવજાત બાળકોની ટકાવારી | ૧૦ | ૩.૦ | એચએમઆઇએસ / માસિક |
| ૭ | ૫ વર્ષથી ઓછી વયનાં ઓછું વજન ધરાવતા બાળકોની ટકાવારી | ૭ | ૨.૧ | સર્વે |
| ૮ | ૫ વર્ષથી ઓછી વયનાં ઠીંગણા બાળકોની ટકાવારી | ૮ | ૨.૪ | સર્વે |
| ૯ | અતિ કુપોષણ | ૫ | ૧.૫ | સર્વે |
| ૧૦ | પર્યાપ્ત ભોજન લેતા ૬થી ૨૩ મહિનાની વય ધરાવતા નવજાત બાળકોની ટકાવારી (સ્તનનું દૂધ + પૂરક ભોજન) | ૫ | ૧.૫ | સર્વે |
| ૧૧ | સંપૂર્ણ રસીકૃત બાળકોની ટકાવારી (૯-૧૧ મહિના) (બીસીજી+ડીપીટી૩+ઓપીવી૩+ મીસલ્સ૧) | ૧૦ | ૩.૦ | એચએમઆઇએસ / માસિક |
| ૧૨ | ૧૦૦,૦૦૦ની વસતિદીઠ નોટિફાઈ થયેલા ટ્યુબરક્યુલોસિસ (ટીબી)નાં કેસ | ૫ | ૧.૫ | ડીસી/આરએનટીસીપી એમઆઇએસ / માસિક |
| ૧૩ | સ્વાસ્થ્ય માળખાગત સુવિધાઓનો સૂચકાંક | ૨૦ | ૬.૦ | |
| ૧૩a | હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ (એચડબલ્યુસી)માં પરિવર્તિત થયેલા પેટાકેન્દ્રો/પીએચસીનું પ્રમાણ | ૬ | ૧.૮ | ડીસી |
| ૧૩b | ભારતીય સરકારી સ્વાસ્થ્ય માપદંડોનાં પાલનમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું પ્રમાણ | ૫ | ૧.૫ | એચએમઆઇએસ / માસિક |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩c | દર ૫૦૦,૦૦૦ની વસતિદીઠ ૧ સામે ચાલુ એફઆરયુ (ફર્સ્ટ રેફરલ યુનિટ)નું પ્રમાણ (પર્વતીય વિસ્તારોમાં ૩૦૦,૦૦૦દીઠ ૧) | ૩ | ૦.૯ | એચએમઆઇએસ / માસિક |
| ૧૩d | આઇપીએચએસ નિયમો સામે જિલ્લા હોસ્પિટલોમાં ઉપલબ્ધ સ્પેશ્યાલિસ્ટ સેવાઓનું પ્રમાણ | ૨ | ૦.૬ | એચએમઆઇએસ / માસિક |
| ૧૩e | છેલ્લાં એક મહિનામાં ઓછામાં ઓછા એક ગ્રામ્ય સ્વાસ્થ્ય સાફસફાઈ અને પોષણ દિવસ/શહેરી સ્વાસ્થ્ય સાફસફાઈ અને પોષણ દિવસ હાથ ધરેલ આંગણવાડી કેન્દ્રો/યુપીએચસીની ટકાવારી | ૨ | ૦.૬ | એચએમઆઇએસ / માસિક |
| ૧૩f | પોતાનું બિલ્ડિંગ ધરાવતી આંગણવાડીઓનું પ્રમાણ | ૨ | ૦.૬ | સંબંધિત અધિકારી - ડીસી / માસિક |
| | **કુલ** | ૧૦૦% | ૩૦% | |

***રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વે ૨૦૧૫-૧૬**

**# સ્વાસ્થ્ય વ્યવસ્થાપન માહિતી વ્યવસ્થા, એમઓએચએફડબલ્યુ ૨૦૧૬-૧૭**

**$ શ્રેષ્ઠ જિલ્લા માટે પ્રોક્સી તરીકે લેવાયેલ એનીમિયા (Hb<11g.dl)નું મૂલ્ય**

**^આરએનટીસીપી વાર્ષિક અહેવાલ ૨૦૧૭**

**શિક્ષણ**

| **ક્રમ** | **સંકેતો** | **શિક્ષણ સૂચકાંકમાં વજન** | **સંપૂર્ણ સંયુક્ત સૂચકાંકમાં વજન** | **સંસાધન/સામયિક (તમામ સંકેતો સર્વે મારફતે માન્ય ગણાશે)** |
|---|---|---|---|---|
| ૧ | એનઈઆર (a) પ્રાથમિક સ્તર | ૧૪ | ૪.૨ | માનવ સંસાધન વિકાસ મંત્રાલય (એમએચઆરડી) - યુડીઆઇએસઈ / વાર્ષિક |
| | (b) માધ્યમિક સ્તર | ૬ | ૧.૮ | એમએચઆરડી - યુડીઆઇએસઈ / વાર્ષિક |
| ૨ | શૌચાલયોની સુલભતા: છોકરીઓનાં શૌચાલય સાથે કામ કરતી શાળાઓની ટકાવારી | ૫ | ૧.૫ | સર્વે/ માસિક |
| ૩ | અભ્યાસનાં પરિણામો (તમામ, છોકરા, છોકરી, એસી, એસટી, લઘુમતી) | | | |
| | (a)ધોરણ ૩માં ગણિતમાં પર્ફોર્મન્સ | | | |
| | (b) ધોરણ ૩માં ભાષામાં પર્ફોર્મન્સ | | | |
| | (c) ધોરણ ૫માં ગણિતમાં પર્ફોર્મન્સ | | | |
| | (d) ધોરણ ૫માં ભાષામાં પર્ફોર્મન્સ | | | |
| | (e) ધોરણ ૮માં ગણિતમાં પર્ફોર્મન્સ | | | |
| | (f) ધોરણ ૮માં ભાષામાં પર્ફોર્મન્સ | ૫૦ | ૧૫ | માસિક ધોરણે ત્રીજા પક્ષ દ્વારા વર્ગીકૃત યાદચ્છિક નમૂનાં મારફતે પસંદ થયેલી શાળાઓમાં પરીક્ષાઓ |
| ૪ | મહિલા સાક્ષરતા દર (૧૫+ વયજૂથ) | ૮ | ૨.૪ | સર્વે / ત્રિમાસિક |
| ૫ | પીવાનાં પાણીની સુવિધા ધરાવતી શાળાઓની ટકાવારી | ૪ | ૧.૨ | સંબંધિત અધિકારી -ડીસી / માસિક + સર્વે / ત્રિમાસિક |
| ૬ | માધ્યમિક સ્તરે વીજળીની સુવિધા ધરાવતી શાળાઓની ટકાવારી | ૧ | ૦.૩ | સંબંધિત અધિકારી -ડીસી / માસિક + સર્વે / ત્રિમાસિક |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | આરટીઈએ નક્કી કરેલ વિદ્યાર્થી શિક્ષક રેશિયોનું પાલન કરતી માધ્યમિક શાળાઓની ટકાવારી | ૮ | ૨.૪ | સંબંધિત અધિકારી –ડીસી / માસિક જેને એમએચઆરડી-યુડીઆઈએસઈ દ્વારા માન્યતા અપાશે વાર્ષિક |
| ૮ | શૈક્ષણિક સત્ર શરૂ થયાનાં ૩ મહિનાની અંદર બાળકોને પાઠ્યપુસ્તકો પ્રદાન કરતી શાળાઓની ટકાવારી | ૪ | ૧.૨ | એમએચઆરડી / વાર્ષિક |
| | **કુલ** | ૧૦૦% | ૩૦% | |

**કૃષિ અને જળ સંસાધનો**

| **ક્રમ** | **સંકેતો** | **કૃષિ સૂચકાંકમાં વજન** | **સંપૂર્ણ સંયુક્ત સૂચકાંકમાં વજન** | **સંસાધન/સામયિક (તમામ સંકેતો સર્વે મારફતે માન્ય ગણાશે)** |
|---|---|---|---|---|
| ૧ | જળ માટે સકારાત્મક રોકાણ અને રોજગારી | ૩૦ | ૬ | |
| ૧(a) | ૧ (a) સૂક્ષ્મ-સિંચાઈ હેઠળ વાવેતર વિસ્તારની ટકાવારી | ૧૭.૫ | ૩.૫ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે /માસિક |
| ૧(b) | ૧ (b) મનરેગા હેઠળ ફરી સજીવન થયેલા જળાશયોમાં વધારાની ટકાવારી | ૧૨.૫ | ૨.૫ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે / અર્ધવાર્ષિક |
| ૨ | પાક વીમો – પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય) હેઠળ ચોખ્ખા વાવેતર વિસ્તારની ટકાવારી | ૧૫ | ૩ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે / અર્ધવાર્ષિક |
| ૩ | મહત્ત્વપૂર્ણ આંતરિક ચીજવસ્તુઓનાં વપરાશ અને પુરવઠામાં વૃદ્ધિ | ૧૭.૫ | ૩.૫ | |
| ૩ (a) | ૩ (a) કૃષિ ધિરાણમાં ટકાવારીમાં વધારો | ૭.૫ | ૧.૫ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે /માસિક |
| ૩(b) | ૩ (b) પ્રમાણિત ગુણવત્તાયુક્ત બિયારણનું વિતરણ | ૭.૫ | ૧.૫ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે / અર્ધવાર્ષિક |
| ૩(c) | ૩ (c) ખાતરનાં ઉપયોગમાં વધારો | ૨.૫ | ૦.૫ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે / ત્રિમાસિક |
| ૪ | જિલ્લા મંડીને ઇનામ સાથે વ્યવહારની સંખ્યા | ૧૦ | ૨ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે /માસિક |
| ૫ | પ્રાપ્ત કિંમતમાં ટકાવારીમાં ફેરફાર (ફાર્મ હાર્વેસ્ટ પ્રાઇઝ (એફએચપી) અને લઘુતમ ટેકાનાં ભાવ (એમએસપી) વચ્ચે ફરક તરીકે વ્યાખ્યાયિત) | ૫ | ૧ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે /માસિક |
| ૬ | જિલ્લામાં કુલ વાવેતર વિસ્તારમાં ઊંચા મૂલ્યનાં પાકનાં હિસ્સાની ટકાવારી | ૨.૫ | ૦.૫ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે / અર્ધવાર્ષિક |
| ૭ | ચોખા અને ઘઉંની કૃષિ ઉત્પાદકતા | ૫ | ૧ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે / અર્ધવાર્ષિક |
| ૮ | રસીકરણ મેળવેલા પ્રાણીઓની ટકાવારી | ૭.૫ | ૧.૫ | સંબંધિત અધિકારી, ડીસી/માસિક |
| ૯ | કૃત્રિમ ગર્ભાધાનનું પ્રમાણ | ૫ | ૧ | સંબંધિત અધિકારી, ડીસી અને સર્વે /માસિક |
| ૧૦ | પ્રથમ તબક્કાની સરખામણીમાં બીજા તબક્કામાં વહેંચાયેલા સોઇલ હેલ્થ કાર્ડની સંખ્યા | ૨.૫ | ૦.૫ | સંબંધિત અધિકારી, ડીસી/માસિક |
| | **કુલ** | ૧૦૦% | ૨૦% | |

**નાણાકીય સર્વસમાવેશકતા અને કૌશલ્ય ઘડતર**

| ક્રમ | સંકેતો | નાણાકીય સર્વસમાવેશકતા સૂચકાંકમાં વજન | સંપૂર્ણ સંયુક્ત સૂચકાંકમાં વજન | સંસાધન/સામયિક (તમામ સંકેતો સર્વે મારફતે માન્ય ગણાશે) |
|---|---|---|---|---|
| નાણાકીય સર્વસમાવેશકતા | | | | |
| ૧ | દર ૧ લાખની વસતિદીઠ મુદ્રા લોનનું કુલ વિતરણ (રૂપિયામાં) | ૨૦ | ૧ | નાણાકીય સેવા વિભાગ (ડીએફએસ) / માસિક |
| ૨ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (પીએમજેજેબીવાય) – દર ૧ લાખની વસતિદીઠ નોંધણીઓની સંખ્યા | ૨૦ | ૧ | ડીએફએસ/ માસિક |
| ૩ | પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના (પીએમએસબીવાય) - દર ૧ લાખની વસતિદીઠ નોંધણીઓની સંખ્યા | ૨૦ | ૧ | ડીએફએસ/ માસિક |
| ૪ | અટલ પેન્શન યોજના (એપીવાય) - દર ૧ લાખની વસતિદીઠ લાભાર્થીઓની સંખ્યા | ૨૦ | ૧ | ડીએફએસ/ માસિક |
| ૫ | કુલ બેંકિંગ ખાતાઓમાં આધાર સાથે જોડાયેલા ખાતાઓની ટકાવારી | ૨૦ | ૧ | ડીએફએસ/ માસિક |
| | **કુલ** | ૧૦૦% | ૫% | |

**કૌશલ્ય રચના**

| ક્રમ | સંકેતો | કૌશલ્ય રચના સૂચકાંકમાં વજન | સંપૂર્ણ સંયુક્ત સૂચકાંકમાં વજન | સંસાધન/સામયિક (તમામ સંકેતો સર્વે મારફતે માન્ય ગણાશે) |
|---|---|---|---|---|
| ૧ | ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની તાલીમ યોજનાઓમાં પ્રમાણિત યુવાનોની સંખ્યા/જિલ્લામાં ૧૫થી ૨૯* વર્ષની વયજૂથમાં સંખ્યા | ૨૫ | ૧.૨૫ | કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (એમએસડીઇ)અને લાઇન મંત્રાલય / માસિક |
| ૨ | રોજગારી મેળવનાર પ્રમાણિત યુવાનોની સંખ્યા # /ટૂંકા ગાળા અને લાંબા ગાળાની તાલીમ હેઠળ તાલીમ પામેલા યુવાનોની સંખ્યા | ૧૫ | ૦.૭૫ | એમએસડીઇ અને લાઇન મંત્રાલય / માસિક |
| ૩ | પોર્ટલ પર નોંધાયેલા તાલીમ પૂર્ણ કરેલા/ તાલીમાર્થીઓની કુલ સંખ્યા | ૨૫ | ૧.૨૫ | ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનિંગ (ડીજીટી)/ માસિક |
| ૪ | પૂર્વ શિક્ષણની માન્યતાઈ/બિનઔપચારિક કુશળ વર્કફોર્સ લોકોની સંખ્યા** | ૨૫ | ૧.૨૫ | એમએસડીઇ અને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ પરિષદ (એનએસડીસી) / માસિક |
| ૫ | ટૂંકા ગાળા અને લાંબા ગાળાની તાલીમ હેઠળ પ્રમાણિત તાલીમાર્થી નબળાં/વંચિત યુવાનોની સંખ્યાઈ ( | ૧૦ | ૦.૫ | એમએસડીઇ અને એનએસડીસી / માસિક |
| | a) મહિલાઓ – પ્રમાણિત તાલીમબદ્ધ, | | | |
| | b) અનુસૂચિત જાતિ - પ્રમાણિત તાલીમબદ્ધ | | | |
| | c) અનુસૂચિત જનજાતિ - પ્રમાણિત તાલીમબદ્ધ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | d) અન્ય પછાત વર્ગ - પ્રમાણિત તાલીમબદ્ધ | | | |
| | e) લઘુમતી - પ્રમાણિત તાલીમબદ્ધ | | | |
| | f) વિકલાંગ - પ્રમાણિત તાલીમબદ્ધ) / | | | |
| | પ્રમાણિત તાલીમબદ્ધ યુવાનોની કુલ સંખ્યા | | | |
| | કુલ | ૧૦૦% | ૫% | |

**# અહીં સંદર્ભિત પીએમકેવીવાય (૨૦૧૬-૨૦)માંથી પ્રાપ્ત ડેટા જ**

*** જિલ્લામાં ૧૫થી ૨૯ વર્ષની વયજૂથમાં આવતાં યુવાનોની સંખ્યાના ડેટાનો ઉપયોગ નીતિ આયોગ દ્વારા અન્ય માપદંડોની ગણતરી માટે થયો છે.**

**** એનએસએસઓ ૨૦૧૧-૧૨ ઇયુએસ સર્વે અને વસતિગણતરી ૨૦૧૧માંથી અંદાજ અનૌપચારિક કુશળ વર્કફોર્સ માટેનો ડેટા**

**મૂળભૂત માળખાગત સુવિધા**

| **ક્રમ** | **સંકેતો** | **મૂળભૂત માળખાગત સૂચકાંકમાં વજન** | **સંપૂર્ણ સંયુક્ત સૂચકાંકમાં વજન** | **સંસાધન/સામયિક (તમામ સંકેતો સર્વે મારફતે માન્ય ગણાશે)** |
|---|---|---|---|---|
| ૧ | વીજળીનાં જોડાણ ધરાવતા ઘરની ટકાવારી | ૨૦ | ૨ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| ૨ | ઇન્ટરનેટનું જોડાણ ધરાવતા ઘરની ટકાવારી | ૫ | ૦.૫ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| ૩ | તમામ ઋતુઓમાં ૩ કિમીની અંદર રોડની સુવિધા ધરાવતી વસાહતોની ટકાવારી | ૧૫ | ૧.૫ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| ૪ | શૌચાલયો ધરાવતાં ઘરની ટકાવારી | ૧૫ | ૧.૫ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| ૫ | પીવાનાં પાણીનાં પર્યાપ્ત માત્રાની સુવિધા ધરાવતા ઘર ટકાવારી – ગ્રામીણ વિસ્તારમાં ૪૦ એલપીસીડી અને શહેરી વિસ્તારોમાં ૧૩૫ એલપીસીડી (ઘરથી ૧૦૦ મીટરની અંદર કે ૧૦ મીટર એલીવેશન) | ૨૦ | ૨ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| ૬ | ગ્રામ પંચાયત સ્તરે સામાન્ય સેવા કેન્દ્રોનું કવરેજ/સંકુલ | ૫ | ૦.૫ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| ૭ | બેઘર કે કાચી દિવાલ સાથે એક રૂમ અને કાચી દિવાલ અને છાપરા સાથે ૨ રૂમ ધરાવતું કાચું ઘર ધરાવતા લોકો માટે નિર્માણ થયેલા પાકા મકાનોની સંખ્યા | ૨૦ | ૨ | સંબંધિત અધિકારી-ડીસી અને સર્વે / માસિક |
| | **કુલ** | **૧૦૦%** | **૧૦%** | |

**લેખક હાલમાં નીતિ આયોગ (National Institution fro Transfroming India) ના સીઈઓ છે. ભારતીય સનદી સેવાના સભ્ય, આઈએએસ (કેરાલા કેડરઃ ૧૯૮૦ બેચ), તે "Branding India – An Incredible Stroy" ના લેખક છે અને ''મેક ઈન ઈન્ડિયા'', ''સ્ટાર્ટઅપ ઈન્ડિયા'', ''ઈન્ક્રેડીબલ ઈન્ડિયા'' અને "God's Own Country" પહેલના મહત્વના પ્રેરકબળ છે. તેમણે ''અતિથિ દેવો ભવ''- "Guest is God" નો અભિગમ આપીને તેનો અમલ કરી ટેક્સી ડ્રાઈવરો, ગાઈડઝ, ઈમીગ્રેશન ઓફિસરોને તાલિમ આપવાની ઝૂંબેશ ચલાવી હતી અને તેમને પ્રવાસન વિકાસ પ્રક્રિયાના સહયોગી બનાવ્યા હતા.**

**E-mail: amitabh.kant@nic.in**

# ઈકોનોમિક સરવે : સેક્ટર પ્રમાણે પરફોર્મન્સ

ભારતના ગ્રોસ વેલ્યૂ એડેડ (જીવીએ)માં ૫૫.૨ ટકાનો હિસ્સો ધરાવતું સર્વિસ સેક્ટર, ભારતના આર્થિક વિકાસને આગળ ધપાવવામાં હજુ પણ મહત્વપૂર્ણ ચાલક છે અને તેના કારણે વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ જીવીએ વૃદ્ધિમાં તેનો હિસ્સો લગભગ ૭૨.૫ ટકા રહ્યો હોવાનું ઈકોનોમિક સરવે ૨૦૧૭-૧૮માં ટાંકવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સર્વિસ સેક્ટરની વૃદ્ધિ એકંદરે ૮.૩ ટકા રહેવાની અપેક્ષા છે જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ના એચ૧માં સર્વિસ નિકાસમાં વૃદ્ધિ ૧૬.૨ ટકા નોંધાઈ હતી. મુખ્ય સેવાઓના સેક્ટર પ્રમાણે પરફોર્મન્સ અને આ સેક્ટર્સને આગળ વધારવા માટે કેટલીક તાજેતરની સરકારી નીતિઓ નીચે દર્શાવ્યા અનુસાર છે:

**પ્રવાસનઃ** ભારતમાં વર્ષ ૨૦૧૬માં પ્રવાસન ક્ષેત્રએ ફોરેન ટૂરિસ્ટ અરાઈવલ (એફટીએ) (વિદેશી પ્રવાસીઓના આગમન)માં ૯.૭ ટકા વૃદ્ધિ સાથે ૮.૮ મિલિયન અને ફોરેન એક્સચેન્જ અર્નિંગ્સ (એફઈઈ)માં ૮.૮ ટકાની વૃદ્ધિ સાથે ૨૨.૯ અબજ અમેરિકી ડોલર સાથે ખૂબ સારું પરફોર્મન્સ આપ્યું હતું. વર્ષ ૨૦૧૭માં એફટીએ ૧૫.૬ ટકાની વૃદ્ધિ સાથે ૧૦.૨ મિલિયન, પ્રવાસનમાંથી એફઈઈ વધીને ૨૭.૭ અબજ ડોલર નોંધાઈ હતી, જ્યારે વર્ષ ૨૦૧૬માં કુલ ૨૦.૬ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.

વર્ષ ૨૦૧૫માં સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા ૧,૪૩૨ મિલિયન હતી જે વર્ષ ૨૦૧૬માં વધીને ૧,૬૧૪ મિલિયન નોંધાઈ હતી જે ૧૨.૭ ટકાનો વધારો દર્શાવે છે. તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને કર્ણાટક વર્ષ ૨૦૧૬માં પ્રવાસન માટે સૌથી વધુ લોકપ્રિય રાજ્યો રહ્યા હતા.

**આઈટી- બીપીએમઃ** નાસકોમના ડેટા પ્રમાણે, ભારતની ઈન્ફોર્મેશન ટેકનોલોજી – બિઝનેસ પ્રોસેસ મેનેજમેન્ટ (આઈટી-બીપીએમ) ઈન્ડસ્ટ્રી વર્ષ ૨૦૧૬-૧૭માં ૮.૧ ટકા વધીને ૧૩૯.૯ અબજ અમેરિકી ડોલર (કોમર્સ અને હાર્ડવેર સિવાય) થઈ છે જે વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૨૯.૪ અબજ અમેરિકી ડોલર હતી. આઈટી-બીપીએમ નિકાસમાં ૭.૬ ટકાનો વધારો થતા ૧૧૬.૧ અબજ અમેરિકી ડોલર પહોંચી છે જે અગાઉ આટલા જ સમયગાળામાં ૧૦૭.૮ અબજ અમેરિકી ડોલર હતી. ઈ-કોમર્સ માર્કેટ વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૯.૧ ટકાના વધારા સાથે ૩૩ અબજ અમેરિકી ડોલર રહેવાનો અંદાજ છે.

**રીયલ એસ્ટેટઃ** વર્ષ ૨૦૧૭ના એચ૧માં ૨૫૭ અબજ અમેરિકી ડોલરના એફડીઆઈ (સીધા વિદેશી રોકાણ) સાથે ભારતીય રીયલ એસ્ટેટમાં હવે સુધારાના અણસાર દેખાવા લાગ્યા છે. આ એફડીઆઈ વર્ષ ૨૦૧૬માં આખા વર્ષમાં આવેલા એફડીઆઈની તુલનાએ બમણાથી વધારે છે.

ભારત સરકાર દ્વારા તાજેતરમાં રીયલ એસ્ટેટ માટે કેટલાક સુધારા કરાયા છે અને નવી નીતિઓ ઘડવામાં આવી છે.

**આર એન્ડ ડીઃ** આર એન્ડ ડી (રીસર્ચ અને ડેવલપમેન્ટ) સેવાઓ સહિત પ્રોફેશનલ વિજ્ઞાનિક અને ટેકનિકલ પ્રવૃત્તિઓમાં વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૧૫-૧૬માં અનુક્રમે ૧૭.૫ ટકા અને ૪૧.૧ ટકાનો વધારો થયો છે. ભારત સ્થિત આર એન્ડ ડી સેવા કંપનીઓ, કે જે વૈશ્વિક બજારમાં ૨૨ ટકા હિસ્સો ધરાવે છે તેમાં ૧૨.૭ ટકાનો વધારો થયો છે.

જોકે, આર એન્ડ ડી પર ભારતનો કુલ ખર્ચ જીડીપીના એક ટકા જેટલો જ છે. ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (જીઆઈઆઈ)માં ૧૨૭ દેશમાંથી ભારતનો ક્રમ ૬૦મો આવ્યો છે જે વર્ષ ૨૦૧૬માં આવેલા ૬૬મા ક્રમ કરતા સુધારો દર્શાવે છે.

**અવકાશઃ** સેટેલાઈટ લોન્ચિંગ મામલે, માર્ચ ૨૦૧૭ સુધીમાં પીએસએલવી દ્વારા ૨૫૪ સેટેલાઈટ્સ સફળતાપૂર્વક લોન્ચ (પ્રક્ષેપિત) કરવાં આવ્યા છે.

સેટેલાઈટ લોન્ચ સર્વિસના નિકાસથી ભારતની ફોરેન એક્સચેન્જ (વિદેશી હુંડિયામણ) કમાણી વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં નોંધપાત્ર પ્રમાણમાં વધી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં આ કમાણી રૂપિયા ૧૪૯ કરોડ હતી જે આ બંને વર્ષમાં વધીને અનુક્રમે રૂપિયા ૩૯૪ કરોડ અને રૂપિયા ૨૭૫ કરોડ નોંધાઈ છે.

ગ્લોબલ સેટેલાઈટ લોન્સ સર્વિસમાંથી થતી આવતમાં વૈશ્વિક સ્તરે ભારતનો હિસ્સો વર્ષ ૨૦૧૫-૧૬માં વધીને ૧.૧ ટકા થયો છે જે અગાઉ વર્ષ ૨૦૧૪-૧૫માં ૦.૩ ટકા હતો. એન્ટ્રીક્સના અંદાજ અનુસાર વૈશ્વિક સમુદાય દ્વારા લો અર્થ ઓર્બિટ (એલઈઓ) સેટેલાઈટ્સના લોન્ચિંગ માટે પીએસએલવી, જીએસએલવી, જીએસએલવીએમકે – ૩ લોન્ચ સેવાઓનો ઘણો ઉત્તમ ઉપયોગ કરાશે.

# દીકરી સંતાન માટેની યોજના એટલે તમામ પગલાં સાચી દિશામાં ઈકોનોમિક સરવે

કેન્દ્રીય મંત્રી દ્વારા ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ગુલાબી રંગનો ઈકોનોમિક સરવે ૨૦૧૭-૧૮ રજૂ કરવામાં આવ્યો હતો. આ સરવેમાં અન્ય અર્થતંત્રોની તુલનાએ ભારતમાં જાતિ(લિંગ) આધારિત પરિણામોનું આકલન રજૂ કરતી વખતે ખાસ કરીને જાતિ અને પુત્ર પ્રાપ્તિની લોકોની માનસિકતા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

સરવેમાં ટાંકવામાં આવ્યું હતું કે જાતિય અસમાનતા પરંપરાગત રીતે ચાલ્યો આવતો બહુ-પરિમાણિય મુદ્દો છે. તદઅનુસાર, આકલન જાતિના ત્રણ મુખ્ય પરિમાણો એટલે કે એજન્સી (મહિલાઓના પ્રજોત્પતિ સંબંધિત નિર્ણય, તેમના પર ખર્ચ, તેમના પરિવારો પર ખર્ચ અને તેમની પોતાની ગતિશિલતા તેમજ સ્વાસ્થ્ય સંબંધિત), એટિટ્યૂડ (મહિલાઓ/પત્નીઓ સાથે થતી હિંસા, અને પુત્રોની સંખ્યાની તુલનાએ પુત્રીઓની સંખ્યાના આદર્શ આંકડા સંબંધિત) તેમજ આઉટકમ (છેલ્લા સંતાનની જાતિ(લિંગ)ની સપ્રમાણતા દ્વારા નક્કી કરવામાં આવતી 'પુત્ર સંતાનને પ્રાધાન્યતા', મહિલા રોજગારી, ગર્ભાધાનની પસંદગી, શિક્ષણનું સ્તર, લગ્નની વય, પ્રથમ બાળકના જન્મ વખતની વય અને મહિલાઓ સાથે થતી શારીરિક અથવા જાતિય હિંસા સંબંધિત) આધારિત છે, જે સમાજમાં મહિલાઓના દરજ્જા, ભૂમિકા અને સશક્તિકરણનું પ્રતિબિંબ પાડવાના આશયથી કરાયું છે.

ઈકોનોમિક સરવે ૨૦૧૭-૧૮માં નોંધવામાં આવ્યું છે કે, જાતિ સંબંધિત પડકારો ઘણા લાંબા સમયથી આપણી સામે છે, સંભવતઃ પાછલી સહસ્ત્રાબ્દીથી છે, આથી આના ઉકેલ માટે તમામ સહભાગીઓ એકસરખા પ્રમાણમાં જવાબદાર છે.

આમ આ સરવેમાં એવું સૂચવવામાં આવ્યું છે કે, ભારત પુત્ર પ્રાપ્તિની પ્રાધાન્યતાની સમસ્યાનો સામનો કરી લેશે તો પણ તેણે સામાજિક પ્રાધાન્યતાનો મુકાબલો કરવો જ પડશે, જે વિકાસમાં અવરોધરૂપ દેખાય છે. પુત્ર પ્રાપ્તિની તરફેણના કારણે ઉભી થયેલી જાતીગત વિષમતાના કારણે "લાપતા" મહિલાઓની ઓળખ થઈ છે. સરવેમાં ઉમેર્યું હતું કે, છેલ્લા સંતાનની જાતિ(લિંગ)ને અનુલક્ષીને પ્રજોત્પતિ રોકવાના નિયમોમાં થતા ફેરફારો પુત્ર પ્રાપ્તિની અધિ-પ્રાધાન્યતા આપોઆપ જ દેખાઈ આવે છે, જેના કારણે કલ્પનાત્મક રીતે "અનિચ્છિત" પુત્રીઓની સંખ્યા વધે છે, અને એક અંદાજ અનુસાર આવી છોકરીઓની સંખ્યા ૨૧ મિલિયન છે. સરવેમાં એવું મંતવ્ય આપવામાં આવ્યું હતું કે, સમાજમાં ફેલાયેલા ઘૃણાસ્પદ દૂષણને વહેલી તકે ઈતિહાસ બનાવી દેવું જોઈએ. સરવેમાં એવું પણ ટાંકવામાં આવ્યું હતું કે સરકારના 'બેટી બચાવો, બેટી પઢાઓ' અને સુકન્યા સમૃદ્ધિ યોજના તેમજ ફરજિયાત મેટરનીટિ રજાના નિયમો સાચી દિશામાં લેવાઈ રહેલાં પગલાં છે.

સરવેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, વ્યવસાય ક્ષેત્રે જે પ્રમાણે ભારત ઘણી સારી રેન્કમાં પહોંચવા માટે આગળ વધવા કટિબદ્ધ છે તે પ્રમાણે જ જાતિગત સમાનતા મામલે પણ એટલી જ કટિબદ્ધતા દાખવવી આવશ્યક છે.


**અગત્યની સૂચના**

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી અને હિન્દીનું લવાજમ ઓનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે :**

(1) http://yojana.gov.in/
(2) http://publicationsdivision.nic.in/Subscription.aspx
(3) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana



**આગામી આકર્ષણ**

**ઉત્તર પૂર્વ**

**North East**

# કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૮-૧૯ માં આજીવિકા નિર્માણનાં પગલાં

**ડૉ. રણજિત મહેતા**




*ગિફ્ટ સિટી, જ્યાં નૉન રેસિડેન્ટ્સ દ્વારા કૅપિટલ ગેઈન ટૅક્સમાંથી ડેરિવેટિવ્ઝ અને ચોક્કસ સિક્યોરિટીઝની ટ્રાન્સફર માટે કરવેરામાંથી બાકાતીની સુવિધા છે, ત્યાં આઈએફએસસી વિકસાવવા માટેની જોગવાઈઓ છે. દરિયાપારની લે વેચની પ્રવૃત્તિની આશા માટે આ એક આવકાર્ય બાબત છે અને સિંગાપોર, દુબઈ, હોંગકોંગ સામે એને વધુ સ્પર્ધાત્મક બનાવવાની શકયતા રહે છે. ગિફ્ટ સિટી નાં યુનિફાઈડ રેગ્યુલેટર, નિયમનોને લગતી બધી જ ચિંતાઓ - મુશ્કેલીઓનું એક બારીએથી નિવારણ કરવા માટેની સગવડ પૂરી પાડશે*

આજની દુનિયામાં સરકારે લીધેલા એક નાના નિર્ણયનાં પણ અનેકવિધ જટિલ પરિણામો આવી શકે છે. નિર્ણયો કે પસંદગીની ગૌણ, નીચા સ્તરે અને છેક પાયાના સ્તરે જે અસરો પડે એના સંદર્ભમાં સંભાળપૂર્વકનું મૂલ્યાંકન કરવું રહે છે. અંદાજપત્રમાં ઘણી બધી પસંદગી કરવામાં આવે છે જેનો અમલ કરવામાં આવે તો ભારતની આર્થિક નીતિમાં બદલાવ આવી શકે છે.

કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરુણ જેટલીએ ૧લી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સંસદમાં રજૂ કરેલું ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર જીએસટી જુલાઈ ૨૦૧૭ માં અમલી બન્યો એ પછીનું પ્રથમ અંદાજપત્ર હોવાથી ખાસ મહત્ત્વ ધરાવે છે. આર્થિક સુધારાના અમલના લાંબા સમય પછી ધીમો મંદ આર્થિક વિકાસ, પડકારરૂપ વિત્તીય પરિસ્થિતિ અને કૃષિ ક્ષેત્રની મુશ્કેલીઓ વચ્ચે, આ અંદાજપત્રમાં ગરીબી, ગ્રામીણ અર્થકારણ, આરોગ્ય સંભાળ, શિક્ષણ, આંતરમાળખાની સગવડો તથા એક આધુનિક, મજબૂત અને આત્મવિશ્વાસથી સભર ભારતની દિશામાં ડિજિટલાઈઝેશન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વિતેલા વર્ષમાં નોંધપાત્ર નીતિવિષયક અને માળખાકીય સુધારા કરવામાં આવ્યા હતા. જાહેર ક્ષેત્રની બૅંકોને વધુ મૂડી પૂરી પાડવાની જાહેરાત તથા લાંબા સમયથી વસૂલ ન થયેલી લોન - નૉન પર્ફોર્મિંગ એસેટ્સની સમસ્યા હલ કરવા માટે સામે ચાલીને લેવાયેલાં પગલાં ઉપરાંત સરકારે ભારતના બૅંકિગ ક્ષેત્ર તેમજ એની ધિરાણ વિષયક પરિસ્થિતિની નબળાઈનો પ્રશ્ન ઉકેલવા ઘણી બધી પહેલ કરી છે. વિવિધ આર્થિક સુધારા તથા પ્રગતિને ધ્યાનમાં રાખીને અગ્રણી આંતરરાષ્ટ્રીય ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝે ભારતની ધિરાણ માટેની યોગ્યતાનો ક્રમ - ક્રેડિટ રેટિંગ - ૧૩ વર્ષ પછી બીએએ - ૩ થી અપગ્રેડ કરી બીએએ - ૨ કર્યો હતો.

નાણાંમંત્રીએ એમના અંદાજપત્રના ભાષણમાં ભારતીય અર્થતંત્રનો વિકાસ પુનઃ વેગવંતો કરવાની સાથોસાથ, દેશને એક પ્રામાણિક, સ્વચ્છ અને પારદર્શી સરકાર પૂરી પાડવાના સરકારના વચનનો સંકેત પૂરો પાડયો હતો. અંદાજપત્રમાં જાહેર કરાયેલાં વિવિધ પગલાં આ વચનને આધાર પૂરો પાડે છે. અંદાજપત્રમાં ગ્રામીણ આંતરમાળખાને પ્રોત્સાહન પૂરું પાડવાનું અને ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું જે લક્ષ્ય રાખવામાં આવ્યું છે એ જોતાં સરકાર આર્થિક વિકાસનો દર ૮ ટકાથી વધુ

થવાની ધારણા રાખે છે.

અંદાજપત્રમાં સૌથી વધુ ધ્યાન ખેડૂતો તેમજ ગ્રામીણ વિસ્તારોના વિકાસને ટેકો પૂરો પાડવા ઉપર કેન્દ્રિત થયું છે, પણ એની સાથોસાથ વિકાસ, રોજગારીની તકો અને ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. કરવેરા મેળવવાનું આધારભૂત માળખું વિસ્તારવું, ખેડૂતોની આવકમાં વૃદ્ધિ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઔદ્યોગિક સાહેસોને વેગ આપવો તથા દેશના અર્થકારણને ચોક્કસ સ્વરૂપ બક્ષવાના ઉદ્દેશો સ્પષ્ટપણે સરકારના ઘોષિત અગ્રતાક્રમો અને લાંબા ગાળાના એજન્ડાનું પ્રતિબિંબ પૂરું પાડે છે.

આંતરમાળખાને મોટું પ્રોત્સાહન, સાર્વત્રિક આરોગ્ય સંભાળની આયુષ્યમાન યોજનાનો આરંભ, તમામ લોકો માટે આવાસ, શિક્ષણમાં ક્રાંતિનો સંચાર અને મત્સ્યોછેર, ફૂડ પ્રોસેસિંગ તથા કાપડ ઉદ્યોગ જેવાં આનુષંગિક ક્ષેત્રોને ટેકો અર્થતંત્ર માટે શુભ સંકેત છે. નાણામંત્રીએ એમના અંદાજપત્ર મારફત એ વાત દોહરાવી છે કે રોજગારીની તકોનું નિર્માણ આર્થિક નીતિઓ ઘડવાનું હાર્દ છે. દેશમાં કૃષિ ક્ષેત્રની સમસ્યાઓ અને ખેડૂતોની તકલીફો ધ્યાનમાં લેતાં ગ્રામીણ વિસ્તારોમાં જીવન ગુજારા તથા આંતરમાળખા માટે રૂ. ૧૪.૨૪ લાખ કરોડના ખર્ચની જોગવાઈ આ દિશામાંનું એક નોંધપાત્ર પગલું છે. આજ પ્રમાણે કૃષિ ક્ષેત્રે કુલ ધિરાણ વધીને રૂ. ૧૧ લાખ કરોડ થવાની ધારણા છે.

દેશનાં ૧૦ કરોડો કુટુંબો અને લગભગ ૫૦ કરોડ લાભાર્થીઓ માટે વાર્ષિક રૂ. ૫ લાખના વીમાની શિરમોર સમી રાષ્ટ્રીય વીમા યોજના મારફત સમગ્ર વિશ્વની સૌથી વિશાળ જાહેર આરોગ્યની યોજનાના શ્રીગણેશ ભારતમાં આરોગ્ય સંભાળ ક્ષેત્ર માટે ખૂબ જ આવકારદાયક છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો ને મોટા પ્રોત્સાહનના રૂપમાં નાણામંત્રીએ રૂ. ૨૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં સાહસોને ઘટાડાયેલા ૨૫ ટકાના કંપની વેરાના દરનો લાભ પૂરો પાડવાની જાહેરાત કરી છે. આની હેઠળ આવકના રિટર્ન ભરતી ૯૯ ટકા જેટલી કંપનીઓ આવરી લેવાશે. આનાથી નાની અને મિડ કેપ કંપનીઓને લાભ થશે એટલું જ નહીં પણ એમને ઉત્પાદનશક્તિ વિસ્તારવામાં મોટી મદદ મળશે.

કૉર્પોરેટ બોન્ડ માર્કેટને પુનઃ જોમવંતુ બનાવવાની જરૂરિયાત લાંબા સમયથી વર્તાય છે અને આ માટે ઘણા બધા પ્રયાસો કરવામાં આવ્યા છે. સરકાર હવે મોટી કંપનીઓને એમનાં નાણાંની લગભગ ૨૫ ટકા જરૂરિયાત બોન્ડ માર્કેટમાંથી મેળવવા માટે આદેશ આપવા વિચારી રહી છે. આ પગલું કંપનીઓના નાણાંની જરૂરિયાતના સંદર્ભમાં, બજારમાં બોન્ડ્ઝનો પુરવઠો વધારશે. ઓછું - નીચું રેટિંગ ધરાવતા બોન્ડ્ઝના વેપાર માટે છૂટ આપવાથી એની માંગને પ્રોત્સાહન મળશે, જેના પરિણામે રોકાણકારોને ડેટ પેપરની વધુ સારી પસંદગી કરવાની તક મળશે અને ભારતીય કૉર્પોરેટ ડેટ માર્કેટમાં લિક્વિડીટી સુધરશે.

ગિફ્ટ સિટી, જ્યાં નૉન રેસિડેન્ટ્સ દ્વારા કૅપિટલ ગેઈન ટૅક્સમાંથી ડેરિવેટિવ્ઝ અને ચોક્કસ સિક્યોરિટીઝની ટ્રાન્સફર માટે કરવેરામાંથી બાકાતીની સુવિધા છે, ત્યાં આઈએફએસસી વિકસાવવા માટેની જોગવાઈઓ છે. દરિયાપારની લે વેચની પ્રવૃત્તિની આશા માટે આ એક આવકાર્ય બાબત છે અને સિંગાપોર, દુબઈ, હોંગકોંગ સામે એને વધુ સ્પર્ધાત્મક બનાવવાની શકયતા રહે છે. ગિફ્ટ સિટી નાં યુનિફાઇડ રેગ્યુલેટર, નિયમનોને લગતી બધી જ ચિંતાઓ - મુશ્કેલીઓનું એક બારીએથી નિવારણ કરવા માટેની સગવડ પૂરી પાડશે અને બહુવિધ નીતિઓ અંગેના નિર્ણયો ઝડપથી લેવાય એમાં સહાયભૂત થશે.

જાહેર સાહસો વગેરેમાંથી સરકારની રોકાણો પાછા ખેંચવા સંબંધમાં સરકાર ઘણા ઊંચા લક્ષ્યાંકો સિદ્ધ કરી રહી છે એ તબક્કે જાહેર સાહસો માટે નાણાં ઊભા કરવા સંબંધમાં - મુદ્રીકરણ માટે આંતરમાળખા મૂડીરોકાણ ટ્રસ્ટોની રચના એક વિધાયક ઘટના છે. કેન્દ્ર સરકારે, બે વીમા કંપનીઓ સહિત કુલ ૧૪ કેન્દ્રીય જાહેર સાહસોની સ્ટૉક એક્સચેન્જ ઉપર નોંધણી - લિસ્ટિંગ માટે મંજૂરી આપી છે. કેન્દ્રનાં ૨૪ જાહેર સાહસોમાંથી વ્યૂહાત્મક રીતે સરકારનું મૂડીરોકાણ પાછું ખેંચવાની પ્રોસેસની પહેલ તથા મોડે મોડેથી ઍર ઇન્ડિયાના ખાનગીકરણ માટેની મંજૂરીથી આ જાહેર સાહસોનું વ્યવસ્થાપન સુધરશે.

**અંદાજપત્રમાં રોજગારી નિર્માણ અંગેનાં મુખ્ય પગલાં**

નાણામંત્રીએ જણાવ્યું છે કે રોજગારીનું સર્જન તથા એમાં સહાયક બનવાનાં પગલાં સરકારની નીતિઓ ઘડવાના હાર્દમાં રહેલાં છે. એમણે વધુમાં એવા સંકેતો આપ્યા છે કે કાપડ અને ચામડાના ઉદ્યોગો તથા સૂક્ષ્મ લઘુ અને મધ્યમ કદનાં સાહસો સહિતનાં જે ક્ષેત્રોમાં કામદારો - મજૂરોનું પ્રમાણ વધુ હોય એના ઉપર સરકાર સતત ધ્યાન આપશે.

ભારતમાં ૧.૮ કરોડથી વધુ બેકાર લોકો છે. તાજેતરના વિશ્વ બૅંકના એક અહેવાલમાં વધુમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ભારતની ૧૫ થી ૨૯ વર્ષની વસ્તીમાંથી ૩૦ ટકા ઉપરાંતની વસ્તી

શિક્ષણ કે તાલીમ નથી લેતી તેમજ બેકાર છે. આ બધી બાબતોથી ભારતમાં વિકાસમાં નોકરીની તકો એક મુખ્ય પ્રશ્ન બની ગઈ છે. ભારતમાં એકંદરે જોતા બેકારીનો દર લગભગ ૩.૫ ટકા છે. આથી મોટી ચિંતા ૧૫ થી ૨૪ ની વય જૂથના લોકો કે જે પહેલી વાર શ્રમિકો બન્યા હોવાનું માનવામાં આવે છે એમની બેકારીનો દર છે. આ દર જે ૨૦૧૪માં ૧૦ ટકા હતો એ ૨૦૧૭ માં વધીને ૧૦.૭ ટકા ઉપર પહોંચ્યો હોવાનું આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનના તાજેતરના હેવાલમાં જણાવાયું છે આ ઉપરાંત કામની શોધમાં હોય એવા શ્રમિકોની સંખ્યામાં દર મહિને ૧૦ લાખનો ઉમેરો થાય છે પણ એમની માંગણી મુજબ રોજગારીની નવી તકો ઊભી નથી થતી. પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના ૨૦૧૬માં શરૂ કરવામાં આવી એ પછી અત્યાર સુધી ૩૦૪૭૫ નોંધણી મથકોમાં ૨૧,૬૪૫૭૫ કર્મચારીઓની નોંધણી થઈ છે. જો કે આ યોજના હેઠળ કેટલાને કામ આપવામાં આવ્યું એ અંગે કોઈ સ્પષ્ટતા નથી મળતી.

૧) ભારતમાં બાંધકામનું ક્ષેત્ર, મોસમી રોજગારી પૂરી પાડવામાં કૃષિ ક્ષેત્ર પછીનું એક સૌથી વિશાળ ક્ષેત્ર છે, જે સીધી અથવા પરોક્ષ રીતે ૪.૫ કરોડથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર કૃષિ ક્ષેત્રની મુશ્કેલીઓ તેમજ નોકરીની તકો ઊભી કરવાની જરૂરિયાત સ્વીકારે છે અને આ બંને સમસ્યા હલ કરવા એમાં પ્રયાસ કરવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્રની મુશ્કેલીઓ દૂર કરવા ગ્રામીણ ક્ષેત્રમાં શ્રેણીબદ્ધ પ્રૉજેક્ટની દરખાસ્ત થઈ છે, જેમાં લિંકરોડ, ગ્રામીણ બજારો, કૃષિ પ્રોસેસીંગ કેન્દ્રો, ફૂડ પાર્કસ, સૂક્ષ્મ સિંચાઈ, વાઈફાઈ હોટસ્પોટસ, શૌચાલયો, પરવડી શકે એવાં આવાસો, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો, જિલ્લા સ્તરની હૉસ્પિટલો અપગ્રેડ કરવી તથા જિલ્લા સપાટીએ કૌશલ્ય કેન્દ્રો તથા માછીમારી અને પશુસંવર્ધન માટે માટે આંતરમાળખાની સગવડોના ફંડનો સમાવેશ થાય છે. વિભિન્ન પ્રકારના ગ્રામીણ પ્રૉજેકટ અંગે વિચારવાનું તેમજ એને માટે જોગવાઈ કરવાનું આટલી બધી ચોકસાઈ અને જહેમતભર્યું કામ આ અગાઉ કોઈપણ અંદાજપત્રમાં હાથ નથી ધરાયું એ સ્પષ્ટ છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં લોકોના જીવનગુજારા માટે તથા આંતરમાળખાના વિકાસ માટે ૨૦૧૮-૧૯માં વિવિધ કેન્દ્રીય મંત્રાલયો દ્વારા કુલ રૂ. ૧૪.૩૪ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે, જેમાં બજેટ ઉપરાંતના અને બજેટ સિવાયના (નૉન બજેટરી) રૂ. ૧૧.૯૮ લાખનાં સાધનોનો સમાવેશ થાય છે. આ ખરેખર એક ઘણો જ મોટો આંકડો છે. કૃષિ પ્રવૃત્તિઓમાં ઊભી થનારી રોજગારી અને સ્વરોજગારી ઉપરાંત આ ખર્ચ નાણામંત્રીના જણાવ્યા મુજબ, ૩૨૧ કરોડ માનવદિનની રોજગારીનું નિર્માણ કરશે.

૨) નોકરીની તકો ઝડપથી ઊભી કરવાના આશયથી નિશ્ચિત મુદત માટે કરાર ઉપર નોકરીએ રાખવાની વ્યવસ્થા, વસ્ત્રો બનાવવાના ક્ષેત્ર ઉપરાંત તમામ ક્ષેત્રોને લાગુ પાડવામા આવી છે. આ વ્યવસ્થાથી નોકરીદાતાઓ ચોક્કસ પ્રોજેક્ટો માટે કરાર ઉપર કામદારોને રાખી, પ્રોજેક્ટો પૂરા થતા કામદારોને છૂટા કરી શકે છે. વિવિધ ક્ષેત્રોમાં આવી કરાર પદ્ધતિ દાખલ કરવાની યોજના નોકરીની વધુ તકો ઊભી કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડશે. જો કે એમાં કેટલીક રોજગારી મોસમી હોવાની સંભાવના છે. આમાં ખાસ કરીને ચા વગેરેના બગીચા અને ખાણોમાં રોજગારીનો સમાવેશ થાય છે.

૩) આંતરમાળખાના ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે જે મોટા પ્રમાણમાં રોજગારી પૂરી પાડે છે. રોજગારી નિર્માણ માટે તેમજ વિકાસમાં સહાયભૂત થવા માળખાના ક્ષેત્ર માટે અંદાજપત્રીય અને એ સિવાયના ખર્ચની રકમ, ૨૦૧૭-૧૮ના રૂ. ૪.૯૪ લાખ કરોડના અંદાજિત ખર્ચ સામે ૨૦૧૮-૧૯ માં વધારીને રૂ. ૫.૯૭ લાખ કરોડ કરવામાં આવશે.

૪) રૂ. ૨૫૦ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે, કંપનીવેરાનો દર ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. ગયા વર્ષના અંદાજપત્રમાં ૨૫ ટકાના દરનો લાભ રૂ. ૫૦ કરોડથી ઓછી આવક ધરાવતી કંપનીઓને આપવામાં આવ્યો હતો. નાણામંત્રીના માનવા મુજબ આ વર્ષે જે ફેરફાર કરાયો છે એનો લાભ રિટર્ન ભરતી ૯૯ ટકા કંપનીઓને થશે અને એમની પાસે મૂડીરોકાણ માટે જે વધારાની રકમ પુરાંત બચશે એના રોકાણથી રોજગારીની વધુ તકો ઊભી થશે.

૫) નોકરિયાત મહિલાઓનો પ્રોવિડંટ ફંડમાંનો ફાળો નોકરીનાં પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન ઘટાડીને ૮ ટકા કરવા અંદાજપત્રમાં કર્મચારીઓના પ્રોવિડંટ ફંડના કાયદામાં સુધારો કરવાની દરખાસ્ત થઈ છે. જો કે નોકરીદાતાઓનો ફાળો હાલની જેમ ૧૨ ટકાના ધોરણે ચાલુ રહેશે. આનાથી વધુ મહિલાઓને કંપની ક્ષેત્રે કામ કરવા જોડાવવા માટે ઉત્તેજન મળશે.

૬) પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર કાર્યક્રમ હેઠળ દેશના પ્રત્યેક જિલ્લામાં સરકાર દ્વારા કૌશલ્ય કેન્દ્ર ઊભું કરવાની જાહેરાત પણ નાણામંત્રીએ કરી છે.

૭) લોકોના આરોગ્યની સર્વાંગી સંભાળ માટે શરૂ થનારી નવી આયુષ્યમાન ભારત

યોજના પણ લાખોની સંખ્યામાં નવી રોજગારીની તકો ખાસ કરીને મહિલાઓ માટે ઊભી કરશે.

૮) પ્રધાનમંત્રી રોજગારી પ્રોત્સાહન યોજના માટેનો ખર્ચ ૨૦૧૭-૧૮ના સુધારેલા રૂ. ૫૦૦ કરોડના અંદાજ સામે ૨૦૧૮-૧૯માં રૂ. ૧૬૫૨ કરોડ નક્કી કરાયો છે. ચામડાનો ઉદ્યોગ શ્રમિકોનું ઘનિષ્ટ પ્રમાણ ધરાવતો ઉદ્યોગ છે અને એના વિકાસની ઘણી સારી સંભાવના છે. સરકારી યોજનાઓ હેઠળ આ ઉદ્યોગમાં હજારો બેકાર યુવકોને તાલીમ આપી કામે રાખવામાં આવ્યા છે. આ યોજના ચર્મ ઉદ્યોગ અને પગરખાં ઉદ્યોગમાં રોજગારીની વધુ તકો ઊભી કરવા માટે ઉત્તેજન પૂરું પાડશે. સરકાર દ્વારા તૈયાર પોષાકોના ક્ષેત્રને પ્રોત્સાહન પૂરું પાડવા ૨૦૧૬ માં કાપડ ક્ષેત્ર માટે રૂ. ૬૦૦૦ કરોડનુ એક સર્વગ્રાહી પેકેજ મંજૂર કરવામાં આવ્યું હતું. કાપડ ક્ષેત્ર માટે ૨૦૧૮-૧૯માં રૂ. ૭૧૪૮ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

૯) ભારતમાં રોજગારી અને વિકાસ માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગ સાહસોનું ક્ષેત્ર એક ખૂબ જ મહત્ત્વનું ક્ષેત્ર છે. આથી આ ક્ષેત્રે વધુ રોજગારી ઊભી કરવા આ ક્ષેત્રોને ધિરાણમાં ટેકો, મૂડી વ્યાજ સબસિડી અને નવી શોધખોળ - સંશોધન પ્રોત્સાહનના રૂપમાં રૂ. ૩૭૯૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

૧૦) કામદાર વર્ગમાં મહિલાઓનો હિસ્સો વધે એ માટે પ્રોત્સાહન પૂરું પાડવા નવા મહિલા કામદારો માટે કર્મચારી પ્રોવિડંટ ફંડમાં એમનો ફાળો ૧૨ ટકાથી ઘટાડી ૮ ટકા કરવાની અંદાજપત્રમાં જાહેરાત કરવામાં આવી છે. ભારતમાં કામદારોની સંખ્યામાં મહિલા કામદારોની ટકાવારી ૨૫ ટકાથી પણ ઓછી છે જ્યારે એની વૈશ્વિક ટકાવારી ૪૦ ટકા છે. ઉદ્યોગ ક્ષેત્રના વરિષ્ઠ અગ્રણીઓ અને નિષ્ણાતોએ જણાવ્યું છે કે મહિલા કામદારોની સંખ્યા વધતાં અર્થતંત્રને વેગ મળશે.

૧૧) નાણાંમંત્રીએ "કૃષિ ક્ષેત્રે ઉત્પાદક રોજગારી"ની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે અમારો ઝોક ખેતરોમાં અને બિન ખેતી ક્ષેત્રે ખેડૂતો અને ભૂમિહીન ખેતમજૂરો માટે ઉત્પાદક અને લાભકારક રોજગારીની તકો ઊભી કરવાનો છે. અંદાજપત્રમાં વધુ નોકરીઓ ઊભી કરવાનાં સાધનોના રૂપમાં સ્વરોજગારી તથા ઉદ્યોગ સાહસિકતાની વાત પણ કરવામાં આવી છે. એમાં જણાવાયું છે કે એપ્રિલ ૨૦૧૫માં શરૂ કરાયેલી "મુદ્રા" યોજના હેઠળ લોનની ૧૦.૩ કરોડ ઉપરાંતની અરજીઓ સામે રૂ. ૪.૬ ટ્રિલીયનનું વિક્રમ ધિરાણ મંજૂર કરવામાં આવ્યું હતું. લોનના ખાતામાં ૭૫ ટકા ઉપરાંત ખાતાં મહિલાઓનાં છે જયારે ૫૦ ટકા ઉપરાંત ખાતાં સમાજના નબળા પછાત વર્ગના છે. મુદ્રાં યોજના હેઠળ અગાઉનાં બધાંજ વર્ષોમાં લક્ષ્યાંકો વટાવી જવાયા હોવાની વાતને ધ્યાનમાં રાખી ૨૦૧૮-૧૯ ના વર્ષમાં આ યોજના હેઠળ ધિરાણ માટે રૂ. ૩ ટ્રિલિયનની ફાળવણી કરવામા આવી છે. આ લોન નાના ઉદ્યોગસાહસિકોને રોજગારીની તકો ઊભી કરવામાં સહાયક બનશે.

૧૨) અંદાજપત્ર ૨૦૧૮-૧૯ માં કૃષિ ક્ષેત્ર માટે સ્પષ્ટ દિશા - માર્ગદર્શન પૂરાં પાડવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્રને એકંદરે જોતા એક સાહસના રૂપમાં અને એ પણ માત્ર ખેતીના સંદર્ભમાં નહીં જોવાની જરૂર છે. કૃષિ વિષયક નીતિઓ માત્ર ઉત્પાદન લક્ષી ન હોવી જોઈએ અને આ નીતિઓથી સમગ્ર કૃષિવિષયક મૂલ્ય વ્યવસ્થાને પ્રોત્સાહન મળવું જોઈએ. નીતિઓ ઘડનારાઓએ સમગ્ર પુરવઠા શૃંખલા, ઉત્પાદન પૂર્વેથી શરૂ કરી ઉત્પાદન પછીની શૃંખલા અને માર્કેટિંગને ધ્યાનમાં રાખવા જોઈએ અને સરકારના કાર્યક્રમોમાં પણ એનો ઉપર લક્ષ આપવું જોઈએ. કૃષિ ક્ષેત્રે નબળી બાબતોની યોગ્ય સમતુલા તેમજ એમાં સુધારા વધારા માટે આ અંદાજપત્રમાં કૃષિ વિષયક સાજ સરંજામ, પ્રોસેસિંગ તથા બજારના આંતરમાળખા ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ તમામ બાબતો રોજગારી, પાકની લણણી પછી એનું વૈજ્ઞાનિક વ્યવસ્થાપન, કોલ્ડ ચેઈન અને લણણી પછીના અન્ય આંતરમાળખાના વિકાસને વેગ પૂરો પાડશે. કેટલાંક નોંધપાત્ર પગલાં નીચે મુજબ છે :

★ પાકની લણણી પછી પાકનું મૂલ્ય વધે એ માટેના વૅલ્યૂ એડિશનનાં પગલાંને પ્રોત્સાહન પૂરું પાડવા રૂ. ૧૦૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા ખેડૂત ઉત્પાદક સંગઠનોને આવકવેરામાંથી મુક્તિ બક્ષવામાં આવી છે. જૂથ કે ઝૂમખાં આધારિત ખેતી તથા બાગાયત ખેતીની પેદાશોના પુરવઠાની શૃંખલામાં એફપીઓ અને વીપીઓ મારફત મોટા પાયા પર કામકાજનાં પગલાંને ઉત્તેજન.

★ ઑપરેશન ફ્લડ - શ્વેતક્રાંતિના ધોરણે, કૃષિ સાજ સરંજામ તથા પ્રોસેસિંગ ઉપર ખાસ ધ્યાન સાથે ઑપરેશન ગ્રીન હાથ ધરવા માટે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. એનાથી ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો ઊભી થશે. કૃષિ પેદાશોના બજારોના અપગ્રેડેશન માટે રૂ. ૨૦૦૦ કરોડનું કૃષિ માર્કેટ આંતરમાળખા ફંડ ઊભું કરવામાં આવશે.

★ ખરીફ પાકો માટે ઉત્પાદન ખર્ચથી

દોઢગણા અલ્પતમ ટેકારૂપ ભાવ.

★ વાંસની ખેતીના ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રૂ. ૧૨૯૦ કરોડના ભંડોળ સાથે નવું માળખું ધરાવતું લાંબાં મિશન "ગ્રીન ગોલ્ડ" શરૂ કરવામાં આવશે.

★ સિંચાઈ વિકાસ (પીએમએસવાય) માટેની ફાળવણી વધારીને રૂ. ૨૬૦૦ કરોડ કરવામાં આવી છે. દેશના જે ૯૬ જિલ્લામાં ૩૦ ટકાથી પણ ઓછી જમીનને સિંચાઈની સગવડ નિશ્ચિતપણે પ્રાપ્ય છે એના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

★ મત્સ્યોછેર અને માછીમારી માટેનું આંતરમાળખું અને પશુસંવર્ધન આંતરમાળખાના વિકાસ ફંડ માટે કુલ રૂ. ૧૦,૦૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યુ છે.

★ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોના મંત્રાલય માટેની ફાળવણી બેવડી કરીને રૂ. ૧૪૦૦ કરોડ કરવામાં આવી છે. આ માટે કૃષિ પ્રોસેસીંગ નાણાકીય સંસ્થાઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે.

ઉપસંહાર કરીએ તો, કેન્દ્રીય અંદાજપત્રમાં ધારણા મુજબ, રોજગારી નિર્માણ, ગ્રામીણ વિસ્તારો, કૃષિ ક્ષેત્ર તથા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગ સાહસોના ક્ષેત્ર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને એની સાથોસાથ ખેડૂતોની આવક વધારવા લોકોને વ્યાપક ધોરણે આરોગ્યની સગવડો પૂરી પાડવા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગ સાહસોના ધિરાણનો પુરવઠો સુગમ બનાવવા તેમજ મુદ્રા યોજના હેઠળ ધિરાણના લક્ષ્યાંકોમાં નોંધપાત્ર વધારો કરવા શ્રેણીબદ્ધ નીતિવિષયક જાહેરાત કરવામાં આવી છે. આ જ પ્રમાણે, આંતરમાળખાના ક્ષેત્રમાં થનારા ખર્ચામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે મને એ વાતની ખાતરી છે કે આપણે હવે જે નૂતન ભારતનું નિર્માણ કરવાની આકાંક્ષા સેવીએ છીએ એ નૂતન ભારત સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો (સ્વામી વિવેકાનંદે પણ દાયકાઓ પહેલા એમનાં યુરોપના પ્રવાસનાં સંસ્મરણોમાં એનું સ્વપ્ન સેવ્યું હતું.) તમે તમારી જાતને અવકાશમાં સમાવી દો અને અદશ્ય થઈ જાઓ અને તમારા સ્થાને નૂતન ભારતનો ઉદય થવા દો. હળ ચલાવતાં ખેડૂતોની ઝૂંપડપટ્ટીઓમાંથી માછીમારોની ઝૂંપડપટ્ટીમાંથી નૂતન ભારતનો ઉદય થવા દો.

કરિયાણાના વેપારીની દુકાનમાંથી, પરચૂરણ ચીજવસ્તુઓ વેચતા નાના વેપારીઓના ઘરના ચૂલામાંથી એનો ઉદય થવા દો. નૂતન ભારતને કારખાનાં, નાની હાટડીઓ અને બજારોમાંથી પ્રગટ થવા દો. નૂતન ભારતને ઉપવનો અને જંગલો, ટેકરીઓ અને પર્વતોમાંથી ઉદય પામવા દો."

એકંદરે જોતાં નાણામંત્રીએ કૃષિ, આરોગ્ય સંભાળ, શિક્ષણ, આંતરમાળખાની સુવિધાઓ અને ગ્રામીણ વિકાસ જેવી હાર્દરૂપ બાબતો ઉપર ખાસ ઝોક સાથે એક ઉત્કૃષ્ટ અંદાજપત્ર રજૂ કર્યું છે. વિત્તીય દૂરદર્શિતા ઉપર એકધારું ધ્યાન, મૅન્યુફેક્ચરિંગ ક્ષેત્રને ઉત્તેજન, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગ સાહસોમાં વૃદ્ધિ તથા આરોગ્ય સંભાળ તેમજ કૌશલ્ય વિકાસમાં સુધારણા આ અંદાજપત્રનાં મુખ્ય લક્ષણો કે બોધપાઠ છે. ટૂંકમાં, આ અંદાજપત્રએ એક નૂતન અને ઉદય પામી રહેલા ભારતના નિર્માણ માટે વિકાસ ઉપર એનું સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું છે અને ભારતીય અર્થતંત્રમાં મજબૂતીથી એનો ફાળો આપ્યો છે. દેખીતી રીતે જ આ એક એવું અંદાજપત્ર છે કે જે લાખોની સંખ્યામાં રોજગારીની તકો ઊભી કરવામાં અને ૮ ટકાનો આર્થિક વિકાસ દર સિદ્ધ કરવામાં સહાયક બનશે.

**લેખક પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી નવી દિલ્હી ખાતે પ્રિન્સિપલ ડિરેક્ટર છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજ ક્ષેત્ર, રિન્યૂએબલ એનર્જી, ઓઈલ એન્ડ ગેસ, હાઉસીંગ સેક્ટર, રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી બિલ, જમીન સંપાદન વિધેયક, દિલ્હીના માસ્ટર પ્લાન, નેશનલ વોટર પોલિસી અને લોજીસ્ટીક સેક્ટર જેવા નીતિ વિષયક મુદ્દાઓ ઉપર કામ કરી રહ્યા છે. તેમના પ્રકાશનોમાં ૬ પુસ્તકો અને ૪૫ થી વધુ અભ્યાસ લેખો તથા ઘણી પ્રતિષ્ઠીત જર્નલ્સ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના અગ્રણી સામાયિકોમાં તેમણે ઘણાં વિષયો પર વિસ્તૃત લેખો લખ્યા છે.**

**E-mail:**
**ranjeetmehta@gmail.com**

**યોજના**
**વાંચો**
**યોજના**
**વંચાવો**
**યોજના**
**વસાવો**

# મહિલા સશક્તિકરણ અને બજેટ ૨૦૧૮-૧૯

ડૉ. શાહીન રાઝી



*બજેટ ૨૦૧૮ ભારતની પ્રગતિનો પરિવર્તનકારી માર્ગ છે. સ્વતંત્ર ભારતનું આ પહેલું એવું બજેટ છે જેમાં સામાજિક ક્ષેત્રને કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યું છે. નાણામંત્રીએ ભારતના અર્થતંત્રની સામે રહેલા કેટલાક પડકારોનો સામનો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ માટે ખાસ કરીને ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સુવિધા અને શિક્ષણની ઉપલબ્ધતા, મહિલા સશક્તિકરણ, કૃષિમાં ઉન્નતિ અને નવી રોજગારી ઊભી કરવા પર વિશેષ વિચાર કરવામાં આવ્યો છે.*

આ વર્ષના બજેટમાં પ્રસ્તાવો મૂકતી વખતે, અમે ખાસ કરીને ભારતીય અર્થતંત્રમાં કૃષિ, સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગારી, મહિલાઓ, એમએસએમઈ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોને વધુ મજબૂત કરવાના અમારા મિશનને અનુલક્ષીને આગળ વધી રહ્યા છીએ. મને ખાતરી છે કે અમે જે નવા ભારતના નિર્માણની કલ્પના કરી છે તે હવે સાર્થક બનશે.

**- અરુણ જેટલી**

બજેટ ૨૦૧૮-૧૯ ઐતિહાસિક અને ક્રાંતિકારી છે. નાણામંત્રી અરુણ જેટલીએ નવી નોકરીઓ માટે મહત્ત્વપૂર્ણ પ્રોત્સાહનો, રૂપિયા ૨૫ કરોડ સુધીનું વેચાણ ધરાવતી કંપનીઓ માટે કૉર્પોરેટ ટૅક્સમાં ૨૫ ટકાની રાહત, તમામ ક્ષેત્રોમાં કૉન્ટ્રાક્ટ લેબરની મંજૂરી આપીને શ્રમ રોજગારમાં વધુ લવચીકતા, કૃષિના ઉત્કર્ષ માટે જાહેરાતો, મહિલા સશક્તિકરણ માટે પગલાં અને કદાચ વિશ્વની સૌથી મોટી હૉસ્પિટલ સારવાર યોજના બની શકે તેવી ૧૦૦ મિલિયન ગરીબ પરિવારોને સ્વાસ્થ્ય સેવાની યોજનાના લૉન્ચિંગ સહિતની જાહેરાતો દ્વારા તેમણે વિકાસવાદી બજેટ રજૂ કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું છેલ્લું સંપૂર્ણ બજેટ એ ભારત માટેનું બજેટ છે — ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને હાંસિયામાં ધકેલાયેલા લોકો માટેનું બજેટ છે. સરકાર હવે 'વ્યવસાય માટે સરળ' તરફથી ખસીને ગરીબો અને હાંસિયામાં ધકેલાયેલા લોકોના કલ્યાણ માટે 'જીવન માટે સરળ' તરફ આગળ વધી રહી છે. આ સુધારા તરફી અને પ્રગતિશીલ છે, જે ભારતના પ્રબળ પુનરુત્થાનનો આત્મવિશ્વાસ દર્શાવે છે.

ભારતદેશ સ્વતંત્રતા મળી ત્યારથી ખાસ કરીને મહિલાઓનાં સશક્તિકરણ માટે કામ કરી રહ્યો છે અને ખાસ કરીને ૧૯૯૦ના દાયકાથી આ દિશામાં ગતિવિધિઓ વધુ તેજ બની છે. સરકારી અને બિન-સરકારી બંને પ્રકારનાં ક્ષેત્રો દ્વારા ખાસ કરીને મહિલાઓને વધુ શિક્ષિત બનાવવા, તેમને બહેતર સ્વાસ્થ્ય સેવાઓ આપવા માટે, તેમને આજીવિકાના માધ્યમો પૂરાં પાડવા અને ઘર તેમજ સમાજમાં તેઓ નિર્ણય લેવામાં ભાગ લઈ શકે તે માટે પૂરતી તકો આપવાના આશય સાથે વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવી રહ્યા છે. સંખ્યાબંધ છોકરીઓનું જીવન સુધારવા માટે તેમજ તેમને જીવન જીવવાની બહેતર સંભાવનાઓ પૂરી પાડવા માટે અને તેઓ સંપૂર્ણપણે જીવન માણી શકે તે માટે તકો ઉપલબ્ધ કરાવવા માટે છોકરીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

૧૯૯૩માં આપણા બંધારણમાં ૭૩મો સુધારો આ દિશામાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતો. આ સુધારા અંતર્ગત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીની

સપ્રમાણતામાં પંચાયત વિસ્તારમાં બેઠકો અનામતની જોગવાઈ રાખવામાં આવી હતી. પંચાયતી રાજ સંસ્થાનો (પીઆરઆઈ) માં મહિલાઓ માટે ત્રીજા ભાગની બેઠકો અનામત રાખવાનો નિર્ણય ફળદાયી નીવડ્યો અને તેનાથી રાજકીય તેમજ સામાજિક સ્તરે મહિલાઓ વધુ સશક્ત બની. વર્તમાન સમયમાં ભારતમાં અંદાજે ૨,૦૦,૦૦૦ પંચાયત પ્રતિનિધિ છે જેમાંથી ૭૫,૦૦૦ મહિલા પ્રતિનિધિ છે અને આ આંકડો દુનિયામાં સૌથી વધુ સંખ્યામાં ચૂંટાયેલી મહિલાઓ દર્શાવે છે.

મોદી સરકાર સંસદમાં મહિલા અનામત બિલ લાવવા અંગે વિચાર કરી રહી છે. તેની જોગવાઈ અનુસાર મહિલાઓ માટે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં એક તૃત્યાંશ અનામત બેઠકો રાખવાનો પ્રસ્તાવ છે.

પંચાયત અથવા સંસદમાં અનામત ઘણું મહત્ત્વપૂર્ણ હોવાની સાથો સાથે, મહિલાઓ ઘરમાં અને તેમના સમાજમાં પણ લેવાતા વિવિધ નિર્ણયોની પ્રક્રિયામાં નિશ્ચિત રૂપે ભાગ લઈ શકે તે પણ મોટો પડકાર છે. મહિલાઓ તેમની ભૂમિકા સારી રીતે નિભાવી શકે તે માટે તેમની ક્ષમતાઓ વિકસાવવી એ એક પડકાર છે.

પરંતુ આપણા દેશને સ્વતંત્રતા મળી તેની અડધી સદી કરતાં પણ વધુ સમય વીતી ગયા પછી, મહિલાઓના પગમાં બાંધેલી બંધનની બેડીઓ આજે પણ એટલી જ તંગ છે. છોકરીઓના જન્મથી જ આ અવરોધોનું બંધન શરૂ થઈ જાય છે. પંજાબ, દિલ્હી અને હરિયાણા જેવાં સમૃદ્ધ રાજ્યોમાં પણ સ્ત્રી ભ્રૂણ હત્યા અને લિંગ ભેદના પુરાવા જોવા મળે છે અને ગ્રામીણ કે સુસંસ્કૃત શહેરો, કોઈ જ તેમાંથી બાકાત નથી. જીવનની આવી કમનસીબ શરૂઆત બાદ પણ તેમના જીવનમાં જાતીય સતામણી, દહેજ માટે ત્રાસ અને મૃત્યુ, પક્ષપાતિ સ્વાસ્થ્ય સંભાળ, ઓછું શિક્ષણ, કામના સ્થળે ભેદભાવ અને ઘરમાં પરાધીનતા સહિત તેમના જીવનમાં ઉપેક્ષાની યાદી અનંત છે અને તેનાથી છટકી શકાય તેમ નથી.

આથી મહિલાઓના સશક્તિકરણ માટે બજેટ ૨૦૧૮-૧૯ વિવિધ યોજનાઓ લોન્ચ કરવાં આવી છે :

● વડાપ્રધાનની ઉજ્જવલ યોજના, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૫૦ મિલિયન મહિલાઓને મફત એલપીજી જોડાણો આપવામાં આવ્યાં છે અને હજુ ૮૦ મિલિયન ગરીબ મહિલાઓને આવા જોડાણો આપવાનું લક્ષ્ય છે.

ગરીબ પરિવારોની મહિલાઓના નામે એલપીજી જોડાણ આપવાના વિશેષ મિશનની જાહેરાત દ્વારા જ સમજી શકાય છે કે બજેટમાં મહિલા તરફી જોગવાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

સરકાર આ પહેલ દ્વારા બે મહત્ત્વના પ્રશ્નો ઉકેલવાનું લક્ષ્ય ધરાવે છે. સૌથી પહેલા તો, મહિલાઓની સ્વાસ્થ્ય સમસ્યાઓનો નિકાલ લાવવો, જેમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારો કે જ્યાં હજુ પણ રોજિંદી રસોઈ બનાવવા માટે ઈંધણમાં લાકડાં, છાણાં અથવા કૃષિમાંથી નીકળતા કચરાનો ઉપયોગ કરવામાં આવે છે ત્યાં સ્થિતિમાં પરિવર્તન લાવવું. બીજું કે, વર્તમાન સમયમાં ઘરમાં જે પ્રદૂષણ ફેલાય છે તેનું સ્તર ઘટાડવું.

આ પગલાંથી મહિલાઓનું સશક્તિકરણ થશે અને તેમના સ્વાસ્થ્યની સુરક્ષા વધશે. તેનાથી મહિલાઓનું વૈતરું ઘટશે અને તેઓ રસોઈમાં થોડો સમય આપી શકશે. તેનાથી ગ્રામીણ યુવાઓમાં રાંધણ ગેસનો પુરવઠો પહોંચાડવા માટે રોજગારી વધશે.

સરકાર અને સલાહકાર જૂથો દ્વારા હાથ ધરાયેલા વિવિધ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ઘરગથ્થુ વાયુ પ્રદૂષણ વાસ્તવમાં ભારતમાં દર વર્ષે અંદાજે પાંચ લાખ લોકોનાં મોત માટે જવાબદાર છે.

આનાથી દેશભરમાં સાર્વત્રિક રૂપે રાંધણગૅસનું કવરેજ પૂરું પડશે જ્યાં અત્યાર સુધી રાંધણગૅસનું સિલિન્ડર હોવું એ ઉચ્ચ મધ્યમ વર્ગ કક્ષાનો વૈભવ માનવામાં આવતો હતો. નાણામંત્રીએ જણાવ્યું હતું કે, ભલે તબક્કાવાર, આ વૈભવ મધ્યમ વર્ગમાં ફેલાઈ રહ્યો હોય, તેમ છતાં હજુ સુધી ગરીબો સુધી રાંધણગૅસ પહોંચ્યો નહોતો. જોકે હવે, બીપીએલ પરિવારોને પણ રાંધણગૅસનાં જોડાણો મળી રહ્યાં છે.

અત્યાર સુધી, રાજ્યમાં ઈંધણ વિક્રેતાઓના કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) (કોર્પોરેટ સામાજિક જવાબદારી)ના ભંડોળથી આ કામ પાર પાડવામાં આવતું હતું. બીપીએલ પરિવારોને નવાં ગૅસ જોડાણો આપતી વખતે, એવાં રાજ્યોને પ્રાથમિકતા આપવામાં આવશે, જ્યાં હજુ પણ ઓછી સંખ્યામાં પરિવારોને રાંધણગૅસની સુવિધા હેઠળ આવરી શકાયા છે.

● દરેક પરિવારજનોને વીજળી પૂરી પાડવાની વડાપ્રધાનની સૌભાગ્ય યોજના અંતર્ગત, સરકાર ૧૬૦ અબજ રૂપિયા ખર્ચી રહી છે.

● મહિલાઓની સલામતી માટે નિર્ભયા ફંડ સહિત વિવિધ ભંડોળ કે યોજનાઓ માટે સરકારે રૂપિયા ૧૯.૭૫ કરોડની ફાળવણી કરી છે.

● માર્ચ ૨૦૧૯ સુધીમાં મહિલા સ્વસહાય જૂથને લોન પેટે રૂપિયા ૭૫,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

સજીવ ખેતી (ઑર્ગેનિક ખેતી), મહિલા સ્વસહાય ગ્રુપને લોન અને તેમના સાહસોમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

● નવી ગોલ્ડ પૉલિસી (સુવર્ણ નીતિ) અમલમાં આવવાની તૈયારીમાં જ છે જે અંતર્ગત મહિલાઓ બૅંકમાં તેમનું સોનું જમા કરાવી શકશે અને તેમને ૨.૨૫ ટકાથી ૨.૫ ટકા સુધીનું વ્યાજ પણ આપવામાં આવશે.

● મહિલા કર્મચારીઓ માટે તેમની નોકરીના શરૂઆતનાં ત્રણ વર્ષ સુધી ઈપીએફ યોગદાન ૧૨ ટકાના બદલે ૮ ટકા લેવામાં આવશે. સામે પક્ષે નોકરીદાતાના યોગદાનમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

● મહિલા કર્મચારીઓને સંપૂર્ણ પગાર સાથે છ મહિનાની મૅટરનિટી લીવ (પ્રસૂતિની રજા) આપવામાં આવશે. પર્સોનોલ ઍન્ડ ટ્રેનિંગ વિભાગ દ્વારા તમામ મંત્રાલયો અને વિભાગોને સૂચના આપવામાં આવી છે કે દિલ્હી હાઈકોર્ટના વર્ષ ૨૦૧૫ના આદેશ અનુસાર જે મહિલાઓ સરોગસી દ્વારા સંતાન પ્રાપ્તિ કરે તેમને પણ મૅટરનિટી રજા આપવાનો અમલ કરાવવામાં આવે. આવી રજાઓમાં પ્રસૂતિ પહેલાં અને પ્રસૂતિ પછીના સમયગાળાને સમાવી લેવામાં આવ્યો છે.

● રાષ્ટ્રીય મહિલા પંચને રૂપિયા ૨૪ કરોડ ફાળવવાની મંજૂરી અપાઈ છે.

● સ્વચ્છ ભારત મિશનના ભાગ રૂપે દેશમાં ૨૦ મિલિયન નવાં ટૉઇલેટ્સનું નિર્માણ કરવામાં આવશે. આનાથી મહિલાઓના સન્માન, છોકરીઓના શિક્ષણ અને એકંદરે દરેક પરિવારોના સ્વાસ્થ્ય પર ઘણી સકારાત્મક અસર જોવા મળશે.

● 'બેટી બચાઓ બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો માટે રૂપિયા ૨૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. 'બેટી બચાઓ બેટી પઢાઓ' સરકાર દ્વારા શરૂ કરાયેલું અન્ય એક એવું અભિયાન છે. જે છોકરીઓને અનુલક્ષીને શરૂ કરવામાં આવેલી કલ્યાણ સેવાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા અને તેની કાર્યદક્ષતા વધારવા માટે શરૂ કરાયું છે. આ યોજના પ્રારંભિક રૂપિયા ૧૦૦ કરોડના ભંડોળ સાથે શરૂ કરવામાં આવી હતી. જ્યાં સુધી નિરક્ષરતા, અસમાનતા, જાતીય સતામણી, સ્ત્રી ભ્રૂણ હત્યાનો ઉકેલ સાચી રીતે નહી લાવવામાં આવે ત્યાં સુધી મહિલાઓનો ઉત્કર્ષ લગભગ અશક્ય છે.

બેટી બચાઓ, બેટી પઢાઓ અભિયાન મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય, માનવ સંસ્થાન અને વિકાસ મંત્રાલય તેમજ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવે છે અને તેમાં ભારત તમામ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને આવરી લેવામાં આવ્યાં છે. આ ધ્વજારોહક યોજનાનો પ્રારંભ વર્ષ ૨૦૧૫માં કરવામાં આવ્યો હતો. આ યોજનાના ત્રણ મુખ્ય હેતુ છે :

● સ્ત્રી ભ્રૂણ હત્યા બંધ કરવી

● સ્ત્રી સંતાન સુરક્ષિત અને સંરક્ષિત રહે તે માટે નવી યોજનાઓ શરૂ કરવી અને તેનો યોગ્ય રીતે અમલ કરાવવો.

● દરેક બાળકને સમાન શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવું

● સુકન્યા સમૃદ્ધિ યોજના સ્ત્રીઓ બાળકો માટે શરૂ કરવામાં આવેલી નાની ડિપૉઝીટની યોજના છે જે ભારત સરકાર દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત શરૂ કરવામાં આવી છે. આ યોજના ખાસ છોકરીઓ માટે જ શરૂ કરવામાં આવી છે. આ યોજના છોકરીઓનાં અભ્યાસ અને લગ્નના ખર્ચને પહોંચી વળવાના હેતુથી શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં ૯.૧ ટકાના દરે કરમુક્ત વ્યાજ આપવામાં આવે છે અને દર વર્ષે તે ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ગણવામાં આવે છે. કાયદેસર વાલી/ માતા-પિતા સ્ત્રી બાળકના નામે એકાઉન્ટ ખોલાવી શકે છે. આ એકાઉન્ટ ૨૧ વર્ષ પછી બંધ કરાવી શકાય છે. ૧૮ વર્ષ પછી જ્યારે પણ આ છોકરીના લગ્ન થઈ જાય ત્યારે આ એકાઉન્ટ પ્રિ-મૅચ્યોર ક્લોઝર (સમય કરતાં પહેલાં બંધ કરવા)ની પણ જોગવાઈ છે.

લોકોની જાગૃતિ માટે, મહિલાઓમાં જાગૃતિ આવે તે ખૂબ જ આવશ્યક છે. જો એક વખત તેઓ આગળ આવશે તો, ચોક્કસપણે તેમનો પરિવાર આગળ વધશે, ગામ આગળ વધશે અને દેશ પણ આગળ વધશે. આમ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ છોકરીઓને શિક્ષણના માધ્યમથી વધુ સશક્ત બનાવવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

બજેટ ૨૦૧૮ ભારતની પ્રગતિનો પરિવર્તનકારી માર્ગ છે. સ્વતંત્ર ભારતનું આ પહેલું એવું બજેટ છે જેમાં સામાજિક ક્ષેત્રને કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યું છે. નાણામંત્રીએ ભારતના અર્થતંત્રની સામે રહેલા કેટલાક પડકારોનો સામનો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ માટે ખાસ કરીને ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સુવિધા અને શિક્ષણની ઉપલબ્ધતા, મહિલા સશક્તિકરણ, કૃષિમાં ઉન્નતિ અને નવી રોજગારી ઊભી કરવા પર વિશેષ વિચાર કરવામાં આવ્યો છે.

બજેટ ૨૦૧૮-૧૯નો મૂળ હેતુ ઝડપી આર્થિક વિકાસનો છે. વિકાસ માટે મહિલા સશક્તિકરણ અને જાતીય સમાનતા જેવા મુદ્દાઓના ઉકેલ સિવાય બીજો કોઈ જ કારગત માર્ગ નથી.


લેખક અર્થશાસ્ત્રી અને શિક્ષણવિદ છે. સ્નાતક અને અનુસ્નાતક સ્તરે શિક્ષણના દીર્ઘ અનુભવ ઉપરાંત તે સંશોધન કાર્યમાં સક્રિયપણે જોડાયેલા છે. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સંખ્યામાં કોન્ફરન્સ અને સેમિનારને સંબોધન કર્યું છે. પ્રસિધ્ધ લેખક તરીકે તેમણે સંશોધન લેખો અને પુસ્તકો લખ્યા છે. સામાજીક કાર્યમાં જોડાયેલા હોવાના કારણે તેમને સમાજના વંચિત વર્ગ માટે કામ કરવાનું ગમે છે.

**E-mail:**
**shahin.razi@gmail.com**

# ભારતમાં વરિષ્ઠ નાગરિકો - કેન્દ્રીય બજેટ ૨૦૧૮- ૧૯માં તેમને કેટલો લાભ મળ્યો ?

**સુમતિ કુલકર્ણી**



*ગંભીર બીમારીથી પીડાતા વરિષ્ઠ નાગરિકોને પણ બજેટમાં કેટલીક રાહત આપવામાં આવી છે જેમ કે ચોક્કસ ગંભીર બીમારીના કિસ્સામાં તબીબી ખર્ચ (મેડિકલ એક્સપેન્ડિચર)ની મર્યાદા હાલમાં વરિષ્ઠ નાગરિકો માટે રૂપિયા ૬૦,૦૦૦ અને ૮૦ વર્ષની વધુ વયનાઓ માટે રૂપિયા ૮૦,૦૦૦ છે તે વધારીને રૂપિયા એક લાખ કરવામાં આવી છે. મોટાભાગના વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્યમાન યોજના એટલે કે રાજ્યોના વિપુલ ભંડોળથી ચાલતી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના- સાંદર્ભિક રીતે વધુ લાભદાયી છે.*

એ વાતથી કોઈ અજાણ નથી કે, વાર્ષિક કેન્દ્રીય બજેટ ખૂબ જ જટીલ કવાયત છે જેમાં સંખ્યાબંધ નબળા વર્ગોના ઉત્કર્ષ માટે ઉચ્ચતમ યોજનાઓ અને તદ્દન વાસ્તવિકતા વચ્ચે ન્યાયપૂર્ણ સંતુલન જાળવી રાખવા મહત્તમ પ્રયાસો કરવામાં આવ છે. દેશની જનતાના વિવિધ વર્ગોના પ્રતિયોગી દાવાઓ, રાજકીય આવશ્યકતાઓ, સ્ત્રોતોની મર્યાદાઓ, રોકાણ પર સીધા કરવેરાની અસરો અને અતિ ખર્ચના પરિણામ સ્વરૂપે ફુગાવો (મોંઘવારી) વધવાનો ભય વગેરે બજેટ બનાવવામાં સામે આવતા મોટા પડકારો છે. બાળકો અને યુવાનો માટેની યોજનાઓને, બેશકપણે, સૌથી વધારે પ્રાધાન્યતા આપવી જોઈએ, કારણ કે તેઓ જ દેશનું ભાવી છે અને માનવમૂડીમાં રોકાણ કરવામાં ન આવે ત્યાં સુધી, દેશ ક્યારેય પણ વસ્તીવિષયક ડિવિડન્ડ (લાભ) મેળવી શકતો નથી – અત્યારે ભારતમાં યુવાનોની સંખ્યા વિકાસની ખૂબ જ સોનેરી તક છે. સાથે સાથે કોઈપણ આયોજનમાં, અન્ય નોંધપાત્ર કદ ધરાવતા (કુલ વસ્તીના લગભગ ૯ ટકા) અને નિર્બળ વર્ગ એટલે કે ભારતના વરિષ્ઠ નાગરિકો (૬૦થી વધુ વર્ષની વય) માટે પણ પૂરતી જોગવાઈ થવી જોઈએ. વર્ષ ૨૦૦૧માં આવા નાગરિકોની વસ્તી ૭૦.૬ મિલિયન હતી તેની તુલનાએ વર્ષ ૨૦૧૧માં વધીને ૧૦૪ મિલિયન થઈ અને વર્ષ ૨૦૨૬માં આ આંકડો વધીને ૧૭૩ મિલિયનથી પણ વધારે થઈ જશે. ભારતમાં નોંધપાત્ર કદમાં વરિષ્ઠ નાગરિકોની વસ્તી વિવિધ મહત્વપૂર્ણ આર્થિક/સામાજિક માપદંડો (બીપીએલ/અંત્યોદય પરિવારોમાં ૪૫ ટકા, ૨૩ ટકા એવા જેમની પાસે પોતાની મિલકત નથી, ૪૩ ટકા એવા જેમની કોઈ જ આવક નથી, ૫૦ ટકા એવા જેઓ આર્થિક રીતે બીજા પર નિર્ભર છે, ૨૭ ટકા એસસી/એસટી અને ત્રીજા ભાગના એવા પરિવારોમાંથી આવે છે જેમનો માસિક માથા દીઠ ખર્ચ રૂપિયા ૧૦૦૦થી ઓછો છે) (યુએનએફપીએ ૨૦૧૨)૧ માં વહેંચાયેલી છે. કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલી કઈ જોગવાઈઓ વરિષ્ઠ નાગરિકો માટે સાંદર્ભિક છે અને કેટલા પ્રમાણમાં તેમને બજેટની આ જોગવાઈઓમાંથી લાભ મળી શકે તેમ છે તેનું આકલન કરવું જરૂરી છે.

### કરવેરો ભરતા વરિષ્ઠ નાગરિકો માટે લાભો

આ વર્ષના બજેટમાં આવકવેરાના સ્લેબમાં અથવા આવકવેરાના દરોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી પરંતુ વરિષ્ઠ નાગરિકોને નીચે દર્શાવેલી જોગવાઈઓમાંથી લાભ મળી શકે છે.

● વર્તમાન બજેટમાં ધારા ૮૦ટીટીએ હેઠળ વ્યાજની કમાણી પર છૂટછાટની મર્યાદા અત્યાર સુધી રૂપિયા ૧૦,૦૦૦ હતી તે વધારીને રૂપિયા ૫૦,૦૦૦ કરવામાં આવી છે અને આ છૂટછાટ માત્ર બચત ખાતામાં બેંક ડિપોઝીટ અને પોસ્ટ ઓફિસ યોજનાઓ પર મળતા વ્યાજ પૂરતી જ નહી પરંતુ બેંકોમાં કરેલી ફિક્સ્ડ ડિપોઝીટ અને રિકરિંગ ડિપોઝીટ્સ માટે પણ લાગુ કરવામાં આવી

છે. આથી મોટાભાગના વૃદ્ધ નાગરિકો ટેક્સ ડિડક્શન ઓન સોર્સ (સ્ત્રોત પર કર કપાત)માંથી બાકાત થઈ જશે. બીકેપીએઆઈ સરવે અનુસાર, ૨૧ ટકા ગ્રામીણ વૃદ્ધો અને ૨૮ ટકા શહેરી વૃદ્ધો બેંકો અને પોસ્ટ ઓફિસોમાં બચત ધરાવે છે, જ્યારે બહુ ઓછા લોકો પાસે શેર અને બોન્ડ્સ વગેરે રૂપે બચત છે.

● મેડિકલ ઈન્શ્યોરન્સ પ્રિમીયમ પર ધારા ૮૦ડી હેઠળ કપાતની મર્યાદા અત્યાર સુધી રૂપિયા ૩૦,૦૦૦ હતી તે વધારીને રૂપિયા ૫૦,૦૦૦ કરવામાં આવી છે.

● ગંભીર બીમારીથી પીડાતા વરિષ્ઠ નાગરિકોને પણ બજેટમાં કેટલીક રાહત આપવામાં આવી છે જેમ કે ચોક્કસ ગંભીર બીમારીના કિસ્સામાં તબીબી ખર્ચ (મેડિકલ એક્સપેન્ડિચર)ની મર્યાદા હાલમાં વરિષ્ઠ નાગરિકો માટે રૂપિયા ૬૦,૦૦૦ અને ૮૦ વર્ષની વધુ વયનાઓ માટે રૂપિયા ૮૦,૦૦૦ છે તે વધારીને રૂપિયા એક લાખ કરવામાં આવી છે.

[1]Under the UNFPA project on ' Building a Knowledge Base on Population Ageing in India ( BKPAI)' – a survey of 9852 elderly from 8329 sample households was carried out in seven states viz. Himachal Pradesh, Kerala, Maharashtra, Odisha, Punjab, Tamil Nadu and West Bengal in 2011. This project was launched by UNFPA in collaboration with IPopulation Research Centre s in the Institute for Social& Economic Change (ISEC) , Bangalore & in the Institute of Economic Growth Delhi ( IEG) and the Tata Institute of Social Sciences, Mumbai.

● બજેટમાં પગારની આવકમાં રૂપિયા ૪૦,૦૦૦નું સ્ટાન્ડર્ડ ડિડક્શન ફરી લાવવામાં આવ્યું છે (હાલમાં પગારદાર લોકોના મુસાફરી ભથ્થા અને મેડિકલ અલાઉન્સના સ્થાને). ઈન્કમટેક્સ રિટર્નમાં પેન્શનની આવક 'પગારમાંથી આવતી આવક'ની શ્રેણીમાં આવતી હોવાથી, આશા છે કે પેન્શનધારક વરિષ્ઠ નાગરિકોને આ જોગવાઈનો લાભ મળી રહેશે.

આ જોગવાઈના કારણે, એવા કેટલાક વરિષ્ઠ નાગરિકો કે જેઓ સૌથી નીચેના સ્લેબમાં આવે છે તેમણે હવે ઈન્કમ ટેક્સ ભરવાની જરૂર જ નહી પડે, જ્યારે અન્યોને વધારાની બચત થશે.

આ જોગવાઈ વધુ મોટા મેડિકલ ઈન્શ્યોટરન્સ કવર લેવા માટે પણ એક ઈન્સેન્ટિવ સમાન પૂરવાર થશે અને બેંકમાં વધુ ફિક્સ્ડ ડિપોઝીટ રાખવા માટે પણ ઈન્સેન્ટિવ સમાન પૂરવાર થશે.

### પ્રધાનમંત્રી વયવંદના યોજના સંબંધિત જોગવાઈના લાભો

આ સ્કીમ મે-૨૦૧૭માં એક વર્ષ માટે જ શરૂ કરવામાં આવી હતી પરંતુ આ બજેટમાં તેને મે-૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. ઉપરાંત, આ સ્કીમમાં અત્યારે રોકાણની મર્યાદા રૂપિયા ૭.૫ લાખ છે જે બમણી કરીને રૂપિયા ૧૫ લાખ કરવામાં આવી છે. ૬૦ વર્ષની વધુ વયના લોકો માટે એલઆઈસી દ્વારા ચલાવવામાં આવતી આ સ્કીમ હેઠળ, પેન્શન એરિયરમાં (પસંદ કરાયેલા મોડ પ્રમાણે દરેક સમયગાળાના અંતે) ચુકવવાપાત્ર છે. પોલિસીની ૧૦ વર્ષની મુદત દરમિયાન પેન્શનરના મૃત્યુના કિસ્સામાં, લાભાર્થીને ખરીદી કિંમત પરત મળવાપાત્ર છે. જો ૧૦ વર્ષની પોલિસી મુદતના અંતે પેન્શનર હયાત હોય તો, ખરીદ કિંમત તેમજ ફાઈનલ પેન્શન ઈન્સ્ટોલમેન્ટ ચૂકવવા પાત્ર છે.

આ સ્કીમમાં પાકતી મુદતે રોકાણમાંથી મળતી રકમ કરપાત્ર હોવા છતાં, વરિષ્ઠ નાગરિકો માટે આ એક આકર્ષક વિકલ્પ છે, કારણ કે તેમાં ૧૦ વર્ષ માટે વાર્ષિક ૮ ટકાના દરે રિટર્ન આપવામાં આવે છે.

### એકંદરે અસર - મર્યાદિત

આ જોગવાઈઓ મોટી વયનાઓ માટે કેટલાક વિભાગોમાં ભલે ખૂબ મહત્વપૂર્ણ હોય તેમ છતાં, એકંદરે તેની અસર વરિષ્ઠ નાગરિકોની સંખ્યાના ખોટી ઓછા ટકા સુધી જ સીમિત રહેશે. મોટાભાગના વરિષ્ઠ નાગરિકો ખેતીવાડી કરતા પરિવારોમાંથી આવે છે અને તેમને ઈન્કમટેક્સની જોગવાઈનો લાભ નહી મળે. બીકેપીએઆઈ સરવે એવું દર્શાવે છે કે, માત્ર ૧૦ ટકા ગ્રામીણ વૃદ્ધો અને ૧૬ ટકા શહેરી વૃદ્ધો નોકરીદાતાનું પેન્શન મેળવે છે. અંદાજે ૪૨ ટકા ગ્રામીણ વૃદ્ધો અને ૪૭ ટકા શહેરી વૃદ્ધો પાસે આવકનો કોઈ સ્ત્રોત જ હોતો નથી. ગ્રામીણ વૃદ્ધોમાંથી માત્ર ૧૨.૫ ટકા અને શહેરી વૃદ્ધોમાંથી ૧૭ ટકાની વાર્ષિક આવક રૂપિયા ૫૦,૦૦૦ કે તેથી વધુ છે. ઉપર દર્શાવેલી જોગવાઈ માત્ર અમુક જ એવા લોકો માટે લાભદાયી રહેશે જેઓ આવકની આ શ્રેણીમાં સૌથી ટોચે આવે છે.

### મહાત્વાકાંક્ષી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજનાના મુખ્ય લાભો

ખરેખર તો મોટાભાગના વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્યમાન યોજના એટલે કે રાજ્યોના વિપુલ ભંડોળથી ચાલતી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંરક્ષણ યોજના- સાંદર્ભિક રીતે વધુ લાભદાયી છે. આ તમામ માત્ર વરિષ્ઠ નાગરિકો માટે જ નહીં પરંતુ, તમામ બીપીએલ પરિવારો માટે જનરલ સ્કીમ છે, અને જો સફળ થશે તો વરિષ્ઠ નાગરિકો પર તેની મહત્વપૂર્ણ અસર જોવા મળશે. આર્થિક નિર્ભરતા ઉપરાંત, વરિષ્ઠ નાગરિકોની શારીરિક રીતે પણ પરાધીનતાના કારણે તેઓ નિર્બળ બની જાય છે અને પરિણામે તેમનું સ્વાસ્થ્ય કથળે છે અને આંશિક અથવા સંપૂર્ણ વિકલાંગતા આવી જાય છે. બીકેપીએઆઈ સરવે અનુસાર, ૫૦ ટકાથી વધાર વરિષ્ઠ નાગરિકોએ પોતે સારું સ્વાસ્થ્ય ન હોવાનું કબલ્યું છે. લગભગ પાંચમા ભાગના લોકોએ તેમનું સ્વાસ્થ્ય નબળું હોવાનું કહ્યું છે. અંદાજે ૧૩ ટકા લોકોમાં વધુ પ્રમાણમાં રોગ જોવા મળ્યો છે. અંદાજે ૮ ટકાને દૈનિક જીવનમાં કમસેકમ કોઈ એક કામમાં બીજાની મદદ લેવાની જરૂર પડે છે.

અંદાજે ૬૦ ટકામાં આંશિક અથવા સંપૂર્ણ વિકલાંગતા આવી હોવાનું નોંધાયું છે, અને અંદાજે એક ચતુર્થાંશ લોકોમાં સંપૂર્ણ અથવા આંશિક યાદશક્તિ જતી રહી હોવાનું અને ચાલમાં વિકલાંગતા હોવાનું નોંધાયું છે.

અહીં રસપ્રદ રીતે એ નોંધવા જેવું છે કે બજેટમાં ૧૦ કરોડ પરિવાર માટે દરેક પરિવાર દીઠ વાર્ષિક રૂપિયા ૫ લાખ સુધીના હોસ્પિટલાઈઝેશન ખર્ચ ઉપાડવા માટે ઉપરની સ્કીમ જાહેર કરવામાં આવી છે, આમ આ યોજના હેઠળ ૫૦ કરોડ ભારતીયો આવી જાય છે. આ સ્કીમ વર્તમાન રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (આરએસબીવાય)નું સ્થાન લેશે જે અંતર્ગત ૩.૬ બીપીએલ પરિવારોના ૧૮ કરોડ લોકોને રોગોની સારવાર માટે રૂપિયા ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બજેટમાં બે નવી સ્કીમ માટે પણ રૂપિયા ૨૦૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી છે અને વર્ષના અંત સુધીમાં તેમાં વધારો કરીને રૂપિયા ૧૨૦૦૦ કરોડ કરવામાં આવે તેવી સંભાવના છે. આ ભંડોળ વધારાના એક ટકા સેસ (અગાઉ ૩% એજ્યુકેશન સેસ હતો તેના બદલે હવે ૪% એજ્યુકેશન અને હેલ્થ સેસ)માંથી આવશે. આ સ્કીમમાં કુલ રૂપિયા ૨૦૦૦ કરોડની જોગવાઈ પૂરી કરવા માટે રાજ્યો રૂપિયા ૮૦૦૦ કરોડ આપીને જે પણ ખર્ચ થાય તેમાં ૪૦% હિસ્સો ભોગવશે તેવી અપેક્ષા છે.

**સીમિતતાઓ અને મર્યાદાઓ**

વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના કે જે વિશ્વના સૌથી મોટા ભોજન કરતાં બરાબર બમણી છે તે અંગે પ્રતિક્રિયાઓ આવી છે. આ સમીક્ષાના કેટલાક મુખ્ય મુદ્દા અહીં દર્શાવ્યા છે -

- પૂરતુ ભંડોળ – આરએસબીવાય માટે ફાળવણી રૂપિયા ૪૭૦ કરોડ હતી તે નાણાકીય વર્ષ ૨૦૧૯માં વધારીને રૂપિયા ૨૦૦૦ કરોડ કરવામાં આવી છે. આરએસબીવાયના ખર્ચના આધારે, એવો અંદાજ છે કે મહા કવર સાથેની નવી યોજનામાં ખર્ચ રૂપિયા ૩૦,૦૦૦ કરોડ જેટલો થઈ શકે છે.
- રાજ્યો તેમના મર્યાદિત સ્ત્રોતોના કારણે તેમની પાસેથી અપેક્ષિત ૪૦ ટકા હિસ્સો આપશે તે અંગે આશંકા છે.
- તેના અમલીકરણી તંત્ર પ્રણાલી અંગે કોઈ જ સ્પષ્ટતા નથી પરંતુ એવું લાગે છે કે રાજ્યોને ઈન્શ્યોરન્સ એજન્સીઓ મારફતે તેનો અમલ કરવાનો અથવા સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા ભંડોળથી તેનો અમલ કરવાનો વિકલ્પ આપવામાં આવશે. એવી પણ આશંકા છે કે દરેક નોંધાયેલા પરિવાર માટે રૂપિયા ૧૦૮૨નું વાર્ષિક પ્રીમિયમ આ સેવાઓ આપવા માટે પૂરતુ છે કે નહીં. ઈન્શ્યોરન્સ કંપનીઓને કલ્પના અનુસાર ફંડિંગ સ્તર માટે આ પૂરતું આકર્ષક નથી લાગતું.
- નેશનલ સેમ્પલ સરવેનો ડેટા એવું સૂચવે છે કે, આરએસબીવાયનો અનુભવ ઘણો નિરાશાજનક છે. માંડ ૧.૨ ટકા ગ્રામીણ અને ૬.૨ ટકા શહેરી પરિવારોને આનો લાભ મળ્યો છે અને આ સ્કીમના કારણે પરિવારોના ખિસ્સા પર જે બોજ પડે છે તે ઘટાડવામાં કોઈ મદદ મળી શકતી નથી.
- નવી સ્કીમમાં માત્ર હોસ્પિટલાઈઝેશન ખર્ચ આપવાની જોગવાઈ છે પરંતુ સારવારોના કુલ ખર્ચમાંથી બે તૃત્યાંશ હિસ્સો એવો હોય છે જે હોસ્પિટલના ખર્ચ સિવાયનો હોય જેથી તે પરિવારોએ ભોગવવાનો આવે.

વરિષ્ઠ નાગરિકો માટે, બીકેપીએઆઈ સરવે એવું દર્શાવે છે કે કુલ વરિષ્ઠ નાગરિકોમાંથી માત્ર ૧૦ ટકા લોકો જ સરવે થયો તેના પહેલાના એક વર્ષમાં હોસ્પિટલમા દાખલ થયા હતા. મોટાભાગે વરિષ્ઠ નાગરિકોને છેલ્લા તબક્કે પહોંચે ત્યારે જ હોસ્પિટલમાં દાખલ કરવાના હોય છે. નવી સ્કીમ માત્ર એવા વરિષ્ઠ નાગરિકો માટે જ લાભદાયી છે જે સમયસર હોસ્પિટલમાં દાખલ થાય.

- આ સ્કિમમાં માત્ર હોસ્પિટલાઈઝેશનના ખર્ચને આવરી લેવામાં આવે છે પરંતુ મોટાભાગના વરિષ્ઠ નાગરિકોને વધતી વય સંબંધિત બીમારીઓ જેમકે આર્થરાઈટ્સ ઉપરાંત હાઈપર ટેન્શન, ડાયાબિટિસ અને વિવિધ પ્રકારના તાવ જેવી બીમારી હોય છે જેનામાં સમયસર નિદાન, યોગ્ય ઉપચાર અને સમયાંતરે મોનિટરિંગ જરૂરી છે. આ સંદર્ભમાં ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં સ્વાસ્થ્ય માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત કરવામાં આવે તે આવશ્યક છે.
- આવા વિસ્તારોમાં મેડિકલ મેનપાવરની અછત પણ એક મોટો અવરોધ છે. આ બજેટમાં કલ્યાણ કેન્દ્ર અને નવી મેડિકલ કોલેજો તેમજ ટીબીના દર્દીઓ માટે પોષણક્ષણ ભોજનની જોગવાઈ ચોક્કસપણે એક મહત્વનું પગલું છે જે પરોક્ષ રીતે વરિષ્ઠ નાગરિકોને લાભદાયી પુરવાર થઈ શકે છે. છેવટે જોવામાં આવે તો આખો મુદ્દો સ્વાસ્થ્ય પાછળ સરકારનો વધતો ખર્ચ અને અસરકારક પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ પર આવીને અટકે છે.

આ સીમિતતાઓ હોવા છતાં, આ બજેટમાં સામાજિક ક્ષેત્રો અને ખાસ કરીને સ્વાસ્થ્ય ક્ષેત્રને કેન્દ્ર સ્થાને લાવવા માટે જે પ્રયાસ કરવામાં આવ્યો તે સ્વતંત્ર ભારતમાં અત્યાર સુધીનો અભૂતપૂર્વ પ્રયાસ છે. આ અભિગમ ચોક્કસપણે ભારતમાં વરિષ્ઠ નાગરિકોનું જીવનસ્તર સુધારવા માટે લાંબાગાળે લાભદાયી પુરવાર થશે.

**લેખક એ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્ટીન્સીસ (IIPS), મુંબઈના ઓફિશિયેટીંગ ડિરેક્ટર અને હેડ ઓફ ધ ડિરેક્ટર છે. પોપ્યુલેશન સ્ટડીઝમાં શિક્ષણ અને સંશોધનનો પાંચ દાયકાથી વધુ અનુભવ ધરાવે છે. તે નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૨ ઓલ ઈન્ડિયા (NFHS-2) ના અખિલ ભારતીય કો-ઓર્ડિનેટર હતા અને UNFPA, UNDP, UNICEF, ORC MACRO USA દ્વારા સ્પોન્સર કરાયેલા પ્રોજેક્ટસના કન્સલ્ટન્ટ હતા. તેમના સ્પેશ્યાલાઈઝેશનના ક્ષેત્રોમાં વસતિ, વિકાસ અને આરોગ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને રિપ્રોડક્ટિવ હેલ્થ, એજિંગ, જેન્ડર ડાયમેનશન્સ અને રોજગારી જેવા વિષયોના આંતર સંબંધોમાં સ્પેશ્યાલાઝેશન ધરાવે છે. તેમણે ભારતની અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સ/ કોન્ફરન્સમાં અભ્યાસ લેખો રજૂ/પ્રસિધ્ધ કર્યા છે.**

E-mail: sumati2610@gmail.com

# બ્લેક બોર્ડથી ડિજીટલ બોર્ડ સુધીઃ શિક્ષણ ક્ષેત્ર માટે બજેટ અને તેની અસર

કિરણ ભટ્ટી




*શિક્ષણ ક્ષેત્રે જ્યાં પણ શક્ય હોય ત્યાં ટેકનોલોજીનો ઉપયોગ થવો જ જોઈએ; શિક્ષણ પ્રત્યે વ્યાપક અભિગમ રાખવાથી દરેક સ્તરે સહયોગ વધશે, તેમજ બ્યૂરોક્રેસી અને બજેટ વ્યવસ્થિત થશે; શિક્ષકો અને તેમની તાલિમ પાછળ કરેલું રોકાણ જો યોગ્ય આયોજનબદ્ધ હશે તો, તેની સીધી અસર વર્ગખંડમાં અપાતા શિક્ષણ પર જોવા મળશે; જિલ્લા સ્તરે સિદ્ધિની કસોટીઓ એવી આધારરેખા રચી શકે છે જ્યાંથી શિક્ષણ સ્તરની નિયમિત દેખરેખનું આયોજન થઈ શકે છે.*

દર વર્ષે બજેટની જાહેરાત વખતે આશંકાઓ અને આશાઓ સાથે ઘણી બધી અપેક્ષાઓ હોય છે કે બજેટમાં શું સંકેતો મળશે. બજેટમાં મોટી નીતિઓની જાહેરાત ભાગ્યે જ કરવામાં આવતી હોવા છતાં, જો ક્યારેય કરવામાં આવે તો પણ, તેમાં મળતા સંકેતો લોકોની પ્રતિક્ષાઓ અનુસાર હોય છે. આગામી સામાન્ય ચૂંટણી પહેલાનું આ છેલ્લું બજેટ હોવાથી એવી અપેક્ષા રાખવામાં આવતી હતી કે સરકાર દ્વારા લોકપ્રિય બજેટની વ્યૂહરચના અપનાવીને લોકોના ચોક્કસ વર્ગ અથવા અર્થતંત્રમાં જરૂરિયાત વાળા ક્ષેત્રો કે જેમને પુનર્જિવિત કરવાની અને સહાયની જરૂર છે તેમના માટે ઘણી રાહતો અથવા લાભોની જાહેરાતો કરવામાં આવશે. આ વર્ષના બજેટમાં કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર કેન્દ્ર સ્થાને ઉભરી આવ્યા તે જરાય પણ આશ્ચર્યની બાબત નથી.

છતાં પણ અગાઉના પૂર્વવર્તીઓને ધ્યાનમાં રાખતા, આશ્ચર્યની વાત એ હતી કે, નાણામંત્રીના વક્તવ્યમાં શિક્ષણનો પણ ખૂબ જ પ્રાધાન્યતા સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગત વર્ષે તેમના વક્તવ્યમાં શિક્ષણનો ઉલ્લેખ ભાગ્યે જ થયો હતો અને ચૂંટણી પછી સમગ્ર પાર્ટી લાઈન્સમાં પસંદગી વખતે "લોકપ્રિય"ની યાદીમાં સામેલ થવામાં શિક્ષણ ક્ષેત્ર નિષ્ફળ રહ્યું હોવાથી આ વખતના બજેટમાં આટલા પ્રમાણમાં અપાયેલું મહત્વ આશ્ચર્યજનક હતું. આથી જ ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબૂત બનાવવું, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ અને વરિષ્ઠ નાગરિકોને સહાય માટે સરકાર દ્વારા લેવાયેલા પગલાં સાથે શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવી તે સાંભળવાનું ગમે તેવું હતું. ખરેખર તો, અગાઉના વર્ષો કરતા આ વખતે એ વાત વધુ સ્પષ્ટ થઈ હતી કે શિક્ષણ નીતિ ઘડવાની દિશામાં આ એક સંકેત છે.

અત્યારે શિક્ષણ ક્ષેત્રે સૌથી વધુ ચર્ચાતો શબ્દ શિક્ષણની ગુણવત્તાનો હોવાથી આ બજેટમાં તેના પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો અને આ હેતુને સિદ્ધ કરવા માટેના સાધનોને અગ્રીમતા આપવામાં આવી હતી. આ બાબત બે મુખ્ય જાહેરાતોના રૂપમાં જોવા મળી હતીઃ એક તો, આ ક્ષેત્રને બ્લેક બોર્ડથી ડિજીટલ બોર્ડ સુધી લઈ જવાના પ્રયાસોમાં ટેકનોલોજીનો સાથ લેવામાં આવશે; અને બીજુ કે, પ્રાથમિકથી માધ્યમિક સુધી આગળ ધપાવવા માટે સરકાર શિક્ષણનો સાકલ્યવાદી (સમુચિત) ચિતાર જોશે. ખરેખર તો આ બંને નીતિઓના સંકેતો બજેટ પહેલા આવેલા સમાચારોમાં મળી ગયા હતા – છેલ્લી સીએબીસી કમિટી

મિટિંગમાં ઓપરેશન ડિજીટલ બોર્ડની જાહેરાત કરવામાં આવી હતી અને એસએસએ તેમજ આરએમએસએ (અન્ય ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ્સ સહિત)ના વિલિનીકરણ સંબંધે પરિકલ્પનાની નોંધ એમએચઆરડી દ્વારા જાહેર કરવામાં આવી હતી. વધુમાં, શિક્ષણનું સ્તર સુધારવા માટે નેશનલ અચિવમેન્ટ સર્વે એનએએસના સરવેના પરિણામોના આધારે જિલ્લા દીઠ વ્યૂહરચનના ઘડવાની અને ટીચર એજ્યુકેશન તેમજ ટ્રેનિંગમાં વધારો કરવાની યોજનાની પણ જરૂરિયાત હોવાનું દર્શાવાયું હતું કારણ કે આ ક્ષેત્રોમાંથી પણ ગુણવત્તા બહેતર થવાની અપેક્ષા રાખવામાં આવે છે. અન્ય એક નોંધપાત્ર ઉલ્લેખ નવોદય વિદ્યાલયની જેમ પછાત વિસ્તારોમાં રહેણાંક શાળાઓ ઉભી કરવાનો હતો. આ ઉપરાંત આગામી ચાર વર્ષમાં ઈનોવેશન અને રિસર્ચમાં વધુ રોકાણ માટે ભંડોળ વધારીને રૂપિયા એક લાખ કરોડ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

આ દરેક જાહેરાતો ઘણી મહત્વની હતી તેમાં કોઈ જ બેશક નથી. શિક્ષણ ક્ષેત્રે જ્યાં પણ શક્ય હોય ત્યાં ટેકનોલોજીનો ઉપયોગ થવો જ જોઈએ; શિક્ષણ પ્રત્યે વ્યાપક અભિગમ રાખવાથી દરેક સ્તરે સહયોગ વધશે, તેમજ બ્યૂરોક્રેસી અને બજેટ વ્યવસ્થિત થશે; શિક્ષકો અને તેમની તાલિમ પાછળ કરેલું રોકાણ જો યોગ્ય આયોજનબદ્ધ હશે તો, તેની સીધી અસર વર્ગખંડમાં અપાતા શિક્ષણ પર જોવા મળશે; જિલ્લા સ્તરે સિદ્ધિની કસોટીઓ એવી આધારરેખા રચી શકે છે જ્યાંથી શિક્ષણ સ્તરની નિયમિત દેખરેખનું આયોજન થઈ શકે છે; શિક્ષણની ગુણવત્તા માટે તેમજ ખાસ કરીને પછાત વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવાની જરૂરિયાત દર્શાવવામાં આવે છે ત્યારે શિક્ષણ નીતિમાં રિસર્ચ અને ઈનોવેશન ક્ષેત્રે રોકાણ ખૂબ મહત્વપૂર્ણ ઘટક બની જાય છે. કમનસીબે, આ જાહેરાતો પાછળનો વાકપટુતા ભર્યો અને સારો ઈરાદો, આર્થિક ફાળવણીઓની સપ્રમાણતા સાથે મેળ ખાતો નથી. આ તમામ વિચારોને કેવી રીતે આર્થિક ભંડોળ આપવામાં આવશે તેનો કોઈ જ ઉલ્લેખ બજેટમાં કરવામાં આવ્યો નથી.

રાષ્ટ્રીય શિક્ષણ મિશન માટે કુલ બજેટ ગત વર્ષે ૨૮,૨૫૫ કરોડ હતું તે વધારીને રૂપિયા ૩૧,૨૧૨ કરોડ કરવામાં આવ્યું છે – જે ૩૦૦૦ કરોડનો વધારો છે – પરંતુ વાસ્તવમાં આ વધારો બજેટમાં જે મહત્વાકાંક્ષી યોજનાઓ જાહેર કરવામાં આવી છે તે પૂર્ણ કરવા માટે પૂરતો નથી. ઉદાહરણ તરીકે, ઓપરેશન ડિજીટલ બોર્ડના માધ્યમથી વર્ગખંડોમાં ડિજીટલાઈઝેશન કરવા માટે પહેલા તો પાયાની માળખાકીય સુવિધાઓમાં ધરખમ સુધારા કરવા પડશે પછી તે સક્ષમ થશે, કારણ કે વર્તમાન સમયમાં તમામ શાળાઓમાંથી ૬૨ ટકામાં વીજળીનું જોડાણ છે, માત્ર ૨૪ ટકામાં ચાલુ સ્થિતિમાં કોમ્પ્યૂટર ઉપલબ્ધ છે અને માત્ર ૯ ટકા શાળાઓમાં વીજળીનું જોડાણ તેમજ ચાલુ સ્થિતિમાં કોમ્પ્યૂટર છે (ડીઆઈએસઈ, ૨૦૧૫-૧૬). આમાં એક હકીકત સમાવિષ્ટ નથી કે હજુ પણ લાખો બાળકો શાળાએ જતા જ નથી (એમએચઆરડીના અહેવાલ અનુસાર ૬ મિલિયન અને એનએસએસ અનુસાર ૨૦ મિલિયન) માટે જો તે પણ શાળાએ જવા લાગે તો હજુ માળખાકીય સુવિધામાં વધુ રોકાણની જરૂર પડે. અત્યાર સુધીમાં ગ્રામીણ વિદ્યુતિકરણ મિશન અંતર્ગત શાળાઓને આવરી લેવામાં આવી નથી અને જ્યાં સુધી આ કામ નહી થાય ત્યાં સુધી ઓપરેશન ડિજીટલ બોર્ડ અમલમાં આવે તેવા કોઈ જ અણસાર દેખાતા નથી. શાળાકીય શિક્ષણ બજેટના દસ્તાવેજમાં એવો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે, આ ઓપરેશન માટે કેવી રીતે ભંડોળ પુરુ પાડવામાં આવશે. વાસ્તવમાં તો, ડિજીટલ ઈન્ડિયા ઈ-લર્નિંગ માટેનું બજેટ પણ ગત વર્ષે ૫૧૮ કરોડ હતું તેમાંથી ઘટીને આ વર્ષે રૂપિયા ૪૫૬ કરોડ થઈ ગયું છે!

એજ પ્રમાણે, શિક્ષકોને તાલિમ આપવા પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ મદનમોહન માલવિયા નેશનલ મિશન અંતર્ગત શિક્ષકોને તાલિમ માટેનું બજેટ ગત વર્ષ ૧૨૦ કરોડ રૂપિયા હતું તેમાં કોઈ જ ફેરફાર કરાયો નથી. જોકે, શિક્ષકોને તાલિમ આપતા ઈન્સ્ટિટ્યૂશનને મજબૂત બનાવવા માટે રૂપિયા ૭૦ કરોડની બજેટ સહાય ફાળવવામાં આવી છે પરંતુ એવું લાગે છે કે રૂપિયા ૪૦ કરોડના ખર્ચે ભાષા શિક્ષકોની ભરતીના ભોગે આ થશે. સામાન્ય સ્થિતિમાં શિક્ષકોની ભારે અછતના સંજોગોમાં આ કોઈ સારા એંધાણ નથી, પરંતુ ખાસ કરીને પછાત વિસ્તારો કે જ્યાં ભાષાના શિક્ષકોની વધુ જરૂર છે તેમના માટે સ્થિતિ વધુ કઠીન બની શકે છે. ગુણવત્તા સુધારવા માટે શિક્ષકોને તાલીમ એક ખૂબ જ મહત્વનું ઘટક છે તેમાં કોઈ ઈનકાર ન કરી શકાય પરંતુ ખાસ કરીને જ્યારે શિક્ષકોની ભારે અછત ગુણવત્તામાં પહેલાથી જ વિપરિત અસર પાડી રહી છે તેવા સંજોગમાં શિક્ષકોની ભરતીના ભોગે તાલીમ આપવામાં આવે તે ન હોવું જોઈએ. પ્રાથમિક વિભાગમાં ૧૧.૫ ટકા અને માધ્યમિક વિભાગમાં ૭.૫ ટકા શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલે છે, અને



સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની સરેરાશ સંખ્યા હજુ પણ માત્ર ૪.૩ છે — જે દરેક ગ્રેડ દીઠ એક શિક્ષકના સંપૂર્ણ પૂરક કરતા ઘણી ઓછી સંખ્યા છે, ત્યારે મૂળભૂત જોગવાઈની આ બાબત ચિંતાનો વિષય છે. તેનાથી એક મહત્વનો પ્રશ્ન એ ઉભો થાય છે કે આપણે ખરેખર ગુણવત્તા કોને કહીએ છીએ? શું પૂરતી સંખ્યામાં શિક્ષકો જ ન હોય તો ગુણવત્તા સુધરી શકે ખરી? શું શિક્ષકરહિત વર્ગખંડોમાં ઓપરેશન ડિજીટલ બોર્ડ આવશે?

નાણામંત્રીએ પછાત વિસ્તારોમાં નવોદય વિદ્યાલય અંતર્ગત વિશેષ શાળાઓ ઉભી કરવાની વાતો કરી તેનો વિચાર કરીએ તો, પછાત ક્ષેત્રોની બાબતોના બજેટમાં એકલવ્ય સ્કૂલમાં બજેટ વધારવાની વાત કરી છતાં શિક્ષણ બજેટમાં આ શાળાઓ માટે કોઈ ફાળવણી કરી હોય તેવુ દેખાતું નથી. એવો દાવો કરવામાં આવ્યો છે કે સરકાર શિક્ષણ પ્રત્યે સાકલ્યવાદી અભિગમ અપનાવવાની યોજનામાં છે. પરંતુ વાસ્તવમાં, એમએચઆરડી અને રાજ્ય શિક્ષણ વિભાગો તેમજ મંત્રીઓ અથવા સામાજિક ન્યાય વિભાગો અને આદિજાતી કલ્યાણ વિભાગો વચ્ચે જવાબદારીની વહેંચણી ખાસ કરીને આ બાબતે ટીકાપાત્ર રહી છે - કારણ કે વહીવટીતંત્રીની બેવડી પ્રણાલી અપનાવાઈ છે. આદિવાસી બાબતોના વિભાગમાં શિક્ષણની તજજ્ઞતાનો અભાવ તો છે જ, સાથે સાથે તમામ શૈક્ષણિક યોજનાઓ અને વહીવટ માટે શિક્ષણ વિભાગ એકમાત્ર સત્તાધીશ હોવાથી આ દ્વિભાજીતાના કારણે આદિવાસી બાબતોના વિભાગને શિક્ષણ ક્ષેત્રે કોઈપણ કામ કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. વક્તવ્યમાં સમગ્ર દેશમાં શિક્ષણ યોજનાઓના વિલિનીકરણની કલ્પના પણ રજૂ કરવામાં આવી હતી અને આ દસ્તાવેજ ફરતો કરવામાં આવ્યો હતો, તે તમામ શાળાઓમાં પણ મોકલવામાં આવે, ખાસ કરીને એવી શાળાઓ જે દેશની જનતાના નબળા સમુદાયો માટે ચાલે છે જેથી તેઓ પણ આ અભિગમનો લાભ મેળવી શકે. પરિઆહ ટ્રીટમેન્ટ કે આદિવાસી બાબતોના વિભાગ દ્વારા આશ્રમ શાળાઓને પ્રાપ્ત થઈ છે તે હવે યથાવત નથી અથવા એકલવ્ય શાળાઓમાં લંબાવાઈ દેવાઈ હોવાનું માનવામાં આવે છે. તમામ શાળાઓને એકજ વહીવટીતંત્ર અને એમએચઆરડી તેમજ રાજ્ય શિક્ષણ વિભાગોના ન્યાયક્ષેત્ર હેઠળ લાવવા અંગે વ્યાપક અભિગમ અપનાવવાનો હવે સમય આવી ગયો છે.

કમનસીબે બજેટમાં ક્યાંય પણ સાકલ્યવાદી અભિગમ કોઈપણ સ્વરૂપમાં જોવા મળતો નથી. ઉદાહરણ તરીકે, એસએસએ અને આરએમએસએ તેમજ ટીચર એજ્યુકેશન માટે કરવામાં આવેલી ફાળવણીઓ હજુ પણ અલગ જ રહેશે. એસએસએ માટે તેમણે ગત વર્ષે રૂપિયા ૨૩,૫૦૦ કરોડમાંથી સહેજ વધારો કરીને આ વર્ષે રૂપિયા ૨૬,૧૨૮ કરોડ કર્યા અને આરએમએસએ માટે ગત વર્ષે રૂપિયા ૩૯૧૫ કરોડ (આરઈ) હતા તેમાં વધારીને રૂપિયા ૪૨૧૩ કરોડ કર્યા. શું રાજ્યો દ્વારા તેને ભેગા કરીને એક સાથે તેનો ઉપયોગ કરવામાં આવશે? અલગ અલગ પ્રોગ્રામ ઘટકોને તેઓ કેવી રીતે ફાળવણી કરશે? એસએસએ અથવા આરએમએસએના માળખામાં આ અભિગમના નેજા હેઠળ શું ફેરફાર કરવામાં આવ્યા છે? આ બધાજ એવા સવાલ છે જેના કોઈ જ જવાબ મળી શક્યા નથી. આથી, એકંદરે ગુણવત્તા પર થતી અસર અત્યારથી નક્કી કરી શકાય નહી. એકીકૃત પ્લાનની રૂપરેખા પર ઘણો મોટો આધાર રહેશે.

આગામી ચાર વર્ષમાં રિસર્ચ અને ઈનોવેશન પાછળ રૂપિયા એક લાખ કરોડનો ખર્ચ કરવાની જાહેરાત ભલે ઘણી મહત્વાકાંક્ષી લાગે તેમ છતાં આવકાર્ય છે. ખાસ કરીને, આ વર્ષની ફાળવણીમાં તે હજુ પ્રતિબિંબિત થતું ન હોવાથી આ જાહેરાત વધુ મહાત્વાકાંક્ષી જણાઈ રહી છે. આ વર્ષે માટે રૂપિયા ૩૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે જે ગત વર્ષે અપાયેલા રૂપિયા ૩૧૯ કરોડની તુલનાએ ૪૫ કરોડ રૂપિયા વધારે છે. આનો અર્થ એવો થાય કે જો આ વચન પુરું કરવું હોય તો આગામી ૩ વર્ષના બજેટમાં તેના માટે ખૂબ જ મોટી ફાળવણીની જાહેરાત કરવી પડે.

બજેટના વક્તવ્યમાં ગુણવત્તાને અનુલક્ષીને કરવામાં આવેલી વાતના અન્ય ઘટક પર વિચાર કરીએ તો, નેશનલ અચિવમેન્ટ સરવે શિક્ષણના પરિણામો સુધારવામાં પાયો રચે છે જેના માટે કોઈ

સ્પષ્ટ બજેટ પ્રભાવો જોવા મળતા નથી અને આમ આર્થિક નિવેદનમાં તેની બાકાતીથી ભવાં ચઢાવવાની જરૂર નથી. જોકે, શિક્ષણનું સ્તર સુધારવા માટે જિલ્લા સ્તરે વ્યૂહરચના અપનાવાઈ છે તેમ છતાં પણ તેના માટે સમગ્ર સિસ્ટમમાં રોકાણની જરૂર પડશે જેથી વ્યાપક રીતે તેની દેખરેખ અને મોનટરિંગ કરી શકાય અને જ્યાં પણ જરૂર હોય ત્યાં યથાયોગ્ય રીતે પ્રતિભાવક સિસ્ટમ પણ સમાવી શકાય. આથી જ જિલ્લા અને પેટા-જિલ્લા સ્તરે આ પડકારને ઝીલવા માટે વહીવટીતંત્ર શું કરે છે તે જોવું ઘણું રસપ્રદ બની રહેશે. આ કવાયત માટે કેટલીક આર્થિક ગૂંચવણો પણ આવશે. કદાચ આવતા વર્ષના બજેટમાં તે જોવા મળે તેવી સંભાવના છે.

આથી, આ વર્ષના બજેટમાંથી મળતો મહત્વનો સંદેશ એ છે કે વક્તવ્યમાં શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમાં મળેલા સંકેતો ઘણું કહી જાય છે. જોકે, આ વર્ષે વાસ્તવમાં કરવામાં આવેલી નાણાકીય ફાળવણીમાં આ પ્રાથમિકતા કેટલી પ્રતિબિંબિત થાય છે તે શોધવું થોડું અઘરું છે. ભારપૂર્વક આપેલા નિવેદનો અને સ્ત્રોતોની ફાળવણીઓ વચ્ચે તાલમેલ બેસતો નથી અને ક્યાંથી સ્ત્રોતો ઉભા કરાશે તેવા સંકેત સુદ્ધાં પણ મળતા નથી. આથી એક મહત્વનો પ્રશ્ન ઉભો થાય છે: શું આગામી સમયમાં સરકાર નોન-બજેટરી (બજેટ સિવાયના) અથવા ખાનગી સ્ત્રોતો પર નિર્ભર રહેવા માંગે છે? તેનાથી જાહેર શિક્ષણના ભાવી પર ઘણી મોટી અસર જોવા મળશે અને આમ આ બાબતે જાહેરક્ષેત્રમાં તેની ખૂબ વ્યાપક ચર્ચા થવી આવશ્યક છે.

શિક્ષણમાં સુધારો લાવવા માટે મુખ્ય ચાલક તરીકે ટેકનોલોજી તરફનો ઝુકાવ પણ એક એવી ધરી છે જેમાં વધુ પ્રકાશ પાડવાની જરૂર છે કારણ કે ત્યાં પણ માળખાકીય સુવિધાઓ ઉભી કરવા સંબંધે કેટલીક ઉણપો છે અને શિક્ષણની પ્રેક્ટિસની અસરો સંદર્ભે પણ તેમાં ધ્યાન આપવું આવશ્યક છે. શું વાસ્તવમાં સંસ્થાઓની ઊંડી સમસ્યાઓ કે જેણે આ ક્ષેત્રને પોકળ બનાવી દીધું છે તેને બાજુએ ધકેલી દેવા માટે ટેકનોલોજી એક અનુકૂળ માર્ગ છે? શું સરકાર ઉપરછલ્લા ઉકેલો લાવીને આ ક્ષેત્રે મળેલી નિષ્ફળતાના મોટા પ્રશ્નો કે જેને શિક્ષણની નબળી ગુણવત્તા અને શિક્ષણનાં ઘટતા સ્તર માટે જવાબદાર માનવામાં આવે છે તેના પર પડદો ઢાંકવાનો ઈરાદો ધરાવે છે?


**લેખક સેન્ટર ફોર પોલિસી રિસર્ચ [CPR] ના સિનિયર ફેલો છે અને હાલમાં તે પ્રાથમિક શિક્ષણની કામગીરીના મુદ્દે કામ કરી રહ્યા છે. તે સર્વ શિક્ષા અભિયાન [SSA] ની સાથે રાઈટ ટુ એજ્યુકેશન (RTE) ને ભેળવવા માટેની બોરડીયા કમિટીનો ડ્રાફ્ટ તૈયાર કરનાર ઘણી રાષ્ટ્રીય કમિટીઓના સભ્ય રહી ચૂક્યા છે. તે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ સર્વ શિક્ષા અભિયાન (SSA) ના ધોરણો તથા સ્કૂલ સોશ્યલ ઓડિટની માર્ગરેખાઓ ડ્રાફ્ટ કરવાના સ્પેશ્યલ ગ્રુપનું ચેરમેન પદ સંભાળી ચૂક્યા છે. તેમણે એકેડેમિક જર્નલ્સની સાથે સાથે રાષ્ટ્રીય મીડિયામાં વ્યાપક લેખન કર્યું છે.**

E-mail: kiran.bhatty@gmail.com



## Subscription Coupon

[For New Membership / Renewal / Change of Address] (Tick Mark)

I want to subscribe to
**Yojana** : 1 Yr. **₹. 230/-;** **Yojana** : 2 Yr. **₹. 430/-;** **Yojana** : 3 Yr **₹. 610/-;**
**(Gujarati)** (Circle the period of subscription)

DD / MO No. ____________________ Date ____________

Full Name (in block letters) : ____________________

Subscriber's profile : Student / Academician / Institution / Library / Others

Complete Address : ____________________

Email ID : ____________________

Phone No. : ____________________

Pincode : ☐☐☐☐☐☐

Please allow us 4 to 6 weeks for the despatch of the first issue.
For Renewal / change in address, please quote your subscription number with all the details above.

લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, અંબિકા કોમ્પલેક્ષ, યુકો બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭ ના સરનામે મોકલવું અથવા **(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana (2) http://yojana.gov.in/ (3) http://publicationsdivision.nic.in/Subscription.aspx** ઉપરથી ઓનલાઈન પણ ભરી શકાશે.

# કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૧૮-૧૯નું બજેટ : ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો સંકેત

**ડેનીશ એ. હાશીમ અને**
**વર્ષા કુમારી**




*કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના સુધારાઓની ગતિશીલતા આગળ વધારવાની સાથે સાથે એવી કેટલીક પહેલ હાથ ધરાઈ છે કે જેની મૂડી રોકાણના વાતાવરણ ઉપર સીધી અસર થશે અને દેશમાં રોજગાર નિર્માણમાં સહાય થશે. બજેટમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની જે પહેલ હાથ ધરાઈ છે તેનાથી કોર્પોરેટ ક્ષેત્રના સમય અને નાણાંની બચત થશે. કોર્પોરેટ સેક્ટરથી પણ આગળ વધીને નાણાં મંત્રીએ વ્યાપક સ્તરે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારવા માટેના પગલાંની જાહેરાત કરી છે.*

પ**રિચય**
છેલ્લા થોડાંક વર્ષોમાં કેન્દ્ર સરકાર તરફથી જેને અભૂતપૂર્વ મહત્વ આપવામાં આવ્યું છે તે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (EoDB), બજેટ જેવા મહત્વના ક્ષેત્ર અંગે ઉંચી અપેક્ષાઓ હતી. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારા પાછળ સરકારનો એજન્ડા અને આંતરિક ઉદ્દેશ દેશમાં મૂડી રોકાણ અને રોજગારીની સાંકળ તોડવાનો હતો. કેન્દ્ર સરકારે બિઝનેસ સાયકલમાં વિવિધ તબક્કે આવતા અવરોધોને દૂર કરવા પ્રારંભથી અંત સુધીમાં સંખ્યાબંધ સુધારા હાથ ધર્યા છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંગે જે કેટલીક હકારાત્મક ગતિવિધી જોવા મળી છે, જેમાં એક જ દિવસમાં કંપનીની સ્થાપના, જીએસટી રજૂ કરીને આડકતરા કરપાલનનું સરલીકરણ અને ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (IBC) નો અમલ કરીને ઝડપથી આ અંગેનો ઠરાવ લઈ આવવાનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારે રાજ્યો વચ્ચે સ્પર્ધાત્મક ફેડરાલીઝમની (રાજકીય દ્રષ્ટિથી સંયુક્ત પરંતુ આંતરિક બાબતોમાં સ્વતંત્ર સમવાયી તંત્ર વ્યવસ્થા ભાવના)ને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારોને શ્રમ, જમીન, ઈન્સપેક્શન અને વિવાદ નિવારણ તથા અન્ય બાબતોમાં તથા અન્ય બિઝનેસ રિફોર્મ કડકપણે હાથ ધરવા જણાવ્યું છે. આ બધી પહેલના ઉદ્યોગોને હકારાત્મક પરિણામો મળતા થયા છે. વિશ્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ ડુઈંગ બિઝનેસ રિપોર્ટમાં ભારતના (૧૯૦ દેશોમાંથી) રેન્કીંગમાં ૩૦ કદમનો ઉછાળો જોવા મળ્યો છે.

પ્રધાનમંત્રીશ્રીનુ વિઝન એવું છે કે ભારત ટોચના ૫૦ દેશોના સમૂહમાં જોડાય. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા અંદાજપત્રમાં આ દિશામાં આગળ વધવા માટે કેટલાક પગલાં હાથ ધરવાની અપેક્ષા હતી. એવી આશાઓ અને અપેક્ષાઓ હતી કે કેન્દ્ર સરકારનું બજેટ નિર્ણાયક નીતિને દિશા આપશે અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના સુધારાના પૂરા નહી થયેલા એજન્ડાને આગળ ધપાવશે. આ અપેક્ષાઓ અનુસાર અંદાજપત્રમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની સંખ્યાબંધ પહેલ હાથ ધરવામાં આવી છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંગે જે જાહેરાતો કરાઈ છે તે MSMEs ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ઘણાં પાસાં આવરી લઈ રોજગારીને ગતિ આપવા અને મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા ઉપર ભાર મૂકાયો છે. કોર્પોરેટ ક્ષેત્ર માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની જે પહેલ હાથ ધરાઈ છે તેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે.

● **કોર્પોરેટ ક્ષેત્ર માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની મહત્વની પહેલ**

● **MSMEs માટે વ્યાપક ધિરાણઃ** સરકારે MSMEs ક્ષેત્રને ધિરાણ સહયોગ, મૂડી અને વ્યાજ સબસીડી પૂરી પાડવા માટે રૂ.૩ લાખ કરોડની ફાળવણી કરીને MSMEs ને ધિરાણની જે સમસ્યા છે તે હલ કરવા પ્રયાસ કર્યો છે. નોંધપાત્ર બાબત એ છે કે આ વધારેલી ફાળવણીને જે પગલાંઓનું પીઠબળ પ્રાપ્ત થયું

છે તેનાથી ધિરાણ મેળવવાની સ્થિતિમાં સુધારો થશે. આ મુજબ અંદાજપત્રમાં MSMEs ને બેંક ક્રેડિટ ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે નવતર પધ્ધતિઓ હાથ ધરાઈ છે, જેમાં MSME બિઝનેસીસની ફાયનાન્સિયલ માહિતી તૈયાર કરવી. જેથી આ પેઢીઓને ધિરાણના અભાવનો ઈતિહાસ અને ફીનટેંકના ઉપયોગ દ્વારા MSME સેક્ટરને કાર્યકારી મૂડીની ઉપલબ્ધિ આસાન બને.

● **MSMEsને ધિરાણોની મંજૂરીઓમાં સરલીકરણઃ** સરકારે નાના અને મધ્યમ કદના એકમોને ધિરાણની મંજૂરીઓને જીએસટી નેટવર્ક (GSTN) સાથે જોડીને ટ્રેડ રિસીવેબલ ડીસ્કાઉન્ટીંગ સિસ્ટમ (TReDS) માં બદલાવ શરૂ કર્યો છે. આનાથી MSMEs કાર્યકારી મૂડીનું બહેતર મેનેજમેન્ટ અને બીલોનું ઝડપી ડીસ્કાઉન્ટીંગ કરી શકશે. વધુમાં, બેંકો પાસે MSMEs ના રોકડ પ્રવાહ અંગે માહિતી ઉપલબ્ધ હોવાથી તે સક્રિય બનીને ધિરાણો પૂરાં પાડશે, કારણ કે નકલી બીલોનું જોખમ રહેશે નહીં.

● **કરવેરામાં રાહતઃ** રૂ.૨૫૦ કરોડ સુધીનું ટર્ન ઓવર ધરાવતી (અગાઉ આ મર્યાદા રૂ.૫૦ કરોડની હતી) કંપનીઓનો કોર્પોરેટ ટેક્સ ઘટાડીને ૨૫ ટકા કરવાનું સિમાચિહ્નરૂપ પગલું ભરવામાં આવ્યું છે, જેનાથી દેશની કંપનીઓમાંથી ૯૯ ટકાને લાભ થવાની અપેક્ષા છે. આનાથી MSMEs પાસે રોકાણપાત્ર મૂડીમાં વધારો થતાં તે વૃધ્ધિ અને રોજગારીમાં પ્રદાન કરી શકશે.

● **MSMEsને એનપીએ અંગેના વલણમાં રાહતઃ** અંદાજપત્રમાં સરકારે એનપીએની બાબતને તથા તણાવ ધરાવતા ખાતાઓની સમસ્યા બાબતે અસરકારક રીતે હલ કરવા માટેના પગલાં લીધા છે. આ અનુસાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ MSMEs ધિરાણ લેનારાઓને એક નોટિફિકેશન બહાર પાડીને તેમના ધિરાણની ચૂકવણીમાં ૧૮૦ દિવસ સુધીની વિલંબની છૂટ આપી છે, જે નિર્ધારિત સમય કરતાં બમણો સમય છે. આ પગલું એનપીએની કેટેગરીમાં મૂક્યા વગર લેવામાં આવ્યું છે. આ પગલું લેવાથી MSMEsના રોકડ પ્રવાહનો મુદ્દો અને બેંકો તથા નોન-બેંકીગ ફાયનાન્સ કંપનીઓને રિ-પેમેન્ટની જવાબદારી હલ થશે.

● **યુનિક આઈડીઃ** હાલમાં કંપનીઓએ કંપનીની સ્થાપના, પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન અને વિજળી મેળવવા બાબતે તથા અન્ય કેટલાંક રજીસ્ટ્રેશન અંગે રેકોર્ડ જાળવી રાખવો પડતો હતો. આ બાબત નાણાં અને સમયની દ્રષ્ટિએ ખૂબ જ ખર્ચાળ પૂરવાર થતી હતી. સરકાર દ્વારા આવા એકમો માટે નાગરિકોને અપાતા આધારની જેમ જ યુનિક આઈડેન્ટીફેશનની યોજનાની દરખાસ્ત કરી છે. આના કારણે વિવિધ સરકારી ઓથોરિટીઓ માટેના અલગ અલગ પ્રકારના રજીસ્ટ્રેશન જાળવવાની જરૂરિયાતને બદલે તમામ મંજૂરીઓ અને પરમીટ માટે એક જ વખત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

● **નેશનલ લોજીસ્ટીકસ પોર્ટલઃ** વ્યાપાર મંત્રાલય હેઠળના લોજીસ્ટીક્સ વિભાગ એક ઓનલાઈન નેશનલ પોર્ટલ વિકસાવી રહ્યું છે. તેનાથી લોજીસ્ટીકસ સર્વિસ પ્રોવાઈડર, બાયર્સ, કસ્ટમ્સ, ડીજીએફટી, રેલવેઝ, પોર્ટસ, એરપોર્ટસ, હિન્ટરલેન્ડ વોટરવેઝ, કોસ્ટલ શિપીંગ વગેરે સહયોગીઓના ઘણાં લાંબા સમયથી પડતર મુદ્દાઓ હલ થશે અને ઊણપો નિવારાશે. જો આ પોર્ટલનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવશે તો તે, સંબંધિત સહયોગીઓને એક જ ઓનલાઈન પ્લેટફોર્મ પર લાવશે અને લોજીસ્ટીક્સ ખર્ચમાં અંદાજે ૧૦ ટકા જેટલો ઘટાડો કરશે.

● **તમામ ક્ષેત્ર માટે નિશ્ચિત મુદતની રોજગારીઃ** નિશ્ચિત મુજબની રોજગારીની જોગવાઈ એટલે કે ચોક્કસ સમયગાળા માટે કર્મચારીઓને રાખવાની યોજના, કે જે અગાઉ કાપડ ઉદ્યોગમાં લાગુ પડતી હતી તે કંપનીઓને મુક્તપણે ટૂંકા ગાળા માટે માણસો રાખવાની છૂટ આપીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનું તમામ ક્ષેત્રોમાં વિસ્તરણ થશે. આ પહેલને કારણે વધારાની રોજગારીને તો પ્રોત્સાહન મળશે જ, પરંતુ તેનાથી લેધર, ફૂટવેર અને એસેસરીઝ જેવા ક્ષેત્રો કે જ્યાં વર્ષ દરમ્યાન શ્રમિકોની અલગ અલગ જરૂરિયાત રહેતી હોય છે તેવા ક્ષેત્રોને ભારે ગતિ મળશે. આ ક્ષેત્રો રોજગાર પ્રચૂર હોવાના કારણે નવી પહેલને કારણે રોજગાર નિર્માણને વેગ મળશે. બજેટમાં માલિકોને, કોઈપણ મધ્યસ્થી વગર નિશ્ચિત મુદત માટે સીધા કામદારો રાખવાની છૂટ આપવામાં આવી છે. આને પરિણામે કંપનીઓના ખર્ચમાં ઘટાડો થશે.

● **એક સરખી સ્ટેમ્પ ડ્યુટીઃ** કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારો સાથે સંકલન કરીને સ્ટેમ્પ ડ્યુટી ક્ષેત્રે સુધારાત્મક પગલાં ભરશે. હાલમાં સ્ટેમ્પ ડ્યુટીનું પ્રમાણ વિવિધ રાજ્યોમાં ૪ થી ૭ ટકા જેટલં છે. સ્ટેમ્પનો દર દેશભરમાં એક સરખો થતાં જમીનો/મિલકતોની કિંમત વચ્ચેની વિસંગતતાની સ્થિતિ દૂર થશે.

● **ટેકનોલોજી આધારિત શાસનઃ** દેશમાં વિવાદોના નિવારણની પ્રક્રિયાને ગતિ આપવા સરકાર તમામ જીલ્લા અને પેટા અદાલતોનું સાર્વત્રિક કોમ્પ્યુટરાઈઝેશન કરવા માંગે છે. આને કારણે નેશનલ જ્યુડિશ્યલ ડેટા ગ્રીડના અસરકારક અમલીકરણમાં સુગમતા રહેશે અને કોમ્પ્યુટરાઈઝ્ડ અદાલતો અને પેટા અદાલતોમાં તેનાથી ન્યાયી પ્રક્રિયાઓ સંબંધિ માહિતીઓ ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે પ્રાપ્ત થશે. વધુમાં, ઈ-ફાઈલીગ અને ઈ-પેમેન્ટસની સુવિધાઓ ધરાવતી ઈ-કોર્ટસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે કોન્ટ્રાક્ટ એન્ફોર્સમેન્ટ મિકેનિઝમ મજબૂત થશે, જેમાં ભારત હાલમાં ૧૬૪ જેટલું નબળું રેન્કિંગ ધરાવે છે.

● **ઈલેક્ટ્રોનિક ટોલ પેમેન્ટઃ** સરકાર ટોલ તરીકે રોકડેથી ચૂકવણી કરવાની પધ્ધતિના બદલે ઈલેક્ટ્રોનિક પેમેન્ટ પધ્ધતિ અને ફાસ્ટટેગ્ઝની પધ્ધતિ અમલમાં મૂકવા માંગે છે. 'તમે ચૂકવણી કરો તેટલો જ વપરાશ કરો' એ દિશાની આ પહેલ છે. હાલમાં આ યોજના પાયલોટ ધોરણે ચાલે છે અને વ્યાપારી વાહનોના ટ્રાન્સપોર્ટરોને એનાથી નોંધપાત્ર પ્રમાણમાં રાહત તથા ખર્ચ અને સમયની બચત થશે.




● **સંરક્ષણ ઉત્પાદનોને વેગ:** સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન માટે ખાનગી મૂડી રોકાણો માટેની યોજના રજૂ કર્યા પછી સરકાર દેશમાં બે ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન કોરિડોર વિકસાવવાનાં પગલાં લઈ રહી છે. આનાથી એક તરફ સંરક્ષણ ઉત્પાદનોના આયાત અવેજીકરણમાં સહાય થશે અને બીજી તરફ રોજગાર નિર્માણ થશે. સંરક્ષણ ઉત્પાદન નીતિ- ૨૧૦૮ દ્વારા પણ MSMEs સહિત જાહેર અને ખાનગી ક્ષેત્ર દ્વારા સંરક્ષણ ક્ષેત્રે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાની દરખાસ્ત છે.

● **સુધારેલી આઉટવર્ડ ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પોલિસી (ODI):** અંદાજપત્રમાં વર્તમાન પ્રક્રિયાઓ અને માર્ગરેખાઓની સમીક્ષા કરીને એક વધુ સુસંગત અને સુસંકલિત આઉટવર્ડ ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પોલિસીની જાહેરાત કરવામાં આવી છે. સરકાર ભારતની કંપનીઓ અને ખાસ કરીને સ્ટાર્ટઅપ્સ અને વેન્ચર કેપિટલ કંપનીઓ સીધુ વિદેશી મૂડી રોકાણ ઉભુ કરવા માટે ઉપયોગ કરી શકે તેવા હાઈબ્રીડ ઈન્સ્ટ્રુમેન્ટસની યાદી તૈયાર કરવા માટે પણ કામ કરી રહી છે.

● **ઉદ્યોગનો ફીડબેક:** બિઝનેસ રિફોર્મ્સ એક્શન પ્લાન (BRAP) ના હિસ્સા તરીકે બિઝનેસ ક્ષેત્રે સુધારાઓની ઊંડી અસર થાય તે માટે ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અને પ્રમોશન વિભાગ (DIPP), રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો સુધારાઓના અમલીકરણ માટે ઉદ્યોગોનો ફીડબેક મેળવીને રેન્કિંગનું મૂલ્યાંકન કરવાની કવાયત હાથ ધરી રહ્યા છે. અગાઉ આ આકલન રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો તરફથી મેળવાયેલા ફીડબેકને આધારે કરવામાં આવતું હતું અને તેનાથી ઉદ્યોગોમાં પાયાના સ્તરે સુધારાઓની અસરકારકતાનો તાગ મેળવી શકાતો ન હતો.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની સુગમતા માટે કોર્પોરેટ સેક્ટરમાં લેવાયેલા આ પગલાં ઉપરાંત નાણાં મંત્રીએ એક કદમ આગળ વધીને કોર્પોરેટ સેક્ટર સિવાયના ક્ષેત્રોમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારવા માટે પ્રયાસો હાથ ધર્યા છે. સરકાર દ્વારા આ માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની કેટલીક પહેલ હાથ ધરવામાં આવી છે, જેમાં રૂરલ હાટ્સનું ગ્રામીણ એગ્રીકલ્ચર માર્કેટ તરીકે અપગ્રેડેશન (GrAMs), ખેડૂતો અને વપરાશકારો / બલ્ક પર્ચેઝર્સ વચ્ચેના સીધા આર્થિક વ્યવહારોને ઈ-NAM સાથે જોડવાનો પ્રયાસ કરાયો છે અને એ માટે લોંગ ટર્મ ઈન્ટીગ્રેશન ફંડ (LITF), માછીમારી, પશુપાલન અને એક્વા કલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ ફંડ (FAIDF) ની રજૂઆત તથા અન્ય પગલાંઓનો સમાવેશ થાય છે. સમાન પ્રકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સરકારે નેશનલ હાઈવેઝ અને રેલવેઝનું નેટવર્ક વિસ્તારવાની તથા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને બ્રોડબેન્ડ ઉપલબ્ધ કરવાની દરખાસ્ત રજૂ કરી છે.

**૩. સમાપન**

કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના સુધારાઓની ગતિશીલતા આગળ વધારવાની સાથે સાથે એવી કેટલીક પહેલ હાથ ધરાઈ છે કે જેની મૂડી રોકાણના વાતાવરણ ઉપર સીધી અસર થશે અને દેશમાં રોજગાર નિર્માણમાં સહાય થશે. બજેટમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની જે પહેલ હાથ ધરાઈ છે તેનાથી કોર્પોરેટ ક્ષેત્રના સમય અને નાણાંની બચત થશે. કોર્પોરેટ સેક્ટરથી પણ આગળ વધીને નાણાં મંત્રીએ વ્યાપક સ્તરે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારવા માટેના પગલાંની જાહેરાત કરી છે. MSMEs, કૃષિ, ગ્રામ્ય અર્થતંત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની પહેલ હાથ ધરવામાં આવી છે.

આ પ્રકારના પગલા મૂડી રોકાણનું વાતાવરણ સુધારવામાં ખૂબ જ સહાયક બનશે અને કામદાર કાયદાઓ, જમીન સંપાદન અને થર્ડ પાર્ટી મંજૂરીઓના વિસ્તરણ દ્વારા બિઝનેસનું વાતાવરણ સુધારવામાં વધુ સહાયક બનશે. રાજ્યોને પણ ઈ-ગવર્નન્સની પહેલ હાથ ધરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જેમાં કેન્દ્ર સરકારના શ્રમ સુવિધા પોર્ટલ સાથે સંકલન, GIS નું અમલીકરણ, વિવિધ સ્તરે લેન્ડ રેકોર્ડનું ડીજીટાઈઝેશન અને એકત્રીકરણ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનન્સના દસ્તાવેજો ઓનલાઈન મૂકવા જેવા અન્ય પગલાંઓનો સમાવેશ થાય છે. DIPP' ના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં બહુ ખરાબ સ્થિતિ ધરાવતા તથા બિઝનેસમાં સુધારાઓ હાથ ધરવામાં રૂચિ દાખવતા રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોને નીતિ વિષયક નિર્દેશકો આપવાની તક પ્રાપ્ત થઈ છે. આમ છતાં એવું કહેવાય છે કે બહેતર બાબતો હવે પછી આવશે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના આ પ્રકારના સુધારાઓ વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્ર ઉપરાંતની બાબતોમાં પણ વહેલામાં વહેલી તકે હાથ ધરાય તેવી આશા રાખવી રહી.

**ડેનીશ એ. હાશીમ એ કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII), નવી દિલ્હીના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિભાગના હેડ છે. અર્થશાસ્ત્રી તરીકેની તાલિમ પામેલા તેમણે વિવિધ ક્ષેત્રે અભ્યાસ લેખ લખ્યા છે, જેમાં નાગરિક ઉડ્ડયન, ટ્રેડ, પ્રાદેશિક એકતા, રોજગારી, ઉત્પાદનલક્ષી વિકાસ, ભાવિ બજારો, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વગેરે વિષયોનો સમાવેશ થાય છે.**


**E-mail: danish.hashim@cii.in**

**વર્ષા કુમારી એ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિભાગ, CII, નવી દિલ્હીના કન્સલ્ટન્ટ છે.**

**E-mail: varshak.kumari44@gmail.com**

# કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ખેતી અને ખેડૂત : સશક્ત કરનાર, સમાવેશી અને નવીન પરિબળો

ડૉ. જે. પી. મિશ્રા અને
શિવાલિકા ગુપ્તા



*સરકાર ખેડૂતોની આવક નાણાંકીય મંજૂરીઓ દ્વારા બમણી કરવાનું ધ્યેય ધરાવે છે. તે હવે ખેતીનું ઉત્પાદન/ઉત્પાદકતા તરફથી સ્પષ્ટ કાર્યવાહી હાથ ધરી શકાય તેવા આવકની સમાવેશિતાના રોડ મેપ તરફ આગળ વધી રહી છે. વિવિધ કાર્યક્રમોનું માળખું કૃષિ સંલગ્ન ક્ષેત્રો સાથે કેવી રીતે તાર્કિક ઢબે કામ પાર પાડશે તે બાબત છેલ્લા ૩ વર્ષમાં જોવા મળી છે.*

કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૧૮-૧૯નુ બજેટ એ 'સૌનો સાથ, સૌનો વિકાસ' નો એક ઉદાહરણરૂપ પ્રયાસ છે. બજેટમાં કૃષિલક્ષી અર્થતંત્રમાં સુધારા માટે તમામ પ્રકારે ઝોક મૂકવામાં આવ્યો છે અને તેમાં સમાવેશીતા, નિરંતરતા અને નવી જ ઢબનાં ઈનોવેશનનું મિશ્રણ કરવામાં આવ્યું છે. તેમાં ઉત્પાદનની તુલનામાં આવક ઉપર વિશેષ ઝોક મૂકવામાં આવ્યો છે, જે સાધનપ્રચૂર ખેતીની સ્વાભાવિક પસંદગી બની રહે છે. અત્યાર સુધીમાં કૃષિ ક્ષેત્ર અનાજની ખાધ ધરાવતા સ્થાનમાંથી અનાજનો ફાજલ જથ્થો ધરાવનાર અને ચોખ્ખા નિકાસકાર તરીકે રૂપાંતર પામ્યું છે, પરંતુ ટેકનોલોજીનો જે અસરકારક લાભ થયો છે તે મહદ અંશે પસંદગીના ભૌગોલિક વિસ્તારોમાં જ જોવા મળ્યો છે. પરંતુ મોટા પટ્ટાઓમાં વર્ષના તમામ ત્રિમાસિક ગાળામાં પૂરતા પાણીનો વૈભવ માણી શકાતો નથી, એથી પાછળ રહે છે. ખેતરોના ઘટતા જતા કદ, ઓસરતા જતા સ્ત્રોતો અને એ માટે લાગુ પડતાં સાધનો તથા ખેતીમાં કામ કરતા મજૂરોનો વધતા જતા ખર્ચ વચ્ચે માનનીય પ્રધાન મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો જે અનુરોધ કર્યો હતો તેને આ બજેટ દ્વારા યોગ્ય રીતે સાર્થક બનાવવામાં આવેલ છે. આ વ્યૂહરચનાનો ઉદ્દેશ ખેડૂતના કલ્યાણનો અને ઉત્પાદન, પ્રક્રિયા અને બજારના ઘનિષ્ઠ ઉપયોગના અભિગમ તેમજ બજારની માળખાગત સુવિધાઓમાં, પ્રોસેસિંગ, મૂલ્યમાં ઉમેરો અને ખેત બિઝનેસ દ્વારા તેમજ ખેડૂતના કલ્યાણના પ્રયાસોમાં વિવિધીકરણ લાવી ઉંચા રોકાણો દ્વારા ખેતીમાં રહેલી હતાશાની સ્થિતિ દૂર કરવાનો છે.

**કોઠો ૧: કૃષિ મંત્રાલય અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય દ્વારા બજેટમાં વધારો**

| ક્રમ | વિભાગ/મંત્રાલય | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ટકાવારી માં પરિવર્તન |
|---|---|---|---|---|---|
| ૧ | કૃષિ મંત્રાલય | ૪૪,૫૦૦ | ૫૦,૨૬૪ | ૫૭,૬૦૦ | ૧૫% |
| ૧.૧ | DACFW | ૩૬,૯૧૨ | ૪૧,૧૦૫ | ૪૬,૭૦૦ | ૧૪% |
| ૧.૨ | DAHDF | ૧,૮૫૮ | ૨,૧૬૭ | ૩,૧૦૦ | ૪૩% |
| ૧.૩ | DARE | ૫,૭૨૯ | ૬,૯૯૨ | ૭,૮૦૦ | ૧૨% |
| ૨ | ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય | ૭૧૩ | ૭૧૫ | ૧,૪૦૦ | ૯૬% |

Adviser (Agricuture)

**બજેટમાં વધુ ઉંચી જોગવાઈઓ**

ભારતમાં ઘણા લાંબા સમયથી જેની અવગણના કરવામાં આવી રહી હતી તે કૃષિ ક્ષેત્રને નાણાં મંત્રીના બજેટ પ્રવચનમાં યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે . તેમના દ્વારા તા. ૧ લી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ રજૂ કરવામાં આવેલુ નાણાકીય નિવેદન (અંદાજપત્ર) એ ખેડૂતની હતાશા ઉપર

બહુ પાંખીયા હૂમલા માટેની હિંમતભરી રૂપરેખા આપે છે. એમાં ઘનિષ્ઠપણે સમાવેશિતા દાખવીને ગામડાંમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવામાં ઈનોવેશન, તથા આવક અને મૂડીરોકાણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રની જોગવાઈઓ દ્વારા કૃષિ અને સંલગ્ન ક્ષેત્ર માટે ફાળવણીઓમાં ૧૫ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે, જે થોડો ઓછો જણાય છે પરંતુ સરકાર ખેડૂતોનાં જોખમો બાબતે કેવી રીતે કામ લેવા માગે છે એ દર્શાવી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના પાક વીમા માટે ૨૨ ટકા વધુ ફાળવણી કરીને ગયા વર્ષે અગ્રતાનુ વલણ અને દિશા સ્પષ્ટ કરી દેવામાં આવી હતી. ઓર્ગેનિક ફાર્મિંગ વેલ્યુ ચેઈન, ઉંચુ મૂલ્ય ધરાવતી કોમોડિટી, મહત્વનાં સાધનો સર્વિસીસ તેમજ કૃષિ ધિરાણ માટે ઉંચી ફાળવણી એવુ પૂરાવો આપે છે કે ખેતી અને ખેડૂત સરકાર માટે પાયાનો પત્થર બની રહેશે. બિયારણ માટેની ફાળવણી માંગ આધારિત હોય છે અને તેમાં RE તબક્કામાં દર વર્ષે વધારો થતો હોય છે. પ્રોસેસિંગ અને મૂલ્ય વૃધ્ધિ અત્યાર સુધીમાં નબળો વિસ્તાર રહ્યો છે. તેને માટે અંદાજપત્રિય ફાળવણીઓમાં ખૂબ જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયને ૨૦૧૭-૧૮ની તુલનામાં લગભગ ૧૦૦ ટકા વધારા સાથે ફાળવણી કરવામાં આવી છે. (કોઠા-૧ પ્રમાણે)

વર્ષ ૨૦૧૬-૧૭ના વાસ્તવિક ખર્ચનું તુલનાત્મક સ્ટેટમેન્ટ, વર્ષ ૨૦૧૭-૧૮ના સુધારેલા અંદાજો અને વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રિય ફાળવણી સ્વાભાવિક રીતે સરકાર દ્વારા અગ્રતા દર્શાવી હોય તેવી નિશ્ચિત તરાહ દર્શાવે છે. ભારતીય ખેતીના તમામ મહત્વના ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વધુ ઉંચી અંદાજપત્રિય ફાળવણી કરાઈ છે (કોઠો-૨) અને વધુ સમાવેશિતા દ્વારા આ સાતત્ય ચાલુ રાખીને વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કેટલાંક પરંપરા તોડનારા પગલાં લેવામાં આવ્યા છે.

**કોઠો-૨: ખેતી અને એગ્રી બિઝનેસનાં મહત્વના ક્ષેત્રોમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું**

| અગ્રતા ક્ષેત્ર | ભારત સરકારનાં કાર્યક્રમો | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | તફાવત ટકામાં |
|---|---|---|---|---|---|
| રિસ્ક મેનેજમેન્ટ | પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના | ૧૧,૦૫૧.૦૦ | ૧૦,૬૯૯.૦૦ | ૧૩,૦૦૦.૦૦ | ૨૨% |
| ઓર્ગેનિક ફાર્મીંગ | NER માટે ઓર્ગેનિક વેલ્યૂ ચેઈનનો વિકાસ | ૪૮.૨૦ | ૧૦૦ | ૧૬૦ | ૬૦% |
| ઉંચુ મૂલ્ય ધરાવનાર કોમોડિટીઝ | હોર્ટિકલ્ચર વિકાસનું મિશન | ૧,૪૯૩.૦૭ | ૨,૧૯૦.૦૦ | ૨૫૩૬ | ૧૬% |
| ક્વોલિટી ઈનપુટ અને TOT | બિયારણ અને વાવેતર | ૧૬૭.૮૫ | ૪૮૦.૦૦ | ૩૩૨.૦૦ | -૩૧% |
| | છોડની સુરક્ષા | ૧૩૭.૮૬ | ૬૨.૬૬ | ૧૨૯.૨૫ | ૧૦૬% |
| | કૃષિ વિસ્તરણ | ૫૯૦.૪૬ | ૮૨૧.૦૦ | ૧,૦૨૦.૦૦ | ૨૪% |
| | ખેતીનું યાંત્રિકરણ | ૩૬૬.૯૩ | ૭૭૬.૭૧ | ૧,૧૬૫.૨૯ | ૫૦% |
| વોટર પોઝિટિવ મૂડી રોકાણો | PMKSY-હર ખેત કો પાણી | ૪૩૯.૮ | ૧૮૮૮ | ૨૬૦૦ | ૭૯% |
| | PMKSY -દરેક ટીપા દીઠ વધુ પાક | ૧૯૯૧.૨૫ | ૩૦૦૦ | ૪૦૦૦ | ૩૩% |
| ખેડૂતોને ઓછા ખર્ચે ધિરાણ | ખેડૂતોને કૃષિ ધિરાણ | ૯૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ | ૧૦% |
| શ્વેત ક્રાંતિ | લાઈવસ્ટોક મિશન LHDC | ૧૩૦૯.૧૬ | ૧૬૩૨.૯૭ | ૨૨૧૯.૮૯ | ૩૬% |
| બ્લુ રિવોલ્યૂશન | માછીમારીનો ઘનિષ્ઠ વિકાસ | ૩૮૭.૮૧ | ૩૦૧.૭૩ | ૬૪૨.૬૧ | ૧૧૩% |
| પ્રોસેસિંગ અને મૂલ્ય વૃધ્ધિ | પ્રધાન મંત્રી કિસાન સંપદા યોજના | - | - | ૧૩૧૩.૦૮ | - |


Young Proffessional NIT AYOG GOI, NEW DELHI

અગાઉની તુલનામાં ભારે બદલાવ ધરાવતી વિવિધ પહેલ સ્પષ્ટપણે હાથ ધરીને ખેતી ક્ષેત્ર માટે મૂળભૂત અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આમ કરવા જતાં સરકારે ખેડૂતોને અવરોધરૂપ બનતા અને મર્યાદા ઉભી કરતા ક્ષેત્રો ઓળખી કાઢ્યા છે કે જેથી ખેડૂતોને જેની જરૂર છે તે યોગ્ય આવક પ્રાપ્ત થઈ શકે.

**ભારે બદલાવ:** તકોનું વિસ્તરણ અને સંચાલન

આ ક્ષેત્રની અંદર ભારે વિસંગતાતઓ જોવા મળે છે. વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીનાં આંકડાઓ દર્શાવે છે કે અંદાજે ૫૫ ટકા જેટલા ખેડૂતો કૃષિ શ્રમિકો હતા. SECC ૨૦૧૧ના ડેટા એસ્ટીમેટમાં દર્શાવાયું છે કે ગામડાંમાં વસતા ૫૬.૪ ટકા પરિવારો જમીન વિહોણા હતા. ઓછામાં ઓછા ૧૬.૪૪ મિલિયન કામદારો પશુ ઉછેર અને માછીમારી દ્વારા જીવન નિર્વાહ કરે છે. કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૯ના અંદાજપત્રમાં જે નીતિ વિષયક પાસાં ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તે

સમાવેશી હોવાના કારણે તેની દેશના કૃષિ ક્ષેત્ર ઉપર લાંબાગાળાની અસર થશે. દેખીતી રીતે અંદાજપત્ર ખેતીને એક વ્યાપારી એકમ તરીકે જુએ છે. ખેડૂતો સાથે ઐતિહાસિક અભિગમ દાખવીને તેમનું સરકારી યોજનાના લાભ મેળવનાર નિષ્ક્રિય લાભાર્થી વર્ગ તરીકે વર્ગીકરણ કરાયું છે. આ સ્થિતિને કારણે સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને કૃષિ ક્ષેત્રની અંદરના નાના અને સિમાંત ખેડૂતો, માછીમારી કરતા ખેડૂતો, પશુપાલન કરતા ખેડૂતો સહિત વિવિધ સહભાગીઓને પહોંચે તેની ખાત્રી રાખવાની રહેશે. ફૂડ પ્રોસેસિંગ અને ગ્રામ્ય કનેક્ટીવિટી મુખ્ય પ્રવાહના ખેડૂતોને ઓળખવામાં આવ્યા છે, પરંતુ નોંખા પ્રકારની દિશા ધરાવતા પ્રયાસોમાં લીઝ ઉપર ખેતી કરતા ખેડૂતો, પશુ પાલન કરતાં લોકો, નાની માછલીઓ ઉછેરતા લોકોને પણ ખેત ધિરાણના વ્યાપ હેઠળ આવરી લેવા જોઈએ. અહી એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે આ એક માત્ર ક્ષેત્રને સહયોગ પૂરો પાડવાથી દેશનું ૫૦ ટકા જેટલું શ્રમદળ આવરી લઈ શકાશે. ખેતી સાથે સંકળાયેલા ક્ષેત્રો એ ગ્રામ વિસ્તારોની સમૃધ્ધિનો પાયો છે અને ત્યાં હજુ પણ ભારતના ૭૦ ટકા લોકો વસે છે.



આકૃતિ- ૧

સરકાર ખેડૂતોની આવક નાણાંકીય મંજૂરીઓ દ્વારા બમણી કરવાનું ધ્યેય ધરાવે છે. તે હવે ખેતીનું ઉત્પાદન/ ઉત્પાદકતા તરફથી સ્પષ્ટ કાર્યવાહી હાથ ધરી શકાય તેવા આવકની સમાવેશિતાના રોડ મેપ તરફ આગળ વધી રહી છે. વિવિધ કાર્યક્રમોનું માળખું કૃષિ સંલગ્ન ક્ષેત્રો સાથે કેવી રીતે તાર્કિક ઢબે કામ પાર પાડશે તે બાબત છેલ્લા ૩ વર્ષમાં જોવા મળી છે. ખેતીમાં ઉત્પાદનથી માંડીને આવક સુરક્ષા, પાક લણ્યા પછીના પડકારોથી માંડીને આજીવિકા નિર્માણને આવરી લેવો પડશે. આવકની સુરક્ષા અગાઉના ત્રણ બજેટમાં વારંવાર રજૂ થતી એક યોજના બની રહી છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાની જાહેરાત સરકારના આગમન પછી બીજા જ વર્ષે કરવામાં આવી હતી અને તેમાં ખેડૂતની આર્થિક સ્થિતિ સુરક્ષિત કરવાનો મુદ્દો હતો. આ યોજના હેઠળ ખેડૂતોની ૨૬.૫૦ ટકા વસતિને આવરી લેવામાં આવી છે. ખરીફ ૨૦૧૭માં લોન નહીં લેનારા ખેડૂતોની સંખ્યા ૬ ગણી વધી છે તે એક પરિસ્થિતિ પલટતું પરિબળ છે. આ પહેલ માઈક્રો ઈરિગેશન, સોઈલ હેલ્થ અને ઓર્ગેનિક ફાર્મિગમાં ખેતીના ટકાઉપણા માટે હાથ ધરવામાં આવી હતી. સોઈલ હેલ્થ કાર્ડ અંગેની ચર્ચા આગળ વધીને માત્ર વ્યાપ વધારવાના બદલે સાધનોના વપરાશના લાભ સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં ૧૧.૫ કરોડ સોઈલ હેલ્થ કાર્ડ સરકાર દ્વારા રવાના કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૪૭૦ બજારોને ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ પ્લેટફોર્મ સાથે જોડવામાં આવ્યા છે. પશુ પાલન ક્ષેત્ર માટે માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવાની બાબત પણ અગાઉના અંદાજપત્રોમાં વારંવાર જોવા મળી હતી. રોડ નેટવર્કનું એ પ્રકારે પધ્ધતિસરનું આયોજન કરવામાં આવ્યું છે કે ગામડામાં વસતા લોકોને તેની પ્રાપ્તિમાં વધારો થાય અને તેથી ખેત બજારોને પણ લાભ થાય. પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના એ ઉત્પાદનના મહત્વના ક્લસ્ટર્સને પ્રોસેસિંગ અને પોર્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ સાથે મૂલ્યવૃધ્ધિના ઉદ્દેશથી જોડવાનો સાચો અભિગમ દર્શાવે છે.


**સમાવેશિતાઃ** જેમની ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું નથી ત્યાં ધ્યાન કેન્દ્રિત કરાયું

વર્ષ ૨૦૦૪થી ખેડૂતો માટે સંસ્થાકીય ધિરાણનું કદ વધારવાને કારણે ખેત ધિરાણની ઉપલબ્ધિમાં મોટો વધારો થયો છે અને તેના પ્રવાહ બાબતે તથા અગ્રતા આપવામાં વિવિધ પ્રદેશોમાં ભિન્ન સ્થિતિ જોવા મળે છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૧૧ લાખ કરોડનું કૃષિ ધિરાણ ખેતીના સ્તરે ઉત્પાદકતા વધારવા ઉપરાંત ખેતીમાં ખાનગી રોકાણને વેગ આપશે.

**રાજ્યવાર લીઝીંગ હેઠળનો વિસ્તાર**

આમ છતાં અત્યાર સુધીમાં એવા ખેડૂતોને ધિરાણ ઉપલબ્ધ થતુ હતું કે જે જમીનના ટાઈટલ ધરાવતા હોય અથવા તો લીઝ ઉપર લીધેલી જમીનમાં AP લાયસન્સની જેમ બેંકોનું ધિરાણ મેળવવા માટેનું લાયસન્સ ધરાવતા હોય. આ વ્યવસ્થાને કારણે ખેતીમાં લીઝ ઉપર જમીન લઈને વાવણી કરનાર લોકોની વસતિનો નોંધપાત્ર હિસ્સો ધિરાણથી વંચિત રહેતો હતો. દેશમાં ગણોતિયા ખેડૂતો અંગેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે, કારણ કે આ અંગેની કોઈ વિગતો જણાવવામાં આવતી નથી. આમ છતાં કેટલાક અંદાજોમાં એવો નિર્દેશ મળ્યો છે કે આ પ્રકારે વાવેતર કરતા ખેડૂતોની સંખ્યા વિતેલા વર્ષોમાં વધતી જાય છે અને તેમનામાંના એક તૃતિયાશથી વધુ લોકો જમીન વિહોણા છે જ્યાર લગભગ ૫૬ ટકા જેટલા લોકો સિમાંત જમીન માલિકો છે. વિવિધ NSSO સર્વેક્ષણોમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો છે કે વિતેલા વર્ષમાં લીઝ ઉપર જમીન લઈને વાવેતર કરનાર ખેડૂતોની સંખ્યા વધી છે. કેટલાંક રાજ્યોમાં તો ખેતી હેઠળના વિસ્તારના કુલ ૨૫ ટકા વાવેતર આ પ્રકારના ખેડૂતો દ્વારા થાય છે. (આકૃતિ-૧)

બીજી રસપ્રદ બાબત એ છે કે માત્ર ગણોતિયાઓ દ્વારા લીઝ ઉપર લેવાયેલી જમીન (જમીન વગરના પરિવારો જમીન લીઝ ઉપર લઈને ખેતી કરતા હોય તેવી સ્થિતિ) માં ૧૯૯૧ પછી વધારો થઈને તેમની સંખ્યા અઢી ગણી થઈ છે (૧૯૯૧માં તેમની સંખ્યા ૧૨.૧ ટકા જેટલી હતી તે વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૦ ટકા સુધી પહોંચી છે).




આકૃતિ- ૨

કેટલાંક રાજ્યોમાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૩ સુધીમાં આ પ્રમાણ બમણું થયું છે.

(આકૃતિ-૨) માત્ર ગણોતિયા તરીકે કામ કરતા લોકોની સંખ્યામાં આ નોંધપાત્ર વધારો દર્શાવે છે કે આહાર સુરક્ષા હાંસલ કરવામાં જમીન વિહોણા પરિવારોની ભૂમિકા નોંધપાત્ર રહી છે, પરંતુ તેમને ધિરાણ માટે કોઈ પ્રોત્સાહન, રાહત કે સરકારી કાર્યક્રમોનો લાભ મળતો નથી. આ સ્થિતિને કારણે ખેતીમાં સક્રિયપણે મોટુ પ્રદાન કરતા વર્ગને સંસ્થાકીય ધિરાણ હેઠળ આવરી લેવા માટે પગલાં લેવાનો સમય પાકી ગયો છે. કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં તેમને ધિરાણ બાબતે સમાવેશી બનાવવાની જાહેરાત કરાઈ છે. નીતિ આયોગને આદેશ અપાયો છે કે ખેતીનું કામ કરતા લોકોને સમાવશી ધિરાણ પ્રાપ્ત થાય તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સ્પષ્ટ પગલાં ભરવામાં આવે અને એમાં અન્ય ખેતરમાં કામ કરતા લોકોને ધિરાણની ઉપલબ્ધિ વધે તેવા પગલાંનો સમાવેશ કરવામાં આવે. માછીમારી અને પશુ પાલન સાથે સંકળાયેલા લોકોને ધિરાણની સુવિધા પૂરૂ પાડવાનું પગલું એક સિમાચિહનરૂપ બાબત છે. સમગ્રપણે માછીમારી અને પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોને ધિરાણની સગવડ એક સરખી પધ્ધતિથી વિસ્તારવામાં આવે અને કિસાન ક્રેડિટ કાર્ડ સ્કીમ હેઠળ ધિરાણો પૂરાં પાડવામાં આવશે. અહી એ બાબત નોંધવી જરૂરી છે કે પશુપાલન, ડેરી પ્રવૃત્તિ અને માછીમારી દ્વારા લગભગ ૨૭ ટકા જેટલા કૃષિના GVA ને આવરી લેવાશે અને તેની સીધી અસર નાના, સિમાંત અને જમીન વિહોણા ખેડૂત પરિવારોને થશે. પશુપાલન, ડેરી પ્રવૃત્તિ અને માછીમારી વિભાગને ફાળવણીમાં ૩૧ ટકાનો વધારો કરીને આ ક્ષેત્રને પૂરતુ મહત્વ આપવામાં આવ્યું છે. પશુપાલન અને માછીમારી ક્ષેત્રમાં જેની અત્યંત તાતી જરૂરિયાત છે તે માળખાગત સુવિધાઓના નિર્માણમાં જાહેર રોકાણ માટે એકંદરે રૂ.૧૦,૦૦૦ કરોડનું ભંડોળ ધરાવતા બે ફંડ ઉભા કરવામાં આવ્યા છે. નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ ૧૦ કરોડ પરિવારોને આવરી લેશે, જે ખેડૂતો સહિતના કરોડો લોકો માટે વાદળની સોનેરી રેખા સમાન નિવડશે.

**બજારો અને તમામને પોષણક્ષમ ભાવ**

સમાવેશી લઘુત્તમ ટેકાના ભાવ

કિંમતો દ્વારા ટેકો પૂરો પાડવાની વ્યવસ્થા હેઠળ લઘુત્તમ ટેકાના ભાવની બાબત અત્યાર સુધીમાં પસંદગીના પાક અને દેશના કેટલાક પસંદગીના વિસ્તારો પૂરતી સીમિત રહી હતી. લઘુત્તમ ટેકાના ભાવની બીજી એક ટીકા એ થઈ રહી છે કે તેનાથી ઉત્પાદન ખર્ચની તુલનામાં પૂરતુ પ્રોત્સાહન મળતું નથી. સરકારે સૌ પ્રથમવાર એવી જાહેરાત કરી છે કે સરકારે ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ જેટલું જ વળતર મળી રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થ ઉભી કરવા સૂચન કર્યું છે. ઘણીવાર ખેડૂતોને અન્ય કોઈ ઉંચી આવક

મેળવવાનો વિકલ્પ ઉપલબ્ધ નહી હોવાના કારણે લઘુત્તમ ટેકાના ભાવ કરતાં નીચી કિંમતે વેચાણ કરવાની ફરજ પડે છે. સરકારે એક કદમ આગળ વધીને લઘુત્તમ ટેકાના ભાવથી ખેત પેદાશો કોઈ અન્ય વ્યવસ્થા દ્વારા ખરીદવાની પહેલ કરી છે. અન્ય વ્યવસ્થાઓમાં ખેડૂતો સુધી ઓછામાં ઓછી લઘુત્તમ ટેકાના ભાવ જેટલી રકમ પહોંચે તેની ખાત્રી રાખવામાં આવશે. આ જાહેરાત મધ્ય પ્રદેશમાં તાજેતરમાં ભાવાંતર યોજના (ઓછી કિંમત મળી હોય ત્યારે ચૂકવણી) ની કરાયેલી સમીક્ષા પછીનું આવકારદાયક પગલું છે. તેને આવી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. હવે ખુદ લઘુત્તમ ટેકાના ભાવ પણ ઉત્પાદન ખર્ચ કરતાં વધુ આપવાના સૈધ્ધાંતિક આદેશો કરાયા છે. અન્ય એક કદમમાં કિંમતોની સમાવેશિતાની ખાત્રી રાખવાની વાત છે. નીતિ આયોગને આદેશ આપવામાં આવ્યો છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કામે લગાડીને ખેતી સહિતના વિવિધ ક્ષેત્રોમાં આવી વ્યવસ્થા અંગે ચકાસણી કરવામાં આવે. આનાથી સાધનોનું બહેતર આયોજન કરવાની સ્થિતિમાં વધારો થશે અને ખેડૂતોને ભવિષ્યની માંગને આધારે ઉત્પાદન કરવા માટે માર્ગદર્શન મળી રહેશે.

### ખેતરના દરવાજા નજીક બજાર

લણવામાં આવ્યા હોય તેવા પાકની કિંમત અને લઘુત્તમ ટેકાના ભાવમાં બજાર પ્રાપ્તિની મર્યાદા રહે છે. આશરે ૮૫ ટકા જેટલા ખેડૂતો નાના અને સિમાંત વર્ગમાં આવતા હોવાના કારણે બજાર સુધીની તેમની પહોંચ ઓછા ઉત્પાદનને કારણે મર્યાદિત બની રહે છે. ખેડૂતો અને જથ્થાબંધ બજાર વચ્ચે લીકેજનો અભાવ, ઘણાં લાંબા સમયથી એક વિકેન્દ્રિત બજાર માળખુ ઘડવા માટેની જરૂરિયાત બની રહી છે. સરકારે ગ્રામ્ય વિસ્તારોના સિઝનલ બજારોને અપગ્રેડ કરવા માટે રૂ.૨,૦૦૦ કરોડની ફાળવણી કરીને ગ્રામીણ એગ્રીકલ્ચરલ માર્કેટ (GrAMS) ઉભા કરવાની યોજના જાહેર કરી છે, જે માલ એકઠો કરવા માટે અને સ્થાનિક સ્તરે રિટેઈલમાં વિવિધ પ્રકારની સહાય પૂરી પાડશે. GrAMS યોજના પધ્ધતિસરના લીકેજ પોઈન્ટ ઉપલબ્ધ કરીને એકીકૃત રાષ્ટ્રીય બજારનું વિઝન સાકાર કરીને ખેડૂતોને પ્રાથમિક પોસ્ટ પ્રોડક્શન પ્રવૃત્તિઓમા ગ્રામ્ય સ્તરે સહાયક બનશે. આ અભિગમને પૂર્ણ કરવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઝ-૩ માં વિવિધ વસતિઓને બારમાસી રોડ દ્વારા GrAMS સુધી જોડવા માટે વિશેષ ધ્યાન અપાશે.

### વેલ્યૂ ચેઈન સિસ્ટમનું મૂલ્યાંકન

ખેતી અને બિન ખેતી બંને ક્ષેત્રે બંને તરફ ઝોક આપીને ગ્રામ્ય રોજગારી માટે ગ્રામ સ્તરે ખેતીની વેલ્યૂ ચેઈન વિકસાવવા માળખાગત સુવિધાઓ ઉભી કરવા અને ખેડૂતોના સ્તરે કિંમતો પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો હાથ ધરાશે. ખેતી વિકાસ માટે જે અલગ અલગ રીતે ક્લસ્ટર આધારિત અભિગમ હાથ ધરવામાં આવ્યો છે તેનાથી જાહેર અને ખાનગી ક્ષેત્ર માટે એગ્રી બિઝનેસની પહેલ માટેનો પાયો રચાશે. વધુમાં ખેડૂત ઉત્પાદક કંપનીઓ (FPCs) ની ભૂમિકા સ્પેશ્યાલાઈઝેશન માટે અને વેરવિખેર પડેલા ક્ષેત્રને ઉંચુ લઈ જવા માટે તથા જરૂરી વ્યવસ્થાપન અને ટેકનિકલ પીઠબળ આપવામાં સહાયરૂપ બનશે. FPCs ને રૂ.૧૦૦ કરોડથી ઓછા ટર્નઓવરમાં ૧૦૦ ટકા કરકપાતનું પગલુ આ એકમોને આર્થિક રીતે સક્ષમ બનાવવામાં દૂરગામી કદમ નિવડશે. FPCs પણ નવી રજૂ કરાયેલી ઓપરેશન ગ્રીન યોજનાનો પાયાનો પત્થર બની રહેશે અને સમગ્ર વર્ષ દરમ્યાન ડુંગળી, બટાકા તથા ટામેટા (OPT) નો પૂરવઠો જાળવવામાં સહાયરૂપ બનશે. ઓપરેશન ગ્રીન માટે રૂ.૫૦૦ કરોડના અલાયદા ભંડોળનો ઉપયોગ કરીને એગ્રી લોજીસ્ટીક્સ, પ્રોસેસિંગ ક્ષમતાઓ અને OPT પાક માટે પ્રોફેશનલ વ્યવસ્થાઓ ગોઠવાશે.

ફૂડ પ્રોસેસિંગ સેક્ટર માટે જે ફાળવણી કરાઈ છે તે એટલી મહત્વની છે કે તેનાથી ઉત્પાદન અને કૃષિને અનુક્રમે ૮.૮૦ ટકા અને ૮.૩૦ ટકાનું યોગદાન પ્રાપ્ત થશે, જે વર્ષ ૨૦૧૭-૧૮ના રૂ.૭૫૧ કરોડની તુલનામાં વર્ષ ૨૦૧૮-૧૯ની તુલનામાં રૂ.૧૪૦૦ કરોડની ફાળવણી દ્વારા બમણું કરાયું છે. નિકાસ ક્ષમતા હોવા છતાં જે પેદાશોની નિકાસો માટે પ્રયાસ થયા નથી તેની નિકાસ ક્ષમતા ૭૦ અબજ યુએસ ડોલર જેટલી હોવાનો અંદાજ છે અને તેનો વપરાશ લક્ષિત નિકાસ ઉદારીકરણનાં પગલાં દ્વારા તથા તમામ ૪૨ મેગા ફૂડ પાર્કમાં ટેસ્ટિંગ માટેની માળખાગત સુવિધાઓ ઉભી કરીને કરવામાં આવશે.

### ઉચ્ચ મૂલ્ય ધરાવતી ખેત પેદાશો

બાગાયતી તથા મેડિકલ અને એરોમેટિક પ્લાન્ટ (MAPs) જેવી હાઈ વેલ્યૂ કોમોડિટીઝ માટે બજેટમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે અને ખેતીની આવક વધારવા પ્રયાસ કરાયો છે. દેશમાં લગભગ ૮૦૦૦ જેટલા ઔષધિય છોડ અને વનસ્પતિઓ ઉપલબ્ધ છે. ભારતનું સુગંધિત ચીજોનું બજાર ભૂતકાળમાં પણ ક્રમશઃ વિકાસ દર્શાવી રહ્યું છે. ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્ટસ યુનિટના અંદાજ પ્રમાણે પરફ્યુમ્સ અને સુગંધિત ચીજોનું વેચાણ મૂલ્ય ભારતમાં ૩,૧૬૯ મિલિયન યુએસ ડોલર જેટલું છે. ઓપરેશન ગ્રીનને કારણે નાશવંત બાગાયતી પેદાશોને સહાય થશે. રૂ.૨૦૦ કરોડની રકમ MAPsના લાભ માટે અલાયદી ફાળવવામાં આવી છે. આનો લાભ ખેતી સાથે જોડાયેલા માઈક્રો, લઘુ અને મધ્યમ એકમોને મળશે. અગાઉના બે વર્ષમાં નીતિ આયોગ દ્વારા ઘણી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ક્ષેત્ર હેઠળ આવતા અન્ય મંત્રાલયો ખેતી અંગેની માંગ અને પૂરવઠા બાબતે કામ કરીને ઉપલબ્ધિની આગાહી કરશે. આ માટે અંદાજપત્રમાં જે જોગવાઈ કરી છે તે પ્રોત્સાહક બની રહેશે.

### કુદરતી સ્રોતો અને ટકાઉપણું

કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કિંમત અને ઉત્પાદકતા માટે જે પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે તે કાળજીપૂર્વક વણી લેવાયા છે અને તેમાં

આધુનિક સમયના ટકાઉપણાના પરિબળ ઉપર પણ નોંધપાત્ર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખેડૂત ઉત્પાદક સંસ્થાઓને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન માટે મહત્વના વાહક પરિબળ ગણવામાં આવ્યા છે અને આ માટે ૧૦૦૦ હેક્ટર જગામાં વાવેતરને પ્રોત્સાહિત કરાયા છે. ઉત્તર- પૂર્વ વિસ્તારોમાં ઓર્ગેનિક વેલ્યૂ ચેઈન વિકસાવવા માટેની ફાળવણીમાં ૬૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઉત્તર-પૂર્વના વિસ્તારો મહદ અંશે સંજોગવશાત ઓર્ગેનિક ખેતી કરતા રહ્યા છે અને સરકારની ASEAN અને Act East policy હેઠળ ઓર્ગેનિક પેદાશોની નિકાસની અનોખી તક પ્રાપ્ત થશે. પ્રધાન મંત્રી કિસાન સિંચાઈ યોજના હેઠળ હર ખેત કો પાની અને આ જ યોજના હેઠળ પાણીનાં દરેક ટીપા દીઠ વધુ પાક લેવા માટે ૨૦૧૮-૧૯ના વર્ષમાં અનુક્રમે ૩૮ અને ૩૩ ટકા પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા છે. પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY) નો વ્યાપ વિસ્તારવામાં આવશે, કે જેથી પાણીથી વંચિત એવા ૯૬ જીલ્લાઓમાં જ્યાં ભૂગર્ભ જળની સ્થિતિ કથળતી જાય છે અને ૩૦ ટકાથી ઓછી જમીનો ખાત્રીપૂર્વક સિંચાઈથી વંચિત છે. આ સ્થિતિનો સામનો કરવા માટે રાજ્ય સરકારના સ્તરે એક ખાસ યોજના સરકારો વચ્ચેના સહયોગથી બહાર પાડવામાં આવશે અને તેને પાકના કચરાની વ્યવસ્થા માટે સ્થળ ઉપર જ સબસીડી દ્વારા મશીનરી ઉપલબ્ધ કરવામાં આવશે. આ પગલું દિલ્હીમાં શિયાળામાં હવાનું સ્તર કથળતું જતું હોવાથી લેવામાં આવ્યું છે. ઉત્તર ભારતમાં આર્થિક સર્વેક્ષણમાં ડાંગરના પાકને કારણે પાક લણી લીધા પછી પેદા થતો ખેતીનો કચરો બાળવાને કારણે જે ધૂમાડો પેદા થાય છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખેડૂતોએ પેદા કરેલી વધારાની સૌર ઉર્જાને ઈલેક્ટ્રીસિટી ગ્રીડમાં દાખલ કરીને વિસ્તરણ કંપનીઓને આપવામાં આવશે તથા તેને કારણે આવકનું નિર્માણ થશે તથા લાંબાગાળાનો લાભ થશે. ગેલ્વેનાઈઝીગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સ ધન (GOBAR- DHAN) યોજના પશુઓના છાણના રૂપાંતરણની વ્યવસ્થા માટે તથા ખેતીમાં સોલીડ વેસ્ટ કમ્પોસ્ટ, ફર્ટિલાઈઝર, બાયોગેસ અને બાયો સીએનજી માટે ઉપયોગમાં લેવાશે. કેન્દ્ર સરકારના બજેટમાં નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં નૂતન ભારતના નિર્માણ માટે સુનિશ્ચિત કરાયેલા ૧૧૫ મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં વિવિધ કાર્યક્રમોના રૂપાંતરણ ઉપર વાજબી ઝોક આપવામાં આવ્યો છે. આ મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં આરોગ્ય, શિક્ષણ, ખેતી, ડીજીટલ કનેક્ટિવિટી, કૌશલ્ય વિકાસ અને પાયાની માળખાગદત સુવિધાઓ વિકસાવવા ઉપર ઝોક આપવામાં આવશે.


**સમાપન**

કેન્દ્ર સરકારના બજેટમાં દ્રઢતાથી એ એવી માન્યતાને બળ આપવામાં આવ્યું છે કે સાનુકૂળ વ્યવસ્થાઓ કેથીને ઉદ્યોગ તરીકે ટકાવી રાખવામાં મહત્વની બની રહેશે. આગાઉ જાહર કરવામાં આવેલા લાબા ગાળાના સિંચાઈ ભંડોળ હેઠળ કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ પ્રોજેકટસ હાથ ધરવામાં યોગ્ય સાતત્ય જાળવવામાં આવ્યું છે. આ યોજના માટે શરૂઆતમાં રૂ. ૨,૦૦૦ કરોડનું ભંડોળ પૂરૂ પાડવામાં આવ્યું છે. આસાનીથી વીજળી, એલપીજી જોડાણોની સેનિટેશન, આવાસો અને વિવિધ પહેલ દ્વારા બજેટમાં જાહેર કરાયેલી આરોગ્યલક્ષી યોજનાઓની ઉપલબ્ધીને કારણે ખેડૂતોની આવક બમણી કરવાનુ સરકારનુ વિઝન, આ બધુ સાથે મળીને હાંસલ કરવામાં સહાય થશે. અગાઉના વર્ષની તુલનામાં નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન માટેની ફાળવણીમાં ૨૮ ટકાનો વધારો અને રૂ. ૧૨૯૦કરોડની ફાળવણી દ્વારા જાહેર કરાયેલા નવા સુધારાયેલા નેશનલ બામ્બુ મિશનને કારણે કારણે ગ્રામ વિસ્તારોમાં ખેતી અને બિન ખેતીની આવકો તથા રોજગારી વધારવામાં સહાય થશે. ભંડોળની ફાળવણીમાં નાણાંકીય સ્ત્રોતોની ફાળવણીને સુનિશ્ચિત, તીવ્ર અને મહત્વનાં પગલાં ભરીને જે જે નવી દિશા આપવામાં આવી છે, તેનાં પરિણામો ટૂંકા ગાળામાં મળતાં થઈ જશે. ગયા વર્ષના બજેટમાં ક્રોપ સાયન્સ અને એનિમલ સાયન્સ માટે બજેટ ફાળવવા બાબતે જે કાપ મુકવામાં આવ્યો હતો. તેને પલટાવીને સરકારે આવકારદાયક અને નોંધપાત્ર કદમ ભર્યું છે. આ સબ-હેડમાં વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષના અંદાજપત્રમાં અનુક્રમે ૭૮ ટકા અને ૪૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ પગલાની ખૂબ રાહ જોવાતી હતી અને તે સમયસરનું પગલું છે કારણ કે ભવિષ્યની ખેતીની વિકાસ જરૂરિયાતો માટે પથ દર્શક ટેકનોલોજીની જરૂર પડશે અને સંશોધન તથા સંસ્થાકીય માળખાને મજબૂત બનાવવા જંગી ભંડોળની આવશ્યકતા રહેશે. વર્ષ ૨૦૧૮-૧૯ની ફાળવણીઓ માટેની તરાહ જોતાં તેમાં સમગ્રલક્ષી ગ્રામ કૃષિ વિકાસને વેગ આપવા ના હેતુથી ચોકકસ પ્રેશર પોઈન્ટ માટે બજેટની રકમ ખર્ચવા તરફનો તીવ્ર ઝોક વર્તાય છે. આ બજેટને ખેડૂતના કલ્યાણને લક્ષમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે અને તેમાં સમાવેશિતા, ઈનોવેશન, રોજગારી અને ટકાઉ સાતત્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ વર્ષના ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટમાં જે નજરે પડે તેવી બાબત મર્યાદિત ભંડોળનો મહત્વની વિવિધ પહેલ હાથ ધરીને કાળજીપૂર્વક ઉપયોગ કરવું ધ્યેય છે. આ પહેલ જેટલી વહેલા હાથ ધરાશે તેટલી દેશમાં સમૃદ્ધિથી સભર નવા વિકાસનાં અને સમાવેશિતાનાં દ્વાર ખુલશે.

**જે. પી. મિશ્રા, ભારત સરકારના નીતિ આયોગના સલાહકાર (કૃષિ) છે. તે કૃષિ અર્થશાસ્ત્રી છે અને તેમણે કૃષિ સંશોધન અને વિકાસ ક્ષેત્રે ૨૩ વર્ષ કામ કર્યું છે. તેમણે ભારત સરકારના ફૂડ સિક્યોરિટી મિશન અને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના જેવા ફ્લેગશીપ પ્રોગ્રામમાં કામ કર્યું છે.**
E-mail: mishrajaip@gmail.com
**શિવાલિકા ગુપ્તા ભારત સરકારના દિલ્હી ખાતેના નીતિ આયોગમાં યંગ પ્રોફેશનલ છે.**

# કાળા નાણાંના નિવારણ માટે પારદર્શક ટેક્સ વહીવટ

**રમેશકુમાર યાદવ અને રોહિત દેવ જહા**




*આ બજેટમાં ટેક્સ અનુપાલન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. કંપનીઓ જો રિટર્ન ફાઈલ ન કરે તો તેમના વિરુદ્ધ પ્રોસેક્યુશન પ્રક્રિયા કરવા સંબંધિત જોગવાઈઓ ફાઈનાન્સ બિલ સુધારામાં સમાવી લેવામાં આવી છે. વર્તમાન જોગવાઈ અનુસાર આવા ગુનામાં કાયદાકીય પ્રક્રિયા કરવી હોય તો કરદાતાએ ઓછામાં ઓછે રૂપિયા ૩૦૦૦ ટેક્સ ભરવાપાત્ર હોવા જોઈએ. હવે કોઈપણ કંપની દ્વારા કોઈપણ ટેક્સ ભરવાપાત્ર હોય કે નહી પરંતુ તેમણે રિટર્ન ફાઈલ કરવું જ પડશે અથવા તેમના વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.*


ભારત દેશમાં કાળા નાણાં અને ભ્રષ્ટાચારની સમસ્યા નાથવાનું કામ સરકારના સૌથી પ્રાથમિકતાના કાર્યોની ટોચની યાદીમાં છે. કાળા નાણાં મામલે તપાસ માટે જસ્ટીસ એમ.બી.શાહના વડપણ હેઠળ નિયુક્ત કરવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા તપાસથી આ કવાયતનો પ્રારંભ થયો હતો જે હજુ પણ પૂરજોશમાં ચાલે છે.

કાળા નાણાંના કારણે સરકારી તિજોરીમાં આર્થિક ખાડો તો પડે જ છે પરંતુ સાથે સાથે તેના કારણે સમાજના નૈતિકબળમાં પણ ભ્રષ્ટાચારનું દૂષણ ફેલાઈ જાય છે. કાળા નાણાંના કારણે ભ્રષ્ટાચાર માથુ ઊંચકે છે. આ સમસ્યા સમાજમાં કેન્સર સમાન ગંભીર રોગથી ઓછી આંકી શકાય તેવી નથી. આ બંને દૂષણો સાથે મળીને લોકશાહીમાં પ્રજાના વિશ્વાસને ખતમ કરે છે, સર્જનાત્મકતા અને સંશોધનની લોકોની ઈચ્છાશક્તિ ઠારી નાખે છે અને છેવટે તેના કારણે સમગ્ર દેશમાંથી કૌશલ્ય વેડફાઈ જાય છે.

બજેટ ૨૦૧૮માં કાળા નાણાંના અર્થતંત્રને ખતમ કરવાનો અને અન્ય રીતે અપનાવીને પારદર્શક તેમજ જવાબદાર ટેક્સ વહીવટીતંત્ર ઉભુ કરવાનો એજન્ડા રજૂ કરવામાં આવ્યો છે. પારદર્શક અને નિષ્પક્ષ સિસ્ટમની રચના કરવા સંદર્ભે સરકાર દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોના ફળરૂપે ભારતમાં દેખીતું પરિવર્તન આવ્યું છે. આ કારણે જ વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ (વ્યવસાય કરવા માટે અનુકૂળતા)ના ઈન્ડેક્સમાં ભારતના રેન્કિંગમાં સુધારો જોવા મળ્યો છે. આ યાદીમાં ટોચના ૧૦૦ દેશોની હરોળમાં આવવા માટે ભારત અગાઉની તુલનાએ ૩૦ ક્રમ આગળ આવી ગયું છે. જાહેર કરવામાં આવેલા તમામ ૧૦ ઈન્ડેક્સમાં ભારતની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન જોવા મળ્યું છે ત્યારે અહી ખાસ નોંધવું જોઈએ કે, મહત્તમ પરિવર્તન ‘પેઈંગ ટેક્સિસ’ (કરવેરાની ચૂકવણી)ની શ્રેણીમાં આવ્યું છે જેમાં ભારત ૧૭૨થી છલાંગ લગાવીને સીધું જ ૧૧૯મા ક્રમે આવી ગયું છે.

**ગ્રીન શૂટ્સઃ**


વિમુદ્રીકરણ (ડીમનીટાઈઝેશન), જીએસટીનો અમલ વગેરે જેવા ઐતિહાસિક નિર્ણયોના ગ્રીન શૂટ્સ (ફળરૂપી અંકૂરો) હવે બહાર આવવાની શરૂઆત થઈ ગઈ છે. ઈકોનોમિક સરવે ૨૦૧૭-૧૮માં ટાંકવામાં આવ્યું છે કે, પ્રી-જીએસટી સિસ્ટમ (જીએસટીના અમલ પહેલાની ટેક્સ




*(Source: Doing Business 2018- The World Bank)*
*(The distance to frontier (DTF) measure shows the distance of each economy to the "frontier," which representsthe best performance observed on each of the indicators across all economies)*

સિસ્ટમ)ની તુલનાએ જીએસટી હેઠળ અનન્ય અપ્રત્યક્ષ કરદાતા (યુનિક ઈનડાયરેક્ટ ટેક્સ પેયર્સ)ની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે અને પ્રત્યક્ષ કરવેરો (ડાયરેક્ટ ટેક્સ)માં પણ નવેમ્બર ૨૦૧૬થી અત્યાર સુધીમાં વ્યક્તિગત ટેક્સ ફિલ્ટરમાં અંદાજે ૧.૮ મિલિયન કરદાતાઓનો ઉમેરો (ટ્રેન્ડ વૃદ્ધિથી વધુ અને ઉપર) થયો છે.

વિમુદ્રીકરણના કારણે અગાઉના




સ્ત્રોતઃ ઈકોનોમિક સરવે ૨૦૧૭-૧૮

પૂર્વવર્તી વર્ષમાં ૬૬.૨૬ લાખ કરદાતા હતા તે વધીને ૮૫.૫૧ લાખ થઈ ગયા છે. વર્તમાન સમયમાં અમલમાં હોય તેવા (ઈફેક્ટિવ) કરદાતાનો બેઝ વધીને ૮.૨૭ કરોડ સુધી પહોંચી ગયો છે. આવકવેરા વિભાગ દ્વારા લેવામાં આવેલા પગલાંના કારણે વ્યક્તિગત ઈન્કમ ટેક્સમાં સરેરાશ ટેક્સ બૉયન્સી(કર ચુકવણી)માં અસરકારક વધારો જવા મળ્યો છે. વ્યક્તિગત ઈન્કમટેક્સમાં છેલ્લા સાત વર્ષમાં જે બૉયન્સી સરેરાશ ૧.૧ થઈને બે વર્ષની સરેરાશ કરતા ઓછી થઈ ગઈ છે. જોકે, વ્યક્તિગત ઈન્કમ ટેક્સમાં વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ (આરઈ) માટે બૉયન્સી અનુક્રમે ૧.૯૫ અને ૨.૧૧ નોંધાઈ છે.

વિમુદ્રીકરણના પછી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા શરૂ કરવાં આવેલા ઓપરેશન ક્લિન મની (ઓસીએમ) અંતર્ગત, સૌથી વધુ જોખમ વાળા લોકોને ડેટા સ્ત્રોતોના એકીકરણ, રિલેશનશીપ ક્લસ્ટરિંગ અને ઊંડાણપૂર્વકની તપાસ માટે ફંડ ટ્રેકિંગ સહિત અદ્યતન ડેટા એનાલિટિક્સના આધારે ઓળખી કાઢવામાં આવ્યા છે. આ ઓપરેશન મુખ્યત્વે ત્રણ સ્તંભ 'પ્રામાણિક કરદાતા', 'નાગરિકોનું યોગદાન' અને 'સકારાત્મક પરિણામો પર અવિરત પ્રતિભાવ' પર ટકેલું છે. બીજી બાબતોની સાથે સાથે, આના કારણે આવકવેરા વિભાગ કરદાતાઓ પર ઓછા ફરિયાદના બોજ સાથે કેશ ડિપોઝીટના લક્ષ્યને ઈ-વેરિફાઈ કરવા માટે પણ સક્ષમ બન્યો છે.

પીઆઈબી દ્વારા પ્રકાશિત પ્રેસ રિલિઝમાં જણાવ્યા અનુસાર ડીમનીટાઈઝેશન ડેટાના આધારે એન્ફોર્સમેન્ટ કામગીરીઓમાં મોટો ઉછાળો એટલે કે સર્ચની સંખ્યામાં ૧૫૮ ટકાનો વધારો (૪૪૭થી વધીને ૧૧૫૨ ગ્રૂપ), જપ્તી(ટાંચમાં લેવું)માં ૧૦૬ ટકા (રૂપિયા ૭૧૨ કરોડથી વધીને ૧૪૬૯ કરોડ રૂપિયા)નો વધારો, સરવેમાં ૧૮૩ ટકા (૪૪૨૨થી વધીને ૧૨૫૨૦)નો વધારો અને સરવેની કામગીરીઓ દરમિયાન શોધી કઢાયેલી બેનામી આવકમાં ૪૪ ટકા (રૂપિયા ૯૬૫૪ કરોથી વધીને રૂપિયા ૧૩૯૨૦ કરોડ)નો વધારો નોંધાયો છે.

**બેનામી ટ્રાન્ઝેક્શન્સ (પ્રતિબંધ) સુધારા એક્ટ ૨૦૧૬ હેઠળ લેવાયેલા પગલાં**

પ્રોહિબિશન ઓફ બેનામી પ્રોપર્ટીસ ટ્રાન્ઝેક્શન એક્ટ, ૧૯૮૮માં સુધારો કરીને તેને બેનામી ટ્રાન્ઝેક્શન્સ (પ્રોહિબિશન) એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૬ તરીકે અમલમાં મુકવામાં આવ્યો છે. તેમાં બેનામી મિલકતોને હંગામી ધોરણે ટાંચમાં લેવાની અને તેને જપ્ત કરવાની તેમજ સાત વર્ષ સુધીની સખત કેદની જોગવાઈ કરવામાં આવી છે. સુધારેલા કાયદામાં બેનામની ટ્રાન્ઝેક્શન કોને કહેવાય તેની વ્યાખ્યા વિસ્તારવામાં આવી છે.

આવકવેરા વિભાગ દ્વારા સમગ્ર દેશમાં ૨૪ સમર્પિત બેનામી પ્રોહિબિશન યુનિટ્સ (બીપીયુ) ઉભા કરવામાં આવ્યા છે. વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ સઘન પ્રયાસોના કારણે, ૯૦૦થી વધુ કેસોમાં રૂપિયા ૩૫૦૦ કરોડથી વધુ કિંમતની મિલકતો હંગામી ધોરણે ટાંચમાં લેવામાં આવી છે.

**વિદેશી બેંક એકાઉન્ટમાં કાણા નાણાં જતા રોકવા માટેના પ્રયાસોઃ**

બ્લેક મની (જાહેર ન કરેલી વિદેશમાં આવક અને મિલકતો) એન્ડ ઈમ્પોઝિશન ઓફ ટેક્સ એક્ટ ૨૦૧૫ની મદદથી ૩-૧૦ વર્ષ સુધીની સખત કેદની સજા સહિત આકરી જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે જેથી વિદેશમાં છુપાવેલા કાળા નાણાં પર લગામ લાવવા માટે અસરકારક પગલાં લઈ શકાય. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ (પીએમએએલ) હેઠળ કર ચોરીને ગંભીર ગુનો ગણવામાં આવે છે. સરકાર દ્વારા પનામા અને પેરેડાઈસ પેપર લીક મામલે ઝડપી અને સંકલિત તપાસ કરવા માટે સીબીડીટીના ચેરમેનના વડપણ હેઠળ મલ્ટી-એજન્સી ગ્રૂપ (એમએજી)ની રચના કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીયો દ્વારા હજારો કરોડ રૂપિયા વિદેશી બેંકોમાં ઠાલવવામાં આવ્યા હતા તેને કેટલાક અવરોધો છતાં પણ ટેક્સ સીમા હેઠળ લાવવામાં આવ્યા છે. ભારત ૧૪૮ દેશો સાથે ટેક્સ સંધિઓ ધરાવે છે માટે બીજા શબ્દોમાં કહીએ તો ટેક્સ સંબંધિત બાબતો માટે માહિતીનું આદાનપ્રદાન કરવા માટે સંધિ કરવામાં આવી છે તેમજ ૩૯ દેશો સાથે ગુનાઈત બાબતોમાં પારસ્પરિક કાયદાકીય મદદ માટે સંધિ કરવામાં આવી છે. આવી સંધિઓનું નેટવર્ક સતત વિસ્તારવામાં આવે છે અને વધુ મજબૂત કરવામાં આવે છે.

**શેલ કંપનીઓ વિરુદ્ધ પગલાંઃ**

બિન-વ્યક્તિગત કાયદેસર સંસ્થાઓ અને ખાસ કરીને આવી કંપનીઓના દુરુપયોગને ટાળવો એ આવકવેરા વિભાગ માટે મોટો ચિંતાનો પ્રશ્ન છે. સમય જતા સરળ કોર્પોરેટ પ્રક્રિયાઓનો દુરુપયોગ કરીને શેલ કંપનીઓ બિલાડીના ટોપની જેમ ઉગી નીકળી છે. હજારો કંપનીઓ એક જ સરનામે નોંધાયેલી હોવાના કિસ્સા સામે આવ્યા છે. લાક્ષાણિક રીતે, તેમની પાસે ખૂબ ઓછી મૂડી હોય છે, એકાદ કર્મચારી હોય અથવા ન પણ હોય અને જેનું કોઈ અસ્તિત્વ નથી તેવી કાગળ પરની કંપનીના ડાયરેક્ટર્સ હોય છે. ઉપરાંત, એક જ વ્યક્તિ એક ડઝનથી વધુ કંપનીમાં ડાયરેક્ટર બની જાય છે. સમય જતા આવી બોગસ કંપનીઓ દ્વારા ખોટા બિલો તૈયાર કરવાની બોગસ શેર મૂડી આપવાની, બોગસ લોન આપવાની આખી સિસ્ટમ તૈયાર કરી નાખવામાં આવી છે અને તેઓ માહિતીઓનો ઉપયોગ ખોટા આર્થિક વ્યવહારો કરવા માટે કરે છે. તમામ શેલ કંપનીઓને શોધી કાઢવી અત્યંત મુશ્કેલ કામ છે કારણ કે તેમની સંખ્યા ઘણી વધારે છે અને જ્યારે પણ તેને શોધી કાઢવામાં આવે ત્યારે વર્તમાન પુરાવાના માપદંડો હેઠળ તેમની અનૈતિક અને ગેરકાયદે પ્રવૃત્તિઓને પુરવાર કરવાનું ખૂબ કઠણ થઈ જાય છે.

વડાપ્રધાનની કચેરી દ્વારા મહેસૂલ સચિવ અને કોર્પોરેટ બાબતોના સચિવના સંયુક્ત વડપણ હેઠળ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની રચના કરવામાં આવી છે જેથી વિવિધ એન્ફોર્સમેન્ટ એજન્સીઓની મદદથી આવી કંપનીઓ દેખરેખ રાખીને પગલાં લઈ શકાય. આવી કંપનીઓ વિરુદ્ધ વિવિધ કાયદાકીય એન્ફોર્સમેન્ટ એજન્સીઓ દ્વારા સહિયારા પગલાં લેવામાં આવે છે.

સ્થાનિક સ્તરે અને વિદેશમાં ફૂટી નીકળેલી આવી સંખ્યાબંધ શેલ કંપનીઓને ડામવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. તેમાં, બ્લેક મની (જાહેર ન કરેલી વિદેશમાં આવક અને મિલકતો) એન્ડ ઈમ્પોઝિશન ઓફ ટેક્સ એક્ટ ૨૦૧૫, બેનામી ટ્રાન્ઝેક્શન્સ (પ્રોહિબિશન) એક્ટ, ૧૯૮૮માં સુધારો, 'પ્લેસ ઓફ ઈફેક્ટિવ મેનેજમેન્ટ' (પીઓઈએમ)ની પરિકલ્પનાને લાવવા માટે આવકવેરા એક્ટ, ૧૯૬૧માં સુધારો અને 'લાભદાયી માલિકી'ની વ્યાખ્યાનો અમલ કરવા માટે કંપની એક્ટમાં સુધારો સહિતના વિવિધ પગલાંનો સમાવેશ થાય છે. વધુમાં, નિયમનકારી દેખરેખ વધારવા માટે, "એસપીઆઈસીઈ" (સિમ્પિલફાઈડ પ્રોફોર્મા ફોર ઈનકોર્પોરેટિંગ કંપની ઈલેક્ટ્રોનિકલી) દ્વારા કંપનીમાં પ્રારંભિક સબ્સ્ક્રાઈબરના ઈ-કેવાયસી કેપ્ચર કરવામાં આવે છે. એસપીઆઈસીઈ પ્લેટફોર્મનો ઉપયોગ કંપનીઓને પાન (પીએએન)ની ફાળવણી માટે થાય છે. આધાર નંબર લિંક કરવાનું કામ પણ કંપનીઓના તમામ ડાયરેક્ટર્સ માટે અનિવાર્ય કરવામાં આવ્યું છે.

શેલ કંપનીઓ વિરુદ્ધ કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા મોટાપાયે કાર્યવાહી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭માં અંદાજે ૨.૨૪ લાખ કંપનીઓને બંધ કરવામાં આવી છે. વધુમાં, ૧.૨૦ કંપનીઓ વિરુદ્ધ કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમના બેંક એકાઉન્ટ ચલાવવા પર અને તેમની જંગમ તેમજ સ્થાવર મિલકતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આવી કંપનીઓના બોર્ડમાં સામેલ અંદાજે ૩.૦૯ લાખ

ડાયરેક્ટર્સને આવી પ્રક્રિયાઓથી અસર પડી છે. પૂછપરછોમાં જાણવા મળ્યું છે કે, અંદાજે ૩,૦૦૦ લોકો ૨૦ વધુ કંપનીઓમાં દરેકમાં ડાયરેક્ટર્સ હતા, જે કાયદામાં આપેલી જોગવાઈ અનુસાર મર્યાદા કરતા વધુ છે. આ ઉપરાંત આવી વ્યક્તિઓ સામે પગલાં પણ લેવામાં આવ્યા છે, અને કૌભાંડ વગેરેમાં દોષિત હોવાનું જાણવા મળ્યું છે તેવા પ્રોફેશનલ્સ વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

'એકાઉન્ટિંગ માપદંડો' અંતર્ગત કંપનીઓના આર્થિક સરવૈયાની ચકાસણી કરવા માટે નેશનલ ફાઈનાન્સિઅલ રિર્પોટિંગ ઓથોરિટી (એનએફઆરએ)ની રચના કરવામાં આવી છે અને ભૂલ કરનારા પ્રોફેશનલ્સ વિરૂદ્ધ શિસ્તપાલનના પગલાં પણ લેવામાં આવ્યા છે. સીબીડીટી અને એમસીએ વચ્ચે નિયમિત અને ઓટોમેટિક ડેટા વિનિમય મામલે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેનાથી નિયમનકારી હેતુથી પાન-સીઆઈએન (કોર્પોરેટ આઈડેન્ટિટી નંબર) અને પાન-ડીઆઈએન (ડાયરેક્ટર આઈડેન્ટિટી નંબર) લિંક કરવાનું કોઈપણ અવરોધ વગર સુનિશ્ચિત થશે.

વધુમાં, સરકાર દ્વારા ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૮ મારફતે પીએમએલએ, ૨૦૦૨માં સુધારા માટેનું વિધેયક રજૂ કરવામાં આવ્યું છે જેથી કોર્પોરેટ કૌભાંડોને કંપની એક્ટની ધારા ૪૪૭ હેઠળ પીએમએલએ અંતર્ગત શિડ્યુલ્ડ ગુના તરીકે આવરી શકાય જેથી યોગ્ય કેસોમાં કંપની રજિસ્ટ્રાર પીએમએલએ હેઠલ એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ દ્વારા પગલાં લેવા માટે આવા કેસો અંગે જાણ કરી શકે છે.

**પ્રોજેક્ટ ઈનસાઈટ**

સરકારે મહેસૂલ કૌભાંડો રોકવા અને ડેટા માઈનિંગ તેમજ નોન-ઈન્સ્ટ્રુઝીવ માહિતી આધારિત ટેક્સ સિસ્ટમ માટે બિઝનેસ એનાલિટિક્સ દ્વારા મહેસૂલ વધારવા માટે મોટાપાયે ટેકનોલોજી ઉમેરવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. સીબીડીટીનો પ્રોજેક્ટ ઈનસાઈટ દેશમાં ડેટા માઈનિંગ અને બિઝનેસ એનાલિટિક્સ માટેના સૌથી મોટા પ્રોજેક્ટ પૈકી એક છે. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૧૮-૧૯માં સંપૂર્ણપણે કામ કરવા લાગશે તેવી આશા છે. આ પ્રોજેક્ટનો હેતુ ફાઈલ ન કરનારાને ઓળખવાનો, રિફંડ કૌભાંડો રોકવાનો, કપાતના ખોટા દાવાના કારણે થતી મહેસૂલ (રેવેન્યૂ) ખાધ રોકવાનો અને સ્વૈચ્છિક અનુપાલનને પ્રોત્સાહન આપવાનો છે. ઈનસાઈટ દ્વારા અત્યાર સુધીમાં ૬૦ લાખ નોન-ફાઈલર્સ (ફાઈલ ન કરનારા)ને ઓળખી કાઢવામાં આવ્યા છે અને તેના કારણે રૂપિયા ૨૬,૪૨૫ કરોડના કરવેરાની વસુલાત થઈ છે.

**બજેટ ૨૦૧૮-૧૯**

આ વર્ષે પ્રત્યક્ષ કરવેલા સંબંધિત પ્રસ્તાવના કારણે સરકારના ક્લિન ઈકોનોમિના એજન્ડા પર પરિવર્તનકારી પ્રભાવ જોવા મળશે. બજેટ પ્રસ્તાવોમાં, 'લોંગ ટર્મ કેપિટલ ગેઈન' (એલટીસીજી)નું સુયોજન, ટ્રસ્ટના માળખાના દુરૂપયોગની તપાસ અને કંપનીઓ દ્વારા ફરજિયાત આઈટીઆર (આવકવેરા રિટર્ન)ના ફાઈલિંગ જેવી બાબતો સમાવી લેવામાં આવી છે.

**ટેક્સ અનુપાલન**

આ બજેટમાં ટેક્સ અનુપાલન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. કંપનીઓ જો રિટર્ન ફાઈલ ન કરે તો તેમના વિરુદ્ધ પ્રોસેક્યુશન પ્રક્રિયા કરવા સંબંધિત જોગવાઈઓ ફાઈનાન્સ બિલ સુધારામાં સમાવી લેવામાં આવી છે. વર્તમાન જોગવાઈ અનુસાર આવા ગુનામાં કાયદાકીય પ્રક્રિયા કરવી હોય તો કરદાતાએ ઓછામાં ઓછો રૂપિયા ૩૦૦૦ ટેક્સ ભરવાપાત્ર હોવા જોઈએ. હવે કોઈપણ કંપની દ્વારા કોઈપણ ટેક્સ ભરવાપાત્ર હોય કે નહી પરંતુ તેમણે રિટર્ન ફાઈલ કરવું જ પડશે અથવા તેમના વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. આ જોગવાઈથી કંપનીઓ દ્વારા કાયદાનું પાલન વધશે. તેનાથી બિલાડીના ટોપની જેમ ઉગી નીકળેલી શેલ કંપનીઓ વિરુદ્ધ અસરકારક પગલાં લઈ શકાશે.

**એલટીસીજીનું સુયોજન**

આવકવેરા વિભાગના ઈતિહાસમાં, એલટીસીજી દ્વારા ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવેલી જોગવાઈઓના સૌથી મોટા દુરુપયોગ તરીકે સામે આવી છે. કાળા નાણાં પર આવકવેરો ભરવાથી મુક્તિ મેળવવા માટે જેમાં કોઈ લિક્વિડિટી ન હોય તેવા પેની સ્ટોક્સમાં રોકાણ કરીને બોગસ એલટીસીજી હેઠળ હજારો કરોડ રૂપિયાના દાવા કરવામાં આવ્યા છે. લોકો દ્વારા તેમના અનએકાઉન્ટેડ (બેનામી) રૂપિયા ખોટા એલટીસીજીના નેજા હેઠળ હેરફેર કરી છે. આવા રૂપિયા કેટલાક ચોક્કસ ઓપરેટર્સ સુધી આવે છે જેઓ સ્ટોક એક્સચેન્જમાં આવા પેની સ્ટોક્સની ખરીદી અને વેચાણના ટ્રાન્ઝેક્શન્સ કરે છે.

આ ઉપરાંત, નાણામંત્રીએ આ બજેટના વક્તવ્યમાં નોંધ્યું હતું કે, એલટીસીજીમાંથી ટેક્સ મુક્તના કારણે એવી સિસ્ટમ રચાઈ છે જે સ્વાભાવિક રીતે મેન્યુફેક્ચરિંગ સામે પક્ષપાતી છે અને તેના કારણે ફાઈનાન્સિઅલ મિલકતોમાં રોકાણ ધકેલવામાં વધુ પ્રોત્સાહન મળ્યું છે. તેમણે એવું પણ ટાંક્યુ હતું કે, નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ફાઈલ થયેલા રિટર્ન્સ

અનુસાર લિસ્ટેડ શેરમાંથી કેપિટલ ગેઈનની કુલ મુક્તિ અંદાજે રૂપિયા ૩,૬૭,૦૦૦ કરોડ છે. આ ગેઈન (લાભ)નો મોટો હિસ્સો કોર્પોરેટ્સ અને એલએલપીએસ દ્વારા ઉપાર્જિત છે. તેના કારણે ટેક્સ બેઝમાં પણ મોટા પ્રમાણમાં ધોવણ થયું છે અને તેના પરિણામે રેવેન્યૂમાં નુકસાન થયું છે. આવી છૂટછાટો દ્વારા ઉભી કરવામાં આવેલી ટેક્સ આર્બિટ્રેજ તકોના દુરૂપયોગના કારણે મુશ્કેલી વધુ વિકટ બની છે.

છેલ્લા કેટલાક વર્ષમાં, આવકવેરા વિભાગે એવા લોકો સામે માથું ભીડાવ્યું છે જેમણે આવા દેખાવ પૂરતા ટ્રાન્ઝેક્શનથી લાભ લીધો છે. ભૂતપૂર્વ નાણા રાજ્ય મંત્રી શ્રી સંતોષ ગંગવારે સંસદમાં જણાવ્યું હતું કે, આઈટી વિભાગ દ્વારા ૧૪૦થી વધુ યુનિક (અનન્ય) સ્ક્રિપ્સ સૂચવવામાં આવી છે જે સેબીમાં "દેખીતી રીતે ઉપજાવી કાઢેલી હતી". તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આવકવેરા વિભાગ દ્વારા મળેલી માહિતી અને તેમની પોતાની સર્વેલન્સ સિસ્ટમ્સના આધારે, સેબી દ્વારા સેબી એક્ટ ૧૯૯૨ની ધારા ૧૧(બી) હેઠળ ૧૩ કંપનીઓ વિરુદ્ધ ઓર્ડર જાહેર કર્યા હતા અને ૧,૩૩૬ કંપનીઓને પ્રતિબંધિત કરી દીધી છે.

આવા શેર સામાન્યપણે ખાનગી પ્લેસમેન્ટ્સ દ્વારા ફાળવવામાં આવ્યા હતા. આવા ખોટા એલટીસીજી હેઠળના દાવાઓને નાથવા માટે, બજેટ ૨૦૧૭-૧૮ દ્વારા સરકારે એલટીસીજીમાંથી મુક્તિને એવા કિસ્સાઓમાં પ્રતિબંધિત કરી છે જેમાં સિક્યુરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) હસ્તાંતરણના સમયે ભરવામાં આવ્યો હોય, જે કેટલીક છુટછાટોને આધીન છે. એલટીસીજીમાં કરવેરા પ્રણાલીને વધુ સુનિયોજિત કરવા માટે, નાણામંત્રીએ આ વર્ષના બજેટમાં રૂપિયા ૧ લાખથી વધારે એલટીસીજી પર કોઈપણ ઈન્ડેક્સેશન લાભની મંજૂરી આપ્યા વગર ૧૦ ટકા ટેક્સ લેવાનો પ્રસ્તાવ મુક્યો છે. જોકે, આ તમામ આવક ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધી જ ગણવામાં આવશે.

**ફેસલેસ ઈ-એસેસમેન્ટઃ**

પારદર્શક અને જવાબદાર માળખાની દિશામાં કોઈપણ ગવર્નન્સ સ્ટ્રક્ચરમાં ટકાઉક્ષમ પરિવર્તન ડિસ્ક્રિશનની સંભાવનાનું યોગ્ય રીતે નિયમન કર્યા વગર શક્ય નથી. અસરકારક અને કાર્યક્ષમ હોવા ઉપરાંત, ઈ-ગવર્નન્સનું ટૂલ પારદર્શક અને જવાબદાર સિસ્ટમની રચના કરવામાં ખૂબ જ હાથવગુ છે. વિવિધ સેવાઓ માટે ઈ-ગવર્નન્સના ટૂલનો ઉપયોગ કરવામાં આવકવેરા વિભાગ ખૂબ જ અગ્રણી છે. આવકવેરા રિટર્નનું ઈ-ટીડીએસ, રિફંડ બેંકર, કરવેરાનું ઈ-પેમેન્ટ, સેન્ટ્રલાઈઝ્ડ પ્રોસેસિંગ સેન્ટર અને ઈ-એસેસમેન્ટ જેવી સ્કિમના કારણે એસેસી (કર દાતા) માટે અનુપાલનના ખર્ચમાં ઘટાડો થયો છે અને સાતે સાથે, કર દાતાને અનુકૂળ, પારદર્શક તેમજ નિષ્ફક્ષ ટેક્સ વહીવટના અમલીકરણ માટે આ વિભાગને પણ ઘણી મદદ મળી છે.

નાણામંત્રાલય સાથે સંકળાયેલી કન્સલ્ટેટિવ સમિતિની બેઠકમાં સંબોધન કરતી વખતે નાણામંત્રીએ કહ્યું હતું કે ગત વર્ષ ફાઈલ કરાયેલા કુલ આવકવેરા રિટર્નમાંથી ૯૭ ટકા રિટર્નનું ફાઈલિંગ ઈલેક્ટ્રોનિક ઢબે થયું હતું અને તેમાંથી ૯૨ ટકા રિટર્નની પક્રિયા ૬૦ દિવસમાં થઈ હતી અને ૯૦ ટકા રિફંડ ૬૦ દિવસમાં ઈશ્યૂ કરી દેવામાં આવ્યું હતું. આઈટી વિભાગ દ્વારા અમલમાં લાવવામાં આવેલા ઈ-ટૂલ્સની સફળતા અહી દેખાઈ આવે છે.

સરકારે વર્ષ ૨૦૧૬માં પ્રારંભિક ધોરણે ઈ-એસેસમેન્ટનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો અને વર્ષ ૨૦૧૭માં તેને ૧૦૨ શહેરમાં લંબાવવામાં આવ્યો હતો. તેનો મૂળ હેતુ, આવકવેરા વિભાગ અને કરદાતાઓ વચ્ચેની દિવાલ દૂર કરવાનો હતો. આ બજેટમાં નાણામંત્રીએ સમગ્ર દેશમાં ઈ-એસેસમેન્ટના અમલ માટે પ્રસ્તાવ મુક્યો છે. કરદાતાઓ અને કરવેરા વહીવટી તંત્ર વચ્ચે ઓછામાં ઓછા ઈન્ટરએક્શન (સંદેશાની આપ-લે)ના એજન્ડામાં આગળ વધવા માટે નાણામંત્રીએ આવકવેરા એક્ટ ૧૯૬૧માં સુધારાનો પ્રસ્તાવ મુક્યો છે જેથી એસેસમેન્ટ માટે નવી યોજના જાહેર કરી શકાય જેમાં એસેસમેન્ટ ઈલેક્ટ્રોનિક માધ્યમથી થશે અને લગભગ આખી પ્રક્રિયામાં એક વ્યક્તિથી બીજી વ્યક્તિના સંપર્કની ઝંઝટ દૂર થઈ જશે. તેના કારણે વધુ કાર્યક્ષમતા અને પારદર્શકતા આવશે.

જોકે પ્રસ્તાવિત ફેસલેસ એસેસમેન્ટ પ્રક્રિયાની અંતિમ રૂપરેખા કેવી રહેશે તે જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, ફાઈનાન્સ બિલમાં આ અનોખી પહેલની ઝાંખી કરાવતા કેટલાક સંકેતો આપવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટમાં ટેકનોલોજીનો ફાળો ખૂબ જ મોટો હશે. આ સ્કીમનો હેતુ એસેસિંગ ઓફિસર (આકારણી કરનાર અધિકારી) અને એસેસી (કરદાતા) વચ્ચે પ્રક્રિયાના સંદર્ભમાં વાતચીત દૂર કરવાનો/ ઓછામાં ઓછી કરવાનો છે. આ ઉપરાંત માપદંડના અર્થતંત્ર અને કાર્યાત્મક વિશેષતા દ્વારા સ્ત્રોતોનો ઈષ્ટતમ ઉપયોગ કરવાનો હેતુ છે. યુનાઈટેક કિંગડમ સહિતના સંખ્યાબંધ વિદેશી ટેક્સ વહીવટીતંત્રો દ્વારા વ્યાપકપણે કરદાતા સાથે ફેસલેસ ઈન્ટરફેસ

પ્રણાલી અપનાવાઈ છે. સ્ક્રૂટીની પૂછપરછ વિવિધ ટીમ દ્વારા દૂરના સ્થાનોએ કરદાતા સાથે કોઈપણ વાતચીત વગર જ કરવામાં આવે છે. ફેસલેસ ટેક્સપેયર ઈન્ટરફેસના કારણે કરવેરા વહીવટીતંત્રમાં કરદાતાઓનો વિશ્વાસ વધશે અને સાથે સાથે તેનાથી સ્ક્રૂટીની પ્રક્રિયા વિરૂદ્ધ ઉભી થતી ફરિયાદોમાં પણ ઘટાડો થશે.

**ટ્રસ્ટ માળખાના દુરૂપયોગને ખતમ કરવો**

ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી) દ્વારા જુલાઈ ૨૦૧૬થી નવેમ્બર ૨૦૧૬ દરમિયાન વર્ષ ૨૦૧૨-૧૩થી ૨૦૧૫-૧૬ સુધીના સમયગાળા માટે ખાનગી હેલ્થ કેર ક્ષેત્રે એસેસમેન્ટ (આકારણી)નું પરફોર્મ્સ ઓડિટ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટો દ્વારા તેમને મળતી છૂટછાટોનો ઘણો મોટાપાયે દુરૂપયોગ થતો હોવાનું તેમાં ખાસ ટાંકવામાં આવ્યું હતું. વર્તમાન કરવેરા પ્રણાલી હેઠળ, ટ્રસ્ટો અને અન્ય ચેરેટિબલ સંસ્થાઓને થતી આવક જો તેમના નિર્ધારિત હેતુઓ પાછળ તેઓ ખર્ચતા હોય તો આવકને કરવેરામાંથી મુક્તિ આપવામાં આવે છે.

ગત વર્ષે, બજેટમાં ચેરેટિબલ સંગઠનો દ્વારા મેળવવામાં આવતા રોકડ દાનની રકમ રૂપિયા ૧૦,૦૦૦થી ઘટાડીને રૂપિયા ૨,૦૦૦ કરવામાં આવી હતી. જોકે, ટ્રસ્ટો અને તેમના જેવી સંસ્થાઓને રોકડ ખર્ચના સંદર્ભમાં કોઈ જ મર્યાદાઓ લાદવામાં આવી નહોતી. આ જોગવાઈનો ઉપયોગ ટ્રસ્ટો દ્વારા રોકડ ખર્ચના રૂપમાં નાણાંની ગેરકાયદે હેરફેર માટે દુરૂપયોગ થતો હતો. રોકડ ખર્ચમાં ઓડિટ ટ્રાયલ કરવાનું કામ ઘણું મુશ્કેલ છે. રોકડ ઈકોનોમી પર અંકુશ લાવવા અને ટ્રસ્ટો દ્વારા ભંડોળના દુરૂપયોગ પર નજર રાખવા આ વર્ષે બજેટમાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે કે રોકડમાં રૂપિયા ૧૦,૦૦૦થી વધારેની ચૂકવણીની મંજૂરી દૂર કરવામાં આવે અને તે કરપાત્ર હોય. આ ઉપરાંત, આવી સંસ્થાઓ દ્વારા ટીડીએસના અનુપાલનમાં સુધારો લાવવા માટે, બજેટમાં એવો પણ પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે કે, જો ટીડીએસ ન કાપવામાં આવે તો, કુલ રકમની ૩૦ ટકા રકમને મંજૂર ન કરવામાં આવે અને તે કરપાત્ર હોવી જોઈએ.

સંખ્યાબંધ એનજીઓ પાસે પાન(પીએએન) નથી. આ ઉપરાંત તે ઓફિસ ચલાવતા હોદ્દેદારો પણ પાન(પીએએન) ધરાવતા નથી. આમ, તેમની આવક અને ખર્ચનું ઓડિટ આવકવેરા વિભાગના કાર્યક્ષેત્રે બહાર જતુ રહે છે. આવી સંસ્થાઓને કરવેરાની જાળમાં લાવવા માટે, આ વખતના બજેટમાં એવો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે કે, વ્યક્તિગત ન હોય તેવી કોઈપણ સંસ્થામાં જો નાણાકીય વર્ષ દરમિયાન રૂપિયા ૨.૫ લાખ કે થી વધારે રકમના કુલ આર્થિક વ્યવહારો થાય તો, તેમણે પાન(પીએએન) માટે અરજી કરવી. એવો પણ પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે કે, ડાયરેક્ટર્સ, ભાગીદારો, મુખ્ય અધિકારીઓ, ઓફિસ હોદ્દેદારો અથવા કોઈપણ વ્યક્તિ કે જે કાયદા અનુસાર આ કંપનીનું પ્રતિનિધિત્વ કરતી હોય તેમણે પણ પાન (પીએએન) માટે અરજી કરવી.

**આગળની સફર**

માનનીય વડાપ્રધાનના આદેશથી, ગત વર્ષે નવેમ્બર મહિનામાં, સીબીડીટી સભ્યની સંયોજકતા હેઠળ અને કાયમી આમંત્રિત તરીકે મુખ્ય આર્થિક સલાહકાર સાથેની છ સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. આ ટાસ્ક ફોર્સ આવકવેરા એક્ટ ૧૯૬૧ની સમીક્ષા માટે અને દેશમાં વર્તમાન આર્થિક જરૂરિયાતોને અનુસંધાનમાં નવા ડાયરેક્ટ ટેક્સ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે બનાવવામાં આવી હતી. ડાયરેક્ટ ટેક્સ સિસ્ટમ વિવિધ દેશોમાં પ્રચલિત છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો ખૂબ અમલ થાય છે. બહુ તજજ્ઞતા સમિતિને તેમનો રિપોર્ટ ૬ મહિનામાં આપવા માટે કહેવાયું છે.

કાળા નાણાં વિરોધી ઝુંબેશને એક મજબૂત લડતમાં રૂપાંતરિત કરવાની જરૂર છે અને તે આગામી વર્ષોમાં 'સ્વચ્છ ધન' માટે નવી ઈકો સિસ્ટમ (આર્થિક પ્રણાલી)ના સર્જનના સરકારના હેતુ માટે પણ ચાલુ રહેવી જોઈએ જેથી સૌ સાથે મળીને "ઈમાનદારી કા ઉત્સવ"ની ઉજવણી કરી શકે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વધતો ઉપયોગ અને હ્યુમન રિસોર્ટ ડેવલપમેન્ટ માટે ઉચ્ચ સંસાધનો (આજની તુલનાએ)ની ફાળવણી કાળા નાણાની સમસ્યાનો ખાતમો બોલાવવા માટે કરવેરા વિભાગની કામગીરીની સફળતાની ચાવી પુરવાર થઈ શકે છે.

**રમેશ કુમાર યાદવ એ ૮૭ની બેચના IRS છે. હાલમાં તે આવક વેરા વિભાગ (ઈન્વેસ્ટીગેશન), દિલ્હી ખાતે પ્રિન્સીપલ ડિરેક્ટર તરીકે કામ કરે છે.**
**E-mail: rky1961@gmail.com**
**રોહિત દેવ જહા ૨૦૧૩ની બેચના IRS છે. હાલમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર ઓફ ઈન્કમટેક્સ (ઈન્વેસ્ટીગેશન), દિલ્હી તરીકે કામ કરે છે.**
**E-mail: rohit@gmail.com**

## શું તમે જાણો છો?

**ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ**

કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં નાણામંત્રીએ આપેલા વક્તવ્યમાં કહ્યું હતું કે, સોનાને એસેટ ક્લાસ (મૂડી વર્ગ) તરીકે વિકસાવવા માટે આ કિંમતી ધાતુ સંબંધે સરકાર વ્યાપક ગોલ્ડ પૉલિસી (સુવર્ણ નીતિ) ઘડશે. રોકાણકારોને ગોલ્ડ ડીપૉઝિટ એકાઉન્ટ કોઈ પણ ઝંઝટ વગર ખોલાવવા માટે ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમમાં પણ જરૂરી સુધારા કરવામાં આવશે. સરકાર દેશભરમાં રેગ્યુલેટેડ ગોલ્ડ ઍક્ષ્ચેન્જમાં ગ્રાહકોને અનુકૂળ આવે તેવી અને વ્યાપારક્ષમ પ્રણાલી વિકસાવશે. ગોલ્ડ એક્ષ્ચેન્જ એક એવો આંતરરાષ્ટ્રીય અભિગમ છે જે અંતર્ગત સોનાનું વધુ પ્રોફેશનલ અને પારદર્શક રીતે મૅનેજમેન્ટ (વ્યવસ્થાપન) કરી શકાય છે. આનાથી ચોક્કસપણે સોના ઉદ્યોગમાં વધુ પરિપકવતા આવશે અને અને ડિજિટલ સ્તરે પણ આ ઉદ્યોગ અદ્યતન બનશે. આ ઉપરાંત, સોનાના વેપારમાંથી વચેટિયાઓ પણ નીકળી જશે. ગ્રામીણ ભારતમાં વેપારીઓને સોનાનું સોર્સિંગ કરવાનું વધુ સરળ અને કાર્યક્ષમ થશે. આ ગ્રામીણ ક્ષેત્રોમાં ભારતના કુલ સોનાની ખપતના ૬૫ ટકા હિસ્સો આવી જાય છે. વચેટિયાઓ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં બેનામી રોકડ વ્યવહારોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જે હવે ભૂતકાળ બની જશે.

ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૧૫-૧૬માં શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો મૂળ હેતુ ભારતમાં લોકોના ઘરમાં પડી રહેલા સોનાનાને વધુ સલામત બનાવવાનો અને સાથે સાથે તેનો ફળદાયી ઉપયોગ કરવાનો હતો. તેનો બહોળો હેતુ દેશમાં સ્થાનિક સ્તરે સોનાની માંગ ઘટાડીને સોનાની મોટા પ્રમાણમાં થતી આયાતમાં કાપ મૂકવાનો છે. ભારત, સમગ્ર દુનિયામાં ચીન પછી બીજા ક્રમે સોનાની ખરીદી કરતો દેશ છે.

ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ હેઠળ સોનું જમા કરાવનાર વ્યક્તિ જે કિંમતનું સોનું જમા કરાવ્યું હોય તેના પર વ્યાજ કમાઈ શકે છે. એક વખત મેટલ એકાઉન્ટમાં સોનું જમા કરાવી દો પછી, તેના પર વ્યાજ મળવાનું શરૂ થઈ જાય છે.

ગોલ્ડ મોનેટાઇઝેશનની મહત્ત્વની વિશેષતાઓ નીચે દર્શાવ્યા અનુસાર છે.

**સોનાનો સરળ સંગ્રહઃ**

આ યોજના અંતર્ગત સોનાનો સુરક્ષિત સંગ્રહ કરી શકાય છે અને તે ઉપરાંત પ્લાનની પાકતી મુદતે માલિકને તે ભૌતિક સ્વરૂપે અથવા એટલી કિંમતના નાણાં મળી શકે છે. પરંપરાગત રીતે, ભારતીય તેમની પાસે રહેલી આ કીંમતી ધાતુને બૅંકોમાં લોકરમાં સંગ્રહ કરે છે અને તેના માટે બૅંકોને લૉકર સેવા પેટે વાર્ષિક ફી પણ ચૂકવે છે. આ સોનું માત્ર લગ્ન અથવા કોઈ પારિવારિક પ્રસંગમાં પહેરવા માટે અથવા વેચવા માટે જ બહાર કાઢવામાં આવે છે.

**પડી રહેલા સોનાનો ઉપયોગઃ** જૂનું અથવા વપરાશમાં ન હોય તેવું સોનું ઘર અથવા બૅંકના લોકરમાં કાયમ માટે મૂકી રાખવામાં આવે છે. આમ સોનું કોઈ વપરાશ વગર પડ્યું રહે છે અને તેનાથી કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી. જો તેને વેચવામાં આવે તો પણ જે તે સમયે તેની કિંમત હોય એટલાં નાણાં આવે છે. ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમમાં જમા કરાવેલા સોના પર વાર્ષિક વ્યાજ તો કમાઈ જ શકાય છે, સાથે સાથે પાકતી મુદતે પણ તે સોનાને રોકડમાં ફેરવવાનો વિકલ્પ છે. આના કારણે સોનાનું ઘણું નોંધપાત્ર મુલ્ય મળી રહે છે.

**ડિપૉઝિટ ફ્લેક્સિબલિટીઃ** ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કિમ હેઠળ દાગીના, આભૂષણ, સિક્કા અથવા સોનાની લગડી એમ કોઈપણ સ્વરૂપે સોનું જમા કરાવી શકાય છે. જો દાગીનામાં જેમ્સસ્ટોન લગાવેલા હોય તો તેવા દાગીના જમા કરાવી શકાતા નથી.

**જથ્થામાં ફ્લેક્સિબલિટી :** ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ અંતર્ગત કોઈ પણ શુદ્ધતાનું ઓછામાં ઓછું ૩૦ ગ્રામ સોનું જમા કરાવવાનું હોય છે. જોકે જમા કરાવવાની ઉપલી (મહત્તમ) મર્યાદા કોઈ જ નથી.

**અનુકૂળ મુદત :** ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ હેઠળ ૩ ટર્મ (મુદત) ડિપૉઝિટ પ્લાન ઉપલબ્ધ છે, જેમાં ટૂંકાગાળા માટે ૧ થી ૩ વર્ષના પ્લાન પણ છે. જો મુદત પૂરી થાય તે પહેલા સોનું ઉપાડી લેવામાં આવે જો ખૂબ જ નજીવી પૅનલ્ટી લેવામાં આવે છે.

**આકર્ષક વ્યાજ દર :** સામાન્યપણે લોકોના ઘર અને બૅંકોમાં જે વસ્તુ એમ જ પડી રહે છે, તેવી આ કિંમતી ધાતુ ડિપૉઝિટના સમયગાળાના આધારે ૦.૫ ટકા થી ૨.૫ ટકા સુધીનો વ્યાજ દર કમાઈ આપે છે. ટૂંકા ગાળાની સ્કિમમાં ડિપૉઝિટ માટે વ્યાજ દરો બૅંકો દ્વારા નક્કી કરવામાં આવે છે, જ્યારે મધ્યમ અને લાંબા ગાળાના પ્લાનમાં ડિપૉઝિટ માટે વ્યાજ દરો કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.

**વ્યાજની ગણતરીમાં વૈવિધ્યઃ** ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ હેઠળ ટૂંકા ગાળા માટે કરેલી બૅંક ડિપૉઝિટમાં વ્યાજ નાણાં સ્વરૂપમાં ગણવામાં આવતું નથી. તેમાં વ્યાજની ચુકવણી પેટે વજન પ્રમાણે (ગ્રામમાં) સોનું આપવામાં આવે છે. આમ જો વાર્ષિક ૧ ટકા વ્યાજદર હોય તો, તમને ૧૦૦ ગ્રામ પર વર્ષે ૧ ગ્રામ સોનું મળે છે. જોકે, મધ્યમ અને લાંબા ગાળાની સરકારી ડિપૉઝિટ સ્કીમમાં વ્યાજની ગણતરી રૂપિયામાં કરવામાં આવે છે જેમાં ડિપૉઝિટના સમયે સોનાનો જે ભાવ હોય તેના આધારે ગણતરી થાય છે.

**શુદ્ધતાની ખરાઈઃ** જે સોનું જમા કરાવવાનું હોય તેની શુદ્ધની ખરાઇ અને મૂલ્યાંકન માટે સમગ્ર દેશમાં ૩૩૦થી વધારે કલેક્શન અને શુદ્ધતા ચકાસણી કેન્દ્રોને માન્યતા આપવામાં આવી છે. કેન્દ્ર તમારૂં સોનું લઈ લેશે અને તમને જે પણ સોનું જમા થયું હોય તે જથ્થો લખેલી રસીદ આપશે. આ રસીદ તમે બૅંકમાં સોનું જમા કરાવવા જાઓ ત્યારે સ્કિમ સર્ટિફિકટમાં ફેરવાઈ જશે.

**ટૅક્સ લાભઃ** ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ હેઠળ તમે જે પણ કમાણી કરો તેના પર સરકાર દ્વારા કોઈ જ કેપિટલ ગેઇન ટૅક્સ લેવામાં આવતો નથી. આ કેપિટલ ગેઈન (મૂડી લાભ) વેલ્થ ટેક્સ અને ઇન્કમ ટૅક્સમાંથી પણ બાકાત છે.

## એડવાન્ટેજ આસામ – ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ




એડવાન્ટેજ આસામ – ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૮નું આયોજન ગુવાહાટીમાં ૩-૪ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. તેનો મૂળ હેતુ રોકાણકારોને આસામ દ્વારા ઉપલબ્ધ કરાવાતા ભૂ-વ્યૂહાત્મક લાભો પર પ્રકાશ પાડવાનો હતો. આ કાર્યક્રમમાં દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં વધી વૃદ્ધિ પામી રહેલા અર્થતંત્રોને નિકાસ લક્ષી ઉત્પાદન અને સેવાઓના સંદર્ભમાં રાજ્ય દ્વારા આપવામાં આવતી તકોને પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ સમિટનો પ્રારંભ વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો હતો. ઉદઘાટન પ્રસંગે આપેલા સંબોધનમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, પૂર્વોત્તરના પ્રદેશો કેન્દ્ર સરકારની 'એક્ટ ઈસ્ટ પોલિસી'નાં હૃદય સમાન છે. 'એક્ટ ઈસ્ટ પોલિસી' અંતર્ગત મુખ્યત્વે લોકોથી લોકો સુધીના સંપર્કો, વ્યાપારિક જોડાણો અને આસિઆન દેશો સાથે અન્ય સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, પૂર્વોત્તર પ્રદેશોની સંતુલિત અને ઝડપી પ્રગતિ અને લોકોના જીવનની ગુણવત્તા વધારવાના લક્ષ્ય સાથે કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવતી વિવિધ યોજનાઓના કારણે ભારતની વિકાસ ગાથાને હજુ પણ વધુ વેગ મળશે. વડાપ્રધાને દરેક પરિવારોને પોષાય તેવા દરે આવાસ મળી રહે તે માટે સરકાર દ્વારા લેવાયેલા પગલાંનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે એલઈડી બલ્બ્સના વિતરણ માટે શરૂ કરાયેલી ઉજાલા યોજના અંગે પણ વાત કરી હતી. આ યોજનાના પરિણામરૂપે પરિવારોના વીજળીના બિલમાં નોંધપાત્ર પ્રમાણમાં બચત થવા લાગી છે. તેમણે નેશનલ બામ્બૂ મિશનનું માળખુ ફરી તૈયાર કરવા અંગે પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ મિશન ખાસ કરીને પૂર્વોત્તરના પ્રદેશો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

બે દિવસ માટે યોજાયેલી આ સમિટ આસામ સરકાર દ્વારા રોકાણને પ્રોત્સાહન અને તેના માટે યોગ્ય સુવિધાઓ પુરી પાડવાના આશયથી યોજાયેલી અત્યાર સુધીની સૌથી મોટી સમિટ છે. અધિકારીઓએ જણાવ્યા અનુસાર, આ સમિટનું સમાપન રૂપિયા ૧,૦૦,૦૦૦ કરોડના રોકાણ માટે ૨૦૦થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર સાથે થયું હતું. આસામના મુખ્યમંત્રીએ વ્યવસાયિક સમુદાયોને તેમની સરકારના ભરોસાપાત્ર, કટિબદ્ધ અને પ્રામાણિક ભાગીદાર બનવા માટે હાકલ કરી હતી. તેમણે આસામમાં તમામ વર્ગના લોકો પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને 'એડવાન્ટેજ આસામ - ઈન્ડિયાઝ એક્સપ્રેસ વે ટુ આસિઆન' શીર્ષક હેઠળ યોજવામાં આવેલી આ પ્રકારની પ્રથમ વૈશ્વિક રોકાણકાર સમિટને સાર્થક અને સફળ કરવા માટે બિનશરતી યોગદાન આપનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રકાશન તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ માર્ચ, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), March 2018** **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
Director & Chief Editor : Deepika Kachhal. Editor : J. S. Patel.
Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India,
1st Floor, Long Life Hospital Building, Above UCO Bank, Nr. Paldi Char Rasta, Paldi, Ahmedabad - 380007. Gujarat.
**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.